સંયુક્ત આવૃત્તિ વેળા

'સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં' અઠ્યાવીશ વરસ પહેલાં પ્રગટ થયું તેની અંદર 'ગીરના પરિભ્રમણ'ની વાત હતી. તેના અનુસંધાનમાં, પાંચ વરસે, 'સોરઠને તીરે તીરે' પ્રગટ થયું. બેઉ ચોપડીઓ બબ્બે આવૃત્તિ વટાવી ચૂકયા પછી લાંબા સમયથી અપ્રાપ્ય હતી. તેની આ સંયુક્ત આવૃત્તિ પ્રગટ કરતી વખતે, બે-ત્રણ દાયકાના કાળવહનને કારણે જરૂરી લાગેલી થોડી કાપકૂપ કરી છે.

'સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં'ની પહેલી આવૃત્તિ વેળાનું લેખકનું નિવેદન અહીં આપ્યું છે. તેની બીજી આવૃત્તિ વેળા, સંત આપા ગીગાની કથામાં જે સુધારા કરવાની જરૂર લેખકે નિવેદનમાં દર્શાવેલી તે આ આવૃત્તિ વખતે કરી લીધા છે.

ભાવનગર: ૯-૫-'૫૬ — મહેન્દ્ર મેઘાણી

VISIT…

LANZAROTE

Caliente.COM

લેખકનું નિવેદન

ભાઈશ્રી અમૃતલાલ શેઠે મને 'સૌરાષ્ટ્ર'માં મારા પ્રવાસોનું વર્ણન લખવાનું સૂચવ્યું, તેનું આ પ્રથમ પરિણામ છે. બીજાં નિરીક્ષણો લખી રહ્યો છું.

પ્રવાસનાં વર્ણનો છાપાંના બીજા ખબરો જેટલા ક્ષણિક મહત્ત્વનાં નથી હોતાં, તેમ અમર સાહિત્યને આસને પણ નથી બેસી શકતાં. એનું સ્થાન બન્નેની વચ્ચે રહેલું છે.

એ વ્યવસ્થિત ઇતિહાસ નથી, વ્યવસ્થિત ભૂગોળ નથી, કે વ્યવસ્થિત સમાજ વા સાહિત્યનું વિવેચન નથી; છતાં તે આ તમામ તત્ત્વોનો મનસ્વી સમુચ્ચય છે: ચિત્રકારની સુરેખ રંગપૂરણી જેવો નહિ, પણ સાંજસવારના આકાશમાં રેલાતી અસ્તવ્યસ્ત રંગરેખાઓ સરીખો: અસ્તવ્યસ્ત, છતાં યે ગમે છે.

કાઠિયાવાડની રેલગાડીમાં અથડાતા-પિટાતા અથવા ઊંચા વર્ગના ડબ્બામાં કોઈ સંગાથી વિના કંટાળો અનુભવતા પ્રવાસી ભાઈ અથવા બહેન! તમારા એકાદ-બે કલાકને આ વર્ણન શુદ્ધ વિશ્રામ દઈ શકે, કાઠિયાવાડ વિષે તમારામાં થોડો રસ—થોડું કૌતુક ઉત્પન્ન કરી શકે, અને એ ક્ષણિક લહેરમાંથી આ પ્રદેશની પૂરી ઓળખાણ કરવાની વૃત્તિ જગાડી શકે, તો આ પ્રવાસી પોતે બગાડેલાં કાગળ-શાહીની સફલતા સમજશે. વધુ ધારણા રાખી નથી.

ઇતિહાસ, ભૂગોળ, સાહિત્ય, સમાજ વગેરે આજે જુદાં જુદાં ચોગઠાંમાં ગોઠવીને શિખવાય છે. એ પદ્ધતિએ શીખનારાઓને પોતાના વતન પર ખરી મમતા નથી ચોંટતી. પ્રવાસ-વર્ણન આ સર્વનું એકીકરણ કરી, થોડા અંગત ઉદ્દ્ગારોની પીંછી ફેરવી, ત્વરિત ગતિએ વાચકોને પોતાની પ્રવાસ-ભૂમિ પર પચરંગી મનોવિહાર કરાવે છે.

પાઠ્ય-પુસ્તકોની એ ઊણપ જો આ યાત્રાવર્ણન થોડે અંશે પણ પૂરશે તો યાત્રિકનો ઉત્સાહ ઔર વધશે.

પ્રાચીનતાનું ખરું દર્શન કરવાની વૃત્તિ રેલગાડીની સગવડોએ મારી નાખી છે. લાંબી, ધીરી, સ્થિર દૃષ્ટિવાળી મુસાફરીઓનો યુગ આથમી ગયો છે. લોકસમુદાયની સોંસરવા થઈ, તેઓની સાથે જીવન--સમાગમ યોજવાની ઇચ્છા જ હવે આપણામાં રહી નથી. કેવળ દોડાદોટ, ઉપલકિયા દૃષ્ટિ, ઉતાવળિયાં અનુમાનો, અને વહેલો વહેલો કંટાળો: એ આજના ઘણા પ્રવાસીઓની દશા થઈ ગઈ છે.

· રેલગાડીનાં ટર્મિનસો વડે જ આપણા પ્રવાસની લંબાઈ મપાય છે. સ્ટેશનોથી દૂર જાણે કે પ્રાચીનતા, જનતા, પ્રકૃતિની રમણીયતા કે પશુ-પક્ષીની દુનિયા વસતી જ નથી! જૂનાગઢ, વેરાવળ, પોરબંદર અને દ્વારિકા, એ ચારમાં જ સૌરાષ્ટ્રનો સર્વાંગી પરિચય સમાઈ ગયો હોવાની આત્મ-વંચના ચાલે છે.

આ પાનાં વાટે પ્રવાસી નમ્ર અવાજ આપે છે, કે અંદર પેસીએ: પ્રાચીન સૌરાષ્ટ્રનાં સાચાં ખંડેરો—કવિતા, સાહિત્ય, જનતા વગેરે તમામનાં ખંડેરો તપાસીએ. કાંઠે બેસીને કદી દરિયા ડહોળાયા નથી.

મોટી ગીર, પાંચાળ, ઓખા મંડળ, સૌરાષ્ટ્રનો સાગર-તીર, તમામ પ્રદેશોનું આવું જ અવલોકન આપવાની ધારણા રાખી છે. નકશાની ઊણપ પણ પૂરવાની ઉમેદ છે.

આ પ્રવાસ કરાવનાર યુવાન ચારણ મિત્ર ભાઈશ્રી દુલા ભગતનો અને એની મિત્રમંડળીનો હું અતિ ઋણી થયો છું.

ભાવનગર: ૯-૫-'૨૮ **ઝવેરચંદ મેઘાણી**

['સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં'ની પહેલી આવૃત્તિમાં]

ક્રમ

સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં

સોરઠને તીરે તીરે

સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં

[૧]

બહારવટિયાનાં રહેઠાણ

હમણાં હમણાં તો 'અરેબિયન નાઈટ્સ'વાળા બાલ-સખા અલીબાબાની મનોદશા હું અનુભવી રહ્યો છું. 'ખુલ જા સીસમ' કહેતાં લોક-સાહિત્યની અવનવી ગુફાઓનાં દ્વાર ઊઘડી જાય છે; અને એક ઓરડાની સમૃદ્ધિ જોઈ બીજાની ભૂલી જવા જેવો આનંદ થાય છે. એક બાજુ હું ઓચિંતો આપણાં લગ્નગીતોમાં તલ્લીન થયો છું; બીજી બાજુ 'બહારવટિયા'નો પહેલો ભાગ પ્રગટ થયા પછી પખવાડિયામાં જ એની બીજી આવૃત્તિ છપાવવી શરૂ કરવી પડી છે, એટલે હજુ બમણા-ત્રમણા ભાગનું જે બહારવટાંના ઇતિહાસનું ઉચ્ચતર અને અનેકરંગી સાહિત્ય બાકી છે તેની ઝડપથી શોધ કરી લેવાનો મને ઉત્સાહ ચડયો છે. સાથે સાથે, ગીર વગેરે પ્રદેશોના પ્રવાસો કરીને બહારવટિયાઓને છુપાવાની જગ્યાઓ તપાસું છું, ને એ વિકટ સ્થળોમાં જઈ બહારવટાંનું વાતાવરણ અનુભવવા યત્ન કરું છું. એ પ્રવાસમાં ચારણ મિત્રો મારી સાથે દિવસરાત પોતાનાં ઘોડાં, ઊટ ને હથિયારો લઈ ને કેવી રીતે ભમવા આવે છે, કેવી ભયાનક નદીઓમાં અમે જીવને જોખમે ઊતરીને ભોમિયાની ભૂલથાપને લીધે કેવા એકને બદલે બીજી જગ્યા જોવામાં તન તોડીએ છીએ, 'વેજલ-કોઠા'ને બદલે 'ડાચા-ફાડ' ડુંગર ઉપર દોડાદોડ પગ મરડતા ચડીને જેસાજી-વેજાજી

બહારવટિયાનાં પ્રેતોને કસુંબો પાવાના કેવા વ્યર્થ પ્રયત્ન કરી 'હીરો ઘોઘે જઈ આવ્યો 'નું કથન સાર્થક કરીએ છીએ—એ બધી વાતોનું વિવરણ હું અનુક્રમે આપવા માગું છું, તે એવી આશાએ કે સૌરાષ્ટ્રના પ્રવાસોની એક સબળ ઉત્કંઠા વાચકોમાં જાગ્રત થાય.

સૌરાષ્ટ્રનું મહત્ત્વ.

ભાઈ પરમાનન્દ કાપડિયા એના નિત્યના મધુર કટાક્ષોમાં અને સંભળાવે છે કે 'સારું જ છે કે કુદરત પ્રતિની તારી આટલી પ્રબળ ઊર્મિલતાએ કાઠિયાવાડની બહાર જઈને પશ્ચિમ વગેરે બાજુનાં સૃષ્ટિસૌંદર્ય દીઠાં નથી; દીઠાં હોત તો ખરેખર તારું હૃદય ફાટી જ પડત. કાઠિયાવાડની આછીપાતળી પ્રકૃતિરચના અને સામાન્ય એવી પ્રાચીનતાઓ તને આટલો બહેકાવી મૂકે છે, તો પછી પશ્ચિમ તરફની ભવ્ય મૂર્તિઓ ને વનરાજીઓ સામે તારી છાતી સાબૂત રહી જ ન શકત!' આ વાત સાચી જ છે. સોરઠની લઘુતામાં પણ હું અતિશય રાચું છું. મમત્વનો માર ખરેખર વસમો છે. પરંતુ એ શું છેક મમત્વ જ છે? આંહીં 'એભલ મંડપ' અને સાણા જેવા [૧]પ્રાચીન બૌદ્ધ વિહારો પડયા છે તેનું કેમ? મારા એ પ્રવાસમાં સાણા નામના ડુંગરમાં અખંડ પહાડમાં જ કૈં વર્ષો પૂર્વે કોરી કાઢેલી પચાસ—સાઠ સરસ ગુફાઓ તથા મીઠાં મોતી જેવાં નિર્મળ પાણીનાં મોટાં ટાંકાં, અંદરના એક ખંડમાં ઊભેલો બૌદ્ધ ધર્મનો સ્તૂપ વગેરેનો બનેલો એ સુંદર બૌદ્ધ વિહાર મારાથી વિસરાતો નથી. આ જગ્યાનો મોહ તો મને 'રસધાર' ભાગ પાંચમો લખતી વેળાથી જ લાગ્યો હતો. 'દેકના સૂરા' નામની એ પુસ્તક માંહેલી પ્રેમકથાના દુહાઓમાં આવતી, રાણા નામનો

રખારી મૈમિક સાણા ડુંગર પર રહેલો હોવાની વાત પૂછતાં ચારણ મિત્ર દુલા ભગતે મને એ ગુફાઓનું વર્ણન આપેલું, તે મેં એમના પરના વિશ્વાસે જ લખેલું. પરંતુ એમના વર્ણનમાં અતિશયોક્તિ રખેને હોય, એવી ઊંડી શંકા રહ્યા કરતી હતી. વળી ગીરના એ પ્રદેશની સાથે જડાયેલી અનેક સ્નેહ-કથાઓએ અને વીરકથાઓએ મને સ્વપ્નમય વાતાવરણથી કેટલાક દહાડાનો ઘેરી લીધેલો હતો. એટલે એ મોકો મળતાં ચારણ કવિમિત્ર દુલા ભગતની નાનકડી સેનામાં શામિલ થઈ, રાજુલા ગામથી પરોડનાં ચાંદરડાંને અજવાળે અમે અસવારી ઉપાડી.

ઇતિહાસપ્રેમી રાજુલા

આ રાજુલા ગામથી માંડીને જ ઇતિહાસની રસિકતા શરૂ થઈ જાય છે. વાણિયાથી માંડી ગરાસિયા સુધીનાં ઘણાંખરાં માણસો એ આસક્તિનો કંઇક કંઈક પરિચય વાતવાતમાં કરાવે છે. રાજુલા ગામ પોતે જ અનેક ડુંગરાની ઓથે આવી રહ્યું છે. રાજલિયો ડુંગર ગામને ઘસીને જ ઊભો છે. આજે લોકો એને પોતાના પાયખાના તરીકે વાપરે છે; પણ ગઈકાલે એ ધાંખડ શાખાના મૂળ માલિક ગરાસિયાઓના રહેઠાણનો કિલ્લો હતો. એને માથે ઓરડા, ઘોડાહારો, ભોંયરાં, પાણીનાં ટાંકાં વગેરે હતાં તેનાં નજીવાં ખંડિયેરો હજુ પણ દેખાય છે. ઉપર તાજનશા પીરનું થાનક છે. પીરોની વાતો પર મને પ્રેમ છે. મિત્રો મજાકમાં મને કહે છે કે, હવે પછી તું 'સોરઠી પીરો', 'સોરઠી ભૂતો', 'સોરઠી ડાકણો', ઈત્યાદિનો સંગ્રહ પણ જરૂર કરજે! અને હું માનું છું કે આવા આવા ઢગલા ફેંદવાથી પણ લોક–માનસનો બહોળો ઇતિહાસ હાથ આવે.

એટલે મારા ભાવી દોસ્ત તાજનશા વિષે તપાસ કરતાં મેં સાંભળ્યું કે ભોળો ધાંખડો ડુંગર ઉપર કિલ્લો ચણાવતો હતો ત્યારે, અમુક ભાગનું ચણતર ચણાયા પછીની વળતી રાત્રીએ પડી જતું. ભોળા ધાંખડાના સ્વપ્નામાં કોઈ દેવશક્તિએ આવીને કહ્યું કે, 'હું બુખારી સૈયદ હતો. ડુંગર પર મારું લોહી છંટાયું છે, માટે મારી દરગાહની સ્થાપના કર્યા પછી જો ગઢ ચણીશ તો જ ટકી શકશે...' વગેરે વગેરે. આ ઉપરાંત ગામની નજીક સિદ્ધરાજના સમયના લેખવાળું એક શિવાલય છે, ડુંગરાઓ વચ્ચે સુંદર ગાળીઓ છે; અને એવાં દશ્યો જોઈ સ્વતઃ કવિતા સાંભરે છે કે—

ડુંગર વંકો ગાળીએ, ને વંકી સરણે;
રાજા વંકો રાવતે, ધણ્ય વંકી નેણે.

[વાંકી ખીણવાળો ડુંગર, વાંકમાં વહેતી સરણીવાળી નદી, બંકા રાવતવાળો રાજા અને વાંકાં ભમ્મરવાળી સ્ત્રી—એ ચારે તો વાંકાં જ સારાં લાગે છે.]

વિદ્યાપ્રેમી પ્રજા

પહાડો, નદીઓ, સરોવરો, શિવાલયો—એવી પરિશુદ્ધ સૃષ્ટિમાં દિવસરાત રહેનારાં મનુષ્યો પોતે પોતાના થકી જ ગંદકી ઉત્પન્ન કરી આવા સુંદર ગ્રામ-નિવાસને નરકવાસ બનાવવાનું શી રીતે પસંદ કરતાં હશે—કેમ કરીને સહન કરી શકતાં હશે?—એ વિસ્મય મને રાજુલાની શેરીઓ જોઈને થયા વિના રહેતું નથી. પાંચ જ મિનિટની અંદર ગામની બહાર નીકળી શકાય એવા તદ્દન નાના શહેરની શેરીઓ જો લોકો પ્રાતઃકાળના અંધારામાં ઊઠીને અસહ્ય રીતે બગાડી મૂકે, તો એ લોકોના આહાર-વિહાર વિષે શી કલ્પના કરવી? રાજુ-

લાને પાદર પથ્થરની અહોળી ખાણો છે, મુંબઈ-કલકત્તાથી એનાં પ્રજાજનો કંઇક રળી લાવી સુશોભિત પાકાં મકાનો ચણાવે છે, કાઠિયાવાડનું એક સરસ આરોગ્યભવન બની શકે તેવું એ ગીરનું નાકું છે—અને છતાં આ વિદ્યામાં રાચતી મનોદશા શી રીતે પેદા થઇ ?

ગુમાવેલો પ્રતાપ

એ...ના એ પહાડ : એ...ની એ નદીઓ : એ...ની એ જૂનવટ : ને એ...નો એ પ્રકૃતિનો પ્રતાપ : પરંતુ હું તો એ તમામની વચ્ચે શોધતો હતો એના સંગી મનુષ્યોના જૂના પ્રતાપીપણાને. પણ હું નિરર્થક શોધતો હતો. જૂના પ્રભાવથી આંખો આંજતા, જોનારાંને ડારતા, કોઇ અદ્ભુત નવલકથાનાં પાત્રો સરજવાની સામગ્રી પૂરી પાડી શકે એવાં ચહેરા-મહોરાંની સમૂળી જ ગેરહાજરી મને બહુ સાલતી હતી. જીવનમાંથી તો જે ગયું, પણ પ્રદર્શનમાં મૂકવા યે જે ન રહ્યું, એવું માનવ-તત્ત્વ આજના લેખકોને પોતાની ચોપડીઓમાં કેવી બેહૂદી રીતે કલ્પવું પડે છે ! અને એ કલાકારોની કલ્પનાનાં વર્ણસંકર ચિત્રો તથા વર્ણનોનો આધાર લઈને કોઈ પણ પ્રજા પોતાનો ભૂતકાળ કેવોક ભણી શકે ! આવી વિકૃતિમાંથી નવો સૌરાષ્ટ્ર કેવો જન્મશે, ને એનું પાપ કલાકારોના માથા પર પણ કેટલું ચરશે, તે ભૂલવા જેવું નથી.

અમારું ઊંટ—કે જેને અમે 'સલૂન' કહેતા હતા, ને જેની ભલાઈનો તથા સહનશીલતાનો લાભ લઈને અમે ત્રણ જણા ચડી બેઠા હતા તે—સરખી ચાલે વહેવા લાગ્યું; અને તારોડિયાની જ્યોત્સ્નામાં નહાતા, ભાવનગરના પ્રતાપી રાજા આતાભાઈએ

તથા વજેસંગજીએ આ રાજુલા વગેરે પ્રદેશ કેવી કળવકળથી ને જબરદસ્તીથી કબજે કરી શાંતિ સ્થાપી તેની વાતો કરતા અમે પ્રભાતે એક ગામની ખળાવાડમાં પહોંચ્યા. એ નાના ગામનું નામ હતું સરોવરડું. નામ મને અત્યંત ગમી ગયું. નામ પાડવામાં અસલી લોકો અચ્છી રસિકતાનો ઉપયોગ કરી જાણતાં! એ તો ઠીક, પરંતુ આ નામની પૂછપરછમાંથી તો મને એક રસવંતો ઇતિહાસ હાથ લાગ્યો. ત્યાંના બે જુવાન ગરાસિયા ભાઈઓએ તુરત જ મને કહ્યું કે, આ ગામનું અસલ નામ 'સવિયાણું'

સવિયાણાની સ્નેહકથા

'સવિયાણું' શબ્દ સાથે તો મને અતિ મધુર પરિચય હતો. તુરત મને દુહો યાદ આવ્યો કે—

> સવિયાણું સરધાર, નગરામાં નેહચળ ભલું;
> (જેની) ખંવળાં હાટ બજાર, રજવાડું રઢિએ ભર્યું.

"હા, હા, ભાઈ!" ગરાસિયાઓ બોલી ઊઠયા: "આ એ જ હાટ-બજારોવાળા રિદ્ધિવંત સવિયાણાંનો જ ટીંબો. ને જુઓ—આ સામી દેખાય તે ધારનું નામ સરધાર. અસલ નામ શ્રીધાર: ત્યાં જ શ્રીધારનો નેસ પડયો હતો. આ પોતે જ નાગવાળા અને નાગમતીના પ્રેમનું અસલ ધામ!"

મને બીજો દુહો યાદ થયો:

> સવિયાણું ને સરધાર—બેય તરોવડ ટેવીએ;
> એકે વણજ વેપાર, બીજે મરમાળાં માનવી.

"સાચું, સાચું, ભાઈ! સવિયાણામાં નાગવાળો રહેતો, ને શ્રીધાર—સરધાર—ની તળેટીમાં આયરના નવ નેસ પડયા

હતા. એમાં રહેનાર મર્માળું માનવી એટલે એ નેસવાસી ભેડા આયરની દીકરી નાગમદે."

"પણ પેલી વાવ કયાં? વડલો કયાં?" મેં શંકાથી પૂછયું, ને ફરી દુહો ગાયો:

વડલા હેઠળ વાવ, હાલે ને હિલોળા કરે;
નાગમદે નાની નાર ભેડાની પાણી ભરે.

પોતાની વાત ખોટી મનાશે તો પોતાના ગામનું અમુલખ ઐતિહાસિક ધન એળે જશે, એવા ભયથી ઉત્સુક બનીને એ ગરાસિયા ભાઈબંધે મારું કાંડું ઝાલીને કહ્યું: "ચાલો બતાવું જુઓ—આ સરોવર. કે જ્યાં નાગવાળો ને નાગમદે નહાતાં હતાં. એની અંદર વાવ હતી તે ઘણાએ દીઠેલી; આજ એ દટાઈ ગઈ છે....આ વડલો: અત્યારે તો એની આ વડવાઈ જ રહી છે; અસલ તો એની ઘટા ઘણી વિશાળ હતી...આ સરોવરની પાળેપાળે સડક ચાલી જાય છે, તે છેક સામી ધાર ઉપર પહોંચે છે."

એ ધાર ઉપર શંકરનું દેવળ હતું. એ દેવળમાં દાખલ થઇને નાગવાળાએ નાગમદેની વાટ જોયેલી. પણ નાગમદેને પોતાનાં માવતરે કોઈ બીજા રાજકુંવરની સાથે વરાવી; ને જાન આવી તે વખતે નાગમદેએ પોતાની ચૂંદડી કોઇ દાસીને પહેરાવીને પોતાને બદલે માંડવે મોકલી, ને પોતે પોતાના મનના માન્યા પતિ નાગવાળા પાસે સંકેત મુજબ ચાલી નીકળી. પરંતુ અધીરા નાગવાળાએ દેવળમાં બેઠાં બેઠાં જંગલમાં પેલી જાન સાથે નાગમદેનાં વસ્ત્રો પહેરીને ચાલી જતી દાસીને દીઠી; એને નાગમતી માની, હતાશ થઈ, નાગમદે કૂડ રમી છે એવો વિચાર કરી, પેટ કટાર મારી. ને પછી નાગમદેએ આવી,

દેવળનાં અંદરથી દીધેલાં બાર ઉઘડાવવા માટે નાગવાળાને આણીજીના દુહા કહેલા કે—

દી ઊગ્યે દેવળ ચડું, જોઉં વાળાની વાટ;
કાળજમાં કટકા કરે, નાડયે વા'લો નાગ.

અને વળી—

નીકળ બારો, નાગ ! રાફડ કાં રૂંધાઈ રિયો !
(મારો) મોરલિયુંના માર, (તોય) નીંભર કાં થિયો નાગડો !

એમ પતિને નાગની અને પોતાને વાદણની ઉપમા આપી; આખરે કમાડ ખેડવી અંદર ગઈ: ત્યાં નાગને મરેલો દેખી—

અગરચંદણનાં રૂખડાં, ચોકમાં ખડકું રહે; .
હું કારણ નાગડો મૂઓ :, બળશું બેય એ.

"એ રીતે પોતાને કારણે પ્રાણ કાઢનાર પ્રેમીની સાથે એ આયરની દીકરી બળી મરી તે પણ આ ગામને ટીંબે જ બન્યું છે, ભાઈ !"

"પણ," મેં પૂછ્યું: "આવું જ એક સ્થળ મને પાંચાળમાં રેશમિયા ગામને પાદર બતાવવામાં આવે છે ને ?"

"ઈ ખોટું; આ જ સાચું."

વહાલાં ગયાં વિદેશ

ઐતિહાસિક મહત્તાનું મમત્વ કોને નથી હોતું ? કાઠિયાવાડનાં નાનાંમોટાં તમામ ભોંયરાં ગિરનારમાં જ નીકળે ! જૂની તમામ ગુફાઓ પાંડવોની જ બાંધેલી ! જૂનાં તમામ ખંડિયેરો કનકાવતી નગરીનાં ! જૂની તમામ મોટી મૂર્તિઓ તો ધૂંધળીમલની ને કાં ભીમની ! એવી જાતના આ મમત્વ તરફ હું આનંદથી જોઈ રહ્યો. ગમે તેમ હો, પણ આ સ્થળ મને નાગ-

વાળા—નાગમદેનું ખરેખરું જ ઘટનાસ્થળ લાગ્યું. એવી પ્રેમ-કથાઓ મોટે ભાગે ગીરમાં જ બની હોવી જોઈએ. આમ માનીને હું એ સનિયાણા શહેરની જમીન પર જોઈ રહ્યો. કલ્પના વેગે ચડી...જાણે એ બવળી બજારને કોઈ હાટડે ઘીની તાંબડી લઈને આયર-કુમારી નાગમદે વેચવા આવી છે: વેપારીના ઠામમાં જાણે એના રૂપાળા હાથ ઘી ઠલવી રહ્યા છે: ઓચિંતો ઘોડેસવાર નીકળે છે: નાગમદેની નજર ત્યાં મંડાય છે: આંહીં ઘીની ધાર નીચે ઢોળાય છે: ટીખળી વેપારી એનું ધ્યાન ખેંચે છે: અને નાગમદેના મોંમાંથી વચન સરે છે કે—

ઘોળ્યાં જાવ રે ઘી, આજૂનાં ઉતારનાં;
ધન્ય વારો, ધન્ય દીઃ જેણે નીરખ્યો નાગને.

અને એવી પ્રીતિ લાગી ગયા પછી, એક દિવસ ઓચિંતાં શ્રીધારનાં નેસડાં ઊપડી જાય છે. નાગવાળો ત્યાં જાય ત્યાં તો—

નહિ વસેલાણું વાહમાં, નહિ પરભાતી રાગ;
નાગમદેના નેસમાં કાળા કળેળે કાગ.

—એવું બધું સૂનસાન દેખે છે. માત્ર ભાંગી ગયેલ પગવાળો એક પાડો જ ત્યાં પડ્યો રહ્યો છે; અને એની ડોકે બાંધેલા કાગળિયામાં પ્રેમિકાના હસ્તાક્ષરનો મીઠો દુહો છે કે—

નાગ, તમાણે નેસ ભાંગલ પગ ભેંસા તણો;
વાલાં ગયાં વિદેશ: અવધે આવાણું નહિ.

એ ત્રાંબાવરણા તળાવના હિલોળા: વડલાની ઘટા: શ્રીધારના નવ નેસ: આંહીં વસેલાં મમાળાં માનવી: આખી સૃષ્ટિ નજર સમીપે તરવરવા લાગી.



[૨]

મર્દાની ભાષા

આ નાગેશ્વરી ગામ : લોકોએ આ કોમળ શબ્દને 'નાઘેશરી' બનાવી દીધો છે. ગલોફાં ભરાઈ ન જાય, અને ગળું ગાજી ન ઊઠે, ત્યાં સુધી શબ્દ શા ખપનો ?—સૌરાષ્ટ્રીય ભાષાના ઉચ્ચારો નક્કી કરવાનું આવું કાંઈક મર્દાનગીનું ધોરણ હશે ! 'મૃગ-નયની' નહિ, 'મરઘાનેણી'! 'શેત્રુંજી' નહિ, 'શેતલ'! 'ભયંકર' નહિ 'ભેંકાર'! 'બ્રહ્માંડ' નહિ, 'બ્રેહમંડ'! 'વૃક્ષ' નહિ, 'રૂખડો'! જેવું આ શબ્દોનું સ્વરૂપ, તેવું જ વાક્યોનું, અને વાણીના આખા યે ઝોકનું. શ્રી એન. સી. મહેતા કલાસાહિત્યનું ઊંડું અવગાહન ધરાવે છે, તેમણે હમણાં જ પોતાના એક પ્રોત્સાહનભર્યા પત્રમાં 'રસધાર'ની ભાષાની મીમાંસા કરતાં ચેતવણી ફૂંકી છે કે, "" ગુજરાતી ભાષાથી ચેતીને કામ લેવું; કેમકે આપણી વીરકથાઓને ઘાતક એવી માંદલી મધુરતામાં ગુજરાતી ભાષા સહેલાઈથી લસરી પડે છે !"

કોટીલાની વીરકથા

નાગેશ્વરીમાં વરૂ શાખાના બાબરિયા રહે છે. રાજુલા જેમ ધાંખડાઓનું, ડેડાણ જેમ કોટીલાઓનું, તેમ નાગેશ્વરી વરૂઓનું અસલી ધામ. બેતાળીસ ગામ બાબરિયાઓનાં, અને તેમાં ધાંખડા, વરૂ, કોટિલા, બોરીચા, ચભાડ, કાત્યાળ, ભૂવા,

લૈયા, ધુસાંળા, ધડધા...... એવી ઘણી શાખાઓ અહીં વસે છે. આપણને તો આજે આ નામોની કિંમત નથી. પણ જોજે! પરદેશી પંડિતો એક દિવસ એ નામમાંથી પણ ઇતિહાસની સાંકળના અંકોડા ખોળી કાઢશે. પણ ચાલો, તમને તો હું બાબરિયાઓની એકાદ વીરકથા કહી સંભળાવું. 'રસધાર' ભાગ પહેલામાં 'ભોળો કાત્યાળ' યાદ આવે છે? એ જ ભાગમાં મૈત્રીની વિલક્ષણ ખાનદાની દાખવનાર વીર 'માત્રા વરૂ અને જાલમસંગ'ની ઘટના સાંભરે છે? જરૂર ફરી વાંચી જજો. એ વરૂ ને કાત્યાળ કાઠીઓ નહિ, બાબરિયા હતા. પણ આજ તો ડેડાણવાળા કોટીલાઓના એક પૂર્વજની યશકથા હું લખવા માગું છું. સુમેસર કોટીલાએ પાંચસો વર્ષ પૂર્વે પોતાની 'પાણી!' 'પાણી!' પુકારતી રૈયતને કારણે મધરાતે દેવી ખોડિયારના ઘોર મંદિરમાં પેટે કટાર ખાવાની તૈયારી કરી. દેવીનો ચૂડલિયાળો હાથ બહાર નીકળ્યો, સુમેસરની કટાર ઝાલી રાખી, અને એ પરમાર્થી ભક્તના ઘોડાના ડાબલા પડયા તેટલા વા'માં એક રમ્ય, અતિ રમ્ય અપ્સરા જેવી નાની-શી નદી રેલાવી. એ નાવલી નદીને કાંઠે, કુંડલા ગામના ટીંબા પર, સુમેસરથી સાતમી પેઢીએ સમર્થ દેવો કોટીલો પાકયો :

> દીકરિયું દેવાણ, માગેવા મોળિયું :
> (તેને) તરવાયું તરકાણ તેં દીનેયું, દેવલા!

[હે દેવા! તારી દીકરીઓની માગણી કરનાર તરકોને તેં શું દીધું? તરવારો દીધી!]

ખૂબી તો એ છે કે એ દીકરીઓ એની પોતાની પણ નહોતી : પારકીઓને પોતાની કરી પાળી હતી. કથા આમ કહેવાય છે...... પાલીતાણાના હમીર ગોહિલની બે દીકરીઓ :

બન્ને પદમણી: કોઈ દુષ્ટ ચારણે જઈ એ દીકરીઓનાં રૂપ વિષે જૂનાગઢના નવાબના કાન ભંભેર્યા: કહે છે કે ચારણ પાલીતાણે જઈ હજામ થઈને રહ્યો. કુંવરીઓના નખ ઉતારીને ચાલ્યો ગયો: નવાબની સમક્ષ એ નખ સૂર્યના તાપમાં મૂક્યા: તુરત જ નખ ઓગળી ગયા: નવાબ માન્યો કે પદમણી સાચી: ગોહિલરાજ પર દબાણ ચાલ્યું કે, દીકરીઓ પાદશાહ જોડે પરણાવો: ગોહિલપતિની પુત્રીઓની વેલડી રાજેરાજમાં ફરવા લાગી: કોઈ રાખો કોઈ રાખો! પણ પાદશાહી શિકારને કોણ સંઘરે? વેલ કુંડલે આવી: ચોરે ખાંતેર શાખના બાબરિયા હેકડાઠઠ બેઠા છે: પૂછ્યું કે, કોનું વેલડું? જવાબ મળ્યો કે, મોતનું વેલડું! દહીવાણ દેવો કોટીલો ગાજ્યો: "અમે એ વેલડું છોડાવશું; બેય કુંવરી અમારી પેટની દીકરિયું થઈ રહેશે. ભલે આવે નવાબની ફોજું: મરી મટશું!"

નવાબનાં નિશાન ફરુક્યાં: પણ કુંડલામાં કોઈ વંકો ડુંગર ન મળે! દેવો કહે, ઓથ ક્યાં લેશું? રાતે આઈ ચાસુંડાદેવી સ્વપ્ને આવી કે, "બીજે ક્યાંય નહિ, આંહીં 'ભરોસે' ડુંગરે જ રહેજો; બાપ! આકડા એટલા અસવાર થાશે ને ગેબનાં નગારાં ગગડશે!"

યુદ્ધ ચાલ્યું. ખાંતેરમાંથી સાત શાખાઓ તો સમૂળી જ ખપી ગઈ. બીજી શાખાઓના થોડા થોડા છોકરા રહ્યા: કોઈ તરવાર ઝાલનારા ન રહ્યા. પણ આશરે આવેલી દીકરીઓ બચાવી. અને દેવા દહીવાણની વીરગાથા રચાણી કે—

માંડી મેધાણા, તેં ભરોસે ભવાઇ,
બેલા ખાન તણા નત રાવત નાસાડવા.

[ભરોસા નામના ડુંગર પર તેં યુદ્ધરૂપી નાટક આદર્યું, ને તેમાં નવાબના ખેલા(નટો)ને તેં નસાડ્યા.]

ઠખઠખિયું હાર, હાઠાળો ઠખિયો નહિ;
ઘરકે ઘુંઘળિયાળ, દળ બે આડો દેવડો.

[જેમ વરાહ હમેશાં પોતાના સામર્થ્યના મદમાં જળાશય ઉપર બે સિંહોની વચ્ચે જ ઊભો રહીને પાણી પીએ છે, તેમ તું પણ, હે તલવારરૂપી દાતરડીવાળા વરાહ, બે લશ્કરોની વચ્ચે ઊભો રહી લડ્યો. તારું કુટુંબ વીંખાઈ ગયું, પણ તું ન ખસ્યો.]

કાળમુખો કસુંબો

પરંતુ નાગેશ્વરીને હું પૂછતો ઊભો કે, ઓ વીરભોમ ! તારા બાબરિયાવાડના જવાંમર્દો ક્યાં અદૃશ્ય થયા ? એ પ્રશ્નનો જવાબ મારે માટે આગળ રાહ જોતો ઊભો હતો. એનો જવાબ છે : કાળમુખો કસુંબો ! આખે રસ્તે મને એનું વિનાશી સ્વરૂપ દેખાયા કર્યું. એ કસુંબો નથી સમય – કુસમય જોતો, નથી જુવાન–વૃદ્ધ જોતો, નથી પૈસા કે ગરીબી જોતો એ તો, બસ, પિવાય છે; મરણે પડે ત્યારે પિવાય છે; રડીને, કરગરીને, રિસાઈને, ગોળાનું પાણી હરામ કરવાના ડારા દઈને પણ સામસામો પિવરાવાય છે. રાજુલામાં એક જુવાન ધાંખડો જોયો : વીસ વરસનો પડછંદ જુવાન : સાચેસાચી ગુલાબી મુખમુદ્રા : ભરપૂર બદન : ગાલ ઉપર હેતપ્રીત ને ભોળપની ચૂમકીઓ ઊપડે: દુશ્મનનું પણ દિલ ઠરે એવો જુવાન. એક દસકામાં એ બુઢ્ઢો બનશે; એની સંતતિ, સ્ત્રી, જાગીર— તમામ એને બોજારૂપ થઈ પડશે; એ રંગીલા દેહમાંથી પૌરુષ વિદાય લેશે. અફીણને એ ધિક્કારે છે ...... પણ પિતા ગુજરી જતાં પોતાના ઉપર એ કર્તવ્ય ઊતરેલું માને છે કે અતિથિઓ

માટે કસુંબો કાઢવો—ને અતિથિઓના હાથની અંજલિ પણ લેવી! એ વ્યવહાર. બીજા પીણામાં—દારૂમાં, ચામાં, કાવામાં, બીડીમાં વગેરેમાં તો મીઠાશ છે; સ્વાદનું ને ખુમારીનું પ્રલોભન છે. પણ અફીણ તો કડવું ઝેર! કશું આકર્ષણ ન મળે! કેવળ વ્યવહાર, કેવળ શિષ્ટાચાર, કેવળ પ્રતિષ્ઠાનું જૂઠું કારણ!

મને કહેવામાં આવ્યું કે, હજુ તો કાંઇ જ નથી, તમે હજુ કયાં દીઠું છે? બાબરિયાવાડમાં આગળ વધો : ચૌદ-ચૌદ, સોળ-સોળ, અઢાર-અઢાર વર્ષના જુવાનોને પિતા પોતે બંધાણ કરાવે છે; અને એ અકાળે વૃદ્ધ બનેલા યુવકો, પોતાનાં જ જીવતાં પ્રેતો જેવાં, ડેલીએ બેસી ઝોલાં ખાય છે.

અને આ બધું શા માટે? એક બંધાણી ભેરુ કહે કે "આંકુશ છે આંકુશ!" આ 'આંકુશ' શું? ઊછરતો જુવાન ફાટીને બદફેલીમાં ન પડી જાય તે માટેનો અંકુશ! શાબાશ, અંકુશની વાતો કરનારાઓ! ઘોડેસવારીનો, રમતગમતનો, ખેતીના ઉદ્યમનો, લશ્કરી નોકરીનો, શિકારની સહેલગાહનો ....એ બધા અંકુશ મરી ગયા પછી આ અફીણ અંકુશનું સ્થાન લ્યે છે! ને એ અંકુશની આરાધના તે કયાં સુધી! અમારા ભલાભોળા ને પ્રભુપ્રેમી ....ભાઈ પોતાના એક-બે વર્ષના બાલક બેટાને પણ આંગળી ભરીને કસુંબો ચટાડે છે!

હજુ એક ભયાનક વાત બાકી છે : અફીણની જન્મકેદમાં ફસાઈ જનાર એક હાડપિંજરે મને પેટ ઉઘાડીને વાત કહી; સાચું કારણ કહ્યું કે શા માટે આ શત્રુ પેંઠો છે. હું એની યોજેલી નગ્ન ભાષાને શી રીતે વાપરી શકું? હું એનો સભ્ય ભાષામાં તરજુમો કરું છું કે 'ભાઈ! વિષયભોગની તાત્કાલિક વધુ તાકાત પામવાને ખાતર જ સહુ કસુંબો પીવે છે.'

ભલે પીવે ને ભોગવે. મે સાંભળ્યું છે કે કાકા કાલેલકરની દૃષ્ટિમાં આ બધી વીર જાતિઓનો વિનાશ જ અનિવાર્ય લાગી ગયો છે. તેમની ઉપયોગિતા પૂરી થઈ છે. માટે ભલે ઢીંચી ઢીંચીને...ના ના! મારા મુખમાં એ અભિશાપ શોભતો નથી. ત્યાં સર્વત્ર કેળવણી અને સંસ્કાર જલદી જઈ પહોંચો, એ જ મારી પ્રાર્થના હોવી ઘટે.

પ્રવાસમાં કાવ્યરસ

સારા શહેરની ફિકર લઈને ફરતા પેલા કહેવત માયલા કાજીની પેઠે આ મારા સંતાપ અને રોષ મારા હૃદયમાં શમાવીને હું આગળ વધ્યો. અને ગીરમાતાની માલણ, ઝૂલાપરી, રૂપેણ, ધાંતરવડી વગેરે સુંદર નામની નાની-શી નદીઓ મારા પગમાં રમતી રમતી સામી મળી. સાથેના ચારણ સંગાથીઓ પણ પ્રસંગે પ્રસંગે દુહાઓ વરસાવી પોતાની ગુપ્ત રસજ્ઞતાનું દર્શન મને કરાવતા ચાલ્યા. નદીમાં કોઈ કપડાં ધોવાની રળિયામણી છીપર જોતાં તો અમારા લેરખડા ...ભાઈ એ લાખા ફુલાણીનો એકાદ દુહો ફેંકયો જ હોય કે—

લાખો કે' સું બારિયો, લાસી છીપરિયાં;
(જ્યાં) હાથ હિલોળે, પગ ઘસે, ગહેકે ગોરલિયાં.

[લાખો કહે છે કે, ઓ ભાઈઓ! મને મૂઆ પછી કોઈ લીસી છીપરી ઉપર જ બાળજો—કે જે છીપરી પર રમણીઓએ વસ્ત્રો ધોતાં ધોતાં હાથ હિલોળ્યા હોય, પોતાના કોમળ પગની પાનીઓ ઘસી હોય, ને નહાતાં-ધોતાં ટીકારો કર્યા હોય!]

કોઈ ગામને પાદર લૂંબઝૂંબ વડલો આવ્યો કે તુરત બીજો દુહો એ વિનોદી મોંમાંથી ટપકયો જ સમજવો :

જતે નમી વડછાંય (અતે) ખોડી ખંભ થિયાં;
ઉંબી કર કર બાંય, ચડે ચૂડાવાળિયું.

[લાખો કહે છે કે, અરેરે ! જ્યાં આવી છાંયડીવાળા વડ-ઘટા ઢળી હોય, ત્યાં જ હું જલદી મરી જઈને ખાંભીરૂપે ખોડાઈ જવા ચાહું છું—કે જેથી ચૂડલાવાળી રમણીઓ એ મારા પથ્થર-દેહ પર પગ મેલીને હાથ લંબાવી વડલે હિંચોળા ખાશે !]

એ શૃંગારી દુહાની સામે અમારા જોગી ...ભાઈ તુરત જ પ્રતિસ્પર્ધી ભાવનો દુહો લલકારે કે—

વડ વડવાયેં જકિયા, અળસર દડિયા આણ;
મેલીને જટા મોકળી, જડધર ઊભો જાણ.

[વડવાઈ વડે ઝૂકેલો વડલો જાણે જટા વિખરાની મૂકીને મહાદેવ પોતે જ ઊભો હોવને—એવો દીસે છે !]

કોઈ ગામના ઝૂંપડામાં માતાઓ કે બહેનોના હાથમાં ઊછળતું ને સામસામું ઝિલાતુ બાળક જોયું, ત્યાં તો કાવ્ય-વીજળીના તાર જાણે સંધાયા, અને દુહારૂપે દીવો પ્રગટ થયો કે—

એક દિયે બીજી લિયે, (આંઇ) કહ્‌શડી કઢાં;
અલ્લા ! ઓ ડી દે, લાખો બારક થિયાં.

[ઓ પ્રભુ ! આ બાળકને સામસામો ફંગોળીને ઝીલની સ્ત્રીઓને જોઉં છું. ત્યારે મને લાગે છે કે હું બહુ કારમા દિવસો કાઢું છું. મને ફરીવાર એ દિવસો ઝટ દે, કે જ્યારે હું બાળક બની જાઉં !]

એમ કરતાં કરતાં ગામડાંની સ્મશાનભૂમિ આવે છે અને જે આમ-જનતા પાસે નદીનાં છીપરાં વિષેની ફાટફાટ રસિકતા હતી, તેની પાસે શું સ્મશાનની ફિલસૂફી ઓછી હતી ? મૃત્યુની

રસિકતા જો વીરભૂમિ સૌરાષ્ટ્રમાં ન હોય તો પછી એનાં શૂરાતનનાં સેંકડો વર્ષોનો સરવાળો શૂન્યથી વિશેષ કાંઈ જ શાનો હોય? મારા સાથીઓને પણ એ સ્મશાનનાં કાવ્યો સ્ફુર્યા :

આંઉ વ'ન્યો જીરાણમેં, કોરો ઘડો મસાણ;
એડી થે વઈ ઉનજી, એડી થીંદે પાણ.

[હું સ્મશાને ગયો. ત્યાં ચિતા પર મેં કોરો ઘડો દીઠો. ઓ ભાઈઓ, એક દિવસ આપણને પણ એવી જ વીતશે.]

પરંતુ એ તો કેવળ વૈરાગ્ય! ખરી ફિલસૂફી તો આ રહી:

હાલ હૈડા જીરાણમેં, રોણાંને કરિયેં સાદ;
મટી સેં મટી મિલી, (તોય) હોંકારા દિયે હાડ.

[ઓ મારા હૃદય, ચાલો સ્મશાનમાં! ત્યાં જઈ સ્વજનને સાદ કરીએ. ભલે એની માટી તો માટીમાં મળી—એનાં હાડકાં તો હજુ પડ્યાં છે ને? એ હાડકાં ઊઠીને હોંકારો દેશે.]

તુલસીશ્યામ

એવી અમારી રસમંડળી, પ્યારા મિત્ર સાણા ડુંગરને પાછા વળતાં રોકાવાનું વચન આપી, છેટેથી એ બૌદ્ધ યોગીવર સામે 'જય જય' કરીને તુલસીશ્યામ પહોંચી.

આ તુલસીશ્યામ. ચારે બાજુ ડુંગરા ચોકી ભરે છે, અને ડુંગરાની ગાળીઓમાં વનસ્પતિની ઘટા બંધાઈ છે. કેવી એ વનસ્પતિની અટવી? સૌરાષ્ટ્રીય ભાષા કહે છે—'માણસ હાથ-તાળી દઈને જાય એવી!' આવી સચોટ અર્થવાહિતાવાળી ભાષાસમૃદ્ધિ કોઈ કોઈ ગુજરાતી વિદ્વાનોનાં નસકોરાં ફુલાવે છે; આ ટરતાં યુરોપી ભાષાના તરજુમા ઘુસાડી દેવાનું તેમને વધુ ગમે છે. ખેર, ગુજરાતની તરુણ પ્રજાનાં દિલ વધુ વિશાળ

છે, ઓછાં સુગાળ છે. એ આપણાં સબળ તત્ત્વોને એકદમ અપનાવી રહેલ છે. એ આ વાંચશે ત્યારે તુલસીશ્યામ આવવાનું મન કરશે.

તુલસીશ્યામના ઇતિહાસમાં મને બહુ રસ નથી. પક્ષી બેસે તો મરી જાય એવું 'મીંઢા હરમ્યો' નામનું ઝેરી ઝાડવું જ્યાં પૂર્વે હતું એ 'મીંઢાના નેસ' નામના નાના ગામડાનો નિવાસી ચારણ દેવો સતિયો, આજથી પાંચસો વર્ષ પૂર્વે, 'લેરિયાના નેસ' નામે ગામથી પોતાની વશેળ (ન વિંયાય તેવી) ભેંસ પર બેસીને ચાલ્યો આવે છે. માર્ગે બરાબર આ ડુંગરા વચ્ચે જ રાત પડે છે. ઘનઘોર અટવી : સામેના રૂક્મિણીના ડુંગર પરથી વાજતેગાજતે વરઘોડો ચાલ્યો આવે : શૂરવીર ચારણ તલવાર ખેંચી એ પ્રેતસૃષ્ટિને ડારવા ઊભો રહ્યો; પણ જાણે એને કોઈ જ્યોતિ સ્વરૂપે કહ્યું કે, "દેવા મતિયા! આંહીં મારી પ્રતિમા નીકળશે; આંહીં એની સ્થાપના કરજે." ચારણ નિદ્રામાં પડયો. પ્રભાતે પાંદડાં ઉખેળતાં શ્યામ પ્રતિમા સાંપડી. કંકુ તો નહોતું; પણ ચારણ સદા સિંદૂરની ડાબલી સાથે રાખે : સિંદૂરનું તિલક કર્યું (આજ સુધી એ પ્રતિમાને સિંદૂરનું જ તિલક થાય છે) : બાબરિયાઓનું ને ગીરનિવાસી ચારણોનું એ તીર્થધામ થયું : પ્રતિમાજીને નવરાવવા ત્યાં તાતા પાણીનો કુંડ પ્રગટ થયો : એ પાસે જ થઈને નાનું ઝરણું ચાલ્યું જાય છે. તેનું જલ શીતલ, ને આ કુંડનું પાણી તો ચૂલા પરના આંધણ જેવું ફળફળતું : પ્રથમ એમાં પોટલી ઝબોળીને પ્રવાસીઓ ચોખા ચોડવતાં : પણ એક વાર કોઈ શિકારીએ માંસ રાંધ્યું : ત્યારથી એની ઉષ્મા ઓછી થઈ છે. હવે એમાં ચોખા નથી ચડતા. પણ તમે સ્નાન કરો એવું ઊનું પાણી તો એમાં સદાકાળ રહે છે, કોઈએ કહ્યું કે એમાં

દેડકાં પણ જીવતાં જોવામાં આવે છે. એ તો ઠીક, પણ એ પાણીની ગંધનો પાર નથી. કોઈક જ વાર કુંડ સાફ થાય ખરા ને ! તીર્થો ઘણાંખરાં ગંદકીથી જ ભરેલાં !

તીર્થક્ષેત્રે કૃતં પાપં
વજ્રલેપો ભવિષ્યતિ



[૩]

ધર્માદાનો દ્રવ્યસંચય

એક દિવસ આ તુલસીશ્યામની જાહોજલાલી હતી. બાબરિયાવાડનાં બેંતાલીસ ગામ એ 'શ્યામજીના ધામ' ઉપર ઓછાં ઓછાં થઈ જતાં. અટવીનાં નિવાસી અજ્ઞાન આહિર–ચારણો અને બાબરિયાઓના અંધારે પડેલા જીવનમાં આસ્થા અને પવિત્રતાનું દિવેલ પુરાતું. પણ પછી તો એ જગ્યાની સમૃદ્ધિ વધી. એક મહંતે કંજૂસાઈ કરી કરીને દ્રવ્ય સંઘર્યું; અરણ્યમાંથી ઊપડીને એણે ઉંડાણ શહેરમાં વસવાટ જમાવ્યા. આ જગ્યા સૂના થઈ ગઈ. અને એ સૂમનું સંચેલું ધન આખરે એક શિષ્યને હાથે ગાદી-પ્રાપ્તિના કજિયા લડવામાં કુમાર્ગે વહી ગયું. (આપણે જૈનો, સ્વામીપંથીઓ—બલ્કે જાહેર કાર્યકર્તાઓ પણ—ન ભૂલીએ કે ધર્માદાના સંચેલ દ્રવ્યની આખરી અવદશા એ જ થાય છે.) આજે એ સ્થળે એક જુવાન દૂધાહારી ઉત્તર હિન્દુસ્થાની સ્વામીએ ગૌશાળા વગેરે બાંધી જગ્યાનો પુનરુદ્ધાર આદરેલો દીસે છે. આ હિન્દુસ્થાની સાધુઓ ભારી વિલક્ષણ! કાઠિયાવાડમાં ઠેર ઠેર તેઓને તમે અક્કેક ધર્મસ્થાનક ખરી નિષ્ઠાથી ચલાવતા જોશો. સામાન્ય રીતે સ્વભાવના કડક, સ્વતંત્ર તાસીરના, ને મોટા ચમરબંધીની પણ પરવા ન રાખનાર ફાટેલ મ્યાલાના હોય છે. આપણામાં એ હૈવત ક્યારે આવશે?

જોગી બહારવટિયો

પણ મને તો આ ઇતિહાસમાં, એ ગરમ પાણીમાં કે એ પ્રતિમામાં રસ નહોતો. મને તો એ તુળસીશ્યામનાં કમાડ પર એકસો વર્ષ પૂર્વે એક બહારવટિયાના ભાલાના ટકોરા પડયા હતા તે મધરાતનો સમય સાંભરી આવ્યો. એ બહારવટિયો જોગીદાસ ખુમાણ: એ યોગી બહારવટિયાની લાંબી કથા 'બહારવટિયા' ભાગ બીજામાં વાંચશો. પોષ માસની કડકડતી ઠંડીમાં એ ચાલીસ ઘોડે મધરાતે આવ્યો : ઉઘાડો! કહી દરવાજે ટકોરા દીધા : દરવાન કહે કે, નહિ ઉઘાડું! તમે બહારવટિયા છો : અરે ભાઈ, અમે બહારવટિયા ખરા પણ શામજી મહારાજના નહિ; ઉઘાડ, એક જ રાતને આશરે આવ્યા છીએ: જવાબ મળ્યો કે નહિ ઉઘાડું. કમાડ પર ભાલાની બૂડી ઠોકીને જોગીદાસે હાકલ કરી કે, ઉઘાડ નીકર અટાણે ને અટાણે કમાડ તોડી, શામજીના અંગ પરથી વાલની વાળી પણ ઉઠાવી જશું! દરવાને રંગ પારખ્યો: કમાડ ઊઘડયાં: ચાલીસ ઘોડીઓ અંદર ચાલી ગઈ અને બહારવટિયો શામજીનું મંદિર ઉઘાડી, પાઘડી ઉતારી, ચોટલો ઢળકતો મેલી, હાથમાં બેરખો ફેરવતો ઊભો ઊભો પ્રતિમાજીને બાળકની કાલી મીઠી વાણીમાં ઠપકો દેવા લાગ્યો કે, ' એ શામજી દાદા! અમારાં એંશી ને ચાર ગામ તો ભાવનગરે આંચકી લીધાં; ઇ તો ખેર! ભુજાયું લેટાવીને લેવાશે તો લેશું. પણ તારા કોઠારમાંથી શું અધશેર અનાજની પણ ખોટય આવી, કે મારા ચાલીસ–ચાલીસ અસવારોને આઠ-આઠ દિવસની લાંઘણ્યું એંચ્યા પછી રાવલ નદીમાં ઘોડીયુંના એંઠા બાજરાની મૂઠી મૂઠી ઘૂઘરી ખાઈ ને તાંસળી–તાંસળી પાણીનો સમાવો કરી ભૂખ મટાડવી પડે!"

આ ઠપકાનો દેનાર જાણે એ મંદિરમાં મારી નજરે તર-

વરી રહ્યો હતો. પણ આ રાવલ નદીમાં ઘોડાના એઠા બાજ-રાની ઘૂઘરી ખાવાની વાત શી બની હતી ? આપણે તુલસી-શ્યામ છોડીને ત્યાં જ આવીએ છીએ. જંગલી બોર જમતાં જમતાં ઝાડીઓમાં થઈ ને અમે સહુ રોઝ્યકોઝ્ય દિવસ રહ્યે રાવલ નદીમાં આવ્યા. ભયંકર નદી : તમ્મર આવવા જેવું થાય તેટલી ઊંચી ભેખડો : ભેખડોની ઉપર પણ કયાંક કયાંક ડુંગરા બેઠેલા : ભેખડોના પેટાળમાં ગટાટોપ ઝાડી : બન્ને બાજુ એવી જમાવટ : વચ્ચે ચાલી જાય કોઈ વાર્તા માંહેની અબોલા રાણી જેવી રાવલ નદી. અમારાં ઊંટ-ઘોડાં ત્યાં ડગલે ડગલે આવર-દાની ઈતિશ્રી અનુભવતાં ઊતર્યાં, ત્યાં એકસો વર્ષ પૂર્વે જોગીદાસ બહારવટિયાની અસલ કાઠી ઘોડીઓ હરણાંની માફક રૂમઝૂમતી ચાલી આવી હશે. સંધ્યાનો સમય : જોગીદાસ હાથ-પગ ધોઈ સૂરજના જાપ કરવા બેઠો : ઘોડીઓ મોકળી ચરવા લાગી : નાનેરા ભાઈ ભાણ ખુમાણની આંખો ઊઠેલી તેના ઉપર દવા તરીકે ચોપડવા માટે વાલ જેટલું અફીણ પણ ચાલીસમાંથી એકેયના ખડિયામાં ન નીકળ્યું, તેવા દોહ્યલા દિવસો : ચાલીસે કાઠીને આઠ દિવસની લગભગ લાંઘણો : એમાં એક કાઠીએ ઘોડી-ઓના ચાલીસ પાવરા ખંખેર્યા : કોઈક દિવસ ઘોડીઓને જોગાણ મળ્યું હશે તે વખતે પાવરામાં ચોંટી રહેલ ઘોડીઓનો એઠો ચપટી ચપટી જે બાજરો, તેને ઉખેડી ઉખેડી, પલાળી, તાંસ-ળીમાં બાફી ટેઠવા રાંધ્યા : ખોઈ ભરીને કાઠીએ મૂઠી મૂઠી સહુને વહેંચ્યું : 'હયો, જોગીદાસ ખુમાણ, આ ટેઠવા; મૂઠી મૂઠી સહુ ખાઈએ તો પેટમાં બબ્બે તાંસળી પાણીનો સમાવો થાય.'

બહારવટાંના જતિધર્મ

પણ આ જોગીદાસની ઘટનાનું તો આડું ફણસણું ફાટયું. અમે તો રાવલ નદીમાં એક બીજા જ બહારવટિયાની મુલાકાતે

આવેલા : અમે આવેલા વેજલ કોઠો જોવા : વેજલ કોઠો એટલે અમદાવાદના પાદશાહ મહમ્મદશાહ સામે બહારવટે નીકળેલા સરવૈયા બે ભાઈ જેસાજી–વેજાજીનું ગુપ્ત રહેઠાણ. આ બહારવટિયાઓની રોમાંચકારી વાતો મેં સાંભળી હતી. પાંચમી 'રસધાર'માં 'ભૂત રુવે ભેંકાર'વાળી કથાને અંતે જે બે ભાઈઓ માંગડા ભૂતના મહેમાન બની માયાવી પ્રેત—કિલ્લામાં રાત રહે છે, ને માંગડાને સદ્‌ગતિએ પહોંચ ડે છે, તે જ આ જેસાજી––વેજાજી : એમણે બહુ બહુ દુઃખો સહન કર્યાં હતાં : બહારવટાંમાં એમણે યતિ જેવા આચાર પાળ્યા હતા : પંચકેશ વધાર્યા હતાઃ પોતાના અંગ પરની ઝીણી એક જૂ પણ નાખી ન દેતાં ડગલામાં રાખી હતી : કહે છે કે એ જેને બાન પકડી જતા તેને તોબાહ પોકરાવવા માટે ફક્ત આ ડગલા જ પહેરાવી દેતા ! બંદીવાન એ ટોલાઓના ડંશથી ત્રાહી પોકારી જતો; જ્યારે બહારવટિયા તે નિરંતર પહેરી રાખતા એથી વધુ વિસ્મયકારી દેહદમન અને આત્મભોગનું દષ્ટાંત તો જેસા–વેજાના કાકા ગંગદાસજી બહારવટિયાનું : એની પીઠ પર એક પાઠું પડી ગયેલું : પાઠામાં જીવડાં પડ્યાં : પણ જીવડાંને કાઢીને નાખી તો દેવાય નહિ : તેમજ પોતાનો દેહ પણ જીવડાં ખાઈ જાય એ બને નહિ : તેથી રોજ એ પાઠામાં ઘઉંના લોટના પિંડા ભરેઃ જીવડાંને એ લોટ ખવરાવી નભાવે, ને પોતે શરીર બચાવી બહારવટાં ખેડે : આખરે એ રઝળપાટમાં એક સમયે લોટ ન મળ્યો : જીવડાંની વેદનાનો પાર ન રહ્યો : પાછળ પાદશાહી ફોજ ગાજતી આવે છે : નાસી છૂટવા લાઈલાજ બનેલા ગંગદાસ કાકાએ પોતાનું માથું શત્રુને હાથ ન જાય તે નોકને ખાતર બેટા વેજાજીને હાથે પોતાનો શિરચ્છેદ કરાવ્યો.

સંકટની મોઢપ

વેજલ-કોઠો જોવાની અમારી આતુરતાને આ સૂર્યાસ્ત ચર્ચ જશે તેની ફરી પરવા ન રહી. અને અમારા અદ્ભુત સૌમિચાએ અમને આંગળી ચીંધી બતાવી દીધું કે, આ સામે રહ્યો જે ડુંગરો તે ઉપર છે વેજલ-કોઠો : તું ચાલ; તું અમને બતાવ: ના, હું આંહીં તમારાં ઊંટ—ઘોડાં સાચવું છું : ચડ જા અચ્ચા સૂદી પર! -એવો મામલો થયો: નદીની ભેખડ પર ઊભો થયેલો ભયાનક ડુંગરો : બાજુએથી અમે ચડવા લાગ્યા : અરધે જતાં અગાશ લેરખડ દુલાગીર ભાઇ થાકયા, અને 'ભાઈ! જેસાજી—વેજાજી મળે તો રામરામ કહીને કસુંબો પીવા તેડતા આવજો!' એટલું બોલીને એ ડૂકેલા ભાઇએ ત્યાં જ આસન વાળ્યું. અમે ઉપર ચડયા : પગ મરડાય તેની પરવા નહિ : વેજલ-કોઠો કે દહાડે ફરી જોઇશું! ચોમેર ફરી વળ્યા : પણ વેજલ – કોઠો કયાં યે ન દીઠો: 'જેસા – વેજા! જેસાજી--વેજાજી!' એવી બૂમો પાડી; પણ કોઇએ જવાબ ન દીધો; ફકત નીચે રાવલ નદી જ અમારી બેવકૂફીનાં ચાંદુડિયાં પાડતી ચાલી જાય છે. નદીની બાજુએથી જ અમે નીચે ઊતરવાનું સાહસ કર્યું : ગીચ ઝાડી : ઝાડીએ તેવો ઊભો ઢોળાવ : એક ઝાડ પરથી અંગ પડતું મેલી બીજા ઝાડને ઝાલી લઈએ : સારું થયું કે કોઈ સૂકી ડાળી હાથમાં ન આવી, નહિ તો એ બેટ-વૃક્ષોનાં ફૂલ બની છેક રાવલમાં જ અમે ઝિલાત! અંધારે અંધારે આવી વિકટ હાલત, અને તેની વચ્ચે પણ દુલાભાઇનું મધ સરીખું ગળું, દુહે ને ભજને વગડો તરબોળ કરતું આવે! એ ભજન તો હું કદી નહિ ભૂલું. એના શબ્દો આપું છું, પણ એનું સંગીત કેવી રીતે સંભળાવું!

રંગરસિયા રે મારા દિલડામાં વસિયા
જી આયાં રહી જાવ ને...
મોહન રંગના રસિયા!

કિયાં તેરા ડેરા ને કિયાં તેરા તંબુડા,
હેડનાં કંદારાં પે તમે કેણી પેરે કસિયાં;
જી આયાં રહી જાવને—મોહન૦

જમુનાને તીરે વાલો ગૌધન ચારે રે,
મુખડે મોરલિયાં હુંદા સેંસા રચિયા;
જી આયાં રહી જાવને—મોહન૦

બાઈ મીરાં કે છે પ્રભુ ગિરધરના ગુણ,
તમને દેખીને મારાં નેણાં હસિયાં;
જી આયાં રહી જાવને—મોહન૦

'તમને દેખીને મારાં નેણાં હસિયાં જી!' એ શબ્દો જાણે ગવાતા નહોતા, ટપકતા હતા. વનરાજિ ભીંજાઈ ભીંજાઈને ધન્ય બનતી હતી. અને એ સ્વરોની સમાધિ ન તુટી જાય તેટલા માટે તો અમારા એ પડછંદ પંચકેશી ભજનિકે એ જ રાગનું બીજું પદ રેલાવ્યું કે—

મહી ઢળશે રે મારાં ગોરસ ઢળશે,
જી જાવાં દો ને રે;
મોહન મહીડાં ઢળશે!

હાથુંમાં ચૂડી ને માથડે મૈયારાં રે,
કંકણ – ચૂડીએ મોરાં કાંડાં ખળકે;
જી જાવા દો ને રે—મોહન૦

આ કાંઠે ગંગા ને ઓલે કાંઠે જમુના જી,
વચમાં સરજૂ રે કેશં વ્હેણાં ખળકે;
જી જાવા દો ને રે—મોહન૦

જમુનાને તીરે વાલો ગોરડી વગાડે રે,
ધુંધુંધુંધું દેશ મા! મારાં મદીડાં ઢળશે;
જી જાવા દો ને રે—મોહન૦

આ શબ્દ-રચના, આ ઢાળ અને આ શ્લોક મને મીરાંના ન લાગ્યાં. એના ઉપર ચોખ્ખી 'પરજ' ની—એટલે કે ચારણી સંસ્કારની-છાપ છે મીરાંના મનોભાવ અનુભવનારા અનેક પ્રેમ-જખ્મી કવિઓએ 'મીરાં'ને પોતાની કૃતિઓ અર્પણ કરી પોતાનાં નામનો મોહ હોમી દીધો છે.

આપણું સોરઠી ભજન-સાહિત્ય ઘણી ઘણી રેખાઓ વડે દેદીપ્યમાન છે. એને ગાવાની જૂજવી જૂજવી શૈલીઓ છે. રામાનંદી, કબીરપંથી, માર્ગી વગેરે સંપ્રદાયના બાવાઓ ગાય છે તેનાથી પરજિયા ચારણોની હલક અનેરી જ હોય છે. પહેલામાં રૂમઝમાટ, અવાજ કરતી તીવ્રતા, ઢોલક, મંજીરાં ને તંબૂર જેવાં વાદ્યોની અત્યંત ચંચલ નૃત્યમયતા ને માદકતા છે. શબ્દોનો મરોડ પણ તેવો જ બંધાય છે. ત્યારે 'પરજિયા' ચારણનું ગળું મેઘ જેવા ગંભીર નાદે ધીરું ધીરું, ઊંડા કોઈ પાતાલમાંથી ગાજી ઊઠે છે. એમાં દોડ-ધામ નથી, ધીરી ગજગતિ છે. વાદ્યોની વિપુલતાને તો એ પરજનાં ભજનોમાં સ્થાન જ નથી. બસ, એક જ એકતારો તંબૂરો ને એક જ મંજીરાંની જોડલી : સાંભળતાં સાંભળતાં સાચી લહેર આવે : વાસનાઓ નિર્વેદભરી મધુરતા અનુભવે : દૃષ્ટિ અનહદમાં ચડે : એવા એક ધાના ભગત નામના ચારણને કેં કેં રાતો સુધી હડાળામાં બાપુ વાજસૂરવાળાને ઘેર સાંભળેલા ને બીજા સાંભળ્યા આ દુલાભાઈ તથા તેમના સાથીઓને.

અંધારે અમે એ શવળકાંઠાના પેટાળમાં પથરાયેલ જંગલ વીંધતા ઊપડ્યા. થોડેક જ ગયા ત્યાં આંકડા લીંડીને ઊસેલી

એ વનસ્પતિએ 'રસ્તો બંધ છે'ની નિશાની કરી. ઘણું મથ્યા; પણ જાણે કે વનરાજોની કોઈ ગેબી કચારીમાં જવાના અધિકારની અમને ના પાડતી એ ઝાડીએ આખરે અમને પાછા જ ધકેલ્યા. અંધારે સીધા નદીના અજાણ્યા પ્રવાહમાં લપસણી શિલાઓ પર સાવધ ડગલાં દેતાં અમારાં ડાહ્યાં પશુઓએ આખરે અધરાત પહેલાં અમને કિનારા પર ક્ષેમકુશળ ચડાવી દીધા. અને માનવ-વસ્તીના ઝાંખા દીવા ઝબૂકવા લાગ્યા. ઊંચી ઊંચી ભેખડો ઉપર ત્રણ-ચાર ઝૂમખાંમાં વહેંચાઈને માલધારીઓનાં નેસડાં પડેલાં હતાં. એ બધાં ઝૂમખાંનું નામ શિખલ-કૂબાનો નેસ. એમાંથી એક ઘરને આંગણે અમે અતિથિ બન્યા.

'અતિથિ' 'અતિથિ' ઝંખ્યા કરનારા અને અતિથિ વિદાય લ્યે ત્યારે અંતરથી રુદન કરનારા એવા રબારી ભાઈઓ મધરાતના મહેમાનોથી તો મોટા ઉત્સવ જેવો આનંદ માને.

નેસડાં એટલે જંગલી લાકડાં ખોડીને કાંટા, પાંદડાં ને ડાળીઓ વડે છજેલાં છાપરાં : એક રસોડું ને બીજું શયનગૃહ : બધાં યે બારણાં વિનાનાં : પવનને ઝપાટે અલૂન બની જાય તેવાં એ ઘર. પોતાને રહેવાની જગ્યા એટલી બધી જાહલ, પણ પોતાનાં પ્યારાં પશુઓની આસપાસ તો અત્યંત મજબૂત ઝોકનો બંદોબસ્ત : સાવઝ છલંગ મારીને અંદર ન પડે એવી ઊંચી ઊંચી કાંટાની વાડ્યો—બાકી તો કદાપિ જો સિંહ અંદર દાખલ થઈ જાય, તો તો આખેઆખી ગાય અથવા મોટી પાડીને પણ જડબાંમાં ઉપાડી એ શિકારના શરીર વતી પોતાના માર્ગમાં આવનારી દીવાલ જમીનદોસ્ત કરતો ચાહે તેવી જોરાવર વાડ્ય સોંસરવો એ નીકળી જ જાય ! અથવા તો સાવઝ વાડ્યની ઓથે બહાર ઊભો રહી એવી તો કારમી 'વાણ્ય' નાખે —એટલે કે નસકોરાંમાંથી એવો તો ફૂંફાડો બોલાવે—કે ભય-

ભીત પશુઓ ભાન ભૂલી વાડય ભાંગી બહાર નીકળે, એટલે સાવજભાઈ નિરાંતે વાળુ જમે! આવી જંગલ-જીવનની કૈં કૈં ચાવીઓની વાતો સાંભળતા અમે એ રૂડા મોંવાળી રબારણ બહેનના ઊના ઊના રોટલા ને દૂધનું વાળુ કર્યું. નેસડાની ચોખ્ખાઈ વિષે સાંભળેલી વાતો નજરે દીઠી. એ લીંપણ, એ છાજણ, છાશની ગોળી, બધાં વાસણ અને રોટલા : તમામની સુઘડતાએ મને આપણાં સંસ્કારી ઘરોમાં ચાકરની વાટ જોતાં એઠાં વાસણો, ચાના સરંજામ, સ્ટવમાંથી ઊડેલા ચ્યાસલેટ વડે છંટાયેલી જમીન વગેરેનું સ્મરણ દેવરાવ્યું. બાકી તો ગામડાંની ચોખ્ખાઈ પણ આજે માત્ર કવિતામાં અને આવાં નેસડાંમાં જ રહી છે.

સાવજ ન મરાય

"ભાઈ! તમે પાકું ઘર કાં નથી બાંધી લેતા?"

"બાંધ્યે શો ફાયદો? આજે આંહીં છીએ, તો કાલે વળી ઘાસચારાની તાણ્ય પડતાં, કોણ જાણે ક્યાં જઈ પડશું! અને વળી અમારી ગેરહાજરીમાં આંહીં ઓરડાને કોઈ રહેવા જ શાના દે?"

"તો પછી આવાં તકલાદી લાકડાં કેમ વાપરો છો? ગીરમાં ક્યાં મજબૂત ઝાડની ખોટ છે?"

"અરે ભાઈ, જંગલખાતાવાળા મારી નાખે ના! અમને સૂકલ લાકડાં જ લેવાની છૂટ છે; લીલી એક ડાળખી તોડી દ્યે તો દંડ ફટકારે વળી સૂકું-લીલું નક્કી કરવું એ પણ એના જ હાથમાં રહ્યું."

"તમે હથિયારના પરવાના કાં માગતા નથી?"

"પરવાના મળે જ નહિ. ને મળે તોપણ હથિયાર શા

ખપનાં ? સાવજ-દીપડાને તો લાકડીએથી મારવાની પણ મનાઈ છે નવાબ સરકારની."

'તમારો જીવ બચાવવા માટે પણ મારવાની મનાઈ ?"

"હા, ઠાર માર્યાની તો શું, પણ માર માર્યાની યે જો ખબર પડે તો સજા થાય. નીકર તો અમારે બંદૂકને બદલે અમારા ગોબા જ બસ છે."

આટલી વાત થઈ. આંહીં પણ, શું જામનગર, કચ્છ કે અલ્વરની માફક નવાબ સાહેબને દીકરા કરતાં દીપડા વહાલા છે ? કે પછી ગોરા અતિથિઓને વિપુલ શિકાર મળે તેવા ઈરાદાથી આ મનાઈ ચાલતી હશે ? મેં સાંભળ્યું કે સાવજની ઓલાદ હિન્દમાંથી નષ્ટ થતી અટકાવવાના સારા હેતુથી અંગ્રેજ સરકારે જૂનાગઢને આવી સલાહ આપી છે. કોણ જાણે ! એમ હોય તો એ નેમ હદથી જ્યાદે પાર પડી ચૂકી છે ! 'સાવજનાં તે કાંઈ ટોળાં હોય ?'—એ કહેવતની હાંસી કરતાં બાર-બાર પંદર-પંદર સિંહો ટોળે વળીને આજે ગીરમાં આથડે છે, અને એકાદ નાના વાછરડાના શિકાર ઉપર એ આખું ટોળું કૂતરાની માફક ટંટા કરે છે. શો કળજગ !



[૪]

'લોહણ ચડાવે લોય'

શીખલ કુબાના નેસમાં સવાર પડતાં તો રાત્રીની ભયાનકતાના ઓળા સંકેલાઈ ગયા. નીચાણમાં પહોળે પેટે વહેતી જતી રાવલ નદીનાં પાણી ઉપર ચંપાવરણાં સૂર્યકિરણો કોઈ સિંહણ માતાની છાતી પર નાનાં કેસરી-બચ્ચાં રમે તેમ રમવા લાગ્યાં. ઊંડાણમાંથી પાણીની હેલ્ય ઉપાડી વસમા ચડાવ ચડતી એ કંકુવરણી રબારણ બહેનો, સ્ત્રીઓના ઘરકામમાં સહભાગી બની રાવણના માથા જેવડી ગોળીમાં છાશ ઘુમાવી રહેલા રબારી પિતા-પુત્રની જોડલી, અને નેસનાં પાડરુ-વાછરુ સાથે એકજીવ થઈ રમતાં નાનાં ટાબરિયાં—એ તમામે પ્રગટાવેલી પ્રીતિની હવામાં સ્મૃતિ એકાએક ક્યાં પહોંચી? રાવલ નદી કોનાં ગીતો ગાતી ગાતી ચાલી જતી હતી? એક પ્રેમિક-યુગલની મૃત્યુ-કથાનાં ગીતો :

સિંદોર ચડાવે સગા, દીવો ને નાળિયેર દોય;
(પણ) લોહણ ચડાવે લોય (તારી) ખાંભી માથે ખીમરા!

[ઓ વહાલા ખીમરા! તારાં બીજાં સગાં તો તારી ખાંભી ઉપર સિંદૂર ચડાવે છે, દીવો પ્રગટાવી શ્રીફળ વધેરે છે, પણ તારી પ્રિયતમા આ લોડણ તો પોતાનાં લોહી જ ચડાવી રહી છે.]

ખંભાત ગામનો કોઈ સંઘ દ્વારકા જાય છે : વચ્ચે આ રાવલ નદીના કિનારા ઉપર કોઈ નેસડા પાસે પડાવ નાખે છે.

રાવલિયા નામના એ નેસના નિવાસી આહેરોમાં ખીમરા નામનો યુવક અને પાદર પડેલા અતિથિઓની લોડણ નામની તરુણ વણિક કન્યા : બન્ને વચ્ચે ગીરની નદીને તીરે મમતા બંધાઈ ગઈ. સંઘે તો મુકામ ઉપાડયા, પણ લોડણના દિલના ડેરા-તંબૂ નથી ઊપડી શકતા : ઓ ખીમરા ! મને જવા દે ! ખીમરો રડી પડે છે; આહિરનો બાલક બોલી શકતો નથી

> ખીમરા, ખારો દેશ, મીઠાંબોલાં માનવી;
> વળતાં વિસામો લેશ; ખોટી કર મા, ખીમરા !

[ઓ ખીમરા ! મેં નહોતું જાણ્યું કે આવા ખારા પ્રદેશમાં તારા જેવા મીઠાબોલા માનવી વસતા હશે. પણ આજે તો મને રજા દે. હું પાછી વળતાં જરૂર રોકાઈશ.]

પણ ખીમરાનાં આંસુ અટકતાં નથી. એ વનવાસીએ, એ દૂધના ઝાડવા જેવા ગીરનિવાસી ભોળા આહિર બચ્ચાએ, આજે પહેલી જ વાર—કાદમ્બરી આંકેલા કોઈ પુંડરિકની પેઠે—અન્ય અજાણ્યાં માનવી તરફ પોતાનું આત્મ-સમર્પણ અનુભવ્યું. એ ચોધાર રડે છે.

> રો મા, રાવલિયા, ખારે આંસુડે, ખીમરા !
> વીશ દા'ડાનો વહાડ, આઠે દા'ડે આવશું.

તું ન રો ! હું આઠ જ દિવસમાં પાછી વળીશ : એમ કહીને લોડણ ગઈ. પણ દ્વારકાના દેવળમાં સૂનાં સૂનાં, રાત્રીને અંધારે એને અમંગળ શકુનો થયાં :

> આજુની અધરાત, બે બે પખી બોલિયાં;
> વાલમ, તારી વાત ખોટી હોલે, ખીમરા !

[ઓ પ્રીતમ ! આ પંખીની ભાષા તો આજની મધરાતે કોઈ પ્રિયજનનું મૃત્યુ સૂચવી રહેલ છે. હે ખીમરા ! તારે પરે એ વાત ખોટી જ પડજો !]

દ્વારકાને મંદિર સ્વપનું લાધું, સમા !
સાચું સગે વીર, (પણ) ખોટું તું'થી ખીમરા !

[આ મોતનું સ્વપ્નું સમા વીરને પક્ષે સાચું પડજો: તને પ્રભુ બચાવી લેજો !]

એવી અમંગળ શંકા લઈને લોડણ પાછી વળી છે. એ જ રાવલ નદી : એ જ ઊંચો કિનારો : ને એ જ નાનું નેસડું : પાદરમાં નવો, તાજો, સિંદૂરે ઝળકતો પાળિયો ઊભો છે : ઓળખ્યો : આખી કથા જાણી : અરે બાઈ ! ખીમરો તો તરફડીને મરી ગયો. એને કોઈનો વિજોગ બહુ લાગ્યો હતો : એ સાંભળતાં તો લોડણના વિલાપે વગડો ગજાવી મૂક્યો :

મારગ કાંઠે મસાણ, ઓળખેલ ને આયર તણાં,
ઉતારીને આરસપાણ, ખાંભી કોરાવત, ખીમરા !

[ઓ ખીમરા ! માર્ગને કાંઠે જ તારાં મૃત્યુ થશે એવું જાણ્યું હોત તો તો હું આરસપહાણમાંથી તારો પાળિયો ઉતરાવી મગાવત.]

હવે તો—

ઘોડાળા જાવને ઘેર, (અમે) પળતાં પાળાં પૂગશું
રે'શું આજુની રાત (તારી) ખાંભી માથે ખીમરા !

જીવતાં જેને તજી શકે તેને મૃત્યુ પછી ન તજાયું, કેમકે લોડણને તો આજે સાચા મૃત્યુંજય સ્નેહનો અનુભવ થયો :

ખીમરા, મોટી ખોટ માણસને મરવા તણી;
બીજી લાખ કરોડ, (પણ) ઈ જેવી એકેય નહિ !

એવા સમર્પણને સંભારતી પરજાતીલી પરદેશણે ગીરની વચ્ચે ખીમરાની ખાંભી ઉપર જ પોતાનાં રુધિર ચડાવી દીધાં:

લોડણ ચડાવે લોય, (તારી) ખાંભી માથે ખીમરા !

સાચો વેજલ-કોઠો

ગીરકાંઠાની એવી એવી પ્રેમકથાઓના મર્મો હવે જ કંઈક કંઈક સમજી શકાય છે. નિર્જન અરણ્યોમાં એક વાર અંતરે અંતર મળ્યાં પછી જુદાઈ કેવી અસહ્ય બની જતી હશે તે સમજાયા પછી પુંડરિકની હાલત પર હસતાં અટકવું પડે છે. આ નેસવાસીઓ પરોણાની વિદાયને સમયે રડે છે, તેવું સાથીઓનું કથન પણ હવે તો અત્યુક્તિ વિનાનું લાગે છે.

અને એવા ઘેલા સ્નેહનો પરિચય ભાઈ સુલેમાને કરાવ્યો. એના મોંમાં, બસ, એક જ વેણ હતું: "અરે, વાત છે કાંઈ! સાચો વેજલ-કોઠો જોયા વગર તે જવાય! આજ તમે મારા મહેમાન: હું ભેળો આવીને બતાવું: મરી જાઉં તોય ચાલ્યા જવા ન દઉં!"

એના પ્રેમના કેદી બનીને અમે સાચો વેજલ-કોઠો જોવા ચાલ્યા. અનેક ડુંગરા, ધારો ને નદીઓ ઓળંગાવતો ઓળંગાવતો એ પ્રીતિઘેલો મુસલમાન માલધારી પોતાની સુરમેભરી આંખો ચમકાવતો, નિરંતર મોં મલકાવતો, માર્ગે 'તાલ જોવો છે?' એમ કહી પોતાની ભેંસોને કેવળ શાંત સમસ્યાયુક્ત અવાજ વડે અમારા ઉપર આક્રમણ કરાવવાની રહસ્યભરી વ્યૂહરચના દેખાડતો, ઝાડવે-ઝાડવું, સ્થળેસ્થળ, નહેરેનહેરું નામ લઈ ઓળખાવતો અમને જેસા-વેજા બહારવટિયાંના સાચા નિવારા પર લઈ ગયો. એક બાજુ રાવલ નદી: બીજી બાજુ પોતાની પ્રિયા સૂરનળીની સહાય લઈ ને પટેલ સૂરનળો વોંકળો: બંનેએ જાણે પોતાના આંકડા ભીડીને ચોપાસ એક ભયાનક ખાઈ કરી લીધી છે. ત્રીજી બાજુ એરંડોરલી નદી પણ અશોકવનમાં જાનકીજીની ચોકી કરતા રાક્ષસીઓ માંહેલી એક હોય તેવી પડેલી છે. ને વચ્ચે આવેલ છે વેજલ-કોઠો. ત્યાં કોઠો

નથી, ગઢ પણ નથી—કશું નથી; પણ એક જબરદસ્ત કિલ્લાના દટાયેલા પાયા દેખાય છે. માત્ર પાયા: અર્ધોતર્ધો શિલાઓ પડી છે. નાનું ગામડું વસે તેટલી વંકી જગ્યા પડી છે. છેક સુધી ઊંટ ને ઘોડાં ઉપર ચડયાં ચડયાં જઈ શકાય તેવો એક જ ગુપ્ત રસ્તો છે. એ નદીકાંઠાના પથ્થરમય ઊંચા કિલ્લાની ટોચેથી બહારવટિયાઓ પોતાના ઘોડાના પાવરા વડે જે પાટમાંથી પાણી ખેંચી પીતા તેનું નામ 'પાવરા પાટ': ભેખડની ટોચે શિલાજિત (પથ્થરનો ગુંદર) જામે છે. માનવી ત્યાં પહોંચી શકતું નથી. વાંદરાં જ એ શિલાજિત ખાઈ જાય છે.

'તરિયા રૂડી!'

ઊતરીને રાવલની વેકૂરીમાં આરામ લીધો. આરામ પણ દુહા વિનાનો નહોતો. રાવલના ખોળામાં બેઠેલા ચારણ ભાઈને પોતાની ભેંસો સાંભરી, જીવનના વિચારો જાગ્યા, કોઈ ભૂતકાળનો દુઃખિયારો ચારણ સાંભર્યો, અને એ ચારણે પોતાની મરી ખૂટેલી ભેંસોના વિજોગકાળે નદીના નીરને કરેલું ભેદક સંબોધન સાંભર્યું :

મેયુ માગ ન દેતીયું, રૂંધતીયું આરા;
(હવે) જળ જાંબુર તણાં, (તમે) માણો મછિયારા!

[ઓ જાંબુર નદીનાં નીર! એક સમયે તો મારી હાયણી જેવી ભેંસો તમારી અંદર બેસીને તમારા કિનારા રૂંધી રાખતી; તમને વહેવા જેટલી પણ જગ્યા નહોતી રહેવા દેતી. આજે એ ચાલી ગઈ છે. હવે સુખેથી તમે ગુલતાન કરો; હવે તમને કોઈ નહિ રોકે!]

સૂરનળા ચોકળામાં પથ્થરના ખડક વચ્ચે થઈને પાણીના પ્રવાહે એકસરખો માર્ગ કાપી લીધો છે. એને ભીમની ચૂલ્ય કહેવામાં આવે છે. કોઈ કારીગરે કંડારી હોય તેવી એ ચીરાડ જોઈને દુહાનું સુભાષિત મિત્રોની સ્મૃતિમાંથી ઊઠયું કે—

ટાઢી અગ્નિ વન દહે, જળ પથરા વેરન્ત;
તરિયા રૂઠી જે કરે (તે) દૈવે નહિ કરન્ત!

[ટાઢી અગ્નિ—એટલે હિમ—આખા જંગલને ભરખી ખાય; અને પાણી પથ્થરને પણ વેરી નાખે. ઓહો! અબળા લેખાતી ત્રિયા જ્યારે રૂઠે છે ત્યારે કેવો કોપ બતાવે છે! વિધિ પણ એવું ન કરી શકે!]

નેસડામાં ચા-પ્રકોપ

ભાઈ સુલેમાને જમાડેલી બ્રાહ્મણિયા મીઠી રસોઈ અને ગીરપ્રવાસની બધીયે લજ્જત બળીને ભસ્મ થઇ જાય તેવો ચા–દેવીનો પ્રકોપ ત્યાં નજરોનજર દીઠો. અફીણ અને કસુંબાને વિસરાવી દે તેવું સામ્રાજ્ય તો ગીરમાં ચાનું ચાલી રહ્યું છે એ વાત જાણી નહોતી. ગામડામાં તો હોટલો પેઠી છે, ને હોટલોને બંધ દ્વારે પગથિયે ઢેઢ–ભંગીઓ વાસણ ધરી બેઠા હોય છે, તે ખબર હતી. નેસડામાં એ દાવાનળ લાગેલ પહેલવહેલો દીઠો. ને એ ચા પણ કેવી? પશ્ચિમની આદતોને જો આપણે પશ્ચિમ-વાસીઓની સંયમી રીતે પાળી શક્યા હોત તો કંઇક ઠીક હતું. પરંતુ આ ચા તો સારી એવી રસોઈ તૈયાર થઇ જાય એટલો સમય સુધી ચૂલા પર પાકી પાકીને રાતીચોળ થાય છે, બબ્બે ત્રણ–ત્રણ પ્યાલા પિવાય છે. (પ્યાલા–રકાબીઓ નેસડામાં વસી ચૂકયાં છે.) જેટલા પરોણા નેસડે થઈને નીકળે તેટલી વાર ચા કઢાય છે; પરોણો રોકાય તો મધરાતે પણ પિરસાય છે. છોકરાં, યુવાનો ને બુઢ્ઢાંઓ, સહુ તેટલી વાર ઢીંચ્યે જાય છે. અને એ ચાનો સરંજામ આવે છે કયાંથી? પાંચ–સાત ગાઉ પરના મોટા ગામડામાંથી ખોજા કે લોહાણા વેપારીઓ આવીને ભેંસોનાં ઘીના ડબેડબા મનમાન્યે ભાવે લઈ જઈને તેના દામના બદલામાં સાકર, ચા વગેરે ચીજો મનફાવતે મૂલે

હિસાબ કરીને મોકલી આપે છે. મેં બરાબર વિશ્વાસપૂર્વકની વાત સાંભળી કે વરસોવરસ અક્કેક ઘર ઉપર આજ એ નેસવાસીઓને ચા–સાકરનાં ૨૫૦થી ૩૦૦ રૂપિયાનું ખર્ચ ચડે છે! વિષના પ્યાલા આટલે મોંઘે મૂલે વેચાતા લઈને હોંશે હોંશે પિવાય છે. હું નથી કહેતો—દાક્તરો કહે છે કે ચૂલે એક પળ–ઘડી રહેતી ચા પણ ઝેર જન્માવે છે. આંહીં તો કલાક સુધી ખદખદાવીને ચાને 'પાકી' કરાય છે. આ વિષ-પ્રચાર અટકાવવાની કોઈની તાકાત નથી. આખા કાઠિયાવાડમાં કોઈ અંધારો ખૂણો પણ એમાંથી બચ્યો નથી. નેસવાસી પુરુષોની પડછંદ કાયાઓ ઉપર એ વિષપાનની અસર જોતાં શ્વાસ ઊંચા ચડે છે. વીસમી સદીના કાળની અદાલતમાં આખા કાઠિયાવાડને જાણે કે જૂની કોઈ ન્યાય–પદ્ધતિ અનુસાર રિબાવી રિબાવીને ઠાર મારવાની સજા મળી છે. આપણે દોષ કાઢીએ છીએ પશ્ચિમની વસ્તુનો અથવા પ્રધાનો. વિવેકભ્રષ્ટ ને અવળચંડો ઉપયોગ કરનારા તો આપણે પોતે જ છીએ. કોઈ સોરઠના પ્રેમીને આ વિચાર શું વલોવી નાખતો નથી?

નાંદીવેલાના શિખર પર

રબારી નેસવાસીઓને રામરામ કરી માંગડા ડુંગર તરફ વળતાં રસ્તામાં ડાબા હાથ પર ડુંગરા–ડુંગરીઓની કોઈ વિકરાલ પલટન લઈને મૂંગી વ્યૂહરચના કરતો ઊભેલો સહુથી ઊંચો સેનાપતિ પહાડ નાંદીવેલો દીઠો. સાચેસાચ કોઈ સેનાધ્યક્ષના નિગૂઢ ઊંડા અંતઃકરણ સરખી જ જટિલ અટવી નાંદીવેલાના કલેવરમાં પથરાઈ રહી છે. અને એની પાસે ઊભી છે નાંદીવેલી ડુંગરી. એ ડુંગરી નથી—વિષમ ડુંગર જ છે; પણ નાંદીવેલાથી નીચેરી: બાજુમાં જ જાણે યજ્ઞ-વેદી સન્મુખ પતિ સાથે બેઠેલી: અને વળી સ્તન સરીખા લાગતા બે

પ્રચંડ પાષાણો બરાબર વક્ષમાં જ ગોઠવાયેલા : એ પરથી લોકોએ એને નાંદીવેલા પર્વતની અર્ધાંગનાનું પદ આપેલું છે. કોઈ ક્રુઠાઈથી ભરેલા માનવીની માફક નાંદીવેલો પણ નિર્જન જ પડ્યો છે. એનો વિશ્વાસ કરીને કોઈ માણસો ત્યાં રહી શકતાં નથી, કેમકે એના અંતરમાં સ્નેહનાં જળઝરણાં નથી. લોકો ધીરે સ્વરે બોલે છે કે એ અટવીમાં એક નાંદીગરજી નામના અવધૂત વસે છે, ને રસ્તો ભૂલેલા તૃષાતુર પ્રવાસીને હોઠે પાણી સીંચી માર્ગ બતાવે છે. પાપીના હૃદયમાં પણ કોઈ કોઈ વાર ઝબૂકી જતાં પુણ્ય-પરમાણુ જેવો એકાદ તપસ્વી એ પહાડમાં પડ્યો હોય તો નવાઈ નથી.

પણ આવા વિષમ ડુંગરમાં એકસો વર્ષ પૂર્વે જોગી બહારવટિયા જોગીદાસને આશરો મળેલો હતો. આજે પણ જોગીદાસના નાના ભાઈ ભાણના નામથી ઓળખાતો ભાણગાળો ત્યાં બતાવાય છે. એ ભાણગાળામાં, ભાવનગરના સરપાવની લાલચે જોગીદાસને જેર કરવા માટે એકસો વીસ ઘોડે ચડી આવેલા બહાદુર જસદણ-નરેશ શેલા ખાચરને ભાણ-જોગીદાસે કેવળ દસ જ ઘોડે તગડી મૂક્યા હતા. અને એવું વીરત્વ નજરોનજર જોનાર ગાંગા નામના બારોટે, પોતે જસદણનો જ વહીવંચો હોવા છતાં, જસદણની જ દરબાર-કચેરીમાં, જેવું દીઠેલ તેવું વર્ણન કરીને એક ગીત સંભળાવેલું. તેની છેલ્લી કડીમાં કહ્યું છે કે—

આલણહારો કહું અલબેલો
એલ જઈને બીજો એલો,
બાટકિયો દસ ઘોડે ઝીલો
છો વીસુંથી ભાગિયો શેલો !

આ સત્યવકતૃત્વ બદલ ગાંગાને કહેવામાં આવ્યું કે "ચાલ્યો જા ! જસદણમાં રહે તો તું ગા' ખા !"

"થૂ તારા જસદણમાં !" એવો ઉત્તર આપીને ગાંગો

બારોટ ભીમોરાની ડેલીએ ચાલ્યો ગયેલો, અને ત્યાં શેલા ખાચરની પેશ્વાઈ ફોજ સાથેની ચડાઈ વખતે ભીમોરાના ધણી નાજા ખાચરની સંગાથે એ ગાંગાનો દીકરો દેસો શવળ પહેલવહેલો કૂદી પડીને દરબારની આગળ ચાલી મર્યો હતો. તેનો દુહો છે:

ભીમોરો ને દખણી ભડે, થાનક સિંધુ ઠોર:
(તે દી) માથું ના જાણી મોયં, (તેં) દીધું, શવળ દેસળા!

અને નાંદીવેલો બીજું પણ એક સ્મરણ કરાવે છે. એ સ્મરણ યુદ્ધનું નથી—પ્રેમનું છે. એની ટોચ પર ખરે મધ્યાહ્ને દૃષ્ટિ સ્થિર થાય છે, ને ત્યાં એક આકૃતિ રચાતી દેખાય છે. આઘે આઘે નજર કરીને એ આકૃતિ સાત ગાઉ દૂર આવેલા સાણાના શિખર પર જાણે કોઈ બીજી આકૃતિને શોધે છે, કલ્પે છે, નીરખે છે. ધીરે ધીરે સંધ્યા નમે છે. અને—

આભે ધારાળા કાઢિયા, વાદળ ચમકી વીજ;
રૂદાને રાણો સાંભર્યો, આવી આષાઢી બીજ.

એવી એ આષાઢની મેઘલી સંધ્યાએ, વીજળીના ચમકારા થાતાંની વાર, નાંદીવેલા પર ઊભેલી એ આકૃતિને રૂદે જાણે પોતાનો સાણાનિવાસી પ્રીતમ સાંભરે છે. બીજના ચંદ્ર સામે ટાંપી રહેલી એ પ્રેત–આકૃતિ જાણે સાંત્વન ધરે છે કે, આજ બીજી કોઈ રીતે તો મળાય તેવું નથી, ચાર નજરો પણ એક થાય તેમ નથી; પણ આજે મારા પ્રીતમની આંખો પણ બીજનાં દર્શન કરતી હશે, હું પણ દર્શન કરું છું : એ રીતે અમારી ચારે આંખોના પૃથ્વી પરના વિચ્છેદ આજે આકાશની અનંત ટોચે નાની–શી બીજ ઉપર અન્યોન્ય આલિંગન લઈને શમી જતા હશે. ત્યાં એને કોઈ સંસાર–વ્યવહાર અટકાવી શકશે નહિ!

નાંદીવેલો પાછળ રહી જાય છે; એ શિખર પરની આકૃતિ 'અમર આલિંગન'ની કથા માંહેલી પ્રેમિકા 'કુંવર્ય'ની એ વાસનાપૂતળી પણ વાતાવરણમાં વિલીન થઈ જાય છે.

[૫]

માંગડો ડુંગર

નાંદીવેલાની લાંબી લાંબી પહાડ-સેનાને જોતાં જાણે કે આંખો ધરાતી જ નથી. નવા નવા આકારો ધરી ડુંગરમાળા નજરબંદી કરી રહી છે. ઘડી વાર એ સૈન્ય લાગે છે, તો ઘડી પછી જોગીઓની જમાત બની જાય છે: કોઈ જટાધારી, તો કોઈ મૂંડિયા; કોઈ લીલી કફનીવાળા ફકીરો, તો કોઈ દિગમ્બર સાધુઓ: એવી માનસિક રમતો રમતાં રમતાં એ ગિરિ-મંડળનો છેલ્લો ડુંગર 'માંગડો' આવી પહોંચ્યો. એની ઊંચી ટોચે રાજપૂત પ્રેમિક માંગડાવાળાની અને એની સહચરી વણિક-કન્યા પદ્માવતીની ખાંભીઓ ઊભી છે. યાદ આવે છે? 'ભૂત રૂવે ભેંકાર'ની પ્રેમકથા માંહેલો માંગડો યાદ આવે છે?

ઘોડો ઘોડાને ઘાટ, અસવારે ઊણો નહિ;
(એનું) ભાલું ભરે આકાશ, મોટે ભાગ્યો માંગડો.

એવો એ વીર રાજપૂત ધૂમલી નગરમાં મામાને ઘેર મહેમાન થઈ રહેલો: આહરા બાયલ નામના કાઠીએ ધૂમલીનાં ગૌ-ધેન વાળ્યાં: માંગડો સહુની મોખરે જઇ બાણુ વડલા નીચે એ ગાયના ચોરને ભેટ્યો: આશાભર્યો અંતરિયાળ મૂઓ: અસદ્‌ગતિ પામીને પ્રેતના અવતારમાં ગયો: પાછળ ઝૂરતી વ્રતધારિણી પદ્માવતીએ પોતાનું નવું લગ્ન નાકબૂલ કરીને અટવીમાં એ ભૂત પતિ સાથે—

વઠલા, તારી વરાળ, પાને પાને પરઝળી;
(હું) કયાં બંપાવું ઝાળ, (અને) ભડકા વાલા ભૂતના.
—એવા સળગતા પ્રેત-પ્રદેશમાં કારમો સંસાર માંડ્યો. અને—
સૌ રોતો સંસાર, (એને) પાંપળિયે પાણી પરે;
(પણ) ભૂત રુવે ભેંકાર, (એને) લોચનિયે લોહી ઝરે.
—એવી રુધિરની અશ્રુધારા એણે એ પ્રેતદેહી પતિના ગાલેથી લૂછયા કરી.

પરંતુ એની ખાંભીઓ આ ડુંગરા પર શા માટે? એટલા માટે કે આંહીં એણે રહેઠાણ રાખેલું હતું. પોતાના ગામ ધાંતરવડ ઉપર એની મમતા રહી ગયેલી, તેથી આંહીં ડુંગરાની ટોચેથી રોજ રાત પડતાં એને પાંચ ગાઉના પલ્લા ઉપર ધાંતરવડ ગામના ઝબૂકતા દીવા દેખાતા અને એ દેખીને માંગડાને સુખ ઊપજતું. એ વિકરાળ નિર્જનતામાં જાનની ચેલડી પરથી સંધ્યાને સમે ઠેકડો મારીને નીચે ઊતરી જનારી, અને પછી એકલવાયી, ભયભીત, ઉગ્ર પ્રીતિના તાપમાં તપતી તરુણ પદ્માવતીએ જે દિવસે અદૃશ્ય માંગડાવાળાને—

ઊંચે સળગ્યો આભ, નીચે ધરતીના ધડા;
ઓલવવાને આવ વેલો, ધાંતરવડા-ધણી!
—એવા ઘોર અવાજ દીધા હશે, તે દિવસે અટવી અને ડુંગર-માળ કેવી કારમી ચીસ પાડી કાંપી ઊઠી હશે! 'માંગડા'ની કથા માંહેલા દુહામાં ભરેલો વિલાપ અને બીજી કોઈ સોરઠી કવિતામાં નથી દેખાયો. એ દુહાઓની બાંધણી સહુથી વધુ ભાવવાહક દીસે છે. ફરી ફરી બોલતાં તૃપ્તિ થતી જ નથી. જાણે કે કોઈ અત્યંત જલદ વાસનાના એ પ્રેત-સ્વરો છે.

વાઘેર બહારવટિયો

પાસે જ વહે છે માલણ નદી. માલણને સામે કાંઠે ગાયક-

-વાડ સરકારનું કંટાળા ગામ છે. એ ગામના એકસો વર્ષની ઉમ્મરના એક હજામ હજી જીવે છે. કોઈ ખંડેરોમાંથી પસાર થતા પવનના ગમગીન, અસ્પષ્ટ સૂસવાટાની માફક એ બુઝર્ગની પડી–ખળભળી ગયેલી દેહશક્તિઓમાંથી ૮૦ વર્ષનો સ્મરણ–સ્વર સંભળાયો કે "મૂળુ માણેક નામનો પ્રખ્યાત વાઘેર બહારવટિયો પોતાની ટુકડી સાથે સાત દિવસ સુધી આ માંગડાના ડુંગર પર પડાવ નાખી રહ્યો હતો. અને એણે પોતાના કાકા જોધા માણેકનું કારજ પણ આંહીં જ કર્યું હતું. મારી ઉમ્મર તે દિવસે ૧૦–૧૨ વર્ષની હશે : હું એ બહારવટિયાને માટે રોજ બે વાર રોટલા ઉપાડીને ડુંગર પર પહોંચાડવા જતો : એનું રૂપ મને યાદ છે : માથા પર લાંબા વાળનો ચોટલો, મોં પર ઘાટા કાતરા, અને જબ્બર ઘાટીલું શરીર હતું : બહારવટિયો બહુ જ થોડું બોલતો : છાનોમાનો બેસી રહેતો. રોજ સવારે એનો એક સીદી બે ખંભે બે મશક લઈને, હાથમાં બંદૂક સોતો, માલણનું પાણી ભરવા ઊતરતો, અને એ બંને મશકો ભરીને બેધડક પાછો બધા જોતા તેમ ડુંગરા પર ચડી જતો."

ગીરની ભેંસો

કંટાળા ગામના રામ નોળ નામના એક આહિર ગિરાસિયાને ઘેર ખરેખરી નામી ભેંસોનું આખું ખાડું જોવા મળ્યું. ગીરના માતેલા સાવજોની સામે સંગ્રામ માંડનારી જે ભેંસો વિષે સાંભળેલું તે ત્યાં નજરે જોઈ. એની કેટલી કેટલી જુદી સાખો પડી છે તેનું એક રમૂજભર્યું, તેમ જ ભેંસોની ખરી મહત્તાના વર્ણનવાળું, ચારણી ગીત પણ રચાઈ ગયું છે. અને ભેરી નાદે ગાજતા ગળાવાળા એક બારોટજીએ આબાદ રીતે એ વર્ણન કરી બતાવ્યું. કવિ કહે છે કે —

[ગીત-નમૂનું]

ગણ્યાં નામ કુંઢી તણ્યાં નાગલું, ગોટકયું,
નેત્રમું, નાનકડું, શીંગ નમણ્યાં;
ગીણુલું, ભુતડું, ભોજ, છોગાળિયું
બીનડું, હાથણી ગજાં બમણ્યાં.

[કુંઢી ભેંસોનાં નામો ગણી બતાવું: નાગલી, ગોટકી, નેત્રમ, નાનકી, નમણાં શીંગવાળી ગીણુલી, ભૂતડી, છોગાળી, બીનડી—કે જેનાં પરિમાણ હાથણી જેવાં છે.]

ભીલીયું ખાવડયું, બોઘડું, ભુરીયું
પુતળું ઢીંગલું નામ પ્રાજા;
ભગરીયું, વેગડયું, વાલરયું, બાલરયું,
રાણ ખાડુ તણ્યાં જાણ રાજા.

કંટાળતા નહિ! હજુ થોડાં નામ બાકી છે:

દાડમું, ભીણલું, હેડકું, દડકલું
ગેલીયું, મુંગલું, રૂપ ગણીએ;
સાંઢીયુ બાપલ્યું, પ્રાખ ને સાકરૂં,
પાઠ ગાઢદ તણ્યા કેમ ગણીએ!

અને પછી તો ભેંસોનાં રૂપરૂપનાં ભભકતાં વર્ણન છૂટે છે: સાંભળતાં તો કોઈ ભેંસઘેલા કાઠી ચારણના કેડિયાની કસો તૂટવા લાગી!—

ઓપતાં કાળીયું શીંગ આંટાળીયું
ભાળીયું પીંગલાં આઉ ભારે;
ધડા મચરાળીયું ડુંગરા ઢાળીયું
હાલીયું ગાળીયું ખડાં હારે.

[કાળા રંગે ઓપતી, આંટાળાં શીંગે શોભતી, વજનદાર પીંગલાં આઉવાળી એ ભેંસો ડુંગરા તરફ ખીણોમાં પોતાની ખડેલી પાડીઓ સાથે ચાલી.]

હાલીયું પાવડાં પરે હેતાળીયું
ઝરે પરનાળીયું મેઘ જેવા;
દાખતાં વીરડા જેમ દૂધાળીયું
મોંઘ મૂલાળીયું દીએ મેવા.

[પાડાઓ ઉપર હેત કરતી ચાલી. મેઘની ધારા જેવી તો જેના દૂધની શેડ્યો ઝરે છે, અને જેના દૂધના તો જાણે વીરડા ભરાય એવી ઘી–માખણના મેવા દેનારી મહામૂલી ભેંસો ચાલી.]

ભેંસો, ઘોડાં, ઊંટ, તલવાર, બંદૂક વગેરેનાં આવાં વર્ણન-કાવ્યો વડે ચારણી સાહિત્ય આજ પણ ભરપૂર છે. ચારણ-બારોટો આવાં બયાન કરવામાં સિદ્ધહસ્ત હોય છે, કેમકે દાતારો પાસેથી ભેંસ–ઘોડાંનાં દાન લેતી વેળા તેઓને આવી પ્રશસ્તિઓ ગાવી પડે છે. એથી અધિક રસભર્યું ગીત એક કાંગલી નામની સાવઝશૂરી ભેંસ અને ગીરના એક સિંહ વચ્ચેના સંગ્રામનું છે. એ કાંગલીએ જોરાવર સિંહને તગડ્યો હતો. મને એ બહાદુર ભેંસ બતાવવામાં આવી. તદ્દન સોઝી ને ગરીબડી એ પશુનારીને જોઈ મને સ્મરણ થયું કે સાચી વીરતા પોતાની બડાઈ નથી હાંકતી ને પોતાની જાહેરાત કરતી નથી નીકળતી. એ તો ઠંડા ચકમકમાં છુપાયેલા અદૃશ્ય અગ્નિ જેવી હોય છે. એવી ગરીબડી દેખાતી કાંગલીને તો અમારા કવિ દુલાભાઈએ પોતાના ગીતમાં ભારી લાડ લડાવેલ છે:

(ગીત–સપાખરું)

થીયા પવાડા અપારા એક જીભસું વખાણું થોડા
સાદૂળો ઊઠિયો સિંહ કરેવા સકાર;
વનરારા રહાડા માથે આવીયો ગૂંજતો વંકો
અણા ભારે ઝુકા લીયા સાખ હીં અઢાર.

ગાડતો અનેકાં ખાડુ ધણુંકી આવીયો ગાઢો
ખણુંકી ધણેણ્યો મુખે બોલીયો ખરૂર;

સણું'કી ઊઠીયા ગાળા હણું'ફી નાહરો' સ'કા
બણું'કી બોલીયો માટી મેખ, યા જરૂર.

[શાર્દુળો સિંહ વનના પહાડ ઉપર શિકાર કરવા માટે ગાજતો ગાજતો આવ્યો. અનેક રાજાંને ત્રાસ પડાવતો એ ઘણેણાટી દઈને બોલ્યો. એના કારમા સ્વરોથી ખીણો ગુંજી ઊઠી. એણે ત્રાડ દઈ કહ્યું કે "મહિષી! હવે મારી થાજે!"]

શેખી કાંગલી! તેં ઘણા દિનથી હટાયો મુંને;
એમ બોલી ફેર મુખે કીયા હીં અવાજ;
પદાં ઉટકોટ રોમરાયં કાંગલીને વાપી
ગડાસા નાખીયા મેઘ અષાઢરા આજ.

અષાઢની મેઘ-ગર્જના શી ત્રાડ નાખીને કાંગલી શો ઉત્તર વાળે છે:

આવડું જોર તું, કુત્તા, કીયાંસે' લાવિયો આજે?
ક્રોધ મારા જોયા નથી, સાંભળ્યા હે કાન!
ભાગ, એક જીભે કહું કૂતરાશ પુત્ર ભલા!
(મેં તો) પવાડે અનેક સિંહ તણા લીયા પ્રાણ.

હણું'કી ઊઠિયો વેણ મેખ તણા સૂણ ડાઘો
ઘોર જોર શોર કિયા ફેર કિયા ઘાવ;
હઠીને હાંગલે જેમ હાણુ નાખી તીન હકાં
બાણુ નાખી તાણુકીન ઉઠાયા હે પાવ.

[મહિષીનાં વચન સાંભળીને ડાઘો સિંહ ગર્જના કરી ઊછળ્યો: ઘોર અવાજ દીધો. ફરી છલંગ મારી તે વખતે કાંગલી ભેંસે પણ ત્રણ ડગલાં પાછી હઠીને સામે ત્રાડ દીધી: સામે વ.ઘ્ર નાખીને પગ ઉઠાવ્યા.]

પૃથીકા ધગાકા લાગા કાંગલે ઉઠાયા પાગા:
લાગા ઠાગા ફાગા સિંહ શોધ ના લગાર;

રોય પ્રલેકાળ આગા કાંગલીરા રૂપ જાગા
ધુરસેં વોમમેં લાગા મહા ધુત્રાંધાર

[કાંગલીએ પગ ઉપાડ્યો. ત્યાં તો ધરતી પર ધણેણાટી બોલી. સિંહે પણ દશી શુદ્ધિ વિના સામે ડગલું લગાવ્યું. કાંગલી ભેંસનું રૂપ તો પ્રલયકારી બન્યું, અને ધૂળ ઊડવાથી આકાશમાં ધૂંવાધાર બની ગયું.]

વેગળી હટી જા, મેખી, નકે માર દિયાં વધાઃ
સૂણી ઘોમ ઝાળ કુંદી અંગહી સુસાર;
હોંઠ! પાછી હટું તો તો ધણીને ખોટચ હીં લાગે,
પાછી હટાં જુધે તો તો લાજે પરમાર.

[અરે ભેંસ! તું વેગળી હટી જા. નહિ તો તને મારી નાખીશ. સાંભળીને ભેંસને અંગે ઝાળ લાગી. અરે ધૂર્ત! હું જો પાછી હટું તો તો મારા ધણીને બટ્ટો બેસે. યુદ્ધમાં પાછી હટું તો તો મારા માલિકનું પરમાર કુળ લાજે! ('નોળ શાખા'ના આહિરો પરમાર રજપૂતોમાંથી ઊતરેલા હોવાની માન્યતા છે.)]

રૂપ વિકરાળ મારે ધણી છે હીં નોળ રાજા;
હકાળા ખાડુને એનું જોર છે હમેશ;
બંકા રૂઠા ધણી મારા ભાલારી ધારસેં વીંધે,
દેખીયાં ન ટકે જેનો મૂખસેં દ્વેસ.

[વિકરાળ રૂપવાળો મારો રાજા છે; અમાપ જોરાવર ટોળાને એનું સદાનું જોર છે. મારો બંકો ધણી રૂઠે તો તો ભાલાની અણીએ વીંધી નાખે. દુશ્મનો એનો દ્વેષ મુખોમુખ કરી શકે નહિ.]

એવા પરસ્પરના પડકાર પછી બન્ને વચ્ચે યુદ્ધ મંડાય છે:

ઉઠાયા મેખાએ પાગ ગડાસા નાખતા આપે,
હરીકું ભગાયા ભેલી કાંગલે હકાળ;
રામ નોળ તણું આડું શામજી સરમોળ રાખે,
બંગેરે સિંહકા છેદા કુંદી, કાળઝાળ!

[મહિષી કાંગલીએ હુંકાર કરીને પગ ઉઠાવ્યો. એ હડીહેં ભેંસે સિંહને નસાડ્યો. ભાઈ રામ નોળના ખાડુને શ્યામ પ્રભુ સુરક્ષિત રાખજે ! અને એની કુંઢી ભેંસો સદા સિંહને નસાડજો !]

ચારણી ખજાનો

ગ્રામજીવનનાં આવાં ગૌરવ-ગીત : ભેંસોને પણ એ અમરત્વ આપે. એમાંથી ગ્રામવાસીઓનું વીરત્વ આકાર ધરે છે. ગરીબ માલધારીઓને—બલ્કે પશુઓને સુદ્ધાં—એવા રોમાંચકારી બિરદે બિરદાવતી એ ચારણ-સંસ્થા આજે ભ્રષ્ટ થઈ છે. અને બીજી બાજુ આવાં ગીત રચનાર તથા પ્રાચીન ઇતિહાસની ગાથાઓ કંઠે રાખનાર હકીકતોના ખજાના જેવા ચારણ-રાવળો ટપોટપ મરવા લાગ્યા છે. ઊળિયા ગામના વૃદ્ધ રાવળ ગીગા ભગતને મળું મળું કરતાં તો એણે પ્રાણ તજ્યા—ને એની સાથે એની આપરચી ઉચ્ચ કાવ્ય-ધારા પણ ગઈ. એનો ઇતિહાસ-ભંડાર પણ ગયો. સામત રાવલ નામનો એક પુરાતની વહીવંચો પણ બાબરિયાવાડની જૂની ને બારીક માહિતી સાથે આચિંતો અદૃશ્ય થયો. નવી ઓલાદે એવા બુઝર્ગો પાસેથી જૂનો વારસો મેળવી લેવાની પરવા ન કરી, અને મારા જેવાને હવે એ વાતનો સદાનો ઓરતો કરવો રહ્યો. એવા લોકોનો ઉપયોગ આપણી કોઈ સાહિત્ય-સંસ્થાએ ન કર્યો. તો પછી 'ફાર્બસ સભા' જેવી લાખોના વહીવટ કરતી સંસ્થાનું સ્થાન ક્યાં છે? દસ 'રાસ-માળા' ભરી શકાય એટલી સામગ્રીનો આવી 'સભા'એ લગારે ભાવ નથી પૂછ્યો. અને તો પછી 'ચારણો ખુશામદખોર થઈ ગયા' એવી ફરિયાદ કરવાનો અધિકાર પણ આપણને ક્યાં રહ્યો છે! ટુકડો રોટલાને ખાતર પોતાની રત્ન જેવી કવિતાને ચાહે તેવા નાલાયક માણસ પર ઢોળવા જતા બુદ્ધિશાળી

ચારણો–બારોટોને આત્મગૌરવ અને સત્યપરસ્તાની રોટલી પૂરી પાડવા આજે ક્યાં કોઈ તૈયાર છે! છતે સાધને ચારણ–બારોટનું સ્થાન ભ્રષ્ટ થતું દેખીને, ઇતિહાસ–સામગ્રીના એક મહાન વિનાશનો આપણને જતે દહાડે પસ્તાવો થશે તે વાત વિચારતાં વિચારતાં, દાઝે બળતાં આટલું લખી જવાય છે.

હોવાથી કોઈ ઇતિહાસપ્રેમીએ ભાગ્યે જ એની યાત્રા કરેલી હશે. વોટસન જેવો સમર્થ તવારીખ-નવેશ પણ પોતાના 'ગેઝેટિયર'માં આ સાણાને પાંચ પંક્તિના એક તુચ્છ ફકરાથી જ પતાવી નાખે છે :

'સાણાનો ડુંગર ઉનાથી ઉત્તરે સોળ માઈલ, વાંકિયાથી ઉત્તરે એક માઈલ, અને ડેડાણથી નૈઋત્યે દસ માઈલ ઉપર છે. ડુંગરાની પાસે થઈને રૂપેણ નદી વહે છે. ડુંગરાની બન્ને બાજુમાં બૌદ્ધમતવાળાઓની આશરે સાઠ ગુફાઓ છે. સંભવ છે કે વલ્લભી ધ્રુવસેન પહેલાની બેન દુદાએ બૌદ્ધમઠ સ્થાપ્યો તે આ સાણાની ગુફાઓ હશે. ગુફાઓમાં પાણીનાં ટાંકાંઓ ઘણાં છે અને કોતરકામ બહુ જ સારું છે. અહીં કંઈ લેખ નથી તે ઉપરથી એ ક્યારે થઈ તે નક્કી કરી શકાતું નથી."

બસ, આટલો જ ઉલ્લેખ છે. અને તે સિવાય કોઈએ કાંઈ લખ્યું જણાતું નથી.

નધણિયાતી જગ્યા

'વલ્લભીપુરનાં ખંડેર' નામે ઓળખાતી સપાટ ભોંમાંથી એકાદ સિક્કો શોધવામાં રસ લેનારાઓ આ ઇતિહાસના આકૃતિમાન ઉચ્ચાર સ્વરૂપ સાણાને તપાસવા નથી ગયા લાગતા. ત્યાં સરહદ છે જૂનાગઢના નવાબની કે જેને ઘેર આજે ઇતિહાસનું કશું માહાત્મ્ય નથી. બીજી બાજુ, એ ડુંગરનો કબજો છે વાંકિયા નામના ગામના કોટીલા તાલુકદારોનો—કે જેને મન સાણા ઉપર ભેંસોને ખવરાવવા માટે ભર-બે-ભર ઘાસ ઊગ્યા સિવાય તો એની કશી મહત્તા નથી. ત્યાં જનારા પ્રવાસીઓ તો મુખ્યત્વે કરીને હોય છે માલધારીઓ—કે જેને ચોમાસામાં ગુફાઓની અંદર પોતાનાં ઢોર સાથે ઓથ લઈને રહેવા સિવાય એની

અન્ય કશી વધુ કિંમત નથી. આજે ત્યાં એ કારણે તો ચાંચડની બૂમ બોલે છે. મુસાફર બહાર નીકળી એક કલાક સુધી પોતાના શરીર પરથી ચાંચડને જ ખંખેર્યા કરે છે. બીજા યાત્રાળુ એક હાથીરામ નામના બાવાજી છે, કે જેણે ઊંચે ઊંચે મજલે એક મોટો વિભાગ રોકી લઈ ગુફાઓ પર બારસાખ–બારણાં ચડાવી લીધાં છે, લીંપણ–ગૂપણ કરાવ્યું છે; બે ચેલા ને ત્રણ ત્રિશૂળ વડે કોઈ દેવી માતાની સ્થાપના કરી યાત્રાનો મહિમા ચાલુ કર્યો છે; ટાંકાંનાં પાણી વડે એક ઊંચો બગીચો પણ ઉછેરી નાખ્યો છે. છેલ્લાં સોળ વર્ષથી એ સુપાત્ર આહિર સાધુ સાણાની સંભાળ રાખી ત્યાં રમણીયતા પાથરી રહેલ છે. પરંતુ એને બૌદ્ધ ઇતિહાસનાં પગલાં પિછાનવાનું ક્યાંથી સૂઝે ? ત્યારે ત્રીજા પ્રવાસીઓ તો રહ્યા સંહારવાદી બહારવટિયા ! એવા અતિથિઓની મહેમાની કરતો આ સાણો પહાડ કેટલાં કેટલાં વર્ષોથી પોતાનું અંતઃકરણ ઉકેલવા આવનારા કોઈ ઇતિહાસપ્રેમીની વ્યર્થ વાટ જોતો ઊભો છે ! જો ઇતિહાસની તમામ રેખાઓ ઉકેલી શકનાર કોઈ ઇતિહાસવેત્તા ત્યાં જઈ ચડે, તો એક દૃષ્ટિપાત કરતાં જ એને સાણો પોતાનું અંતર ઉઘાડીને કૈં કૈં કાળની કથાઓ કહી નાખે એવું છે.

બાકી, આજે તો એ વિહારના આખા ને આખા સ્થંભો, દીવાલોના પથ્થરો, પેલો સ્તૂપ, નિસરણીનાં પગથિયાં વગેરે તમામને છીપાં (ચામાચીડિયાં) કરડી ખાય છે. પ્રવાસીઓ સાક્ષી પૂરે છે કે ગઈકાલે અખંડ ઊભેલા એ સ્થંભો આજે છીપાંના જઠરમાં હોમાઈ હોમાઈને પોણા, અરધા કે પા ભાગ જેટલા વિકૃત બનીને લટકી રહ્યા છે. અને આવી જ નિરાધાર હાલત થોડાં વર્ષ ચાલુ રહેતાં એ બાંધણીનો બધો ઘાટઘૂટ અદૃશ્ય બની જવાનો. એલીફંટા કે કારલા કે અજન્તા જેવું

[૬]

સાણો ડુંગર

ચારણી કાવ્યોના ધ્વંસની કથની વધુ ન લંબાવતાં હું તમને એક વધુ મોટા કાવ્યનો વિનાશ બતાવવા હવે લઈ જાઉં છું. શબ્દોમાં ગૂંથેલું નહિ, પણ પથ્થરોમાં કંડારેલું મહાકાવ્ય : ચારણી ગીત-છંદો કરતાં યે શતકો-જૂનું એ કાવ્ય : સૌરાષ્ટ્રીય તવારીખના સુયશ-કાળનો એ અબોલ સાક્ષી : સાણા ડુંગરનો બૌદ્ધ વિહાર. દૂર દૂરથી એ કાળા ડુંગરની ગુફાઓ દેખાઈ, અને દિલ જાણે ઊંટ પરથી કૂદકો મારીને મોખરે દોડવા લાગ્યું. નાની-શી નદીને કાંઠે, ગીરના તમામ ડુંગરાથી નિરાળો એકલ દશામાં ઊભેલો એ સાણો શિહોરના ડુંગરાથી યે નીચેરો અને નાજુક છે. વચ્ચે વિશાળ ચોગાન છે, અને બન્ને બાજુથી જાણે કોઈ રાજમહેલની અટારીઓ ચડી છે. ગુફાઓ ! ગુફાઓ ! જ્યાં નજર કરો ત્યાં ગુફાઓ ! છેક નીચેથી તે ટોચ સુધી. સંપૂર્ણ હવા-પ્રકાશ આવી શકે તેવી બાંધણીના એમાં ઓરડા ઉતાર્યા છે. ઠેકઠેકાણે ઓરડાની બાજુમાં પાણીનાં મોટાં મોટાં ટાંકાં કોરી કાઢેલાં છે. ટાંકાંમાં ડુંગર પરનું પાણી ખાસ કોતરેલી સરવાણીઓ વાટે ચોમાસે ચાલ્યું આવતું હશે. કદી કોઈએ એ ટાંકાં ઉલેચ્યાં નહિ હોય; છતાં પાણીમાં નથી દુર્ગંધ કે નથી કુસ્વાદ: એ ખાતરી અમે સ્વયં પીને કરેલી છે. એક ગુફાથી બીજી ગુફા પર ચડવા-ઊતરવાનાં પગથિયાં કોતરેલાં છે. સ્થંભોવાળી રૂપાળી ગુફા-

ઓના એકસરખા, અચ્છી કારીગરીવાળા ઘાટ છે. એવી પચાસ જેટલી ગુફાઓ. અને એ બધું નક્કર, કઠોર પાષાણમાંથી જ કોતરી કાઢેલું છે. જાણે મીણના પીંડામાં કરેલી એ કરામત છે:

હેડમ્બ-મહેલ

કયા કાળમાં અને કોણે વસાવ્યું હશે આ વિદ્યાલય? કોણે કોરાવેલ હશે? કાંઇ સાબિતી કે સાક્ષી નથી. શિલાલેખ નથી. કેવળ લોકવાયકા જ ચાલી રહી છે કે પાંડવોએ આ સ્થળ વસાવ્યું હશે. લોકો તો જ્યાં જ્યાં મહત્ પરિમાણ ને પ્રાચીનતા ભાળે ત્યાં ત્યાં મહાભારતનો સાંધો સંધાડે! લોકો કહે છે કે આ ગીરનું જંગલ એટલે હેડમ્બ-વન: આંહીં હતાં હેડમ્બા રાક્ષસીનાં રાજપાટ: એક દિવસ પાંડવો દેશવટે આંહીં આવ્યા, અને ભીમ ને હેડમ્બાના હસ્તમેળાપ થયા: પછી હેડમ્બાએ પોતાના પ્રભાવથી આખો ડુંગર માખણનો બનાવી દીધો, ને રાતોરાત પાંડવોએ એ માખણની અંદર આ રાજ-પ્રાસાદની રચના કરી કાઢી: એક વિશાળ ખંડ, કે જ્યાં ચાર સ્થંભો અને ચોપાસ બાંકડા જેવી બેઠક કંડારેલ છે, તેને લોકો 'ભીમ-ચોરી' કહે છે; બીજા એક સ્થળને લોકો 'ગાંધારીનો રાજમહેલ' કહી ઓળખાવે છે; ત્રીજી એક ભવ્ય ગુફાને 'હાથી થાન' નામ આપે છે. પરંતુ લોકોની આંખો આરેથી મહાભારતનું પડળ અળગું કરવાની ખેવના કોઈએ નથી કરી. બૌદ્ધ સ્થાપત્યનું ઉપરછલું જ્ઞાન લઈને જનાર મુસાફર પણ બીજા એક ખંડમાં જઈ ને કહી શકશે કે આ શિવલિંગ નથી, પણ સ્તુપ છે; અથવા તો ચાર સ્થંભવાળી એ ચોખંડી જગ્યા કોઈ બૌદ્ધધર્મવિધિની સાથે સંકળાયેલી છે. ખરી વાત તો આ છે કે દશ વર્ષ પહેલાં સુધી તો એ સ્થળ રેલવે-માર્ગથી ત્રીસ-પાંત્રીસ ગાઉને અંતરે પડેલું

હોવાથી કોઈ ઇતિહાસપ્રેમીએ ભાગ્યે જ એની યાત્રા કરેલી હશે. વૉટસન જેવો સમર્થ તવારીખ-નવેશ પણ પોતાના 'ગૅઝેટિયર'માં આ સાણાને પાંચ પંક્તિના એક તુચ્છ ફકરાથી જ પતાવી નાખે છે :

'સાણાનો ડુંગર ઉનાથી ઉત્તરે સોળ માઈલ, વાંકિયાથી ઉત્તરે એક માઈલ, અને દેલવાડાથી નૈઋત્યે દસ માઈલ ઉપર છે. ડુંગરાની પાસે થઈને રૂપેણ નદી વહે છે. ડુંગરાની બન્ને બાજુમાં બૌદ્ધમતવાળાઓની આશરે સાઠ ગુફાઓ છે. સંભવ છે કે વલ્લભી ધ્રુવસેન પહેલાની બેન દુદાએ બૌદ્ધમઠ સ્થાપ્યો તે આ સાણાની ગુફાઓ હશે. ગુફાઓમાં પાણીનાં ટાંકાંઓ ઘણાં છે અને કોતરકામ બહુ જ સારું છે. અહીં કંઈ લેખ નથી તે ઉપરથી એ ક્યારે થઈ તે નક્કી કરી શકાતું નથી."

બસ, આટલો જ ઉલ્લેખ છે. અને તે સિવાય કોઈએ કાંઈ લખ્યું જણાતું નથી.

નધણિયાતી જગ્યા

'વલ્લભીપુરનાં ખંડેર' નામે ઓળખાતી સપાટ ભોંમાંથી એકાદ સિક્કો શોધવામાં રસ લેનારાઓ આ ઇતિહાસના આકૃતિમાન ઉચ્ચાર સ્વરૂપ સાણાને તપાસવા નથી ગયા લાગતા. ત્યાં સરહદ છે જૂનાગઢના નવાબની કે જેને ઘેર આજે ઇતિહાસનું કશું માહાત્મ્ય નથી. બીજી બાજુ, એ ડુંગરનો કબજો છે વાંકિયા નામના ગામના કોટીલા તાલુકદારોનો—કે જેને મન સાણા ઉપર ભેંસોને ખવરાવવા માટે ભર-બે-ભર ઘાસ ઊગ્યા સિવાય તો એની કશી મહત્તા નથી. ત્યાં જનારા પ્રવાસીઓ તો મુખ્યત્વે કરીને હોય છે માલધારીઓ—કે જેને ચોમાસામાં ગુફાઓની અંદર પોતાનાં ઢોર સાથે ઓથ લઈને રહેવા સિવાય એની

અન્ય કશી વધુ કિંમત નથી. આજે ત્યાં એ કારણે તો ચાંચડની બૂમ બોલે છે. મુસાફર બહાર નીકળી એક કલાક સુધી પોતાના શરીર પરથી ચાંચડને જ ખંખેર્યા કરે છે. બીજા ચાત્રાળુ એક હાથીરામ નામના બાવાજી છે, કે જેણે ઊંચે ઊંચે મજલે એક મોટો વિભાગ રોકી લઈ ગુફાઓ પર બારસાખ–બારણાં ચઢાવી લીધાં છે, લીંપણ–ગૂપણ કરાવ્યું છે; બે ચેલા ને ત્રણ ત્રિશૂળ વડે કોઈ દેવી માતાની સ્થાપના કરી યાત્રાનો મહિમા ચાલુ કર્યો છે; ટાંકાંનાં પાણી વડે એક ઊંચો બગીચો પણ ઉછેરી નાખ્યો છે. છેલ્લાં સોળ વર્ષથી એ સુપાત્ર આહિર સાધુ સાણાની સંભાળ રાખી ત્યાં રમણીયતા પાથરી રહેલ છે. પરંતુ એને બૌદ્ધ ઇતિહાસનાં પગલાં પિછાનવાનું ક્યાંથી સૂઝે ? ત્યારે ત્રીજા પ્રવાસીઓ તો રહ્યા સંહારવાદી બહારવટિયા ! એવા અતિથિઓની મહેમાની કરતો આ સાણો પહાડ કેટલાં કેટલાં વર્ષોથી પોતાનું અંતઃકરણ ઉકેલવા આવનારા કોઈ ઇતિહાસપ્રેમીની વ્યર્થ વાટ જોતો ઊભો છે ! જો ઇતિહાસની તમામ રેખાઓ ઉકેલી શકનાર કોઈ ઇતિહાસવેત્તા ત્યાં જઈ ચડે, તો એક દૃષ્ટિપાત કરતાં જ એને સાણો પોતાનું અંતર ઉઘાડીને કૈં કૈં કાળની કથાઓ કહી નાખે એવું છે.

બાકી, આજે તો એ વિહારના આખા ને આખા સ્થંભો, દીવાલોના પથ્થરો, પેલો સ્તૂપ, નિસરણીનાં પગથિયાં વગેરે તમામને છીપાં (ચામાચીડિયાં) કરડી ખાય છે. પ્રવાસીઓ સાક્ષી પૂરે છે કે ગઈકાલે અખંડ ઊભેલા એ સ્થંભો આજે છીપાંના જઠરમાં હોમાઈ હોમાઈ ને પોણા, અરધા કે પા ભાગ જેટલા વિકૃત બનીને લટકી રહ્યા છે. અને આવી જ નિરાધાર હાલત થોડાં વર્ષ ચાલુ રહેતાં એ બાંધણીનો ઝપો ઝટઝટ અદૃશ્ય બની જવાનો. એલીફંટા કે કારલા કે અજન્તા જેવું

કશું ય શિલ્પ–સ્થાપત્ય એમાં ભલે નહોતું કે ન હોય; છતાં સોરઠી તવારીખના એક સીમાસ્થંભની મહત્તાની તો એને ના નહિ પાડી શકાય. પરંતુ આપણે ત્યાં ઇતિહાસ–પ્રેમીઓ ક્યાં છે? શહેરી સંગ્રહસ્થાનોના શીળા ઓરડામાં બેસીને આરામથી ઇતિહાસ લખનારાઓને સાણો ડુંગર હજુ યે જાણે સો ગાઉ દૂર થઈ પડે છે.

ધર્માલય

આજે તો એની આસપાસ સપાટ ખેતરો છે; પણ જ્યારે એ બંધાયો હશે ત્યારે તો ત્યાં ગીરની ઘોર ઝાડી જ હોવી જોઈએ. સોરઠી ઇતિહાસની એ બૌદ્ધ સમયની જાહોજલાલીમાં કાષાયવસ્ત્રધારી સાધુઓના કંઠમાંથી ઝરતાં ધર્મસ્તોત્રો વડે રોજ પ્રાતઃકાળે આ પહાડી ગુફાઓ ગાજતી હશે. ગુફાએ ગુફાએ પીતવરણાં વસ્ત્રોની ધર્મપતાકાઓ ફરફરતી હશે. એકસામટા પાંચસો સાધુઓ જ્યારે ધ્યાન ધરીને નિર્વાણની નિગૂઢ સમસ્યાઓ ઉકેલવા બેસી જતા હશે ત્યારે એ એકત્રિત મૌન જગત પર શાંતિનાં ને સંયમનાં કેવાં બલવાન આંદોલનો વિસ્તારવા લાગતું હશે!

દિલમાં થાય છે કે સાણાને ફરીવાર વસાવવો જોઈએ; સાધુઓને માટે ફરીવાર ત્યાં વિદ્યાપીઠ સ્થાપવી જોઈએ; અને આજે ગરીબ જનતાને ભોગે પોતાની ઇંદ્રિયોની લોલુપતા સંતોષતા, શહેર-નગરોની સગવડો છોડવાની ના પાડતા અને ત્યાગ–સંયમના માર્ગો પરથી ચલાયમાન થઈ રહેલા ભેખધારી-ઓને ફરજિયાત ચાતુર્માસ રહેવા સાણામાં મોકલવા જોઈએ. સુપાત્ર અને સંસ્કારી મુનિઓએ તો પરમતત્ત્વની શોધ માટે ત્યાં રાજીખુશીથી એકાંતવાસ કરવો ઘટે છે. ઉપર આકાશ, સન્મુખ રૂપેણનો રૂપેરી જલપ્રવાહ, દૂર ક્ષિતિજ પર અમોલ

ડુંગરમાળ, અને ચોપાસ સળગતાં મેદાન : એ બધાં આજે સાચા મુમુક્ષુને કિરતારની શોધના પંથ બતાવવા જાણે આતુર ઊભાં છે. સાણાનો ધીરો ધીરો ધ્વંસ દેખીને પ્રકૃતિ–માતા ત્યાં જાણે રુદન કરે છે.

પ્રેમાલય

સાણામાંથી એક દિવસ ધર્મ વિદાય લઈ ગયો. અને તે પછી જાણે કોઈ લડાયક જાતિઓએ ત્યાં કિલ્લેબંદી કરી હોય તેવી ગઢ-રચનાની એંધાણીઓ પડી છે. ત્યાગ અને સમત્વના એ દેવાલય ઉપર એક દિવસ તલવાર–બંદૂકોએ હિંસાનાં લોહી રેલાવ્યાં હશે. એ બન્ને ભૂમિકાઓ વટાવી આપણું પ્રવાસી હૃદય આ સાણા ઉપર એક ત્રીજા જ સંસ્કાર ઊતરતા કલ્પે છે. આખો ડુંગરો જાણે પેલા વિરહી રબારી પ્રેમિક રાણાના નિ:શ્વાસમાં એક દિવસ સળગતો હશે. પોતાની બાળાપણની સખી કોટાળી કુંવર કેવળ જ્ઞાતિભેદના કારણે જ પોતાના ભાગ્યમાંથી ભૂંસાઈ ગઈ, બીજે પરણી ગઈ. રાણો એના સમાચાર લેતો લેતો પોતાની સેંસો ઘોળીને સાણે આવી પહોંચ્યો, અને એ જીવતાજાગતા પહાડને પૂછ્યું કે—

> કાગા જમત હે આંગણે, ખન ખન પથારા;
> સાણા! સાજણ કયાં ગયાં, મેલીને ઉતારા !

નદીને પૂછ્યું:

> ચોસર જેનો ચોટલો, નાક ભાતીલાં નેણ;
> રાણો પૂછે રૂપેણને: કોઈ દીઠાં મુંજાં સેણ!

સામે પાંચ ગાઉ ઉપર નાંદીવેલામાં 'કુંવર્ય' વસે છે, પણ રાણાથી કેમ જવાય? સાણે બેસીને એનું ધ્યાન ધરવું જ રહ્યું. પરંતુ જીવ ન જંપ્યો:

> સાણે મન સૂનું નહિ, ધુંવાસને ધડે.

બેસો લઇને ભટક્યો. ધુંવાસના ડુંગરમાં ગયો. પાછો સાણાંમાં ને સાણામાં સમાયો.

ગોપ-ગોપીનો આશરો

યોગી, યોદ્ધા અને પ્રેમી—ત્રણેનું પ્યારું ધામ આ સાણો: આજે એની પડતી અવસ્થામાં પણ એ બિચારો પશુઓનું ને ગોવાળોનું રક્ષણ કરે છે. ચોમાસે ચોમાસે આજે ત્યાં ગોવાલણોની ગોળીઓમાં મહી ઘૂમતાં હશે; આષાઢ-શ્રાવણની હેલીઓમાં વહેલાં પહોરની ઘટીઓ પ્રભાતિયાં ગાતી હશે; રબારીઓની સરજૂઓ સૂરજ મહારાજનાં સ્વાગત કરતી હશે; આભ-ધરતીના લગ્ન-મંડપ જેવા રૂપાળા લીલુડા બની જતા એ ડુંગરને કોઈ અબોલ ખૂણે ગોપ-ગોપીના નવા પ્રેમ જન્મતા હશે.

આજના યુગનો લોહીચૂસક જીવન-કલહ શું આવા શાંતિમય, મધુમય, ગોપજીવનને અવકાશ આપતો હશે? કે શું આ તો સાહિત્ય-વિલાસીની કલ્પના કેવળ વિલાસ જ ખેલી રહી હશે? એ પ્રશ્ન જીભ ઉપર આવીને ઊભો રહે છે, અને અધરાતને ટકોરે રાજુલા ગામના સ્ટેશન પર પહોંચી, સૂસવતા પવનમાં શરીર પર ધાબળો લપેટી, મને એ યાત્રા કરાવનાર મિત્રને રામ રામ કરી એના છેલ્લા શબ્દો સાંભળું છું કે "ભાઈ! મોટી ગીર તો હજુ બાકી છે! હજુ તો મોટા સાવજને એક સોટાથી તગડી મૂકનારી ચૌદ વર્ષની ચારણ-પુત્રીઓ આપણે જોવી છે; જ્યાં ઘોડા પણ ન ચાલી શકે એવી અટવીમાં આથડવું બાકી છે. તૈયાર થઈ રહેજો!"

હજુ બાકી છે! જીવનયાત્રામાં હજુ તો ઘણો પંથ બાકી છે. હજુ તો કેવળ પ્રવેશ-દ્વાર જ દેખાયું છે. હજુ ઘણું બાકી છે!

—એ વિચારે મને ધીરે ધીરે સુવાડી દીધો.

❧

[૭]

કાદુની ગોતણ

જિંદગી એ શું માનવીનાં નિરધારેલ કાર્યોની સિદ્ધિઓનો સરવાળો છે?—કે અધૂરી રઝળેલી ઉમેદોના ઓરતાનો સંગ્રહ છે?

ભાગ્યવંતોને ભાગે પહેલી જાતનું જીવન આવતું હશે, સેંકડે નવ્વાણુનાં તકદીરમાં તો ઓરતા જ લખ્યા છે.

પૂરી ગીર જોવી રહી ગઈ છે. ગીરને એક છેડેથી ઊપડી અધગાળે હાથ દઈ પાછો વળ્યો હતો. બીજો છેડો વેરાવળ બાજુ તલાળા અને સાંસણથી શરૂ થાય. એક દિવસ ત્યાં ઊતર્યો હતો—પણ એકલ સવારીએ; ભેળો દુલાભાઈનો કે ગગુભાઈનો સાથ નહોતો.

તલાળા જવું થયું હતું બહારવટિયા કાદુની ગોતણ કરવા. ડરશો નહિ, કાદુની ગોતણ કરવા એટલે કે કાદુના બહારવટાની કહાણીઓ ઢૂંઢવા! ત્યાં એક જીવતો સાહેદ બેઠો હતો.

ગુલાબના ગોટા જેવો

એના વાવડ ગગુભાઈએ એક દિવસ આપેલા. હજુ ય મને ગગુભાઈનો એક બોલ મરેલા મિત્રની અમર રહેલી ફોરમ શો ભણકાર દે છે:

"પણ, ઝવેરભાઈ! શું કહું તમને? એનું મોં! ગુલાબના ફૂલ જેવું છે, હો! ને, ભાઈ, તમે જલદી ત્યાં પહોંચી જાવ! તમે જાણો છો કે આપણે 'મળું' 'મળું' કરતા રહ્યા

ત્યાં કેટલા કેટલા મળવા જેવા નરો હાલ્યા ગયા ! માટે આશ વગર પણ તમે એકલા પોગો, ઝવેરભાઈ ! ગુલાબના ફૂલ જેવું એનું મોં છે.”

એનું નામ જમાદાર ગુલમહમદ. તાલાળા ગામે મને તેડવા આવતા એ અસવારની સૂરત મેં છેટેથી દીઠી : રાંગમાં કોઈ પાણીદાર ઘોડી રમતી હતી, ને મેં એ ચહેરાને મીંડવી જોયો—પેલા બોલની જોડે : ‘ગુલાબના ગોટા જેવો ?’

—ને ખાતરી થઈ કે ગગુભાઈના વર્ણનમાં અલંકારની ઝળક નહોતી, સુંદર સત્ય હતું.

સાઠ વર્ષની લગોલગ અવસ્થા ખેડતો આદમી પોતાના ચહેરા ઉપર તાજો ગુલો રમાડી શકે, એ એક નવાઈ પામવા જેવી તો ભલે ને નહિ, પણ ખરેખર પ્રસન્ન થવા જેવી વાત હતી. ખાખી પોષાકમાં એની શ્વેત દાઢીથી મઢેલી સિપાહી-ગીરી શોભતી હતી.

ને હું એની પાછળ પાછળ મારી ઘોડીને હાંકયે જતો, સાંસણને ઘાટે ગીર-માર્ગે અજાયબ થતો હતો કે આ શું એ જ ગુલમહંમદ—જે કાદરબક્ષ બહારવટિયાની જોડે દશ–અગીઆર વર્ષની ઉમ્મરે દિવસરાત ગીરના ડુંગરા ખેડતો હતો ! આ શું એ જ બાળક, જેને બીજા ડાકુઓની જોડાજોડ ફાંસીની સજા પણ થઈ હતી ? આના દીદાર ઉપર તો ગેર-ઈન્સાનીઅતની એક રેખા ય નથી કળાતી ને !

રસ્તામાં સાંજ આથમતી હતી. ગાઢાં જંગલોને તાજેતર વાઢી વાઢી ખેડ માટે ખુલ્લી કરવામાં આવેલી ધરતી ઉપર અમે વેગમાં ઘોડાંને લીધે જતા હતા. અઢાર ભાર વનસ્પતિ-માંથી ગળાઈ ગળાઈને લીલોતરીની ગંધ નાકમાં ચૂતી હતી. ૭ ગાઉનો પલ્લો ખેંચવાનો હતો, ને મારી જિજ્ઞાસા દબવી

દબાતી નહોતી. હું એ ગુલાબના ગોટા શા ચહેરાવાળા જૈફ આદમીને ગુફતેગુના કૂંડાળામાં પેસાડવા પ્રયત્ન કરતો હતો :

"આપની ઉંમર ત્યારે કેવડી હતી? ફાંસીની સજામાંથી આ સ્થિતિ પર, જંગલખાતાના આસિસ્ટંટ ઉપરી અધિકારીની પાયરી પર, આપ શી રીતે મુકાયા?"

ગુલમહંમદભાઈ ફક્ત એટલો જ જવાબ દેતા: "હું આપને મુકામે જઈને પછી તમામ વાતો કહીશ; તમામ કહીશ."

પછી સાંસણના સરકારી થાણામાં, પોતાના મકાનમાં બેસી તસ્બીના પારા પડતા મૂકતાં મૂકતાં એમણે મને જે જે વાતો કહી, તેની નોંધપોથી અત્યારે મારી સામે જ પડી છે. ત્રણ દિવસ લગી અમારી બેઉની એકધારી બેઠક પહોંચી. વચ્ચે એ પાંચે નમાઝ પઢતા જાય, તસ્બી ફેરવતા રહે, ને એના બે–ત્રણ સિન્દબલોચ નોકરોને મકરાણી જબાનમાં પૂરા સ્વાસ્થ્ય સહિત કામકાજની સૂચનાઓ કરતા જાય.

એની વાર્તામાંથી એવું સાચ તરી આવતું હતું. કાદુ બહારવટિયાને વિષે અલકમલકની જે જે વાતો મેં ઢૂંઢી હતી, તેમાંની એક પછી એકને હું એમની નજર તળે કસાવતો ગયો. એમણે તો આખું બહારવટું નજરે જોયેલુ: કાદુના ભાઈ અલાદાદના ખભા ઉપર બાલક ગુલમહંમદની સવારી થતી. નાનું બચ્ચું થાકી જાય : ઘોડાં તો બહારવટિયાને પોસાય નહિ; ને કોણ જાણે કેમ પણ આ નાનો બાલક બહારવટામાં ગયેલો, એટલે પછી વેઠવો જ પડેલો.

એ નાનપણની રજેરજ સાંભરણ ગુલમહંમદભાઈએ મારી પાસે ધરી દીધી. એનું બયાન મારા 'સોરઠી બહારવટિયા' ભાગ ત્રીજામાં મેં પૂર્ણ વફાદારીથી ઉતારેલું છે.

સત્યપ્રેમી

કાદુના નામ જોડે સંકળાયેલા અનેક રોમાંચકારી કિસ્સાઓની મેં એમને પૂછપરછ કરી. એમાંના કેટલાએકનો એમણે સાફ દિલે ઇન્કાર કર્યો. પોતાના મામુનાં કાળાં કૃત્યો ઉપર અસત્ય વાતોનાં પુષ્પો ઓઢાડવાની ગુલમહંમદને જરીકે ખેવના નહોતી. કાદુ વિષેની કેટલીક પ્રેમશૌર્યવંતી ભવ્ય ઘટનાઓની પછવાડે જે સાચું રતી રતી જેટલું જ તથ્યનું સુવર્ણ હતું તે પોતે નામઠામ ને તિથિવાર સહિત કબૂલ કરી દીધું; બાકીના કલ્પના-ભાગને એણે નમ્રતાપૂર્વક જતો કર્યો.

અંધારે અંધારે રૂપિયો સમજીને ચોરી કરી ભાગનાર ચોર કોઈ બત્તીના પ્રકાશમાં જ્યારે પોતાની હથેળી ઉઘાડતાં ઠબ્બુ નિહાળે, ત્યારે એને એક લાગણી થાય છે: એ લાગણી આ વખતે મારી યે હતી!

કાદરબક્ષ વિષેની અનેક પ્રચલિત અદ્‌ભુતતાઓનું એમણે નીરસન કર્યું. એટલે જ મેં તારવેલું એ બહારવટિયાનું વૃત્તાંત ગળાયલું, સત્યના સીમાડા પર ઊભેલું હું લેખી શકું છું. લોક-વાણીના સાહિત્યને સંઘરવા નીકળનાર શોધક આવા ભય વચ્ચે હંમેશાં ઊભેલો છે: એક જ જીભેથી ઝીલેલા બોલને એણે જગત પાસે ન ધરી દેવો ઘટે. લોકસાહિત્ય એટલે જ્યાંત્યાંથી પડ્યો શબ્દ એ ને એ સ્વરૂપે રજૂ કરવાનું સાહિત્ય નહિ. એક જ વાત, એક જ કથા, એક જ ઘટના: એના શક્ય તેટલા તમામ પાઠો એકઠા કર્યા પછી જ એમાંથી સાચો પાઠ પકડવો રહે છે.

ફાંસીને માચડેથી

પણ ગુલમહંમદભાઈ પર હું હવે વધુ નહિ થંભું. ગીરની ગાઢતા વચ્ચે એકલો બેસીને નમાજ પઢતો આ ગંભીર આદમી

ફાંસીને લાકડેથી જંગલને ઉપરીપદે કેવી રીતે કૂદ્યો?—તે એક જ વાત કહીને ખતમ કરું છું. એમણે જ કહેલી એ વાત છે:

"સાહેબ, અમારી ટોળી પૈકી ફાંસીની સજા પામેલા તમામ જોડે હું બાર વર્ષનું બચ્ચું પણ જૂનાગઢની જેલમાં આખરી દિનની રાહ જોતો હતો. પણ 'કુરાને-શરીફ' તો અમારા ખાનદાનનો પ્રિય ગ્રંથ; એટલે હું પણ બચપણથી જ ધર્મના પાઠો શીખ્યો હતો. જેલમાં મારા મોતની વાટ જોતો હું કુરાન પઢતો હતો, ને બીજા મોતની સજાવાળા સાથીઓને સંભળાવતો હતો. દરમ્યાન નવાબ સાહેબ જેલની મુલાકાતે આવ્યા. એમણે મને જોયો. મારે વિષે પૂછપરછ કરી. બોલી ઊઠ્યા: આવા ધર્મપ્રેમી બાલકને ફાંસી હોય? મને માફી આપી. મને નવાબ સાહેબે પોતાની પાસે લીધો. મને કામગીરી આપી. હું જુવાન બન્યો ત્યારે મારી શાદી પણ નવાબ સાહેબે કરાવી આપી. રફતે રફતે મને જંગલખાતાની નોકરીમાં આ પાયરીએ ચડાવ્યો. આજે મારે ઘેર જુવાન બેટાઓ છે; મારા કુટુંબનો લીલો બગીચો છે. મારો અવતાર સુધરી ગયો. હું તો શુકર ગુજારું છું એ નવાબ સાહેબના."

વાંસાઢોળના ખોળામાં

સાસણના પાદરમાં પડેલી ઊંડી હીરણ નદી, હીરણને સામે પાર બે-ત્રણ ગાઉ પર ઊભેલો વાંસાઢોળ ડુંગર, ને તેની યે પછવાડે ઊભેલી અજાણી ગીર-ભોમ—એ બધાં મારી કલ્પનામાં સજીવન હતાં. વાંસાઢોળ ડુંગર ઉપર મારી કલ્પના એક શબને નિહાળી રહી હતી. એ શબને મેં પિછાની લીધું. એ હતું વાઘેર બહારવટિયા જોધા માણેકનું શબ. જોધાર જોધાની કાયા વાંસાઢોળ પર પડી હતી. એવા શબને છેલ્લું શયન કરવાને માટે વાંસાઢોળનું પહાડી સ્થાન જ ઉચિત હતું.

બાયેર કુળમાં સહુથી શાણો, સહુથી ગંભીર ને નિર્ભયતાની મૂર્તિ જોધો જીવનમાં જીવતો પહાડ હતો. મૃત્યુએ પહાડને પહાડના ખોળામાં પોઢાડ્યો. કેવાં એ રૂપ! એ રૂપ તો જોધો જ્યારે બહારવટે નીકળ્યો ત્યારે જ ખરેખરાં પ્રકાશ્યાં. એ રૂપ તો કોઈ ગાયકના રાવણહથ્થાની કામઠી પર રચાયું:

મન મૌલાસેં મિલાયો—
જોધો રે માણેક રૂપમેં આયો.

મૃત્યુની વાટ પકડતો વીર એના સાચા રૂપમાં આવે છે; ને પોતાનાં ઘરબાર-ઈજ્જતઆબરૂને સાટુ શસ્ત્રો બાંધતો નર પોતાનું મન મૌલા સાથે, 'માલિક'ની સાથે મિલાવે છે. અસ્તાચલે જતો પરાજિત સૂર્ય ઉદયગિરિના શૃંગ પરથી નીકળતા વિજયી સૂર્યના કરતાં વધુ ભવ્ય ભાસે છે. એની અધોગતિમાંથી કરુણતાની ઝલક ઊઠે છે. સમર્પણ અને નિષ્ફલતાનાં તેજછાયા એના મોં પર રમે છે.

જોધો માણેક રૂપમેં આયો!

અને તમને શું એમ થાય છે કે એ ટુકડો જમીનને માટે લડતો હતો! ના, ના, બેઈજ્જતીથી બચવાને માટે. જગતમાં એને રાંક જીવાઈદાર નહોતું કહેવાવું. એને ય એના જીવનની બાડી-પાતળી ફિલસૂફી હતી. માટે જ બાર્ટને જ્યારે એને સરકાર તરફથી માફી મેળવવાના પ્રયત્નો કરવા વચન આપ્યું, દરમિયાન માન-મરતબા સાથે નજરકેદી રહેવા સૂચવ્યું, ત્યારે જોધાનો જવાબ આટલો જ હતો: રહું તો તદ્દન મુક્ત માનવી તરીકે; નહિતર તો આભપરા ડુંગરામાં અરધો ભૂખમરો ખેંચતાં પિંગાણે જ ખતમ થઈ જવું લાજમ છે.

એમ કહીને એ ગયો હતો; અને જતો જતો—

કેસર કપડાં માણેકે રંગીયાં ને
સતીયું કે સીસ નમાયો—
જોધા રે માણેક રૂપમેં આયો.

સ્વપ્નમૂર્તિ

એણે ગામપાદરે ઊભેલા કુલની સતીઓના પાળિયાને પ્રણામ કર્યા હતા. નારીસન્માનની એ પરંપરાનો પૂજક જોધો માણેક મારી ચોપાસ એક સ્વપ્ન-સૃષ્ટિને સરજે છે. રાષ્ટ્ર-ભાવનાની—અરે, આંતરરાષ્ટ્રીય સામ્યવાદની—નોબતે ગાજતા આ યુગમાં ય જોધાની સ્વપ્નમૂર્તિ રચવામાં મને લવલેશ શરમ નથી. ને હું તાજેતરમાં જ સૂતેલા એક બીજા શખ્સનું અમર્ત્ય ગાન બોલું છું. એ ય હતો એક યુગપરિવર્તનની કાળ-મૂર્તિ : આયરલેન્ડનો સ્વપ્નવિહારી કવિ 'એ. ઈ.'. 'નેશનાલિટી' નામના લેખમાં જ એણે લખ્યું કે—

સત્ય એ આજની કે આવતીકાલની પલટાતી વસ્તુ નથી. સૌંદર્ય, વીરતા અને આત્મધર્મ—એ કંઇ રોજ સવારે પલટાતી ફેશનો નથી. એમાંથી તો એક અપરિવર્તનશીલ પ્રાણ ઝગારા કરે છે. આ સ્વપ્નો, આ પુરાતનો, આ પરંપરાઓ એકદા વાસ્તવિક હતાં, સજીવન હતાં, ઐતિહાસિક હતાં. આજે એ ઇંદ્રિયગમ્ય જગત-માંથી નીકળી સ્મૃતિ અને મનોભાવની સૃષ્ટિમાં સંઘરાયાં છે. કાળ એમની શક્તિને ખૂંચવી શક્યો નથી. કાળ એમને આપણી મમતાના પ્રદેશમાંથી છેટાં નથી કાઢી મૂક્યાં; પણ, એથી ઊલટું, તેમને ધરતી પરથી ખેસવી અમરલોકમાં ચડાવીને વધુ વિશુદ્ધ બનાવ્યાં છે. આજે એ ચક્ષુઓને જોવાની અને કાનને સાંભળવાની વસ્તુઓ મટી જઈ હૃદયને ચિંતન કરવાની વસ્તુઓ બનેલ છે. આજે એ તેટલા પ્રમાણમાં આપણી નિકટમાં આવ્યાં છે, આપણાં પરિચિતો બન્યાં છે, ને સાહિત્યપ્રદેશે પણ વધુ ખપનાં બન્યાં

છે. આજે એ સંકેતો બન્યાં છે, ને સંકેત–ચિહ્નો લેખે એ પ્રતિ-ભાસના કરતાં ય વધુ સામર્થ્યવંતાં બન્યાં છે. માનવ–પ્રકૃતિના વિધવિધ–રંગી અંતરપટોની પાર થઈને આજે એ આપણાં નેત્રો સન્મુખ ઊભાં છે. આજે તો એ પ્રત્યેક સ્વપ્ન, પ્રત્યેક વીરાચરણ, પ્રત્યેક સૌંદર્યતત્ત્વ પોતે જેનું પ્રતિનિધિત્વ કરે છે તે દિવ્ય સત્તાની વધુ નજીક જઈ ઊભેલ છે.

સાંભરતાં સ્વજનો

પણ શા માટે હું આ કાળ-ગર્તમાં ક્યારના યે ગારદ થઈ ગયેલાઓનું પુનઃ પુનઃ ગાન ગાયા કરું છું? એમનો બચાવ કરવાથી શો ફાયદો છે? એમને વીસરવામાં જ સાર નથી?

એ વાતનો જવાબ મારી પાસે નથી. કોણ જાણે કેમ, પણ એ બધાં મારા પૂરતાં તો મરી નથી ગયાં. મર્યાં હોય તોપણ મારાં સ્વજનો જેવાં બની ગયાં છે. સ્વજનો સાંભર્યા જ કરે છે.

હીરણ નદી ઉપર પરોઢના દોરા ફૂટતા હશે. પથારીમાં પડ્યો પડ્યો હું કલ્પું છું કે રાતનું મારણ કરી ગીરના સાવઝડા વહેલું વહેલું પાણી પી લેવા હીરણના 'સેંજલ' ધરાઓમાં ઊભા હશે. હરણાં ને સાબરડાં હીરણનાં પાણીમાં મોં પલાળતાં ફડક ફડક થતાં હશે; કેમકે હીરણની ઊંચી ભેખડો ઉપર રાજપરોણાઓની શિકાર–ક્રીડા સારુ મહેલાતો બાંધવામાં આવી છે. બ્રિટિશ સામ્રાજ્યના અનેક પ્રતિનિધિ-ઓને ગીરના સાવઝો તેમ જ હરણાંઓની મૃગયા રમાડવા માટે આંહીં અતિથિ–ગૃહ પાથરવામાં આવ્યું છે. એકસામટાં પચીસ યુગલો યુરોપી ઢબછબથી રહી શકે તેવી બાદશાહી સરભરાનાં આંહીં સાધનો છે.

ચાર દિવસ સુધી હું યે હીરણના ખોળામાં આળોટ્યો.

પાંચમે દિવસે વિદાય લીધી. પણ તે દિવસથી આજ સુધી 'હીરણ્ય' નદીનું નામ લેતાં જ પેલા માંગડા ભૂતના દુહાની એક પંક્તિ મારી સ્મૃતિમાં ઘૂમ્યા કરે છે:

પદમાનો પ્રીતાળ
હીરણની હદમાં પડયો.

પદમાનો પિયુ માંગડો જુવાન હીરણના કયા પ્રદેશમાં પટકાયો હતો?

હીરણથી જવું હતું વાંસાઢોળ ઢાળા, ઊતરવું હતું સંત ગીગાની પુણ્યભોમ સતાધારની જગ્યાએ. સરસાઈ ગામમાં ચમાર સંત રોહીદાસનો ગંગાજળિયો ચર્મ-કુંડ જોવો હતો; કચ્છી વીરાંગના હોથલનો એકલનિવાસ કનરો ડુંગરો જોવો હતો. ત્યાં તો ગુલમહંમદભાઈ ઉપર કાસદ ખબર લઈને આવ્યો કે જંગલખાતાના ઉપરી સાહેબનો મુકામ પડે છે.

હું સાંભળી જાઉં તો મારો જીવ સુગાશે એવી બીકે ગુલમહંમદભાઈએ 'માખણ, મરઘાં અને એક બોકડા'ની પોતાનાં માણસોને વરધી આપી. જંગલની કાકડી સાથે નીમક ચાવીને હું ઊંટ પર વિદાય થયો—પાછો આગગાડીને જ 'દ્રવિડ-પ્રાણાયામ' માર્ગે.

સતાધારનું યાત્રાધામ

પણ મેં કરી તેવી સુસ્તી ગીરના કોઈ પ્રવાસી ન કરી બેસતા. સતાધારની જગ્યા ન જોનારની સાચી સોરઠ-યાત્રા નથી જમા થવાની. આજે એ જગ્યાની શી દશા હશે તે તો જાણનારા જાણે. પણ સતાધાર એટલે તો સોરઠી લોક-સંસ્કૃતિનું એક માર્મિક કાંતિ-બિન્દુ.

સતાધારનો સ્થાપનાર ગીગો ભગત. સંત ગીગાએ ગીરનાં

ભરપૂર ચારિયાણની વચ્ચે સતાધારને ડુંગરખાળે ગાયોની ટેલ માંડી દીધી, અને પરબ વાવડીની સંત દેવીદાસની જગ્યા જેવી જ પરંપરા સ્થાપી ગીગાએ. રક્તપિત્તિયાં, કોઢિયાં, રોગમાં સડી ગયેલાં—જે કોઈ આવ્યાં તેને આશરો આપ્યો. ગીગાનું સતાધાર સોરઠના જૂના કાળમાં નવયુગના કોઇ પણ માનવપ્રેમી સેવાશ્રમનું કાર્ય ઉઠાવનારું ધામ હતું.

સંત ગીગાના પિતાનું નામ અલીભાઈ. માતાનું નામ સુરબાઈ. રહેવાશી તોરી રામપુરાનાં.

સોરઠમા ભયંકર દુકાળ પડતાં ત્રાસ ત્રાસ વર્તેલો. પોતાનાં ઢોરને ઉગારવા માટે સંત ગીગાનો પિતા બાઈ સુરઈને સગર્ભા મૂકીને જતો રહેલો. બાઈ પોતાના કોઇ સગાને ત્યાં ચલાલા જવા નીકળ્યાં. રસ્તે શાપુર ગામે આવતાં બાઇને દીકરો અવતર્યો.

આ વાતની જાણ શાપુરના ગરાસિયા અમરાભાઈને થતાં તેણે મા–દીકરાને રક્ષણમાં લીધાં. બાલક દોઢ–બે માસનો થયો ત્યાં સુધી પોષણ કર્યું. પણ દુષ્કાળનો દાવાનળ ભયાનક હતો. એટલે અમરાભાઈએ મા–દીકરાને રાજગોર હરખજી મહારાજ જોડે ચલાલે મોકલ્યાં. ચલાલા પણ દુષ્કાળમાં કમ્પતું હોઈ આ મહેમાનોને જોઈ સૂરીબાઈનાં સગાંનાં મોં કાળાં થઈ ગયાં.

એ સ્થિતિમાં સંત આપા દાનાએ કાળનો સામનો કરવા મોટો અનાથ–આશ્રમ શરૂ કરેલો, એટલે એમણે હસતે મોંએ મા–દીકરાને આશરે લીધાં.

ગીગાને સંત દાનાએ પુત્ર સમ પાળ્યો. ગીગાએ તથા માએ સંતની નેકટેકથી સેવા કરી. ગીગો જુવાન થયો ત્યારે

સંત દાનાએ સૂરીબાઈને કહ્યું કે ગીગાને ન્યાતમાં જઈ વરાવો–પરણાવો.

બાઈ સરંભડે કુટુંબમાં ગયાં, ત્રણ–ચાર વર્ષ કાઢ્યાં, પણ ગીગાનું દિલ સંસાર પર લાગ્યું જ નહિ. બાઈ પોતે તો સંસારથી કંટાળીને જ બેઠાં હતાં, એટલે એ તો રાજી થઈને ગીગાને લઈ પાછાં ચલાલે આવ્યાં. જુવાન ગીગાએ જગ્યાની તમામ સેવા કરવા માંડી, ને છેવટે આપા ગીગા સંતપદને પામ્યા.

દિલાવર લોકસંસ્કાર

સંતોની આસપાસ ઊભા થયેલા વહેમો, ચમત્કારો, પરચાઓ ને પૂજાઓ તો નાશવંત વસ્તુઓ છે; કાળ એનો ભક્ષ કરી જશે. પણ સંત ગીગાની જીવનકથાને કાળનો કાળ મહાકાળ સુદ્ધાં નહિ ખાઈ શકે. એ કથા તો સદાકાળ આવતી-કાલની જ કથા બની રહી જશે. એ કથાની પુનરુક્તિઓ, નવી નવી આવૃત્તિઓ નવા નવા સમાજોની અંદર નીકળતી જ રહેશે. બ્રાહ્મણોના ને ક્ષત્રિયોના સોરઠી દેવ સોમનાથ છો ને રોજ પ્રભાતે છેક ગંગાજીથી આવતી કાવડના નીરથી નાહતા; સમાજનાં ઉપલાં પડો છો ને આવા પ્રાણશોષક ક્રિયાકાંડો વડે પોતાની મહત્તા ચાલુ રાખતાં : સમાજના તળિયામાં જે લોક–સંસાર જીવતો હતો તેના મેલ ધોવા તો સંત ગીગાના ધામ સતાધાર જેવી જ ગંગાઓ વહ્યા કરતી ને ગીરનું જંગલ માત્ર બહારવટિયાઓને જ નહિ પણ સંતોને ય પોતાની ગોદ આપતું.

એવા સતાધારને નિહાળ્યા વિનાની મારી ગીર–યાત્રા અધૂરી રહી છે.

રોહિદાસનો ચર્મકુંડ

સરસાઈ ગામ દીઠું હતું પ્રીવિયસ ક્લાસમાં ભણતો હતો ત્યારે. પણ ત્યારે તો મન ઉપર 'શાકુંતલ', 'મેઘદૂત' અને સ્કોટ તથા મેથ્યુ આર્નોલ્ડનાં જ ગાઢાં ધુમ્મસ છવાયાં હતાં. બહુ બહુ તો નરસી-મીરાંનાં નામો જાણ્યાં હતાં. જાણીને આખા ભક્તિપ્રવાહ પ્રત્યે અણગમો સેવતો હતો. સંત રોહિદાસનો ચર્મ-કુંડ જોવા જવાની વૃત્તિ જ શાની થાય?

આજે તો રોહિદાસનો નામ-શબ્દ મંત્ર જેવો લાગે છે. ઉત્તર હિન્દનો આ ચમાર સંત સોરઠ ધરામાં ક્યારે ઊતરી પડ્યો હશે! કદાચ દ્વારકા વગેરેની તીર્થયાત્રાએ નીકળ્યો હશે; એક ગીર-ગામડે બેસી ગયો હશે. પણ સરસાઈમાં શું એ ચમાર-કામ કરતો હતો? જે કુંડમાં એને ગંગા-મિલન થયું તે શું આ જ કુંડ?

ખબર નથી. ઊંડા ઊતરવાની જરૂર પણ શી છે? મહત્ત્વની વાત તો એ ચમાર સંતે સોરઠમાં અંકિત કરેલ સંસ્કારની છે. એ સંસ્કાર કયો? ભેદની, જડ રૂઢિની, ભીંતો ભેદવાનો.

કથા આવી છે:

રોહિદાસજી તો ચમારકામ કરતા કરતા યે પ્રભુમગ્ન હતા. એક દિવસ નદીમાં પોતે કરેલા કુંડ પર બેઠા બેઠા પોતે મૂવેલા ઢોરનું ચામડું ધોવે છે: રસ્તે એક જાત્રાળુઓનો સંઘ નીકળે છે: સંઘમાંથી કોઈકે પૂછ્યું—ટીખળ કર્યું? કે શુદ્ધ ભાવે પૂછ્યું? પૂછ્યું—: "ભક્તરાજ! ગંગાજીમાં નાહવા ચાલો."

સંતે કહ્યું કે, "ભાઈ, મુજ ગરીબનું એ ગજું નથી. પણ ઊભા રહો; આ એક શ્રીફળ લેતા જાવ, ને ગંગામાઈને કહેજો

કે રોહીદાસે મોકલ્યું છે. પણ, ભાઈઓ, માતાજી હાથોહાથ લ્યે તો જ આપજો; નહિ તો ન આપતા."

કંકણવંતો હાથ

યાત્રિકોનો સંઘ હસતો હસતો ચાલ્યો ગયો. કાશીધામમાં પહોંચીને યાત્રિકોએ ઠેકડી કરી. શ્રીફળ લઈને એક જણાએ ગંગાતીરે ઊભાં ઊભાં કહ્યું : "માતાજી, રોહીદાસ ચમારે શ્રીફળ મોકલ્યું છે; પણ હાથોહાથ લ્યો તો જ આપવાનું છે."

હાંસી યાત્રીઓના હોઠમાં સમાઈ ગઈ. ગંગાનાં નીર વચ્ચેથી કોઈ કંકણે રણઝણતો એક હાથ કોણી સુધી ઊંચો થયો : ફેંકાયેલું શ્રીફળ એ હાથની હથેળીમાં ઝિલાયું : શ્રીફળવંતો હાથ પાછો જળમાં સમાયો.

કાંઠે ઊભેલો સંઘ સ્તબ્ધ બન્યો. એણે નદીને સંબોધી : "હે લોકમાતા, ચમારનું શ્રીફળ તમે હાથોહાથ ઝીલ્યાનું અમે કહેશું, તો કેમ મનાશે? કશીક એંધાણી આપશો?"

જવાબમાં જળમાંથી એક કંકણનો ઘા થયો. ગંગાના કાંડા માયલું એક એ કંકણ સંઘે પાછા સરસાઈ પહોંચી સંતને આપ્યું. સંતે એ સુવર્ણ-કંકણને ભેટ મોકલ્યું યોગ્ય સ્થાને— ગામના ઠાકોરને ઘેર. ઠાકોરની કુંવરીએ કંકણની પૂરી જોડય માટે હઠ લીધી. ઠાકોર સંતના ચર્મ-કુંડે ગયા. કુંડમાં નવાં નીર ઊભરાયાં તેના બુદબુદોમાંથી બીજું કંકણ નીકળ્યું. સંતે કુંડમાં ગંગાજી પધાર્યાં પેખ્યાં. ઠાકોર, કંકણના કામી, ગંગાની પ્રસાદી ય લેતો જા!

ઠાકોરે અંજલિ ધરી : સંતે ચર્મ-કુંડમાંથી છાપવું ભરી જલ વહોરાવ્યું. સૂગાયલો ઠાકોર પ્રાશન કરવાને બદલે કુંડ-

જલ બાંયમાં ઉતારી ગયો : પણ એ તો આવળનાં તૂરા પાણીના દાઘ : લૂગડાં પરથી જતા નહોતા : ધોણય ધોનારી રાજ-બાંદીએ દાઘ કાઢવા બાંય મોંમાં લઈ ચૂસી : ધોઈ ને પાછી વળી ત્યારે ધોણયની ગાંસડી શિરથી ચાર આંગળ ઊંચેરી ઊપડતી આવે !

આ ચમત્કાર-રૂપકનો મર્મ ચાહે તે હો, પણ એક વાત તો વિલસી આવે છે : કે ખરું સત માનવતાનું છે—નથી રાજ-વટનું, કે નથી તીર્થે તીર્થે ભટકવા જતી આભડછેટિયા ધર્મ-વૃત્તિનું. ધરતીનાં ધગધગતાં પડો વચ્ચે ગૂંગળાતાં ને રૂંધાતાં ગંગાજી એક કર્મયોગી ચમારને ઘેરે ચાલતાં આવ્યાં; અને ઉચ્ચ વર્ણોને એ સેંકડો ગાઉ શોધ્યાં ય ન જડયાં.

એકરાષ્ટ્રતાના સ્થંભો

રોઈદાસજી અહીં સોરઠધરામાં આવ્યા હશે, રહ્યા હશે, એ તો સંભવિત વાત છે. રાષ્ટ્ર આખો રાજશાસનને હિસાબે તો કોઈક જ વાર એક છત્ર તળે હતો; પણ એની એકરાષ્ટ્રતા તો સંસ્કાર-જીવનની હતી. સંસ્કાર-દૃષ્ટિએ રાષ્ટ્ર એક અને અખંડિત હતો, એક અને અવિભાજ્ય હતો, એક અને સુગઠિત હતો. શાસનની એક્તાને તો બ્રિટિશ રાજ આવ્યા પૂર્વે હિન્દે ઘણાં વર્ષો સુધી ઝાઝી જાણી નહોતી. એ વાતને છુપાવવાથી શો ફાયદો છે ? 'એકરાષ્ટ્રતા' 'એકરાષ્ટ્રતા' એવા જાપ જપવાની રાજદ્વારી દલીલબાજીનો તો કશો અર્થ જ નથી. સાચી એકરાષ્ટ્રતા જે સંસ્કારની હતી, તેના સ્થાપકો રાજપુરુષો, પત્રકારો ને સુસદીઓ નહોતા, પણ આ 'બાવા' નામે અળખામણા ને 'ભગતડા' નામે ભૂંડા દેખાડવામાં આવેલા સંતો હતા.

'મીરાં, તમે ઘેરે જાવને !'

રોઈદાસ તો કાશીના. મીરાંને એનો ભેટો કાશીધામે થયો હતો. મીરાં એ ચમારની યે ચેલી બની હતી. એનું ભજન છે—મીરાંના નામનું : ચમાર સંત મીરાંના મમત્વને ખાળવા કેવા કાલાવાલા કરે છે :

(ભજન)

એ જી મારી સેવાના શાળગરામ !
મીરાં, તમે ઘેરે જાવને !
તમે રે રાજાની કુંવરી, ને
અમે છીએ જાતના ચમાર :
જાણશે તો મેવાડો કોપશે,
ચિતરોડો ચાંપે દેશે આળ—
મીરાં, તમે ઘેરે જાવને !

અને છેલ્લી પંક્તિ !—

કાશી રે નગરના ચોકમાં રે
ગરુ મને મળ્યા રોઈદાસ—
મીરાં, તમે ઘેરે જાવને !

રોઈદાસ કાશી નગરીના : રામાનંદ એના ગુરુદેવ : સોરઠના ચારે તીરને સાગરજળ છંટાતાં હતાં, તેમ સોરઠી લોકજીવનની પાળે રાષ્ટ્ર-સંસ્કારના સાગર-જુવાળ આવા સંતો દ્વારા રેલાતા હતા.

સરસાઈની નદીમાં બતાવાતા જળકુંડને, સંભવ છે કે, લોકોએ ફક્ત રોઈદાસજીના ચર્મ-કુંડનું પુનિત નામ આપીને એક સ્મારક-રૂપ બનાવ્યો હશે. પણ એ સ્મારકો ને એ પ્રતીકો નક્કી કરવાની લોકભાવના એક રીતે નોખી તરી જાય છે.

કલકત્તાને સામે કિનારે બેલૂરમઠમાં સ્વામી વિવેકાનંદજીનો ઢોલિયો, અથવા સ્વામીજીએ પીધેલો કોઈ હોકો કે ચીરુટનો શેષ ભાગ સંઘરી રાખેલ છે. તે થયું પ્રતીક-પૂજાનું ઊતરતું સ્વરૂપ; ને એથી જુદું, આ સંતના જીવનને એક ચર્મ–કુંડમાં સ્મરણાંકિત કરવું એટલે સાચા માનવ–ગૌરવની સ્થાપના. હિન્દુ ધર્મની પુરોહિત–હાથે જડાઈ પડેલી પ્રણાલિકાઓ સામે લોક–હૃદય આવી રીતે જ મૂંગા પુકારો નોંધાવતું હતું. એમ ન હોત તો રોહીદાસની પ્રતિષ્ઠા કોઈ દેવળમાં મૂર્તિરૂપે જ થઈ ગઈ હોત.

[૮]

પ્રેમભક્તોનું યાત્રાધામ

ગીરના સીમાડા પર એકલવિહારી ઊભેલા કનરા ડુંગરાને તો તે પછીના બીજા પ્રવાસમાં જોયો.

પ્રભુભક્તોનાં જેમ તીર્થસ્થાનો છે, તેમ પ્રેમભક્તોનાં યાત્રાધામો મુકરર થયાં નથી. એ થશે ત્યારે સોરઠનો આ કનરો ડુંગર, હાલારનું રાવલ નામે ગામડું, ગોહિલવાડના સાગરતીરનું ચાંચુડા મહાદેવનું મંદિર અને ગરવા ગિરનારનાં, પેલી રાણકને પુકારે પડું પડું થઈ અટકી રહેલાં શતકો-જૂનાં ચોસલાં વગેરે વગેરેની પરકમ્મા કરવા માટે પંથીઓ શિરીં--ફરહાદના તેમ જ સુહિણી-મેહારના મુલકોમાંથી પણ ઊતરશે.

કનરા ડુંગરાને માથે તો કચ્છનાં બે પ્રેમિકોનો વીરરસભર્યો પ્રેમ એકવાર રમણ કરી ગયો છે. પદમણી હોથલનો પુરુષવેશે અહીં કનરાની ગુફામાં વાસ હતો. મરતા બાપના રૂંધાતા જીવને અંજલિ ભરી પાણી ટોનારી હોથલ, બાપના શત્રુ 'બાંભણિયા બાદશાની સાતવીસું સાંઢચો ન કાઢી આવું ત્યાં સુધી પરણીશ નહિ' એવી પ્રતિજ્ઞાના પાલન માટે પુરુષવેશે એકાકિની પોતાનો અશ્વ રમાડતી નીકળી હતી. પોતાના વડકહોટાને કારણે કલંકિત બનીને દેશવટે રઝળતા કચ્છી જુવાન ઓઢાએ હોથલને એક પુરુષમિત્ર લેખે જ ચાહી જાણી હતી. એવી

નરી ભાઈબંધીની, વીરમૈત્રીની, નિર્ભેળ પ્રીતિના તલસાટમાં જ એક વિખૂટાં પડ્યાં હતાં.

'જો વિસારું વલહા...!'

ને શી એ પ્રીતિની તીવ્રતા! કેવી અગન! ઓઢા પૂછે છે કે, ભાઈબંધ, વીસરી તો નહિ જાવ ને? વીરતાના સાજે શોભતી હોથલ, ત્યાં લગીની લોખંડી હોથલ, કેવો જવાબ વાળે છે!—

જો વિસારું, વલહા,
ઘડી એક મુંજા ઘટમાં,
(તો તો) ખાંપણમાંય ખતા
(મુંને) મરણસજાયું નવ મળે!

ઓ મારા વહાલા દોસ્ત! તને જો હું ઘડીભર પણ મારા હૃદયમાંથી વિસારું તો તો મારું મોત બગડજો! મૃત્યુ વખતે મને સારી મરણશય્યા પણ ન મળજો—અરે, મારી લાશ કફનના ટુકડા વગરની ઉઘાડી રઝળજો!

સ્નેહીજનના વિસ્મરણનો અપરાધ આ ગોપજનોને, ગીરવાસીઓને, રણનાં બાળોને નાનોસૂનો નહોતો લાગતો. પ્રેમીને વિસાર્યે જીવન તો વણસજો, પણ મરણ સુદ્ધાંય બગડજો!—શબના ય બેહાલ થજો!

સારા ને સુખી જીવન કરતાં ય વધુ મોટી ઝંખના જેઓને સારા માનભર્યા મૃત્યુની હતી, તે આ લોકો: પ્રેમીનું વિસ્મરણ થવું એ કાંઈ જેવુંતેવું કુકર્મ હતું? રણાંગણથી પીઠ બતાવીને ભાગી જવાની બદનામી કરતાં જરીકે ઓછી નહિ એવી આ પ્રેમના વિસ્મરણની બદનામી હતી.

'...થર-બાબીડી થઈ ફરાં !'

એ તો શબની દશા : પણ પ્રેમને વીસરનારના આત્માની કેવી વલે કલ્પાઈ!—

જો વિસારું, વલહા,
રૂદિયામાંથી રૂપ,
(તો) લગે ઓતરજી લૂક,
થર-બાબીડી થઈ ફરું !

ઓ મારા વહાલા દોસ્ત ! મારા હૃદયમાંથી યે હું તારું રૂપ ભૂલું, તો તો મૃત્યુ પછી મારો આત્મા બાબીડા પક્ષીની માદા બાબીડીનો અવતાર પામીને ઝૂર્યા કરજો. ક્યાં ? કોઈ કુંજઘટામાં ? આંબાવાડિયામાં ? નહિ, નહિ; થરપારકરના રણની અંદર. એ સળગતી મરુભોમમાં હું બાબીડી પંખણી સરજાઉં, ને ઉત્તર દિશાની આગઝરતી લૂ વચ્ચે હું વલવલ્યા કરું એવી મારી દુર્ગતિ થજો !

બાબીડી એટલે આપણા સોરઠી હોલાને—કપોતને—મળતું પંખી : એટલે કે બહુ બહુ કોમળ જાત. સામાન્ય ઉનાળાની ગરમીમાં પણ શેકાઈ જાય. તો પછી 'થર'ના મરુપ્રદેશમાં ઉત્તરાદા વાયરાની ગરમ લૂ વચ્ચે તો એની દશાનું પૂછવું જ શું ?

પ્રેમી હૃદય પોતાના પ્રેમના વિસ્મરણને પરિણામે કેવા વલવલાટવાળી દુર્ગતિ સેવવાનું પાપફળ સ્વીકારે છે !

એ બેઉ દુહામાં હોથલનું હૃદય નિચોવાયું. કચ્છની કુમારી : મરુભોમનું બાળ : એના કાવ્યમાંથી સળગતી મરુભોમનો, રણનો, આત્મા ભણકાર આપે છે.

આટલું જ વચન આપી હોથલ છૂટી પડી : વણપ્રીછેલી, માત્ર પુરુષમિત્ર લેખે જ વિદાય લઈ ગઈ.

શા માટે એ પ્રકટ ન થઈ? શા માટે પોતાના 'વલ્લા' ઓઢાની જોડે એણે વિવાહ ન માગ્યો? પિતાને આપેલ કૉલ તો એ પાળી ચૂકી હતી; છતાં શા માટે એણે જીવનની મુક્તધારાઓ રૂંધી નાખી?

કોણ જાણે, પ્રેમીજનોએ આ 'શા માટે?'ના ઉત્તરો કદી આપ્યા નથી. મિસરના રણવેરાનમાં બેઠેલા 'સ્ફીંક્સ' સરખો આ માનવ–પ્રેમ ચિરકાળનું મૌન ધરીને, યુગયુગોએ પૂછેલા એ 'શા માટે?' સામે કોઈ રહસ્યભરી મીટ માંડી રહેલ છે.

'નહિ વિસારું' કહીને હોથલ ગઈ.

પછી તો એ એકલમલ મિત્રની જુદાઈ ઓઢો ન સહી શક્યો, સાથીઓને છેલ્લી વારના 'ઝાઝા જુવાર' આપીને સગડે સગડે મિત્રની શોધમાં ચાલ્યો. કોઈ 'શંખાસર' નામના તળાવની પાળ પર ચડતાં પાણીની અંદર હોથલને ઓકળે શરીરે સ્નાન કરતી દીઠી. એકલમલ મિત્રની સાચી પિછાન પડી, બેઉ પરણ્યાં. એ બધી વાર્તા તો હું 'રસધાર' (ભાગ ચોથા)માં આપી ગયો છું; પણ આ શંખાસર તળાવ ક્યું? દુહો બોલે છે આ રીતે—

ચડી શંખાસર–પાર, ઓઢે હોથલ ન્યારીયાં;
વીછાઈ બેઠી વાર, પાણી મધ્યે પદમણી.

કચ્છધરામાં શંખાસર છે તે તો નહિ હોય? આ મિલાપ કચ્છમાં જ થયો હોવાનો, ને પરણ્યાં બાદ સોરઠમાં ઊતરી કનરા ડુંગરાનો વાસો કર્યો હોવાનો, સંભવ છે. બાકી, કનરાની આસપાસ કોઈ શંખાસર તળાવ નથી.

વતનની મમતા

કનરામાં આ વીર-જોડલું ગાઢાં વર્ષો રહ્યું હોવું જોઈએ. જેસલ અને જખરો નામે પુત્રોની જોડી પણ કનરાએ જ હોથલને બક્ષી હશે. પછી કનરો છોડયો ક્યારે ?

અષાઢી મેઘના પ્રથમ-પહેલા દોરિયા ફૂટયા તે ટાણી ઓઢાને વતન સાંભર્યું ત્યારે ?

વતનની મમતા, એનો કાવ્યભાવ, ઓઢા-હોથલની કથાના દોહામાં જેવો સંઘરાયો છે તેવો બીજે ક્યાંય જવલ્લે જ સંઘરાયો હશે. મેહુલાની 'શેડ્યુ' ઉત્તર દિશાના ક્ષિતિજ પર આલેખાઈ ગઈ, કુંગરાઓ માથે ઝમ્મર ચડ્યા: ઓઢાને સ્વજન સાંભર્યા. મોરલાના ટહુકારે એ સ્મરણમાં વધુ દર્દ પૂર્યું. ઓઢાનાં નેણાં રડી રડી ત્રાંબાવરણાં બન્યાં. પોતે બેઠો હતો તે છીપર (શિલા) પણ ભીંજાઈ ગઈ. ઓઢો રડે છે એ જાણતાં તો હોથલ પોતાને ભોંયરેથી દોડતી આવી; ને—આખરે તો એ સ્ત્રી ખરીને!— સંશય પડ્યો : અરે, વહાલા!

અમથી ઉત્તમ ગોરીયાં
ચડી તોજે ચિત્ત ચીણ!

તારા ચિત્તમાં શું મારાથી કોઈ વધુ ગોરી સજની ચડી બેઠી છે? શીદ રડે છે? આવડા મોટા આક્ષેપની સામે ઓઢો આકાર ભણે છે ને કબૂલ કરે છે કે, પદ્મણી!—

કનડે મોતી નીપજે, કચ્છમેં થીયેતા મઠ;
હોથલ જેડી પદમણી કચ્છમેં નેણે ન દઠ.

હું સમજું છું કે કચ્છ કંઈ સોરઠધરા સરખો પદ્મણીને નિપજાવનાર મુલક નથી. સોરઠના કનરામાં મોતી પાકે. ને, કચ્છમાં પાકે છે મઠના ભૂંડા દાણા. સોરઠ ભલે લકુંભજકુંભ

વનરાઈથી વિભૂષિત, ને કચ્છમાં ભલે 'બોરી, બુરી ને બાવરી' જેવાં કાંટાળાં વગડાઉ ઝાડવાં થતાં; પણ એક વસ્તુ એવી છે કે જેને માટે, હોથલ, આપણે કચ્છમાં જવું પડશે :

હોથલ હલો કચ્છડે,
જીતે માડુ સવાયા લખ.

હોથલ, હાલો કચ્છમાં—જ્યાં લાખેણા મર્દો પાકી શકે છે. હાલો એ રસકસહીણી ભોમમાં, કેમકે એનું પાણી પીવાથી—

વંકા કુંવર, વિકટ ભડ, વંકા થીયેતા વછ;
વંકા વછેરા ત થીયે, પાણી પીયે જે કચ્છ.

ગાયોના વાછડા, ઘોડીના વછેરા ને માનવીના કુંવરો, એ બધા કચ્છનું પાણી પીધે વંકા-બંકા બને. માટે, ઓ હોથલ, હાલો કચ્છમાં— કોઈ તુંથી ચડિયાતી ગોરીની શોધમાં નહિ, પણ આપણાં બે બાળકોને 'બંકા નર' બનાવવાની નેમથી !

ભૂમિપ્રેમનું કાવ્ય

એ દુહાઓનું ઝૂમખું દેશાભિમાનના સૂરો ઝીલે છે. સૌંદર્ય અને શૌર્ય વચ્ચે એ દુહાઓમાં તુલના થઈ રહેલ છે. માનવીની છાતી જ્યારે વતનને સારુ ફાટફાટ થાય ત્યારે એના હૃદયમાંથી કયા બોલ, કયું સંબોધન ઊઠે ?

લોકકવિતાએ એવો એક લાક્ષણિક બોલ ઓઢાના મોંમાં મૂક્યોઃ

એ રોલરિયો દેશ !

કનરાનું લોયરું સૂનું મૂકીને કુટુંબ કચ્છમાં ગયું. ઓઝો કાળ રહ્યું. બેટડા બંકા બન્યા, બન્નેએ મોટા સાવજને માર્યો, ને એને બિરદાવવા ભેળા થયેલા દાયરા વચ્ચે ઓઢાએ હોથલ

જોડે થયેલી શર્ત ઉથાપી હોથલનું નામ પ્રકટ કરી નાખ્યું. એકલી હોથલ પાછી કનરે આવીને રહી.

કનરા ડુંગરાને એ કથા એક રહસ્ય ચડાવે છે. હોથલ માનવી નહોતી, પદમણી હતી; મૂઈ નથી, હજુ જીવે છે. ને એના ગાયબ ભોંયરામાં હીંડોળાખાટ ચાલી રહી છે તેના અનાહત કિચૂડાટને સાંભળવા માટે હજુ ય માલધારીઓ ભોંયરે કાન માંડે છે.

મહિયાઓનો સત્યાગ્રહ

ને કનરો ડુંગર આવાં વીર–વીરાંગનાના પ્રેમનું, ચિર–વિજોગનું, હોથલના વાસના–દેહના ચિર–ભણકારનું જ ધામ નથી; કનરાના ખોળામાં સિંદૂરવરણી ચોરાસી ખાંભીઓ ચાર પંક્તિઓ રચીને ઊભી છે. એ ચોરાસી મહિયાઓની ખાંભીઓ છે. સંવત્સર ૧૯૩૯ના પોષ મહિનાની અજવાળી પાંચમને કાળે પરોઢિયે એ ચોરાસી જણાને હારબંધ બેસારી જૂનાગઢ રાજની ફોજે તેઓનાં માથાં વાઢયાં હતાં—તલવારથી નહિ, કુહાડા વતી.

ઘિંગાણું નહોતું થયું; વિશ્વાસઘાત અને દગલબાજી રમાયાં હતાં. જૂનાગઢ રાજની રક્ષા તેમ જ વિસ્તારને માટે પેઢાનપેઢીથી જાન કાઢી આપનારી મહિયા કોમ ઉપર રાજ્યે જતે દહાડે નવા લાગા નાખ્યા, જૂના કોલકરારો ઉથાપ્યા, ત્યારે મહિયા કોમના ઘરેઘરથી નીકળેલા નવસો પ્રતિનિધિ મરદો આ કનરા ડુંગર પર રિસામણે ચડેલા.

કેવું એ પ્રતિનિધિત્વ ? એક ઘરમાં કોઈ મોટી વયનો પુરુષ નહોતો. વિધવા માતાએ દસ વર્ષના બાળ-દીકરાને પ્રતિનિધિ

કરીને મોકલ્યો, ને નાના ભાઈની સંભાળ રાખવા બે બહેનો એની જોડે ગઈ.

આપણે આજે જેને 'અહિંસાત્મક સંગ્રામ' કહીએ છીએ ને, તેને તે દિવસોમાં મહિયાઓએ ભજવી બતાવ્યો. એનું નામ 'રિસામણું' અથવા 'બેઠું બહારવટું' રખાયું હતું. મહિયાઓના આગેવાને એક પણ હથિયાર સેળું રાખવાની રામદુવાઈ ફરમાવી હતી. નવસો મહિયા બહાદુરો મહિનો–સવા મહિનો આ કનરા પર ગાંઠનું ખીચડું ખાઈને પડયા રહ્યા, પણ આજુબાજુની સીમોમાંથી એક ડૂંડાનો યે બગાડ તેઓએ નહોતો કર્યો.

'કાલે રાજની વિષ્ટિ આવે છે' એવું કહીને મહિયાઓને ગાફેલ બનાવ્યા. પરોડિયાના અંધકારમાં એ નવસોની સૂતેલી મેદની પર સેના તૂટી પડી. એંશી જણા સામી છાતીએ ઊભા રહ્યા તેઓને કુહાડે કાપ્યા. કોઈએ ચૂં કે ચાં ન કર્યું.

અને પેલો દશ વર્ષનો બાલ–પ્રતિનિધિ પણ અડગ ઊભો. એના ઉપર કુહાડો પડ્યો. ભાઈને બચાવવા બે બહેનો આડી પડી: 'અમારા ભાઈને રે'વા દ્યો; એને સાટે અમને કાપી નાખો!' એમ રગરગતી એ પણ કતલ થઈ.

આજે એ બે બહેનોની પણ ખાંભીઓ ત્યાં ખડી છે. ચોરાસી પુરુષ–પાળિયાની વચ્ચે એ બે સ્ત્રીની ખાંભીઓ તેની ઉપર કોતરેલા બબ્બે ગોળાકારો પરથી પરખાય છે.

તીર્થધામ

આ કતલનો હાહાકાર બોલી ગયો. સરકારે રાજ પર કમિશન બેસારી, નવાબને પદભ્રષ્ટ કર્યા હતા, ને મહિયાઓને

કરમુક્ત બનાવી જૂનાગઢની હકૂમત નીચેથી એજન્સીની હકૂમતમાં ખેસવી નાખ્યા.

ચારણોનાં છૂટક છૂટક ત્રાગાં સિવાય સોરઠની ધરા પર એક હથિયારધારી શૂરવીર લડાયક જાતિના બેઠા બહારવટાનો આ કિસ્સો એક અને અનન્ય જ છે. મહાત્મા ગાંધીજીને માટે કનરો આજે તીર્થનું ધામ થવા લાયક છે. પણ મહાત્માજીને આ ઘટનાથી કોણ વાકેફ કરે? હજુ તો અરધા જ સૈકા પરની આ વાત છે. મારા 'બહારવટિયા' ભાગ ત્રીજામાં એનો સવિસ્તર ને શબ્દશઃ અહેવાલ પડ્યો છે.

કનરાને દીઠે એ બધું તાજું બન્યું હતું.

સોરઠી જુવાન

બીજું જોવાનું રહી ગયું. દોણ–ગઢડાનું વંકું ગીર–બિન્દુ. ત્યાં મારે પાંડવ-જુગના કહેવાતા દ્રોણેશ્વર મહાદેવને જોવા નહોતું જવું, પણ સામૈયા મહાદેવની મૂર્તિને તૂટતી અટકાવવા નીકળેલા એક મધ્યયુગી જુવાનનું લગ્ન-સ્થાન જોવા જવું હતું.

એ જુવાનનું નામ હમીરજી ગોહિલ. વાર્તા તો એની મશહૂર છે. સોમનાથ પર ત્રીજી વાર ઈસ્લામને ચઢી આવતો સોરઠે સાંભળ્યો, ત્યારે ગુજરાત-સૌરાષ્ટ્રના ક્ષત્રિયોનું એક પંખીડું ય ફફડ્યું નહિ.

"ધિક્કાર છે રાજપુતોને!" જુવાન હમીરજી, લાઠી પાસેના એક કાળના અરઠીલા ગામમાં, પોતાને ઘેરે બેઠો બેઠો ઊકળી ઊઠયો: "છતે રાજપુતે હિન્દવાણુનું નાક કપાશે?" મોટા બે ભાઈઓ પરદેશી સૂબાઓની ચાકરીમાં ગયા હતા. ભોજાઈ ઘેરે હતી. ભોજાઈએ બાળ દિયરને ટોંણો માર્યો:

“ તમે ય રાજપુત છો ને ? કાં નથી જતા ? ”

એવા મેંણાએ એ નમૂછિયા સોરઠી બાળને સોમનાથની દિશા પકડાવી. લડવૈયો બનીને નહિ, વ્રતધારી બનીને હમીરજી ચાલ્યો. જીવતા પાછા આવી શકાશે નહિ : મરવું જ છે : જીવતે કે મુવે, મસ્તક સોમૈયાજીને ચડાવવું છે : ભોળાઈ, તારી કૃપા, કે તેં મને સ્વધર્મ સુઝાડયો.

બાળ હમીરજી અવિવાહિત હતો. જગતની કશી વળગણ નહોતી. બેફિકર કલેજે ઘોડેસવારે ઘોડો હાંકયો. માર્ગે આ ઘાટી ગીર પડી હતી. તીરકામઠાંવાળા ભીલ લૂંટારાઓએ હમીરજીને ઘેરી લીધો. ભીલ સરદાર વેગડા સામે રજૂ કર્યો. કહે છે કે આ દ્રોણ–ગઢડાની નજીક જ ભીલપતિ વેગડાનું મથક હતું. અહીં એ ભીલ સરદારે વંકા કરડા જુવાનને નિહાળ્યો, સન્માન્યો, પોતાનો જમાઈ બનાવ્યો. છેલ્લે મૃત્યુની વાટે પણ જમાઈનો સુંદર સાથ કર્યો.

મૃત્યુની વાટે નીકળેલા હમીરને લગ્નની ઇચ્છા કેમ જન્મી ? રોટલા જમતાં જમતાં એણે પોતાને પીરસનાર ભીલ–કન્યાનું મોં દીઠું : મુગ્ધ થઈ ગયો— એ નારીના ચકચકતા નીરોગી કાળા રંગ ઉપર, ચહેરાની નમણાઈ ઉપર, ઘાટીલી દેહ–રચના ઉપર, દેહની મજબૂતી ઉપર.

પ્રથમ પ્રશ્ન તે સમયના પુરુષને હૃદયે આ હતો : કે વંશનો વેલો ચાલુ રહે, ને એ વંશમાં વીર પ્રજા પાકયા કરે. લગ્નના ધોરણનું પહેલું પગથિયું આ હતું.

હમીરજીને નિર્વંશતાનો સંભવ ખૂંચતો હતો. આંહીં પોતાની સન્મુખ બહાદુરોની જનેતા બને તેવી સ્ત્રી તૈયાર હતી. હમીરજીને પ્રેમનો પણ હૃદયમાં આજ પહેલી વાર

થનગનાટ જાગ્યો. પ્રેમદાત્રી સામે ખડી હતી. ભીલકુમારી મોહ પામી હતી— આવા આશાભર્યા જોબનજોધને મૃત્યુપંથે પળતો દેખી.

"પણ ઓ ભીલકુમારી ! એક જ રાતના ગૃહવાસને સારુ તારો તો સમસ્ત ભવ બગાડવોને મારે?"

ભીલપુત્રીએ જવાબ વાળ્યો હશે તો તે આવો જ હશે ને— કે "હે જુવાન, એક રાત્રીનો સાચો સંસાર હજારો ભંગાર જિંદગાનીઓ ન્યોછાવર કરવા જેવો નથી શું?"

રુધિર – મિશ્રણ

પણ જવા દો એ બધા પ્રણય-પ્રલાપોને. સોરઠી જુવાન એક રાત્રીને માટે પરણ્યો. ગંગાજળકુળ ગણાતા ગોહિલના બાલકે અનાર્ય મનાતી શિકારી કોમની બાલાનું પાણિ-ગ્રહણ કર્યું. એક રાત્રી—એક જ રાત્રીના એના દંપતી-સંસારને ક્યારે એક મિશ્રજાતિની વંશવેલ્ય ચડી; જેનું નામ ગોહિલ કોળી.

એવી મંગલ ઘટનાનું લીલાસ્થાન દોણ-ગઢડા મને પ્રિય છે— કલ્પનામાં પ્રિય લાગે છે. ને સોમનાથને પાદર સમર-ભૂમિમાં જ્યારે શત્રુની સમશેરે પડેલા મસ્તકને બે હાથમાં ઝીલી લઈ હમીરજીનું કબંધ (ધડ) સોમનાથની સન્મુખ અર્પણ કરતું ઊભું હશે, ત્યારે પેલી ચારણી ડોશીએ દૂર ઊભે ઊભે બાજુદા હમીરને મીઠા મીઠા મરશિયા સંભળાવ્યા હશે, તેની લાગટ ચિત્ર-પરંપરા મારાં કલ્પના-ચક્ષુઓ સામેથી કોઈ ઝડપી ચિત્રપટની માફક પસાર થઈ રહેલ છે :

વેલો આવ્યે વીર !
સખાતે સોમૈયા તણી;

હીલોળવા હમીર !
  ભાલાંની અણીએ ભીમાઉત !

પાટણ આવ્યાં પૂર
  ખળહળતાં ખાંડાં તણાં;
શીલે માહી શૂર,
  બે'સાસણ શો ભીમાઉત.

વેળ્ય તારી વીર,
  આવીને ઉવાંટી નહિ;
હાકમ તણી, હમીર,
  ભેખડ આડી, ભીમાઉત !

ઓ ભીમ લાઠિયાના પુત્ર ! તારા શૌર્યની ભરતી ચડી આવી, પણ તે પાછી ન વળી. દરિયાની ભરતીને તો પાછો ઓટ છે, પણ વીરનો શૌર્ય-જુવાળ ચડ્યો તે પાછો ન વળ્યો. કેમકે આડે હાકેમ કહેતાં મુસ્લિમ શત્રુની ફોજરૂપી ભેખડ બંધાઈ ગઈ હતી.

મૃત્યુનાં ગાન

આ મરશિયા સોરઠી જુવાને મરતે મરતે સાંભળ્યા. પોતાના જ મૃત્યુનું કીર્તિકાવ્ય પોતે સાંભળી લીધું. સાંભળવાના એને કોડ હતા. રસ્તામાં જ એ અભિલાષ એને જન્મ્યા હતા. બુઢ્ઢી ચારણીને એણે એક સંધ્યાએ રસ્તાના એક ગીરગામડામાં મોં ઢાંકી રડતી સાંભળી હતી. મરનાર પાછળના સોરઠી રુદનમાં પઠાણી રુદનની પેઠે જ કાવ્ય હતું, સાહિત્ય હતું, સ્નેહના કાતિલ આર્તનાદ હતા, રડનારના કંઠની કલા હતી.

એવું મીઠું રુદન-ગાન સાંભળતાં સોરઠી જુવાને બુઢ્ઢીને

આંગણે ઘોડો થંભાવ્યો, પૂછ્યું : " માડી, શું કરતાં'તાં ?" "બાપ, મારો જુવાન દીકરો મુવો છે એના મરશિયા ગાતી'તી." " મા, બહુ મીઠા મરશિયા; મારા ય ગાઓને ? ગાશો ? બહુ મીઠા." " અરે બાપ ! મરશિયા તો મુવાના હોય, જીવતાના— તું સરીખા બાળના તે મરશિયા હોય ?" " અરે મા, હું ય મરી ચૂક્યો છું. મરવા ચાલ્યો છું. શીશ સોમૈયાને અર્પણ કરીને નીકળ્યો છું. ગાવ, મા, ગાવ સુખેથી." " બાપ, જા, હું રણખેતરને કાંઠે ઊભી ઊભી તારું શીશ કપાવાની ઘડીએ સંભળાવીશ."

એ આ મરશિયા : એ લગ્ન : એ સ્નેહ : ને એ શોણિત-મિશ્રણના બનાવો : ગીરનાં જંગલો એ બધાં સ્મરણાં જગાડે છે. સોરઠની જુવાની કેવા કેવા મસ્ત તોર સેવતી તેના વિચારે ચડી જવાય છે. હૈયા ઉપર જમાનાઓના તડકા-છાંયા રમે છે.

✪

સોરઠને તીરે તીરે

પ્રવાસીઓને

'અમારે સૌરાષ્ટ્ર જોવો છે. શી રીતે જોઈએ ?'

'તમારી ચોપડીઓએ અમને સોરઠ દેશની મુસાફરી કરવાની તાલાવેલી લગાડી છે; અમે ક્યાં ક્યાં જઈએ તે સૂચવશો ?'

'તમે સંઘરેલાં લોકગીતો અમારે લોકોને મોંએ સાંભળવાં છે, રાસડા રમાતા જોવા છે, ચારણોની વાર્તાઓ માણવી છે, ગીર જોવી છે, સિંહો જોવા છે, માટે કોઈ ભોમિયો આપો, અથવા સાથે આવો !'

નિશાળો–કૉલેજોની લાંબી રજાઓ પડવાની થાય ત્યારે ત્યારે ઓળખીતા અને અણઓળખીતા કોઈ કોઈ તરફથી આવાં પુછાણ આવી પડે છે. પરંતુ એ બધાંની અંદર એક-બે શરતો મુકાયેલી હોય છે:

'આ બધું અમારે તા. ૧૦મીથી ૧૭ મી સુધીમાં જોઈ લેવું છે.'

'આ બધું જોવા માટે અમારી સાથે પંદર નાનાંમોટાં બાળકો, ત્રણ બહેનો ને સાત ભાઈઓ છે.'

જુદી જુદી નાજુક ખાસિયતોવાળા એવા માનવમેળાને સૌરાષ્ટ્રનાં સાહિત્ય, સંસ્કાર, પુરાતનતા વગેરે બધું જ એક-સામટું 'કન્ડેન્સ્ડ મિલ્ક'ના ડબ્બામાં ઠાંસેલું જોઈએ છે. દિવસેદિવસનો તેઓ કાર્યક્રમ માગે છે. એવું દર્શન કરાવવું અતિ કઠિન છે.

આવનારાંની ઉત્સુકતા સાચા હૃદયની હોય છે. અંતઃકરણમાં સોરઠ પ્રત્યે જિજ્ઞાસા જન્મી હોય છે, થોડું નિહાળીને પણ ઘણું પકડી લે તેવી દિલસોજ અને પૂજક આંખો હોય છે. પરંતુ તેમને વખત નથી, એટલે તેઓને તમામ રાંધેલી વાનીઓ મેજ પર અમુક કલાકને ટકોરે પીરસેલી જોઈએ છે. અક્કેક વેકેશનમાં ફક્ત એક ચોક્કસ ક્ષેત્ર જ નથી જોવું, બધું સામટું જોઈ કાઢવું છે.

—ને સૌરાષ્ટ્રની આગગાડીઓ હવે તો એ રીતનું રાંધણું રાંધી પીરસી દેવાને તૈયાર થઈ ગઈ છે. પંદર કે પચીસ પ્રવાસીઓનું ટોળું સડસડાટ પોરબંદર, વેરાવળ, નવાનગર અને ભાવનગર જેવાં બબ્બે સ્થળો અક્કેક દિવસમાં પતાવી, મુકરર તારીખે પાછું વળી શકે છે. પરંતુ આ પ્રવાસો કેવળ 'સાઈટ સીઈંગ'માં જ પરિણમે છે. સૌરાષ્ટ્ર જોઈ આવ્યાના ઉપલક સંતોષની નીચે તે બધાં ભાઈબહેનોનાં હૃદયમાં એક શૂન્યતાની લાગણી વહેતી હોય છે.

બીજી રીતે વિચારીએ તો આમાં પ્રવાસીઓનો દોષ પણ શો ? આજે જાણવા-જોવાનાં ક્ષેત્રો ખૂબ વધ્યાં છે. એકલો સોરઠ જોયેથી જ કંઈ ચાલે નહિ. જ્ઞાનની, દર્શનની, વિવિધતાની ભૂખ આજ ઊઘડી છે.

આ કારણે, જે માણસો અમુક ચોક્કસ ક્ષેત્ર લઈને તેની પાછળ બેસી ગયા હોય છે તેમનું જ એ કર્તવ્ય છે કે પોતાના ક્ષેત્રનું દર્શન પોતે કરી, લખી, એનો માનસિક સમાગમ સહુ લોકોને કરાવશે. એ કર્તવ્ય સમજીને હું પણ સોરઠના મારા નાનકડા પ્રવાસોનાં ચિત્રો દોરું છું.

માત્ર કુદરતના પ્રેમીજનો જે હશે તેને તો સોરઠની બહાર સ્થળે સ્થળે પ્રકૃતિ-સૌંદર્ય મળી રહેશે.

માત્ર લજ્જતથી ભટકવાને જ નીકળનારાઓ સારુ પણ આંહીં કશી અધિકતા નથી.

શિલ્પસ્થાપત્યકલાના પણ કોઈ અદ્‌ભુત અવશેષો આંહીં નથી પડયા.

માત્ર પુરાતનતાના આશકો–શોધકોને પણ બીજાં અનેક વધુ રસદાયક ખંડેરો જડી રહેશે.

સૌરાષ્ટ્રનાં સ્થાનોમાં જે રસ વહે છે તે તેની સાથે અંકિત થયેલા ઇતિહાસનો, લોકકથાઓનો, જાતિઓની જૂની તવારીખોનો અને ગીતકવિતાના સાહિત્યનો મિશ્ર રસ છે, એટલે કે દરેક સ્થળે બાઝેલા સોરઠી લોકસમૂહના સંસ્કાર–પોપડા આપણને ઉત્કંઠિત બનાવી શકે તો જ એનો રસ છે.

અમુક પહાડ, ખડક, દરિયાની ગાળી, ટાપુ અથવા મેલોઘેલો ખલાસી: એને દીઠેય મારા જેવાનો પ્રાણ થનગની ઊઠે, કેમકે મારી સ્મૃતિમાં સંઘરાયેલાં એનાં પુરાતન ઇતિહાસ–સ્મરણો તતખણ સળગવા લાગે છે. બીજાને એ જ સ્થળોનો કે માનવીઓનો કશો ય મહિમા ન લાગે.

એટલા સારુ જ મારા પ્રવાસનું વૃત્તાંત મારી અમુક ઊર્મિઓ થકી રંગાયેલું છે. આ ભૂમિને હું અમુક વિશિષ્ટ પ્રકારનાં સાહિત્ય, કુલાચાર, ખાસિયતો અને શરીરો નિપજાવનારી માનું છું. માટે જ નાની નાની વાતોમાંથી પણ હું એ સંસ્કારનું ઘડતર બતાવવા મથું છું.

સોરઠી ગીતકથાઓનાં જન્મસ્થાન કયાં છે? એ વાણીનો ગર્ભ ધરનારી ભોમ કઈ છે? એનો ઉત્તર કવિ સ્કોટ આપી ગયો છે—

'એ કવિતાનાં બેસણાં તો છે કોઈ એકલ ડુંગરાના ઘુમ્મસ-

ઘેરા શિખર ઉપર; ને એ સાહિત્યનો અવાજ તો ઊઠે છે પહાડી ઝરણાંના કલકલ ધ્વનિમાંથી. એનો સાચો આશક જે હોય તેણે કુંજનિકુંજોથી ભરપૂર રસાળ ભોમના કરતાં ઉજ્જડ ખડકને અધિક ચાહવો પડશે, અને રાજદરબારી રંગરાગનાં ભવનો કરતાં વિશેષ તો નિર્જન રણપ્રદેશની મોહબ્બત કેળવવી પડશે.'

સ્કૉટલૅન્ડની પુરાતન લોક-કવિતાને સમજવા મથનાર એક અંગ્રેજ અમીરપુત્રને એની સ્કૉટિશ પ્રેયસીએ કહેલું આ વચન સોરઠી કાવ્ય-ઈતિહાસને સમજવાની ખરી ચાવી આપે છે. સોરઠી ખલાસીઓ અને ગોવાળીઓનાં ગાન બાગબગીચામાં નથી રોપાયાં. એની ક્યારીઓ તો પડી છે ભયંકર ભેંસલા ખડકની ટોચે, નાંદીવેલાના નિર્જળ તપ્ત ભાલ ઉપર, ઉનાળે રોજ દફણ-પટ્ટણની રમતો રમતા રેતીના ડુંગરાઓની ગોદમાં.

દરેક પ્રદેશને પોતપોતાનો એક મુકરર આત્મા હોય છે. એની સંગાથે એકાકાર ન થઈ શકનાર પ્રવાસીને એ બધું નર્યા પથ્થરો, પાણી, ધૂળ અને ધૂળ થકી ય બદતર માનવ-માળખાંથી જ ભરેલું એક સ્થાન દેખાય.

પણ આત્મા પકડનારને માટે તો જરૂરનું છે કે દિવસોના દિવસો સુધી બસ ઝંખના જ એકઠી કર્યા કરવી : કારાગારમાંથી નાસનાર કેદીની પેઠે ઘરનાં સુખસગવડ અને કુટુંબ-મોહમાંથી નાસી છૂટવું : રેલગાડી જે છેલ્લા બિન્દુ સુધી લઈ જાય ત્યાંથી તો સાચી મુસાફરીનો આરંભ સમજવો. ટપાલના કાગળો જ્યાં નથી પહોંચતા, પાણી જ્યાં કોઈ ખારવાની કાટ મારી ગયેલ ગાગરમાંનું કચરે ભરેલું, પહેરણની ચાળ વડે ગાળીને પીવું પડે છે, સૂવાને સારુ જ્યાં એના મહિનાઓના વણનાહ્યા શરીર સાથે ઘસાઈ ને બિછાનું કરવું પડે છે, એના દારૂગાંજાની સોડમો જ્યાં શ્વાસેશ્વાસે પેટમાં ઉતારવી રહે છે, એના રોટલાથી જ

જ્યાં જઠર ભરવું પડે છે, ત્યાં ત્યાં, તેવી હાલતમાં અક્કેક અઠવાડિયું દટાઈ રહેવું પડે, એના કંઠનું સાહિત્ય કઢાવવા માટે એની જોડે કાલાઘેલા બનવું પડે, એનાં આંસુઓમાં આંસુ અને એના હાસ્યમાં હાસ્ય મેળવવા પડે તે પછી જ સાચા 'પ્રાણ' જડવા માંડે છે.

પ્રવાસનાં વર્ણનો, મેં પૂર્વે લખ્યું હતું તેમ, વ્યવસ્થિત ભૂગોળ નથી, કે સમાજ વા સાહિત્યનું વ્યવસ્થિત વિવેચન નથી. છતાં તે આ તમામ તત્ત્વોનો મનસ્વી સમુચ્ચય છે : ચિત્રકારની સુરેખ રંગપૂરણી જેવો નહિ, પણ સાંજસવારના આકાશમાં રેલાતી તીખી અને મીઠી અસ્તવ્યસ્ત રંગરેખાઓ સરીખો : અસ્તવ્યસ્ત અને તરંગી, એ જ એની પદ્ધતિ છે.

ઇતિહાસ, ભૂગોળ, સાહિત્ય, સમાજ, વગેરે આજે જુદાં જુદાં ચોગઠાંમાં ગોઠવીને શિખવાય છે. એ પદ્ધતિએ શીખનારાઓને પોતાના વતન પર ખરી મમતા નથી ચોંટતી. પ્રવાસ–વર્ણન એ સર્વનું એકીકરણ કરીને, તેમજ થોડા અંગત ઉદ્‌ગારોની પીંછી ફેરવીને ત્વરિત ગતિએ વાચકોને પોતાની પ્રવાસ-ભૂમિ પર પચરંગી મનોવિહાર કરાવે છે. પાઠ્ય–પુસ્તકોની એ ઊણપ પૂરવામાં આ યાત્રા–વર્ણન શાળાઓના જુવાન દોસ્તોને મદદગાર થાય એ એક ખાસ દૃષ્ટિ છે.

શ્રી:

ચાંચની ખાડીમાં

આગગાડી દરિયાકાંઠે ઉપાડી જઈ શકે તેટલા ઓછામાં ઓછા—એટલે કે અઢાર કલાકના ગાળામાં મન સાથે મહાસાગરની કડી પરોવવા હું મથી રહ્યો હતો. પ્રભાતે જ્યારે ગાડીના પાટા અટકીને ઊભા રહી ગયા ત્યારે પોર્ટ આલ્બર્ટ વિક્ટરના જુનવાણી બની ગયેલ બંદર ઉપર હું ઊભો હતો. મારી સામે લાંબી એક દરિયાપટ્ટી ખાડીને રૂપે પડી હતી. સામે કાંઠે 'ચાંચ' નામનો એક ધરતીનો ફાંટો ડાબા હાથ તરફની ભૂમિમાંથી લીર છૂટી પડી ગઈ હોય તે રીતે બે ગાઉની લંબાઈમાં પડયો હતો. જાણે કે ચીભડું ફસકાઈ પડયું હોય, ને એક ચીર આખા ફળમાંથી અળગી બની હોય એવું એ દશ્ય છે. મોટા દરિયાનાં પાણી એક ગાઉ દૂરથી ઠલવાઈને આ લાંબી નાળીમાં જ્યારે જુવાળ ચડાવે છે ત્યારે મહુવા, નવસારી, સૂરત અને મુંબઈ-મલબારનાં નાનાંમોટાં દેશી વહાણો અંદર ચાલ્યાં આવે છે. માતાના પેટ શી સલામત ખાડી તે જહાજોને સમથળ નીરમાં સેરવતી સેરવતી, શ્રી મહાદેવ દેસાઈએ એક વાર લખેલું તેમ, હીરના દોરામાં મોતીડાં પરોવતી પરોવતી જાણે કે ધરતી-ખોળે ઉઠાવી આવે છે.

દરિયા અને પૃથ્વીનાં આલિંગનોને દર પૂનમે અને અમાસે પોતાના હૈયા પર ઊજવતી આ ખારાની જમીનમાં શું શું દફનાયું છે? એક તો ત્રીસ વર્ષો ઉપર આંહીં મરણ પામેલ ભાવનગર રાજ્યના અંગ્રેજ ઇજનેર સીમ્સ સાહેબનું

કલેવર, ને બીજું એ બાહોશ ઈજનેરનું મહાન સ્વપ્ન. એ સ્વપ્ન હતું અહીં વિદેશી મોટી આગબોટો અડોઅડ ઊભીને માલ ચડાવે–ઉતારે તેવું તરતું બારું બાંધીને જબ્બર એક શહેર જમાવી દેવાનું. એ ખારાની જીવલેણ આબોહવામાં સીમ્સ એક બંગલી બાંધીને વર્ષો સુધી કોઈ તપસ્વી ધૂણીધરની પેઠે પડ્યો રહ્યો. બંદર બાંધ્યું, ખાડી સુધરાવી, રેલના પાટા પથરાવ્યા. આંતરરાષ્ટ્રીય વ્યાપારના એક ધીકતા બંદરની કલ્પના બાંધીને બે ગાઉના વિસ્તારમાં નગરની રૂપરેખા દોરી. એક દિવસ એ ખાડીને કિનારે એણે મોટી આગબોટ નાંગરાવી. અંદરથી એક અંગ્રેજને પરબાર્યો કિનારાના પ્લૅટફૉર્મ પર પગ મેલાવીને ઉતાર્યો ને એને હાથે બંદરનું ખાતમુરત કરાવ્યું.

એ અંગ્રેજ અતિથિનું નામ પ્રિન્સ આલ્બર્ટ વિક્ટર. ઈંગ્લંડના શહેનશાહ પંચમ જ્યોર્જના એ કાકા થાય. તેના નામનું આ પોર્ટ આલ્બર્ટ વિક્ટર.

પણ સીમ્સ સાહેબનું અકાલ મૃત્યુ થાય છે તે સાથે જ એના ભવ્ય સ્વપ્ન પર પડદો પડી જાય છે. એની કલ્પના-નગરી અત્યારે જાણે કે જમીનમાંથી ઊભી થતી થતી અવાચક થંભી ગઈ છે. સમયદેવે ભાવનગર બંદર પર પક્ષપાત વરસાવ્યો, અને સીમ્સ સાહેબની કાબેલિયતે તેમ જ દૂરંદેશીએ જેને આખા કાઠિયાવાડ–ગુજરાતની જોડે અનેક કરામતો વડે સાંકળી દીધું હોત ને છેક યુરોપના ઉંબરમાં મૂકી દીધું હોત, તે પોર્ટ આલ્બર્ટ વિક્ટર અત્યારે ફક્ત દેશી વહાણો પૂરતો જ, રાજુલાની ખાણોના ઘડેલા પથ્થરોનો તથા ચીરોડીનો કંગાળી વ્યાપાર જોતું, લોકવાણીમાં ફક્ત 'પોટ' અથવા 'મોટો' એવું જ મિતાક્ષરી ને અળખામણું નામ પામેલું ઊભું છે.

'તખ્તનગર' નામ આપવાનો સંકેત હતો; ને જો પ્રિન્સ છેલ્લી ઘડીએ પણ આવી પહોંચે તો 'પોર્ટ આલ્બર્ટ વિક્ટર' નામ પાડવું ઠર્યું હતું.

આ પથ્થર પર અમરત્વ અંકાવવાની માનવસહજ લોલુપતા! લોકો તો બાપડા 'પોર્ટ આલ્બર્ટ વિક્ટર'ને ય વીસર્યા, 'તખ્તનગર' નામ પણ લોકમુખને ન રુચ્યું ! ઓછામાં ઓછું થૂંક ઉરાડવા અને બને તેટલા ઓછા લોચા વાળવા ટેવાયેલી લોક-જીભ આજે ફક્ત 'પોટો' કે 'પોર્ટ' કહી પતાવે છે. એ જ જીભ પોરબંદરને 'પોર' કહે છે, બેટ શંખોદ્ધારને ફક્ત 'બેટ' નામે ઓળખે છે.

પણ હું તો ઘૂઘા પગીની ઉમ્મરનો અંદાજ કાઢી રહ્યો હતો: "ઘૂઘા પગી ! તમે મૂળથી જ નોકરી કરો છો કે દરિયાઇ ખેપો કરી છે ?"

"તયેં નઈ? મંબી ને મલબાર ને કાલકોટ(કાલીકટ)ની કેક ખેપું કરી છે મીંએ. આમ બસરા લગી જાઇ આવ્યો છું."

આ રીતે અનેક ગણતરીઓ ગણતા ઘૂઘા પગીની અવસ્થાનો અંદાજ એંશી પર જાય છે. પણ ઘૂઘો હજુ ૪૦-૪૫ વર્ષનો, તરવરિયો અને અથાક જુવાન દીસે છે. એણે કહ્યું કે "ઈ સામો કળાય છે ને, ઈ કંદેલિયામાં તો સીમ સાબે કેંક સંચા માંડેલા. દરિયાનાં આર-વીળ્ય (ભરતી-ઓટ), વાવડા, તોફાન, આભનાં લાખતર (નક્ષત્ર), વગેરે સંધીય બાબતુંના હિસાબ ન્યાં થાતા'તા. પછી તો સીમ સાબ મૂવા કેડે સંચા બધા ભાવનગર ભેળા કરી દીધા, ભાઇ !"

વિશાળ મહાસાગરથી ખાડી રાણીને અંતર્પટ કરી રહેલ આ 'ચાંચ' નામની ભૂશિર પાઘડીપને દોઢ-બે ગાઉ લાંબી

પડેલી છે. પક્ષીની લાંબી ચાંચના આકાર પરથી એનું નામ પડેલું છે. વિકટરની બાજુએ એનાં ખેતરવાડીઓ વાલોળની શિંગો અને રીંગણાંમૂળાનાં રસાળ મીઠાં શાકની સોડમો પાથરી રહેલ છે ગામનાં ખોરડાં તો ગોઠવાયાં છે મોટા દરિયાની સન્મુખે. દિવસરાત પોતાની ધોળી કેશવાળી ખંખેરીને કિનારાના ઊંચા ભેડા સાથે ઝીંકાઝીંક કરી રહેલ એ ભૂખરો દરિયો ખારવાનાં બચ્ચાંને મોતનો ભય ભુલાવે છે. કાળાન્તરે કાળાન્તરે એ ભૂશિરના કાંઠામાં મોજાંની કોદાળીઓ મારીમારીને થોડાં થોડાં જળબર ગાળડાં પટકનાર આ સિંધુ ખારવાનાં બાળને જાણે કાળ–હાલરડાં ગાઈ ગાઈ ઉંઘાડે છે. કોઈ કોઈ વસ્તીના ખોરડા ઉપર તો મેંગલોરી નળિયાં દીપી રહ્યાં છે.

ચાંચના ચોરાની પાસે કોડીબંધ પાળિયા ઊભા છે—જૂના તેમ જ નવા. "આ પાળિયા કોના ?"

"આ સાંઢ્યું માથે બેઠા એટલા રબારીયુંના; ને ઘોડે અસવાર એટલા અમારા કોળીયુંના."

"રબારીઓની વસ્તી આંહીં હતી ?"

"મોરૂકી હતી. ધરતી માથે જી વેળા બારવટિયાનાં ઘોડાં હાલતાં ને જંપવા ન દેતાં, ત્યારે રબારીઓએ માલ ઘોળીને આમાં આશરો લીધલ."

"પછી ?"

"પછી અમારા ખારવાઓએ આવીને રબારીનો વંશ કાઢયો. ધિંગાણાં થતાં તેમાં મૂઆ ઈની આ ખાંભીયું છે. અમે અટાણે કોળી, પણ અમારી શાખ છે મકવાણા, ગોહલ, બારિયા વગેરે રજપૂતોની. એટલે અમારી ય ખાંભીયું."

"પણ આ નવી ખાંભીઓ છે તે કોની ?"

કાળચક્રના આંટામાં ક્યાંયે કદાચ આ પોર્ટ આલ્બર્ટ વિક્ટરનાં તેજ તકદીર નિર્માયાં હશે તો તે દિવસ સીમ્સ સાહેબનો આત્મા જ્યાં હશે ત્યાં સાંત્વન પામશે. અત્યારે તો એ ધણીનો રોટલો હક્ક કરવા સારુ પોતાનો દેહ પાડનાર ખાનદાન અંગ્રેજને કાંઠાના લોક ખરા યાત્રિકોના ભાવથી યાદ કરે છે.

સીમ્સ સાહેબની સ્વપ્નસૃષ્ટિના બે અવશેષોને હું નહિ ભૂલું: એક તો ચાંચના છેલ્લા બિન્દુની નજીક ખાડીના મુખદ્વાર ઉપર એક ખડક પર ઊભેલ 'કંદેલિયો'; ને બીજો બંદર પરનો પગી ધૂધો ખલાસી. એ 'કંદેલિયો' એટલે સીમ્સ સાહેબે ચણેલી અડીખમ 'ઓબ્ઝરવેટરી'.

"ધૂધા પગી, તમને કેટલાં વર્ષ થયાં?"

"ઈણી સુંણે શી ખબર્ય, સા'બ? સુંણે કીં યે ઈયાદ નથી." એ ૪૦ વર્ષના દેખાતા હસતા માણસે જવાબ દીધો.

"ધૂધા પગી, વીજળી આગબોટ ડૂબી ગઈ એ તમને યાદ છે?"

"ઈ તો સાઈબ, હજી કાલુની જ વાત; ઈ તો સંધું ય મારી સાંભરણમાં. વીજરીની તો ઈ અગિયારમી–બારમી ખેપ હતી. ઈનો કપ્તાન હતો મશલમાન. ઈણું એકેય મડદું ય ક્યાંઈ ન જડયું, એકેય લૂગડું–ચીંથરું ય કાંઠે ન નીસર્યું, કારણ કે ઈણે તોફાનની વેરાએ તમામ ઉતારૂને ભંડકમાં ભેરાં કરી દઈ ભંડક બાર્યથી બંધ કરી દીધું'તું ઈમ બોલાય છે. આગબુટ ઈમ ને ઈમ તરિયે જઈ બેઠી. ઈ તો હજી હમણાંની વાત."

સાચું, વીજળીનો કપ્તાન બિચારો ફકીરમહમ્મદ: પહેલો જ દેશી કપ્તાન: એટલે જ એને આગબોટ પાછી વાળવામાં નામોશી લાગી: એણે શું વિચાર્યું?

ભાગ્યું રે તો મારી બોમકા લાજે,
અલ્લા માથે ઇમાન : કાસમ તારી વીજળી !
વીજળી રે મધદરિયે વેરણ થઇ.

એ રાસડો મને યાદ આવ્યો.

'ત્યારે હેં ઘૂઘા પગી, સીમ્સ સાહેબે આ બંદર બાંધ્યું તે તમને યાદ કે ?"

"ઇયાદ કીમ નઈ, સાબ ! હું સીમ સાબની ભેરો જ હુતો ને !"

"કેવી રીતે બંદર ખુલ્લું મૂકેલું, હેં ઘૂઘા પગી ?"

"ઇમ થ્યુ'તું, કે સીમ સાબે સંધુંય તીયાર ટપ્પે કરીને પછે ઠેઠ બંદરથી તે ગામ લગેં એ ગાઉમાં તંબૂ ખેંછાવી રાખેલા. તંબૂની હેઠથી રેલવાઇના પાટા. પછેં તખતસંગ મા'રાજ આવ્યા. સીમ સાબે બે મોટી શલ્યા ઘડાવી રાખી'તી. એક તખતસંગ મા'રાજના નામની ને બીજી ગોરાના નામની. રાતે તખતસંગ મા'રાજના નામની શલ્યા અદ્ધર ટાંગી મેલી'તી. સવારે તો પાયો નાખવાનો હતો. ઇમાં સવારેં એકદમ સીમ સાબ કે' કે પાણો બદલી નાખો. મા'રાજના નામનો પાણો ઝટ ઝટ છોડી નાખ્યો, ને ગોરાના નામનો પાણો બાંધી વાર્યો. તાં તો મોટી આગબુટ ખાડીમાં ધુંવાડા કાઢતી હાલી આવે છે. માંઈથી ગોરો કનારે ઊતરે છે. તંબૂમાં જાય છે. થોડી વાર થઈ તાં તો તંબૂમાં તાળિયું પડી, ને જાહેર થયું કે બંદર પાસ ! પછેં ગોરાએ દોરીએ હાથ દીધો, એટલે ખરરર ખટ ગરેડીમાંલો પાણો ખાડામાં ઊતરી ગ્યો. આમ હકીકત બણી'તી સાબ."

મને સમજાવવામાં આવ્યું કે પ્રથમ પ્રિન્સ આલ્બર્ટ વિક્ટરનું પાયો રોપવા આવવાનું નક્કી નહોતું, એટલે એમને અભાવે મહારાજ તખ્તસિંહને હાથે પાયો રોપાવી શહેરને

"ખાંભી તમામ કાંઈ ધિંગાણે મૂએલાંની જ નથી હોતી. દરિયે બૂડીને મરે, ગળે ફાંસો ખાય, એરૂ આભડવાથી મરે— મતલબ કે અસદ્‌ગતિએ જાય એની સૌની ખાંભી ખોડાય."

આ સ્થળોમાં વહાણવટીઓની તમામ ખાંભીઓ ઘોડેસવાર-ના સ્વાંગમાં દીઠી. ત્યારે બેટશંખોદ્ધાર કનેના બરાબર આવા જ પુરાતન સ્થાન આરંભડાને પાદર મેં પાંચ વર્ષો પૂર્વે ખુદ વહાણની જ ખાંભી દેખી હતી. પાળિયામાં વહાણનું ચિત્ર કંડાર્યું હતું.

"તમારું વહાણવટું કેમ ચાલે છે?"

"હવે તમામ ભાંગી ગયું. જૂના વખતમાં આ મોટે દરિયે ચોરીના માલનાં વા'ણ ઊભાં રહેતાં, અમને ઝંડી ફરકા-વીને જાણ કરતા, એટલે અમારા વડવા આંહીંથી મછવા લઈ ત્યાં જઈ પોગતા; અને સસ્તે ભાવે બધો માલ લઈ આવી પછે આસપાસ ગામડાંમાં વેચતા."

"તમારા વડવા આંહીં નીકળતાં વહાણોને લૂંટતા નહિ?"

"ના રે ના!" દોંગાઈભર્યો જવાબ મળે છે. "પણ અમે ચોરાઉ માલ રાખવાનો ધંધો કરતા એટલે રાજમાંથી સત્તા-વાળાઓએ આવીને અમારાં વા'ણોને સળગાવી દીધાં. અમારું વા'ણ બાંધવાનુંય બંધ થયું."

"ત્યારે 'ચાંચિયા' નામ આ ચાંચ પરથી જ પડ્યું હશે ને? આંહીં તો ધમધોકાર ચોરીલૂંટ ચાલતાં હશે જૂના કાળમાં, અરુંને?"

દરિયાઈ લૂંટારા તરીકે નિંદાઈને નાશ પામેલી આ કોમમાં અગાઉ કેવા સાહસ-ઘરાતન ખેડનાર સાગરના સાવજો પાક્યા હશે તેનો ઇતિહાસ જ 'અમે ચોરલૂંટારા!' એ

મનોદશાની હેઠળ દબાઈ ગયો છે. એની પુરાતન વીરતા ઉપર અત્યારે એક એવી બેઆબરૂનો પોપડો ચડી ગયો છે કે કોઈ અવશેષ જ હાથ આવવો કઠિન થઈ પડે છે. ચાંચવાળા વહાણવટીઓ ઘણાખરા ખેડમાં- લાગ્યા, કેટલાક ભાવનગર-જાફરાબાદ મજૂરીએ ચડયા, ને થોડાક જુવાનો પારકાં વહાણો પર ચડીને ખેપો કરે છે.

"ચાંચની શીતળાનું નામ તમે નહિ સાંભળ્યું હોય?"

"ના, શીતળા કોણ?"

"વરવો નામે આંહીંનો ખારવો હતો. જબરો દરિયાઈ ચોર હતો. એનું નામ જ 'શીતળા માતા' પડેલું, કેમકે આ દરિયેથી જે કાંઇ માલ ભરીને વા'ણ નીકળે, તે તમામ જાતના માલમાંથી એનું દાણ ચૂકવવું પડે. આખરે એક દિવસ જાફરાબાદની સીદી સરકારની જાલી-બોટમાં વરવો ઝલાઈ ગયો. એને હાથે કડી પે'રાવી હતી. એમાં વરવો રાતે ઠેકીને ભાગ્યો. જાફરાબાદથી આંહીં લગીનો પાંચ ગાઉ દરિયો બાંધેલ હાથે તરીને આવી પોગ્યો."

મને થયું: આવી તાકાતને નવી મર્દાઈને માર્ગે ચડાવનાર કોઈ ન મળે?

"આ અમારો પુરાતન રૂખડો. ત્રણ મહિના ઉપર વાવડો થયો તેમાં આ પડી ગયો."

જડમૂળથી ઊખડી પડીને જમીનદોસ્ત થયેલ એ જાજરમાન વૃક્ષદૈત્યની સામે હું જોઈ રહ્યો. એના થડના પોલાણમાં આખું ગાડું ચાલ્યું જાય, તે પરથી એ ઝાડનું પરિમાણ કલ્પી શકાશે. એને વડવાઈઓ નથી. ઝીણાં ઝીણાં પાન છે. પણ વનસ્પતિના કોઈ દૂંદા રાક્ષસ જેવું જ એનું કદ અને સ્વરૂપ દીઠું.

"આ રૂખડાની ડાળે ડાળે તો, ભાઈ, દર અખાત્રીજે કૈંક હીંચકા બંધાતા, કાયમ આંહીં નાનાં-મોટાં છોકરાં રમતાં; પણ જ્યારે એ પડ્યો ત્યારે પાસે કોઈ જ નહોતું. એ જાણે કે લાગ દેખીને પડી ગયો, કોઈને ઈજા કરી નહિ."

ચાંચનો એ 'રૂખડો' નામે પંકાયેલ વૃક્ષદૈત્ય લગભગ જાત્રાનું ધામ બની ગયો હતો. એની સાથે પણ કોઈકે દેવ-દેવીને ગોઠવી દઈ 'ધરમ'ની દુકાન માંડવાની વેળા થઈ ગયેલી. બાપડો હશે કોઈક સંસ્કારી જીવ, કે વખતસર એણે સોડ તાણી લીધી.

કેટલો બુજરગ હશે એ રૂખડો ? કોઈ ન કહી શકે. એ જ જાતનાં જાજરમાન બે ઝાડ મહુવાના સમુદ્રતીરે દીઠાં. જાણકાર કહે છે કે, ભાઇ, આ ઝાડનાં મૂળ આંહીંનાં નથી; આફ્રિકાને કાંઠેથી આપણા અસલી વહાણવટીઓએ જ એ રોપા આણીને આ ધરતીમાં ચોંપ્યા હશે. અથવા તો આફ્રિકા અને એશિયા બેઉ ખંડો તૂટીને કટકા નહિ થઈ ગયા હોય, એક જ હશે, તે વખતની આ કંડાળી વનસ્પતિ હશે.

તદ્દન કુદરતી રીતે જ જર્જરિત થયેલાં એનાં મૂળિયાં કેટલા કાળાન્તરે આજ આટલી આસાનીથી ઊખડી પડ્યાં હશે ! કોઈ વનસ્પતિનો અભ્યાસી હોત તો કહી શકત. ચાંચનો 'રૂખડો' જતાં હજારો વર્ષનો એક ઇતિહાસ-લેખ ભુંસાયો છે. સૌરાષ્ટ્ર દેશની કૈં કૈં તવારીખોનો એ મૂંગો સાક્ષી હશે. સોરઠના રત્નજડિત સાગરતીરની શતકોજૂની ચડતી-પડતી એ રૂખડાએ નીરખેલી હશે. કોઈ નામાંકિત મ્યૂઝિયમમાં મૂકવા લાયક એ વૃક્ષદેહ-મમ્મી છે. એનાં પડેપડ કોઈ વેદના પુસ્તકની માફક ઉકેલાવવાં જોઈએ. પણ એ ભાવા ઉકેલનાર જયકૃષ્ણ ઇંદ્રજી હવે નથી.

. આવા કોઈક કોઈક રૂખડા, સ્વાદિષ્ટ વાલના મહેકતો છોડવા, દુષ્કાળમાં ગરીબોને ધાન્યને અભાવે ટકાવ આપનાર શેવાળિયાની ભાજી, અને ખાડીને કિનારે અર્ધ પાણીમાં ઉગેલ તમ્મરિયાંનાં ઝાડવાં: એટલી આહીંથી છેક તળાજા સુધીની કંઠાળ વનસ્પતિ. તમ્મરિયાંનાં ઝાડ તો ભેંસોને માટે ખોળ-કપાસિયાની ગરજ સારે એવું રસાળ ખાણ છે તે આજે જ જાણ્યું. ભાવનગરમાં તો કહે છે કે એનાં ગાડાં ને ગાડાં વેચાય છે. દૂધાળાં ઢોરને એ ભાવવાનું કારણ એની ખારાશ છે. દરિયાનાં પાણીમાં જ એ ઊગે છે ને ઊઝરે છે.

"અને પટેલ, તમારે દરિયાનાં જીવ કયાં કયાં ખવાય?"

પટેલ શરમાઇ ગયા. "ભાઈસાબ, તમ સરીખાં ઊંચ વરણુની અદબ અમુંથી ન છોડાય."

"પણ એમાં અદબ છોડવાનું શું છે? એ તો તમારો કુદરતી આહાર છે. અમે કયાં તમારાં ઘરમાં દાણા પૂરી દઈએ છીએ કે એ આહાર લેવાની તમને ના પાડીએ?"

"ભાઈસાબ, તમને સૂગ ચડે."

"સૂગ શા સારુ ચડે? ફક્ત નામ સાંભળવામાં ય સૂગ?"

"તયેં જુવો ભાઈ, શેળવો ખવાય, શીંગાળું (જેને માથે કાંટો હોય તે) ખવાય, શેરૂં (જેનાં ગલોફામાં મૂછો હોય), ઢાંગર મગર (જેને દાંત હોય), પળશો, ગોમલ્યો (વાંકા દાંતવાળો), વરટો (જેના પૂછડાની લાંબી સોટી થાય), કળશ (એરૂ જેવો), પાંભડી (ધોળી), કરચલો, પામેડી, લેપટા, સૂંઢિયું (વાંકું), જીંગો (વાંભ વાંભની મૂછોવાળો), કાગડી, કુંકરો, (સૂપડા જેવો), કાળી મચ્છી (થાળી જેવી, પૂછડી વિનાની), એવાં એવાં ખવાય.

"મલાર માછલી, મગરમચ્છ; કલ્લો અને હળેંડું નામે સરપની જાત, ફોરી અને સીંકુ, જરીડા, એવાં એવાં ન ખાઈએ. જાફરાબાદને દરિયે અટાણે માછીમારોનું એક મોટું પડું વસી ગયું છે. મછવા ભરી ભરીને માછલાં ત્યાં લાવે છે. પછી તમામ જીવના નોખા ઢગલા પાડીને સૂકવણી કરે છે. એના કોથળા ભરી ભરીને એ મુસલમાન શેઠીઆ દેશાવર મોકલશે. ન ખવાય તે નોખાં રે'શે. અમારા ઘણા જણ ત્યાં ગએલ છે."

"એને શું રોજી મળે છે?"

"રોકડ નહિ, પણ માછલાં જ આપે છે વેપારીએ."

"ન ખવાય તેવા જીવનો બીજો કંઈ ઉપયોગ ખરો?"

"તયેં નઈ? ભારી ખપ લાગે. જુઓ, આ પાણીમાં મોટી માછલી ડૂબકી ખાતી ખાતી જાય છે ને, તે મલાર માછલી. એનું આખું શરીર જ તેલનું બનેલું. અમે તો નહિ, પણ મુસલમાન માછીઓ એ મલારને ડબામાં પેક કરીને રાખી મૂકે. થોડે દા'ડે એનું નરદમ તેલ બની જાય. પછી એમાં કાળો કે લાલ રંગ ઘૂંટીને એનાથી વા'ણને ચોપડ કરે. ભારી પાકો રોગાન ચડે છે વા'ણને એનો."

અંતમાં એ ચાંચવાસી ઘુઘાભાઈએ એક જ વાક્યમાં સમેટી લીધું: "જોવો ભાઈ, જેટજેટલી ચીજવસ્તુ જમીન માથે છે, એટલી જ રકમ માતર આ રતનાગર સાગરમાં ય ભરી છે. અમને દરિયોલાલ સંધુંય આપી રે' છે."

"કહો ત્યારે, તમારી દરિયાઈ દુનિયામાં જળઘોડા હોય છે એ વાત સાચી?"

"કેવા જળઘોડા?"

"એની એક લોકકથા મારી કને આવી છે તે હું કહું:

બોલાય છે કે કચ્છના કોઈ ગામમાં એક નાથબાવાને ઘેર બે તાજણ ઘોડીઓ હતી. એક સાલ મે થતો નથી: ખડ ક્યાંય જડે નહિ: જાતવંત ઘોડીઓ ઠાણમાં બાંધી બાંધી ભૂખે મરે. હવે બાવાને ઘેર એક ચારણ છોકરો ઘોડી ચારવા રહે. એણે કહ્યું 'બાપુ, આ દરિયાને કાંઠે ડાભડી ઊભી છે એ પંદરેક દિવસ ચારવા દિયો, ત્યાં મે થાશે.' બાવાજી કહ્યું, 'ભલે, ચાર દરિયા કાંઠે; પણ જોજે હો, કોઈ ટારડો પોગી જાય નહિ.' (અર્થાત આ ઊંચી જાતની ઘોડીઓને કોઈ હલકા ઘોડાથી ગર્ભ ન રહી જાય.) છોકરો કહે કે 'હું બરાબર ધ્યાન રાખીશ.' પછી તો છોકરો દરિયાકાંઠે બેઠો બેઠો ઘોડીઓને ચારે. એમાં એક દિવસ એક તાજણે ઠાણ કર્યું. એ ઠાણની ધાણ્ય દરિયાઈ ઘોડાને ગઈ. દરિયામાંથી ઘોડો નીકળ્યો, ઘોડી આગળ ગયો, બે ઘડી આળાં-પતાળાં કરીને માથે પડયો, પડીને પાછો ચાલ્યો ગયો દરિયામાં. છોકરો તો જોઈને દંગ થઈ ગયો. પછી તો મે થયો. ઘોડીઓ ઘેર બંધાઈ ગઈ. પાંચ-સાત મહિના થયા ત્યાં તાજણે પેટ મૂક્યું. જોતાં જ બાવાજીને ફાળ પડી: 'એલા ભૂંડું થયું. ઘોડી સભર થઈ.' છોકરો તે દિવસની બીના છુપાવી રહ્યો હતો, તેણે કહ્યું 'ના ના બાપુ, એ તો ખડનું પેટ વધ્યું છે.' પણ બાર માહને ઘોડીએ ઠાણ દીધું. વછેરી આવી. પણ શી એ વછેરીની રૂડપ! કિરતારે હાથ ધોઈ નાખેલ હોય; એવું ચિત્રામણ: અને ઘોડીને પાણી પાવા કે ધમારવા તળાવે લઈ જાય ત્યારે વછેરી ભર્યાં તળાવ ઉપર છબ છબ છબ હાલે. છોકરો મનમાં ને મનમાં બોલે: વાહ માતાજી! પણ પછી તો વછેરી મોટી થઈ એટલે પરગંધીલી થઈ ગઈ. છોકરા વિના બીજા કોઈને પડખે ઢૂકવા ન આપે. એક દિવસ ભુજના મહારાવનું માગું આવ્યું. ત્યારે ફાળ પડી. ચડયો વછેરી ઉપર. બાવાજીને કહે કે 'બાપુ, જાઉં

છું—પણ ભુજ નહિ હો! પગ કચરીને મોટી મેં કરી છે ને શું સવારી કરશે ભુજનો રાવ?' એમ કહેતોકને ગયો. કચ્છને કાંઠે જઈને નાખી વછેરીને દરિયાની ખાડીમાં. બાર ગાઉની ખાડી તરીને વછેરી કાઠિયાવાડને કાંઠે નીકળી ગઈ. સીસાંગ ગામનો ગરાસિયો હાલોજી ઘોડીઓ ફેરવે ત્યાં જઈને ચડાઉ કરાવી. પછી પોતે ને હાલોજી બેય લૂંટફાટ કરવા ભેળા જાય. વચ્ચે પાણીનાં નવાણ ઊતરવાનાં આવે ત્યારે પોતે સહુની નજર ચુકાવીને વછેરીને ઉતારી લ્યે. એમાં એક વાર બેય જણાએ કુંડલાની નદીમાંથી ધોણય લૂંટી, ભાગ્યા. વચ્ચે શેત્રુંજી પડી છે, પાણી આવી ગયું છે. છોકરો કહે, હાલાજી, નાખો ઘોડી. હાલાજી કહે, તું નાખ પહેલી. હાલોજી ગોથાં ખાતો રહ્યો ને છોકરો વછેરીને વહેણ ઉપરથી કાઢી ગયો. હાલોજીની આંખો ફાટી રહી: વાય, ઘોડી વાય! છોકરો કહે કે, હાલાજી, આ લ્યો આ ઘોડી, કારણ કે એ સારુ તમે મને ક્યાંઇક કોઈક દી દગો કરીને મારશો.

"આમ વાત ચાલે છે એ તાજણની વછેરીની. દરિયાપીરના ઘોડાથી પાકી, એટલે એનું નામ પીરાણી તાજણ પડ્યું. એના વંશની ઘોડીઓને ઠાણમાં રોજ સાંજે દીવા ને લોબાન કરવામાં આવતા. આ લોકવાયકા ઉપરથી હું પૂછું છું કે એવા દરિયાઈ ઘોડા તમારા દીઠામાં આવેલ છે ક્યાંય?"

"જળઘોડલાની તો સરત નથી, પણ જળમાણસડાં દીઠાં છે મલબારને દરિયે. બે હાથ. બે પગ. હાથપગના પોંચા અને આંગળીયું, કાળો વાન, વાંદરા જેવું મોં, ટૂંકું વગેરે તમામ રીતે આકાર વાંદરાને જ મળતો. પાણીનાં જ જીવ. પણ કાંઠે નીકળીને નાળિયેરીનાં ઊંચાં ઝાડ પર ચડી બરાબર વાંદરાની માફક જ બેસે. માણસનો સંચાર થતાં જ પાણીમાં પેસી જાય.

અમારાં વહાણને પડખે હોડકાં તરતાં મૂકીએ તો તે પર પણ આવીને બેસે. પાછાં જળમાં ચાલ્યા જાય. બધી જ ચેષ્ટા માણસ જેવી કરે. ”

“ આપણા કાંઠાના દરિયામાં મોટા મગરમચ્છ ખરા કે ? ”

‘ ના ભાઈ, આંહીં નથી ભાળવામાં આવતા. મલબાર-કાંઠે બહુ છે. અમારાં નાનકડાં વહાણની પડખે આવીને અથડાય ત્યારે એવી તો લે' લાગે કે કદીક જરૂર પહોંચાડશે. ભારી વિકરાળ. એ તો ભાઈ, બજરંગનો અવતાર છે ખરો ના ? એટલે અમે એના માથે મીઠું તેલ ચડાવીએ, અડદના દાણા છાંટીએ ને હાથ જોડી કહીએ કે, હે હડમાનજી ! ખમા કરો. અમારાં રખવાળાં કરો. આટલું કહેતાં જ મગરમચ્છ વહાણને છોડી ચાલ્યા જાય છે. ”

❧

ચેલૈયાની જન્મભોમ

નાકનું ટેરવું ફુલાવીને આ લોકોના વહેમોને તિરસ્કાર દેવા હું ગયો નહોતો. ઉપદેશ કરવાનું કર્તવ્ય પણ મેં નહોતું ધારણ કર્યું. એટલે આવી આવી વાતો તરફ હું એક સ્વપ્નસ્થ, ઘેનઘેરી નજરે કાન માંડી રહ્યો.

એ સ્મરણને તો હું આખા પ્રવાસમાં મારે હૈયે સાચવી રહ્યો હતો. કેમકે ધીરોદાત્ત મર્દાઈને હિસાબે જેનો જગતમાં જોટો નથી એવી આ ખારવા જાતિનું નિરીક્ષણ મને પગલે પગલે તેઓની જુદેરી અધ્યાત્મ-દુનિયાના પ્રદેશો દેખાડી રહ્યું હતું, ને હું તો એક સંશોધક તરીકે તેઓના જીવનમાં પડેલી એ પુરાતન લોકવિદ્યાના પોપડા નિહાળવા નીકળ્યો હતો. પૃથ્વીનાં પડોને ખોદનાર સંશોધકોને તેઓના રોજના અનુભવની વાત છે, કે હજારો વર્ષોની અણીશુદ્ધ દટાયેલી પડેલ કોઈ મિસરી મમ્મીને અથવા તો મોહેં-જો-દારોનાં ખંડિયેરમાંથી નીકળતા જૂના લેખોને જરી ફૂંક લાગતાં જ એનું સ્વરૂપ છેકાઈ જાય છે. લગાર તડકો કે પ્રકાશ પણ એને ધૂળ કરી નાખે છે. એટલે મારા જેવાને તો તેઓનાં આ જીવનતત્ત્વો પર તર્ક વા પાંડિત્યની,. નવયુગના સુધારાની ફૂંક મારવાનો, અજવાળું નાખવાનો જરીકે લોભ નહોતો. હું ગયેલો ખંડેરો ખોદવા, જેવું છે તેવું લોક-વિદ્યાનું તત્ત્વ પકડવા.

"હેં વશરામભાઈ," રૂપારેલ નામના વહાણના વશરામ ટંડેલને હું પ્રશ્ન કરું છું: (રૂપારેલ, રત્નાકર, લક્ષ્મીપ્રસાદ,

જબરજસ્ત—એવાં એવાં વહાણોનાં નામ હોય છે.) "વશરામભાઈ, તમે વહાણ લઈને ઘેરથી મુસાફરીએ ઊપડો ત્યારે કેવી રીતે દરિયાનું આરાધન કરો ?"

"દરિયામાં નાળિયેર ને ફૂલ ચડાવીએ. દરિયો મીઠો કરીએ, એટલે કે દરિયાનાં પાણીની અંજલિ ભરીને પીએં ને સલામ કરીએ દરિયાલાલને. વહાણની મોરી ઉપર લોબાનનો ધૂપ કરીએં ને કહીએં કે હે સવાઈ દુલા ! અમને મીઠો મીઠો સાજો વાવડો દેજે ! બીજું તો અમે અભણ અજ્ઞાની લોકો શું સમજીએં ?"

"તમે કોઈ બ્રાહ્મણને ન બોલાવો ?"

"ના, અમે નહિ પણ અમારા વેપારી લોક, જે આ વહાણોના ધણી હોય, તેઓ બળેવને દિવસે, જુઓ આ ઠેકાણે, કંઈક સ્થાપના કરાવીને બ્રાહ્મણો પાસે પૂજા ભણાવે."

એમ કહીને વશરામભાઈએ મને એના 'રૂપારેલ'ની અંદર એક ઠેકાણે સિંદૂરનાં દોરેલાં ત્રિશૂળ વગેરે છાંટણાં દેખાડ્યાં.

"એ સવાઈ દુલા કોણ છે ?"

"આ આપણી કંઠાળના દરિયાના એ દરિયાપીર છે. એની દરગા શિયાળબેટમાં છે, ત્યાં જઈને તમે વધારે વાતો જાણશો."

બીજે દિવસે પ્રભાતે જ્યારે 'આર' હતા, એટલે કે ભરતી ઊતરીને ઓટ ચાલુ થયો હતો, તે વેળા ખાડીમાંથી પાછાં મોટે દરિયે વળી જતા અલોલ પાણીએ મારા મછવાને, કેમ જાણે એ કાગળનું બનાવેલ હોડકું હોય તેટલે હળવે હાથે, શિયાળબેટ તરફ સરકાવ્યો.

"ઓદ્યો....કળાય તે બેંસલો !" ખલાસીએ ચાંચ અને

શિયાળબેટના વચગાળામાં પડેલા એક કાળા ભેંસા–આકારના ખડક તરફ આંગળી ચીંધીને કહ્યું. એના રંગ અને ઘાટ પરથી તેમ જ પાણીમાં એ એકલ પડેલ છે તે પરથી મસ્તાન કોઈ મહિષાસુર પાડો કલ્પીને લોકોએ એ ખડકને 'ભેંસલો' એવું પૂરેપૂરું સૂચક નામ આપ્યું છે.

"કેટલીક જમીન છે એની ?"

"બેક વીઘા."

"કોઈ રહે છે ? ખેડ કરે છે ?"

"કોઈ માનવી રહેતું નથી. માથે અણુ પીરનું થાનક છે. એની માનતા કરવા માટે ખારવાઓ કોઈ કોઈ વાર જાય છે, ને ત્યાં પડેલાં ઠામડાંમાં લાપસી કે ચોખાની દેગ રાંધે છે, પણ રાત ત્યાં કોઈથી રે'વાતું નથી. ઉપાડીને ફેંકી દિયે છે. બાકી તો ત્યાં આખી જમીન ઉપર પંખીડાંનાં ઈંડાં પડ્યાં હોય છે. મૂળ એ ભાવનગર તાબે હતો. પણ જાફરાબાદના સીદી રાજાએ સરકારમાં લડીને ભેંસલાને પોતાના કબજાનો ઠરાવેલ છે."

પાણીમાં મસ્તાન પડેલા એ ભેંસલાભાઈની એકલતામાં ભંગ પાડવાની મને ઇચ્છા નહોતી, તેમ અણુ પીર કાંઈ દિવસવેળાએ મને ફગાવી દેવા નિમિત્તે પણ મુલાકાત દે તેમ નહોતા એટલે શિયાળબેટમાં જ રઝળવાનું વધારે ગમ્યું.

એક વેળાની માતબર નગરીનું આ ખંડેર. જ્યાં ખોદો ત્યાં પાકા પથ્થરની બાંધેલ મીઠા પાણીની અણીશુદ્ધ વાવો નીકળે છે. કહે છે કે એ નગરીને ઘેર ઘેર પોતપોતાની અલાયદી વાવ હતી. વાત સાચી જ લાગે છે. ચોગરદમ ખારા સમુદ્રથી વીંટળાયેલ છતાં આ ટાપુની વાવડીએ વાવડીએ અમૃત–મીઠું નીર છે. આખાય ટાપુને ફરતા પાકા ગઢની છિન્નભિન્ન રાંગ અત્યારે પણ દેખાય છે.

ગંગાતળાવ નામની વાવડી પણ પ્રાચીનોએ પાકી બાંધેલી. અને 'થાનવાવ' નામની વાવનું સત આજ પણ એવું ને એવું અનામત મનાય છે: જેનાં થાનમાં (સ્તનમાં) ધાવણ ન આવતું હોય તેવી માતાને આ વાવમાં બોળેલ કાપડું નિચોવીને ભીનું ને ભીનું પહેરાવવામાં આવે એટલે થાનેલાં દૂધે ભરાય! ગોરખમઢી નામનું અસલી થાનક મૂળ ગુરુ ગોરખનાથનો આશ્રમ મનાય છે. એના. ઉપર જીર્ણોદ્ધાર થયો છે. ત્યાં રહેતા એક કપડવંજવાસી સાધુએ અંધારા ભંડકિયામાં વિરાજતી પ્રાચીન મૂર્તિઓનાં અમને દર્શન કરાવ્યાં: ગોરખનાથની મૂર્તિ : ગણપતિની : હનુમાનની : અને જૈનોના નેમનાથ–પ્રાર્શ્વનાથની બે તાજેતરમાં નીકળેલી પ્રતિમાઓ. એક આપણી કમ્મર સુધીના પરિમાણની મોટી શ્યામ પ્રતિમા લઈને ગંગાતળાવડીની સામે કોઈ બાવો બેસી ગયો છે. થોડા જ વખત પર હળ ખેડતાં ખેતરમાંથી ખોદાઈ આવેલ આ પ્રતિમાના મસ્તક પર લાંબો ઊંચો મુગટ છે. કમર સુધી નારીસ્વરૂપ છે, કમરથી નીચે પુરુષ–આકાર છે. મૂર્તિઓ પારખવાનો મારો વિષય નથી. પણ કોઈ શિલ્પસ્થાપત્યના અભ્યાસીએ જઈને આ બધી પ્રતિમાઓનાં સ્થળ–કાળ ઉકેલવા જેવાં છે.

સગાળશા શેઠ અને ચંગાવતી શેઠાણીની. એના પુત્ર ચેલૈયાની ને પેલા અઘોરી બાવાની ભયાનક બીના પણ આ શિયાળબેટમાં જ બની હોવાનું કહેવાય છે. ગંગાતળાવની પાળે પડેલ એક પથ્થરની અસલી કૂંડી એ જ પેલો ગોઝારો ખાંડણિયો, કે જેની અંદર જોગીને જમાડવા સારુ માતાએ ચેલૈયાનું મસ્તક ખાંડ્યું કહેવાય છે. એ આખી કથા એટલી ઘાતકી ધાર્મિકતાથી ભરેલી છે કે મને એ યાદ કરવાનું મન

નથી. હું ધન્યવાદ એ બાવાને નથી આપતો કે જેણે સગાળશાના વ્રતનો ગેરલાભ લઈને છેક શેઠાણીનો ગર્ભ ચિરાવવાની હદ સુધી છૂટ રાખી; નથી હું સ્તુતિ કરતો એ શેઠશેઠાણીની કે જેઓની શ્રદ્ધાએ જોગી કહેતો ગયો તે તમામ ઘાતકી ક્રિયાઓ આચરી; હું તો અભિનંદું છું એ અનામી લોકકવિને કે જેણે દિલેદિલને ભેદે તેવું એક લોકગીત આ કથા પરથી રચી કાઢયું. એ 'ચેલૈયા–આખ્યાન'ની રચનામાં ઊણપ હોય તો તે આટલી છે : કે ચંગાવતી શેઠાણીએ જોગીરાજને પોતે વાંઝણી નથી એવી ખાતરી કરાવવા માટે સ્વહસ્તે છરે ભઈ ગર્ભાશય ચીરી દેખાડયું. તે જ ઠેકાણે ભજન અટકી જવું જોઈતું હતું. જોગીરાજે પ્રભુરૂપે પ્રગટ થઈ સહુને સજીવન કર્યાં એ પ્રસંગ ઉમેરાયો ન હોત તો 'ચેલૈયા–આખ્યાન' જગતનાં સર્વોત્કૃષ્ટ 'બેલેડ' માયલું એક કથાગીત બની જાત. એની કરુણતા અનેક હૈયાંને નિરંતર ધોયા જ કરત. અત્યારે પણ એ ચેલૈયાની ઘટનાનું સ્મરણ વીસ–પચીસ વર્ષોના કાળને પાછો હટાવી દે છે : ગામડિયા ઘરના ઉંબરમાં જાણે અમે નાનાં બાળકો અને પાડોશણ માતાઓ વગેરે બેઠાં છીએ. ચોગાનમાં કોઈ રઝળતો ભજનિક એકતારો લઈ ધીરે રાગે 'ચેલૈયા–આખ્યાન' ગાય છે : એમાં નિશાળે ગયેલો સાત વર્ષનો ચેલૈયો પોતાને ઘેર માતપિતા ઉપર મૂંઝવણ પડી છે એવી જાણ થતાં જ દફતર–પાટી લઈ, ઘેર દોડતો આવી, રમતો–હસતો માના ખોળામાં સૂઈ જાય છે : આપ એનું માથું વધેરે છે, ને એ મસ્તકને ખાંડણીએ નાખી—

ખમા ખમા મારા ચેલૈયા !
તુંને ખમા ધણી રે મારા ચેલૈયા !

એ હાલરડું ગાતી મા સાંબેલાં મારે છે : એ પ્રસંગની

હાલરડાની પંક્તિઓ સાંભળતાં અમે સહુ રડીએ છીએ. આજ પણ પાછળથી પ્રભુએ ચેલૈયાને સજીવન કર્યાની ઘટના મને જરીકે સ્પર્શતી નથી. એ આખું કથાગીત ચેલૈયાની નિર્દોષ હત્યા અને માતાના નિર્દોષ સાંબેલાંના ઘાવને તાલે તાલે ગવાયેલ 'ખમા ! ખમા ! મારા ચેલૈયા ! તુંને ઘણી ખમા !' ના આ હાલરડાથી મારી બાલસ્મૃતિને તરબોળ કરી રહ્યું છે.

એ જી મારા પીંગલાના પોઢનાર રે બાળા !
ચેલૈયા ખમા ! ખમા !
એ જી મારા ચાખડીના ચડનાર રે બાળા !
ચેલૈયા ખમા ! ખમા !
એ જી તારે પીંગલે પડી હડતાલ રે બાળા !
ચેલૈયા ખમા ! ખમા !

ભાઈ મરે ભવ સાંભરે, બેન મૂવે દસ્ય જાય,
પણ નાનપણેથી જેનાં માવતર મૂવાં
—તેને ચૌદશના વા વાય રે બાળા !–ચેલૈયા૦

ભાઈ ચેલૈયા ! ખરે જ જો આ શિયાળબેટ તારી માભૂમિ હોય, સાચે જ જો આ ખાંડણિયો તારા લોહીથી ખરડાયેલ અબોલ સાક્ષી હોય, તો હું તને કહું છું કે સોરઠના લાખો નાનકડા ચેલૈયા તારું ગીત સાંભળી સાંભળી તારી જોડે જ કપાયા ને ખંડાયા છે. તારાં કૂલની એકાદ કણી પણ જો આ મિટ્ટીમાં કયાંઇક પડી હોય તો આ શબ્દો એને કાને પુકારું છું કે બાવાઓ, સાધુઓ, ધર્મગુરુઓ, તમામનો હજુ તો એનો એ અઘોર પંથ ચાલ્યો આવે છે, માબાપોની અંધશ્રદ્ધા હજુ ય ઘેર ઘેર પોતપોતાના કિશોર કુમળા ચેલૈયાઓનો— શરીરનો નહિ પણ આત્માનો—વધ કરી રહેલ છે, ને સામે

બેઠેલું એ માનવભક્ષી ધર્મપાખંડ, આહુતિ પછી આહુતિઓ પામતું, 'હજુ લાવો! હજુ લાવો!'ની હાક પાડી રહેલ છે. એટલે જ, ભાઈ ચેલૈયા, અમે તારી વયનાં હતાં ત્યારથી શ્રદ્ધાહીન બની રહ્યાં છીએ, ને અમારી ઓલાદને કાને અમે ધર્મ કે સાધુ પરની શ્રદ્ધાનો એક છાંટો ય નથી પડવા દેતા. મને તો એમ ભાસે છે, બંધુ ચેલૈયા! કે નક્કી કોઈ અઘોરી જોગીએ તારી અને તારાં ભોળાં માબાપની આવી દશા કરી હશે, પણ આપણા આર્યસંસ્કારો મુજબ આપણે કોઇ વાતનો કરુણ અંત સહી શકતા નથી એટલે બાપડા લોકકવિએ પણ, અત્યારના અનેક નાટકકારોની પેઠે, અંતમાં એ અઘોરીમાંથી પ્રભુએ પ્રગટ થઇ તમને સહુને સજીવન કર્યા એવો સુખદ અંત ઠોકી બેસારેલો હોવો જોઇએ.

'સુખી અંત' લાવવાની ઘેલછાએ આપણા ઇતિહાસની અનેક ભેદક કથાઓના જોરને હણી નાખ્યું છે. મહાભારત અને રામાયણ બે જ એ ઘેલછામાંથી બચી છૂટયાં છે : કુરુ-ક્ષેત્રના સંહાર ઉપર અમીનો કુંપો છાંટવા માટે કોઈ દેવદેવલું ઊતરતું નથી અને એ શોણિતભીનો વિજય ન સહેવાયાથી પાંડવો હિમાળે ગળવા જાય છે. યુધિષ્ઠિરના ખોળામાં રમતો છેલ્લો પ્રિય બાંધવ શ્વાન એ આખા મહાકાવ્યનો કરુણ નિચોડ છે.

રામાયણના તમામ દિગ્વિજયને સૂનકાર કરી મૂકનાર એનું છેલ્લું દૃશ્ય છે: પૃથ્વીમાં સમાઈ જતી જાનકી. અને એને ઝાલવા દોડેલ રામચંદ્રના હાથમાં પકડાયેલો સીતાનો ચોટલો જ રામકથાનું સમાપ્તિબિંદુ છે, લવકુશનો સુખી રાજવહીવટ નહિ.

હરિશ્ચંદ્રની કથાનો અંત પણ મધરાતે મસાણમાં સગા ધણીને હાથે તારામતીના છેદન વડે જ આવ્યો હોત તો કેવી સ્વાભાવિકતા સચવાત!

નળનું બાહૂક-રૂપ સદાને માટે અણબદલ્યું રહ્યું હોત તો કેવી કરુણતા ટપકયા કરત !

અનેક માનવ-ધર્મોની ભુલભુલામણીમાં અટવાયેલાં નરનારીઓના જીવન-સંગ્રામની આ બધી કથાઓ છે. જિંદગીની નિગૂઢતા ઉપર એ વિચારો જગાડે છે, મંથનો જન્માવે છે, વેદનામાં તપાવીને કરુણરસ સીંચે છે, પ્રજાના કવિઓએ કે કથાકારોએ ભળાવેલું એ સાહિત્ય-ધન છે. શા સારુ એવી પ્રજા-પ્રાણને વલોવવા સર્જાયેલી કથાઓ ઉપર ઈશ્વરી ચમત્કાર અથવા સુખદ અંતનાં બનાવટી થીગડાં મારવાં પડ્યાં ? ફક્ત લોકોને બે ઘડી રાજી કરવા સારુ ? ઈશ્વરને કોઈ મનસ્વી અને આપખુદ સર્વસત્તાધીશ તરીકે રજૂ કરવા ખાતર ? પાખંડ ઉપર ધર્મનાં પરિધાન ઓઢાડવા ખાતર ? દુઃખનું આધિપત્ય, ઊર્મિઓની અથડામણો, કર્તવ્યોની ભ્રમણાઓ અને એ તમામમાંથી નીપજતી આ સંસાર પરની હાહાકારભરી વિચારણા, એ જ શું ઈશ્વરી રચનાનો સાચો સાર નથી ?

શા માટે આપણે હરિશ્ચંદ્ર-તારામતી જેવાં પાત્રોને રાગ-દ્વેષભર્યા ઋષિઓનાં રમકડાં જ નથી રહેવા દેતા ? શા માટે પાંચાલીના ચીર-હરણની પૂરેપૂરી નામોશી એ દાહ્યા જુગારી પતિઓને કપાળે ચોડાવા ન દેતાં ભગવાનને હીર-ચીરની ગાંસડી લઈ હાજર કરીએ છીએ ? શા માટે ચેલૈયાનું માથું ખંડાવનાર અઘોરી પાખંડીને પ્રભુસ્વરૂપની ઓથ આપવી પડી ?

ના, ના, એ કથાઓ જેવી સીધી ને મર્મવેધક છે તેવી જ છો રહી. એમાંથી જ આપણા અંતરાત્માઓનાં મંથનો જાગે છે. એ બધી નિગૂઢતાને માનવી યુગયુગો સુધી વિચાર્યા જ કરે, સારાસાર ખેંચ્યા જ કરે, જીવનનું સ્વતંત્ર ઘડતર કર્યા

જ કરે, એ સ્થિતિ ઠીક છે. વાતવાતમાં 'ગરુડે ચડીને શામળિયોજી ચડી આવ્યા'ની ચાવી બહુ બેહૂદી લાગે છે.

ત્યારે, ઓ ભાઈ ચેલૈયા ! આ ગંગાતળાવડીની પાળે જ શું એ અઘોરી બેઠો હતો ? ને આંહીંથી શું તારી માતા એના રક્તપિત્તિયા દેહને મસ્તકે ધરીને ગાજતે વાજતે ગામમાં લઈ ગઈ હતી ?

અત્યારે પણ, ભાઈ ચેલૈયા, ગામોગામની હજારો માતાઓ, ભીતરથી એવા જ અઘોરી, પણ બાહેરથી સફેદ દેખાતા સાધુ-મુનિઓનાં સામૈયાં કરવા જાય છે, ને પોતાનાં બલોયાંની ચીપો સુદ્ધાં વેચીવેચી એ ગુરુઓના કોડ પૂરા કરે છે.

ø

કુકડૂ....કૂ

"**આ** સામે દેખાય તે સીદીકોઠો ભાઈ, જ્યાં બેટના રાજાએ અસલમાં સાડાસાતસો રાજાઓને કેદ પકડીને રોજ સવારે 'કુકડૂ કૂ' બોલાવ્યું'તું." ઘુઘા પગી બોલ્યા.

શાબાશ, દોસ્ત બેટના રાજા ! તારી કથા મેં સાંભળી છે. કોઈ તને વીરમદેવ પરમાર કહે છે, કોઈ અનંત ચાવડો કહે છે. મારા અનુમાન મુજબ તું અનંત ચાવડો જ હોવો જોઈએ. ગુજરાત જેના નામનો ગર્વ કરે છે તે વનરાજ ચાવડાના વંશજોએ છેક ઓખામંડળથી માંડી, પ્રભાસ અને તે પછીના ઘણાખરા સોરઠી સમુદ્રતટ ઉપર પોતાની આણ ફરકાવી હતી, અને 'ચાવડા' શબ્દનો અસલ શબ્દ 'ચૌરા' અર્થાત 'ચોર' નીકળે છે તે અનુસાર ઠેર ઠેર સોરઠી કિનારા પર ચાંચિયાગીરી વર્તાવી હતી. તેઓ ફક્ત ચાંચિયાગીરી જ નહોતા કરતા : જ્યાં જ્યાં કિનારો હાથ કરીને રહ્યા ત્યાં ત્યાં તેઓએ મજબૂત કિલ્લેબંદી કરી કાઢી હતી. સોમનાથ સરીખાં દેવાલયો બાંધ્યાં હતાં, ને ગજની જેવા વિદેશીઓને કિનારે ઊતરવા આવતા રૂંધ્યા હતા. પોરબંદર અને દ્વારકા વચ્ચેનું અત્યારનું મિયાંણી ગામ એટલે અસલ પ્રભાત ચાવડાના માતબર બંદર મિયાંણીસર પટ્ટણનું જીવતું ખંડેર : જ્યાં આજ પણ ઊંચાં ઊંચાં શિવ-બાણવાળાં પ્રાચીન મંદિરો ઉભાં છે. તેની સામે જ ખાડીને કાંઠે ડોયલો ડુંગર કે જ્યાં દેવી હર્ષદીનું થાનક છે : એમ સોમનાથ પાસે કનકસેન ચાવડાની કનકાવતીનાં ખંડેર છે. એ જ

મિસાલનું હું તો આ શિયાળબેટના અસલ નગરને માનું છું. કેમ કે એ જ જાતના અવશેષો આંહીં પટેલા છે. તું દોસ્ત, અનંત ચાવડો જ હઈશ. તારાં જહાજો આ સમુદ્રની ચોકી કરતાં હશે, ને ચાંચ, પટવા, ત્રવદા વગેરે કંઠાળી ગામોના કોળી જાતિના પોતાના ચૌર-સૈન્યને દરિયામાં પસારી તું લૂંટો ય ચલાવતો હોઈશ. તારો કાળ મને નવમા સૈકાનો લાગે છે. તારી સર્વોપરિ મોજ, બસ, સોરઠી રાજપતિઓને પ્રથમ મિજબાની જમવા સારુ તારાં વહાણોમાં નોતરીને પછી વહાણને આ 'બેટ' ઉપર વહેતું મૂકવાની હતી! પક્ષીઓમાં પણ તારા જેવી જ પ્રકૃતિનું એક મોજીલું પક્ષી છે એનું નામ કાળો કોશીઓ. હોય છે તો એક મોટી ચકલી જેવડો. પણ એની સર્વોપરિ ધૂન બસ એ જ છે, કે મરતાં પહેલાં એકવાર એકેએક જાતનાં પંખીનું અક્કેક પીંછડું તો ખેંચવું, અને એ તમામ પીછાં વડે પોતાનો માળો શણગારવો! આવો મસ્તાન કાળો કોશીઓ જ્યારે પોતાની ખંડણીની વસૂલાત સારુ જબ્બર સમળીની પાછળ દોટ દેતો હોય છે, ને સમળી એનાથી ત્રાસ પામીને નાસતી હોય છે, ત્યારે દશ્ય જોવા જેવું બને છે. તારું પણ એવું જ હતું, દોસ્ત, અનંત ચાવડા!

ને પછી? આ સીદીકોઠો નામે ઓળખાતા ખડક ઉપર શું તું એ તમામ મૂછાળાઓને કઠ-પાંજરામાં પૂરી પ્રભાતે પ્રભાતે 'કૂકડૂ...કૂ!' બોલાવતો! દરેક રાજા શું એટલો બધો નમાલો, કે મોતની બીકે માથું નમાવીને, કૂકડાની માફક તારી સન્મુખ 'કૂકડૂ કૂ' કરતો! એ બધા—લોકવાયકા મુજબ સાડા સાતસો, અથવા તો પછી ભલે ને કેપ્ટન બેલ નોંધે છે તે રીતે માત્ર છત્રીસ, પણ એ બધા જ—શું આ પાંજરાના કેદી-જીવનને એટલું બધું મીઠું ગણતા કે રોજ પ્રભાતનું

આટલું અપમાન પી જઈને પણ દેહ રાખવાનું પસંદ કરતા? એ શું આટલી પ્રાચીન પરંપરા છે? નવીન કશું જ નહિ કે?

અને સહુથી પામર નીકળ્યો વામનસ્થલીનો રા' કવાટ: ગરવાનો ધણી મહીપાલદેવ: નવઘણ સરખા વીરનો દાદો: જેના બાપ ગ્રાહરિપુએ ઉપરકોટ જેવો કિલ્લો ઊભો કર્યો. એ બાપડો રા' કવાટ પ્રભાસને દરિયે આ ચૌરરાજ અનંત ચાવડાનું આતિથ્ય ચાખવા ગયો ને સપડાઈ જઈ પેલા સાડા સાતસો ભેળો 'કૂકડૂ કૂ' પોકારતો થયો. અને એ 'કૂકડૂ કૂ!' કંઈ જેવુંતેવું? એ તો રીતસરનો મુજરો કરવાનું 'કૂકડૂ કૂ!'

કર મજરો કવાટ! (તુંને) આખે રાજા અનંત,
(તો તો) પાછો મેલું પાટ, (તુંને) પરણાવી ગરનારપત!

એ આ કથાનો દુહો છે; રાજા અનંત ચાવડો રોજ પ્રભાતે રા' કવાટને કહેતો કે, 'જો તું મારી સામે ગરદન ઝુકાવી, કૂકડાની પેઠે પ્રભાતની નેકી પોકારી મને સલામ ભરીશ, તો હું તને કોઈક દિવસ પરણાવીને પછી પાછો રાજગાદી પર બેસારીશ, બચ્ચાજી!' બાકી એ કવાટનાં—એ મહીપાલદેવ યદુવંશીની વીરતાનાં—તો શાં શાં વખાણ કરીએ? પાંજરે જીભ કરડીને મરી ન જઈ શક્યો એટલે, તળાજાના રાજા ઊગાવાળાને એણે છાનો સંદેશો પહોંચાડ્યો કે—

તું કહેતો તે પાડય, તાળી જે તળાજા ધણી!
વાળા હવે વગાડય, એકે હાથે ઊગલા!

'હે ભાણેજ ઊગાવાળા! (અથવા કોઈ કહે છે કે કવાટ ભાણેજ ને ઊગો મામો) મેં તારી સાથે બહુ વેર બાંધ્યું છે. તેં કહ્યું હતું કે સાચી વીરતા હોય તો એક હાથનીય તાળી પડી શકે. મેં આજ સુધી તારા શૌર્યનો તેજદ્વેષ

કરેલ છે. પણ હવે તું આવ, ને બતાવ કે એક હાથે તાળી કેમ પડે છે!'

ઊગો બિચારો મામાની અવદશાની દયા આણીને શિયાળબેટ પર પડ્યો. એની કને ય તળાજા, સરતાનપર, ગોઝારા વગેરે સમુદ્રતીરની ખારવા-ફોજ હોવી જ જોઇએ. નહિ તો અનંત ચાવડા જેવા સમર્થ સાગરરાજના નૌકાસૈન્યને શિકસ્ત આપી, બેટ ફરતો ઊભેલો એ બલિષ્ટ દુર્ગ ભેદી એ અંદર કેમ જઈ શકે?

પણ હું તો આપણા 'કૂકડૂ કૂ' કવાટ ભાઈની વીરતા બતાવવા માગું છું. અનંત ચાવડાને રોળી નાખીને ઊગો દોડતો આવ્યો એ પાંજર ઉપર. ગિરનારપતિ મામાની આ અપમાનિત દશા દેખીને એની સબૂરી ખૂટી ગઈ. પાંજરાનું બારણું ખોલવાની ચાવી હાથ કરવા જેટલો વિલંબ પણ એનાથી ન સહેવાયો. એણે ઠેક મારીને પગની પાટુ લગાવી એ કેદખાનાના કમાડ ઉપર. કમાડ ઊઘડી પડ્યું.

પણ એ પાટુ સહેજ બંદીવાન મામા કવાટને અડકી ગઈ. અથવા અડકી ન હોય તોપણ એની બાજુએ આમ કોઈના પગની લાત ઊછળે એ કંઈ જેવું તેવું અપમાન છે ક્ષત્રિય વીરનું!

અહહહ! બારણું ઊઘડતાં જ મામા કવાટનું ક્ષત્રિતેજ સળગી ઊઠ્યું: "હં...એ!!! તેં ઊગલે ઊઠીને મને પાટુ મારી! મારું ગૌરવભંજન કર્યું! ઊગા! ઊક! ઊગલા! આનો બદલો હું લઈશ! જોઈ લેજે!"

ઊગોવાળો મામાને સમજાવે છે: પોતાની અધીરાઈનો દોષ—ઈરાદાનો નહિ—કબૂલ કરે છે. પણ યદુવંશી મામા મહીપાલદેવ પોતાના તુચ્છ ભાણેજ ઊગલાની આ ધૃષ્ટતા શે

સહી શકે ? (એ તો અનંત ચાવડાનું 'કૂકડૂ કૂ' જ સહન કરે !)

એક વાર પાંજરે પડ્યો પડ્યો ઊગાને આવી કાકલૂદી-ઓના સંદેશો મોકલનાર—

> સો રાજા બંધે પડયા, કઠ-પાંજરે કવાડ;
> વાળા જોઉં વાટ, એક તારી ઊગલા !
>
> છાતી ઉપર શેરડો, માથા ઉપર વાટ;
> જાણજે વાળા ઊગલા ! કઠ-પાંજરે કવાડ.
>
> તું કહેતો તે આવ, તારી જે તળાજાધણી !
> વાળા હવે વગાડય, એકલા હાથે ઊગલા !

આવા આજીજીના સૂર કાઢનાર ગરનારપત હવે પાંજરું ઊઘડયે મારી થયા. વામનસ્થલી જઈને, જરા સાજાતાજા બની, પછી મોટી ફોજ લઈ એ ક્ષત્રિ વીર પોતાના ઉગારનાર જુવાન ઊગાવાળા ઉપર ચડ્યા, અને બાબરિયાવાડના ચિત્રાસર ગામની પાસે કુરુક્ષેત્રનાં રક્ત રેલાવીને ભાણેજનો વધ કર્યો.



દરિયાનાં દેવદેવીઓ

એ તો હવે ગયા : એ 'ફૂલ્ફૂડૂ' કરાવનારા અને કરનારા, તમામ ગયા. રહ્યાં છે ફક્ત ૫૦૦–૭૦૦ ઉદ્યમવંત કોળી કુટુંબો. આ ખારવાઓ 'બેટ'ને આરે બેઠાબેઠા જૂનાં વહાણો સમારે છે, નવાં બનાવે છે, કરાંચી–મુંબઈ ને કાલિકોટની સફરે ચડે છે, વહાણે ચડવા અશક્ત હોય તે કુટુંબી જાફ્રાબાદ જઈ મચ્છીમારી ગુજરો કરે છે, બેક ગાઉની બેટ–ધરતીમાં અક્કેક–અબ્બે વીઘાનું વાવેતર પણ અક્કેક કુટુંબને વાલ–રીંગણાં–મૂળા વગેરેની થોડી થોડી પેદાશ આપી રહે છે, જૂની વાવો એને પીવાનું જળ પૂરું પાડે છે. દરિયાનું નીર એને માછલાં આપવા ઉપરાંત, એના ખાટલાઓના માંકડને પણ પોતાનાં જળચરોને મોંએથી વિણાવી દે છે. અર્ધા માઈલનો સમુદ્ર ઓળંગીને એની ખારવણો સામે ધરતી–કાંઠે બળતણનાં લાકડાં શોધવા જાય છે. (બેટ શિયાળમાં બળતણનો ખરો ત્રાસ છે; ઝાડી કે વન જરીકે ન મળે.)

એ વિજોગણ ખારવણોનું નજીકમાં નજીક હટાણું દરિયા-રસ્તે પાંચ ગાઉ આઘેરા બંદર જાફ્રાબાદની હાટડીઓમાં : એની બિમારીની દવા કરનાર હુલઃ સવાઈ પીરનું નામ અને કોઈક રડ્યોખડ્યો હજામ : એનાં બાળકોની નિશાળ ફક્ત દરિયાની છાતી ઉપર : એનો ખરો ઉત્સવ એક હોળી.

"અરે ભાઈ, તમે હોળી ટાણે આંઈ આવજો એટલે

અમારાં લોકની ખરી મસ્તી જોઇ શકશો. આજ તો અમારા તમામ નાના–મોટા જણ વહાણે ચડી ગયા છે, પણ હોળી માથે એ એકેએક આવી પોગવાનો. એક પણ જણ બા'ર નહિ રે'વાનો. પંદર દી અમે સૌ માણશું : દારૂડો પીશું, ગાંડાતુર બનશું, ગાશું, હાંડિયા લેશું, અમારી વાતું ને અમારાં ગીતો તે દીમાં નીકળશે. આજ તો બેટ ખાલી પડયું છે. અમારા ખરા જણ કયાં છે ?"

"દારૂ બહુ પીઓ છો ?"

"હા, તે ટાણે પીવાના. અરે, બાપડે ગોરખમઢીને બાવેજીએ લાગ્ય મહેનત કરી'તી ગામને દારૂ છોડાવવાની ! કેટલાક દી તો ટકયું, પછી અમારા જણ ન રહી શકયા; ને બાવોજી ગામ માથે કોચવાઈ ને આંઈનું પાણી હરામ કરી ચાલ્યા ગયા છે."

આ દારૂની વાત ઉપર તો હું ચાલ્યો આવું છું. બાપડા ગોરખમઢીના બાવાજી નાહક ઊંડા પાણીમાં ઊતર્યા. ખરું ડહાપણ તો દીઠું દુલા સવાઈ પીરમાં અને એના મુંજાવરમાં. આવી કશી લોકોદ્ધારની કડાકૂટમાં એ પડવાના જ નહિ. બેટના નિર્જન છેડાની છેલ્લામાં છેલ્લી અણી ઉપર, મોટા દરિયાની છોળો જ્યાં અથડાય છે તે ભેખડે, અખંડ એકાંતમાં બે કબરો છે : એક સવાઈ પીરની ને બીજી એનાં બહેનની. માતબર થાનક છે. શા સારુ ન હોય ? હિંદુ ને મુસલમાન, માછીમાર ને વાણિયા, વહાણધણી કે ખારવા, તમામની માનતાઓ આ દરિયાના અધિષ્ઠાતા મનાતા દેવને અહર્નિશ ચાલી જ આવે છે. દરિયાની સાથે હંમેશાં 'પીર'નો જ ભાવ જોડાયેલો છે. 'દરિયા-પીર' તો ઘણું જૂનું નામ છે. કોણ જાણે કેમ, પણ પીરાણાનું ને દરિયાનું વાતાવરણ એકબીજાથી જે મેળ પામે છે, તે મેળ બીજાં દેવીદેવતા સાથે દરિયાને મળતો નથી. નહિ તો હિન્દુ-

ઓએ કંઈ કમ દેવસ્થાનાં ઊભાં કર્યાં છે આ સાગરતીર ઉપર? ઠેર ઠેર મહાદેવ: ગોપનાથ, ઝાંઝનાથ, ચાંચુડા ને સોમૈયા સરીખા: ઠેર ઠેર ઇશ્વરાવતાર, વારાહરૂપ, જગત અને બેટ શંખોદ્ધારના એકસામટા કૃષ્ણ-કુટુંબનું જૂથ. પણ એ બધાં કેમ દરિયાઇ વિભૂતિથી મેળ નથી લેતાં?

મને લાગે છે કે પીર એટલે મૃત્યુની પ્રતિષ્ઠા. દરિયો પણ જીવન કરતાં મૃત્યુનો જ ભાસ વધુ કરાવે. એ બન્નેના વાતાવરણમાં કંઇક નિગૂઢ, ગેબી, અનંત પરલોકનું તત્ત્વ પડ્યું છે, અવસાનનું મૌન છે, અફસોસની શાંતિ છે, કરુણાભરી નિર્જનતા છે, લોબાનના ધૂપમાંથી પથરાતી જે ગમગીન ફોરમ દરિયાના અનંત સીમાડા ઉપર ચાલી જાય છે તે ફોરમ ઘી-તેલનાં ધૂપદીપ, અગરચંદનનાં લેપતિલક, સિંદૂર-કુમકુમના સાથિયા, આંગી-રોશનીના ઝાકઝમાળ અને બીજા મંદિરિયા ઠાઠમાઠમાં નથી. દરિયો જાણે મહાકાળ છે. એનાં ઊછળતાં અથવા મૂંગાં પડેલાં પાણી હમેશાં કોઈ શબ ઉપર ઓઢાડેલ સોડ્યની જ યાદ આપે છે. કૈક વહાણો અને ખલાસીઓના મૃતદેહ એ કફનની નીચે પોઢેલાં છે. માટે જ મને લાગે છે કે પીર અને સાગર વચ્ચે કોઈક પ્રકારની તદ્રુપતા હશે.

ને આ પીરની કલ્પનામાં ભયનું તત્ત્વ ઓછું છે. પોરબંદરને દરિયે પેલા મિયાંણીપટ્ટણનાં ખંડિયેરની નજીક, ખાડીને સામે પાર કોયલો ડુંગર છે, તેની 'કોયલાવાળી' દેવી હર્ષદી આઈનો ઇતિહાસ તો ભયાનક છે. એકવાર એ 'કોયલવાળી' માતાનું બેસણું એ ડુંગરની ટોચે હતું. પણ સન્મુખ પડેલા મોટા દરિયામાં જે જે વહાણો નીકળતાં ને આ દેવીની કરડી નજરમાં આવતાં તે બધાં પાણીમાં ગરક બની જતાં. પછી બાપડા કચ્છના પરગજુ શેઠ જગડૂશાએ માતાજીને વીનવ્યાં કે, ભલાં

થઈને કોઈ વાતે તમે ત્યાં શિખરે બેસીને વહાણો ભરખવાનું છોડીને નીચે તળેટીમાં પધારો! આઈ કહે કે, મારે પગલે પગલે અક્કેક પાડાનો ભોગ પૂરો પાડ તો હું નીચે ઊતરું. 'એમ તો એમ!' કહીને જગડૂશાએ પાડા એકઠા કર્યા, પગલે પગલે અક્કેક નિર્દોષ પાડો વધેરીને આઈને નીચે લીધાં, પણ છેલ્લાં ચાર પગલાં બાકી રહ્યાં ત્યાં પાડા ખૂટી પડ્યા! હવે? આઈ કહે કે આ ને આ ઘડીએ ભોગ લાવ, નહિ તો હું પાછી ચડી જઈશ! જગડૂશાને સુભાગ્યે એની સાથે પોતાનો દીકરો ને દીકરા–વહુ હાજર હતાં. ને ઘણાખરાં કુટુંબોમાં આજ પણ છે તે મુજબ દીકરો ને દીકરાવહુ તો ઘરનાં પશુ (તે પણ પાછાં બલિદાન ચડાવવાનાં પશુ) જ તે કાળે ય મનાતાં હશે. આજે એ જોડિયો બલિ સમાજના દાનવને ચડે છે, તે કાળે દેવદેવીને ચડતો. ટૂંકમાં, પછી માતાજીનાં બે પગલાં આ પુત્ર અને પુત્ર-વધૂનાં શોણિતે છંટાયાં, ને દેવી તૃપ્ત બનીને તે કાળથી હવે તળેટીમાં જ બિરાજેલ છે. દરિયા આડો કોયલા ડુંગરનો પડદો દેવાઈ ગયો છે એટલે હવે ખારવાઓનો જળમાર્ગ સલામત બનેલ છે.

આ હિસાબે પીરની આપદાની રંઝાડ છે કશી યે? ભેંસલાને માથે રાત રહેનારને અણુ પીર ભલે ફગાવી દે છે, પણ એનું ફગાવવું એટલે માણસના ફોદેફોદા વેરી નાખવા જેવું નહિ. સવારે જાગ્રત થયેલો માણસ જુએ તો પોતે કોઈક સલામત ધરતીમાં નિરાંતે પડ્યો હોય!

ગ્રીક પુરાણકથા માંહેલો જળદેવ નીરિયસ બાબો પણ એવો જ ભદ્રિક પીર છે. શાંતિમય સાગરજળનો એ અધિષ્ઠાતા પોતાની પચાસ નાની છોકરીઓનું જૂથ લઈને દરિયે ભમ્યા કરે છે અને શ્રદ્ધાળુ નાવિકોને રક્ષા આપે છે. સવાઈ પીરને વિષે ય આવી જ આસ્થા છે.

પાંચેક વર્ષો પર મેં દ્વારિકાથી આરંભડાને યાત્રા થઈ બેટ શંખોદ્ધારની મુસાફરી કરી હતી તે અત્યારે યાદ આવવાનું બીજું એક કારણ મળ્યું. આંહીં થોડાંક ઝાડ એવાં ઊભાં છે, કે જેની એક બાજુએથી ડાળપાંદડાંનું ઝુંડ જાણે કે બોરાઈ ગયું છે ને વધતું નથી, એટલે બીજી એક બાજુએ જ વધતી જતી ઘટા એવો ખ્યાલ કરાવે કે જાણે વૃક્ષ કોઈ અમુક દિશામાં નમી રહેલ છે. દ્વારિકાથી આરંભડા સુધીની સડક પરનાં તમામ વૃક્ષોની આ હાલત છે. બેટ શંખોદ્ધારના પુરોહિતો આવા દૃશ્યનો ઉપયોગ ન કરે એ તો કેમ બને? તેઓએ યાત્રિકોને ઠસાવ્યું : દેખ્યું કે, ભાઈઓ! દ્વારિકા-પુરીથી આ તમામ વૃક્ષો પણ બેટ પ્રત્યે જ અભિમુખ બની રહેલ છે, એ પણ યાત્રાળુઓ જ છે, ને જાણે કે બેટના કૃષ્ણ-ધામને અહોરાત વંદના દઈ રહેલ છે. જુઓ તો ખરા, આ વનસ્પતિજીવોની ય પ્રભુભક્તિ!

કાનમાં કહું? સમુદ્રનો ખારો વાયુ એ દિશામાં વાઈ વાઈને એક બાજુએ ઝાડની વૃદ્ધિ થવા દેતો નથી. તે જ આ 'વૃક્ષ-વંદના'નું વૈજ્ઞાનિક રહસ્ય છે.

પણ મને આશ્ચર્ય જ એ થાય છે કે આ શિયાળબેટની અંદર પ્રાચીન ખંડેર, ચેલૈયાના અવશેષ, આટલી ફક્કડ પ્રતિમાઓ, આવાં વંદનશીલ વૃક્ષો, અને આવી વહેમભીરુ અજ્ઞાની વસ્તી વગેરે બધી વાતની અનુકૂળતા છતાં કેમ કોઈ પુરોહિત આંહીં યાત્રાધામ ઊભું કરવા પહોંચ્યો નથી? કોઈક દ્વારિકા, બેટ કે સોમનાથની માતબર પેઢીએ કેમ આંહીં પોતાની 'બ્રાંચ' નહિ નાખી દીધી હોય? હૈયાફૂટા ગોરખમઢીવાળા સાધુએ આવું કશું કરવાને બદલે નાહક દારૂ છોડાવવાની હિલચાલ કરી!

આવા—લગભગ જાતે જ આવીને આંહીં જાત્રાધામ સ્થાપવાના લલચામણા વિચારો મનમાં ચાલી રહ્યા હતા, ત્યાં તો ઘૂઘા પગીએ કહ્યું કે “ભાઈ, ઝટ ચાલો હવે, મછવો તીયાર છે. ને જાફરાબાદ અરધી જ કલાકમાં પુગાડે તેવો વાવડો છે, માટે ઊઠો !”

“ને...શેઠ !” જુવાનોએ કહ્યું: (‘શેઠ’ સંબોધન મને હંમેશાં ચોંકાવે છે. કેમકે એની પછવાડે ‘કોઈક ધૂતવાલાયક ધનિક’ હોવાની કલ્પના ઊભેલ હોય છે.) “શેઠ, તમે કાં હોળી માથે આવો, ને કાં આવો જેઠ મહિને. જેઠ મહિને અમારો એકોએક જણ આવી જશે, અમારાં તમામ વાણુંને અમે ઘસડીને આંહીં ઊંચે ચડાવી દેશું. ને પછી અમારા વિવા’વાજમ હાલશે, તે ઠેઠ બળેવનો દરિયો પૂજ્યને પાછા વાણે ચડી જશે અમારા જુવાનો.”

'મોતી બૂડ્યું મોરણી'

"બસ? વિવાહ પછી માસ–પંદર દિવસમાં જ પાછા મુસાફરીએ ચડશે તમારા પરણેલા જુવાનો?"

"ચડે નહિ તો ખાય શું? મહિના–બે મહિનાની અક્કેક ખેપ કરે ત્યારે માંડ ૮–૧૦ રૂપિયા મળે એને વેપારી કનેથી."

અપ્ટન સિંકલેરનું 'ધ જંગલ' યાદ આવ્યું. શિકાગો શહેરના એ વિરાટ કત્લખાનાનો મજૂર યુર્ગીસ અને એની પરણેતર પોતાના લગ્નદિવસે પણ દિવસભર કારખાને મજૂરી ખેંચી આવીને રાતે પરણે છે, આખી રાત એનાં સગાંવહાલાં અને ઓળખીતાંના સમુદાય જોડે એક હોટેલમાં નાચગાન ને ખાણીપીણીમાં ગુજારે છે. પરોઢિયે થાકયાંપાકયાં શિર ઉપર એ એક રાતનું ખર્ચ ભરપાઈ કરવાની ફિકરની ગાંસડી લઈ, પોતાના કાતરિયાનું તાળું ઉઘાડે છે અને તુરત જ કારખાનાની વ્હીસલ વાગે છે. નવદંપતી મજૂરીએ ચાલ્યાં જાય છે. આ તેઓની લગ્નરાત્રી!

ખારવાઓનાં પણ લગભગ એ જ જાતનાં લગ્ન: દરિયાઈ મૃત્યુના કફન નીચે પોઢતું દંપતી–જીવન.

"તમારે વિવાહનો સંબંધ કેટલે દૂર થાય?"

"આ બેટ, ચાંચ, પટવા ને ત્રવડા: ફક્ત આ ચાર ગામની જ અંદર. એથી બહાર નહિ."

બરાબર છે. મૃત્યુની સોડમાં પોતાની પુત્રીઓને સુવાડવા

આ ચાર ખારવાઈ ગામો સિવાયનાં બીજાં કોણ લોકો આવે ? વહાણે ચડ્યો ખલાસી પાછો તો ઘેર પહોંચે ત્યારે ખરો. પ્રત્યેક વિદાય છેલ્લી જ સમજવાની. પ્રત્યેક મિલન એક નવો અવતાર. એ ચિરવિયોગીઓની ઝંખનાનાં ગીતો તો હું કત-પરના વર્ણન ટાણે જ આપીશ. નાવિકોની સ્ત્રીઓની નીતિ ઉપર આપણે 'ધરતીનાં પરમ પવિત્ર મનુષ્યો' કેવા કટાક્ષો કરીએ છીએ તે પણ હું ત્યારે જ છણીશ.

અત્યારે તો નાવિક–જીવનની આ કરુણતામાંથી ટપકેલ એક આંસુ સમાન ઘટના મારી સામે તરવરે છે. શિયાળબેટની ધર્મશાળાના ઢોરા ઉપરથી બરોબર સન્મુખના બિન્દુ ઉપર, સમુદ્રના સામા પારની એક ઊંચી ટેકરી ઉપર ચાંચુડા મહાદેવની દેરી છે. બેટ અને ચાંચુડા વચ્ચે બે જણાં ડૂબ્યાં છે. એક તો બેટની ખલાસી–નાર મોરણી, ને બીજો ચાંચુડાનો પૂજારી બાવો ભભૂતગર :

ચાંચુડે ચડવા જાય; (મારું) પાંજર પોત્યું કરે;
(ત્યાં તો) બેટના બારામાંય, મોતી બૂડ્યું મોરણી.

'મોરણી ! રાત્રિના અંધકારમાં તું બેટથી ઊતરીને બે તૂંબડાં બાંધેલ વાંસ ઉપર તરતી તરતી આવતી હોઈશ એમ સમજીને મારું દેહ–પીંજર આ ચાંચુડાની લેખડે તને નિશાની કરવા ચડે છે. એ નિશાનીને આધારે રોજ રાતની કાળી મેઘલી ઘટામાં, ખાડીના ચાહે તેવા તોફાનને વીંઝી તું આંહીં આવી પહોંચતી. પરંતુ આજ તો મારે નિશાનીનો દીવો ધરી રાખીને વાટ જોયા જ કરવી પડી. કેમકે મારું મોતી મોરણી તો બેટના બારામાં જ ડૂબી મરી.'

મોતની અચોક્કસ લાંબી સફરે ખેડતા કોઈ ગરીબ નાવિ-કની પરણેતર એ મોરણી ! તું શું તારા નિત્યના વિજોગથી

કંટાળી ગઈ હતી ? સામે કાંઠે બળતણનાં કરગઠિયાં વીણવા જતાં શું તને ચાંચુડાના પુજારીની પ્રીત દેખી હતી ? મોટી રાતે વાંસડાને બે છેડે બે તૂંબડાં બાંધીને તેને આધારે આટલો લાંબો ને ઊંડો સાગરપટ ચુપચાપ તરી જવાનું કૌવત તને કોણ આપી રહ્યું હતું ? તારા પ્રત્યેક રાત્રીના પ્યારને શું તું સામા છાબડામાં તારો પ્રાણ મૂકીને આ કઠોર વિશ્વની બજાર-માંથી ખરીદતી હતી ? અમે પાખંડી લગ્નનીતિના પદેપદ ભ્રષ્ટ બનનાર ઉપાસકો, અમે કેવળ અનુકૂળતાને અભાવે ઊગરી રહેનાર, લોકાપવાદના ભીરુ શિયળવંતો, અમે દ્રવ્ય, વિદ્વત્તા અને બાપદાદાની આબરૂને જોરે સુંદર સ્ત્રીશરીરો ખરીદનાર વિલાસીઓ, તને પ્રતિરાતનાં સાગરજળ પાર કરનારીને એક નીતિભ્રષ્ટ ખારવણ કહીએ છીએ. ઓ મોરણી ! તારી એ ભ્રષ્ટતાની પછવાડે ય કેવું ભીષણ વ્રત ઊભું હતું !

પણ તારાં છુપાવેલાં વાસ-તૂંબડાં એક દિવસ ઉઘાડાં પડી ગયાં. તારી સાસુએ દગો કર્યો. છાનાંમાનાં એ તૂંબડાં ખસેડી લઈ, તેની જગ્યાએ માટીના બે કાચા મોરિયા બાંધી દીધા. એ અધરાતને અંધારે દરિયાના મરણપછાડા વચ્ચે તારા પ્યારના વલવલાટે તારા કલેવરને ઝીંકી દીધું. માટીના મોરિયા તારે એક જ હેલારે ઓગળી ગયા તું ખારવાની દીકરી છતાં શું તરવાનું શીખી નહોતી ? તારું શરીર તળિયે જઈ બેઠું. અને તારો સામા કિનારાનો પિયુ પણ તારો નાશ થયો સમજી લઈ, ચાંચુડાની ધારેથી દરિયામાં ખાબક્યો. ને પોતે પુરુષ હોઈ રખે કદાચ પડયા પછી જીવતરની લાલચ લાગી જાય તે બીકે હાથપગ દોરીથી જકડી લઈને જ પડ્યો. તમારી જળ-સમાધ ઉપર કોઈ દેરી ચણાઈ નથી, માત્ર કોઈક લોકકવિની કવિતાએ ચાર-છ દુહાની ખાંભી ચણી. તેમાંથી એકાદ આવો દુહો હાથ લાગે છે કે—

ચાંચુડે ચડવા જાય, (મારું) પાંજર પોલ્યું કરે;
(ત્યાં તો) બેટના બારા માંય, મોતી ખૂડ્યું મોરણી.

સિંધુ નદી ઉપર પણ એક આવી જ રાત અંધારી હતી. અને હરરોજ રાતે સિંધુનાં ભમ્મરિયાં જળ ભેદીને કુંભાર--કન્યા સુહિણી પોતાના સમાજબાતલ પિયુ મેહાર(ગોવાળ)ને મળવા સામે પાર જતી હતી. એને પાર લઈ જનારા પાકા ઘડાને પણ એની માતાએ એક રાતે બદલી લઈ કાચો ઘડો ધરી દીધો. ને એ ઘડાએ મધ્યજળમાં ડૂબતી મૂકેલી દીવાની સુહિણી સામા પારથી પિયુના પાવાના સૂર સાંભળતી સાંભળતી—

ઘિરી ઘરો હાથ કરે, બોર્યાં ઈ બાંહું;
વેચારીય વડું કિયું, વિચ ધરિયા ધાઉં;
વરજ સાડ ! પાંઉ, તાંકું તકી આંહ્યાં.

[પ્રથમ ઘડો હાથ ધરીને તરી; પછી ઘડો ઓગળી જતાં બાહુઓ (ભુજાઓ) બોળીને તરી; છેવટે ડૂબતાં ડૂબતાં દરિયામાંથી (સિંધુ નદી વચ્ચેથી) એ બિચારીએ ધા ઉપર ધા દીધી કે ' ઓ વહાલા સાડ ! ઓ મેહાર ! તું પાછો વળી જજે, કેમકે મને પાણીનાં હિંસક પશુઓએ ઘેરી લીધી '.]

એમ પોકારીને સુહિણી જળમાં સમાઈ. મેહારે પણ એની સંગાથે જ દરિયાની આરામગાહ બિછાવી.

એ સુહિણી અને તું મોરણી, બેઉ શું એક જ માર્ગનાં મુસાફિર હતાં ? ત્રીજું કોઈ જુગલ તમારે પંથે પળ્યું છે ખરું ?

હા, હા; દૂર, દૂર, કોઈક કાળાન્તર પરના ભૂતકાળમાં : અને સ્થળને હિસાબે પણ પારંપાર આઘે, એશિયા અને યુરોપ એ બે ખંડોને ફક્ત અરધો જ માઈલ અળગા રાખીને પડેલી હેલેસ્પોન્ટની સાંમુદ્રધુનીનાં છીછરાં વમળોની અંદર.

આંહીં મોરણીનો પ્રેમિક ચાંચુડા-મંદિરનો પુજારી હતો,

ને ત્યાં લીએન્ડરની પ્રિયતમા હીરાં દેવીના દેવાલયની પૂજારિણી હતી. યુરોપ ખંડના છેલ્લા ધરતી–બિન્દુ પર ઊભેલ એ જોગેશ્વરીને મંદિરેથી હીરાંની આંખો હેલેસ્પોન્ટને સામે તીર રહેતા યુવાન લીએન્ડરને જ શોધતી હતી. યુરપ–એશિયાની વચ્ચે પ્યારના ત્રાગડા એ ચાર આંખો નિરંતર કાંત્યા કરતી હતી. સાંકડી સામુદ્રધુનીમાંથી આવ–જા કરતાં અસીમ સાગરનીર અહોરાત એવા તો પછાટ મચાવતાં કે ન ત્યાં મછવો ચાલી શકતો, ન ત્યાં માનવી તરી શકતું. અર્ધા જ માઈલને અંતરે ઊભેલ બે પ્રેમીઓની વચ્ચે એ સાંકડી નાળ હજાર યોજનનું છેટું પાડીને દાંત કચકચાવતી હતી.

પરંતુ પ્યારના સામર્થ્યે ક્યાં સંકટ ગનકાર્યાં છે જગતમાં! હમેશ રાત્રીએ આ કાંઠેથી લીએન્ડર ઝંપલાવી પડતો, ને સામે તીરેથી પુજારિણી મશાલ પેટાવીને દેવાલયના બુરજ ઉપર ઊભી રહેતી. મશાલની ટમટમતી તારલ–જ્યોતને એંધાણે એંધાણે લીએન્ડરની ભુજાઓ એ વિકરાળ લોઢને ભેદી ભેદી ચાલી જતી. પ્રેમીજનો રોજ ને રોજ રાતે એ રીતે દેવીના થાનકમાં ભેળાં થતાં. પરોઢના અંધકારમાં જ લીએન્ડર પાછો એશિયાને તીર તરી પહોંચતો.

પરંતુ એક રાત્રીએ સામુદ્રધુનીનાં તોફાન એશિયા–યુરપ વચ્ચેના આ ત્રાગડાને તોડવાનો નિશ્ચય કરીને જ ચગ્યાં હતાં. પોતાના દેહને ઊંચે ઉપાડી ઉપાડીને પછાડી ભુક્કો કરવા ઉન્મત્ત બનેલ તરંગોની સામે લીએન્ડરે પોણી રાત સુધી મુકાબલો કર્યા કર્યો. મોજાંના મારથી છુંદાતી એની છાતી ગોટો વળી જતી હતી. તરંગોની ચૂડ એની પાંસળીઓને હમણાં જાણે ભીંસી નાખશે એમ એનો શ્વાસ નીકળી પડતો હતો. છતાં લીએન્ડરનો પ્યાર પરાજય કબૂલતો નહોતો. કારણ? કારણ કે

સામે પાર મશાલની દીવડી હજુ તબકતી હતી. વમળમાંથી વારંવાર ઊંચું માથું કરીને લીએન્ડર એ જ્યોતને જોઈ લેતો હતો. જ્યોત દેખાયા કરી ત્યાં સુધી એણે હામ હારી નહિ.

પરંતુ હવે થોડુંક જ અંતર રહ્યું છે, બે–ચાર છલંગે કિનારો હાથ કરી લઈશ, ને પછી આ વેરણ સામુદ્રધુની એના લોહરૂપી દાંત કચકચાવતી જોઈ રહેશે : ત્યાં તો દીવો ઓલવાયો. વાવાઝોડાના ઝપાટા વચ્ચે મશાલને પોતાના પાલવની આડશે માંડ માંડ સાચવી રહેલી પૂજારિણીની ધીરજને પવને ધૂળ મેળવી. એટલે લીએન્ડર કિનારો હાથ કરવાની આશા ગુમાવીને મોજાંને શરણે થઈ ગયો.

પૂજારિણી હીરાં એ બુઝાયેલી મશાલ સાથે ત્યાં ખડક પરના મંદિરે જ થીજી ગઈ. માન્યું કે આ તોફાનની અંદર આજની રાતની યાત્રા કદાચ પિયુએ માંડી વાળી હશે.

પ્રભાતનું પ્રથમ કિરણ ફૂટતાંની વારે જ એણે મંદિરના ઊંચા કોઠા પરથી નીચે નજર નાખી : ખડકની ભેખડ ઉપર એક ગૌર માનવકલેવર પડ્યું હતું : ભેખડે આઝેલાં શ્વેત સમુદ્રફીણમાં સિંદૂરિયા રંગનું શોણિત નીતરતું હતું.

દુઃખની એક હાય પુકારી, અને દેહ પરથી પૂજાનાં પરિધાન ફાડી નાખી હીરાં પાણીમાં [કૂદી પડી. એક પહોર પછી મોજાંએ એના શરીરને પણ લીએન્ડરના શબની પાસે સુવાડી દીધું.

મોરણી–ભભૂતગર, સુહિણી–મેહાર, હીરાં–લીએન્ડર : એક સોરઠની, બીજી પંજાબની, 'ને ત્રીજી ગ્રીસની—ત્રણે શું જુદી જુદી ઘટનાઓ હશે ? કે એક જ ઘટના પરથી ઘડાયેલી લોકકથા વહાણવટીઓની જીભે ચડીને જુદે જુદે ઠેકાણે ઊતરી પડી હશે ? ને પછી શું એને સ્થળ સ્થળનાં લોકોએ પોતપોતાની નજીકનાં એવાં જ મળતાં સ્થળોની સાથે નોખે નોખે નામે

બખખેસતી કરી હશે ? સુહિણી–મેહારની એકની એક કથા પંજાબ, સિંધ તેમ જ કચ્છમાં કાં દાવો પામે ? બેટ શંખો-દ્ધારની નજીક પણ દરિયામાં સુણી–મેઆરના બે ખડકો બતાવવામાં આવે છે, તેનો શો મર્મ ? આમ પ્રેમકથાના રસને જે વેળા હું પંડિતાઈની આંચ લગાવી રહ્યો હતો, તે વેળા—

"કાં શેઠ, સા બણાવશું ?" જાફરાબાદ તરફ સરતા 'પીરના મછવા'માં વિચારગ્રસ્ત બેઠેલ આ વિદ્વાનને સામત ખલાસીએ નોતરું પુકાર્યું.

"ચા ? આંહીં મછવામાં ?"

"હા શેઠ. દૂધ તો નથી, એટલે 'સુલતાની સા' બણાવીએ." સામત ખલાસીની કનેથી આજ પહેલી જ વાર 'સુલતાની ચા'નાં નામ-સ્વરૂપ જાણ્યાં.

"કંઈ નહિ, ભાઈ, હું હજુ બેટનાં રીંગણાંના મઠા અને ભાખરી–મૂળા ઉપર ત્રાપટ દઈને જ ચડ્યો છું. (વસ્તુતઃ 'સુલતાની ચા'નું રસપાન કરવાની શક્તિ હજુ મેં કેળવી નહોતી.) માટે સામતભાઈ, કાંક તમારી દરિયાની વાતું થાવા દો."

"દરિયાની વાતું ?" સુકાન ઝાલીને ઊંચે બેઠેલ સામતના શ્યામ ચહેરા ઉપર પીળી દંતાવળીની ભાત ઊઠી. એની તીણી છતાં ફિક્કી દેખાતી આંખો એના જર્જરિત ઊંડા હાડકાંના માળખામાંથી ઊંચી આવી "દરિયાની વાતું તે શી હોય, શેઠ ? સત તો હવે એક ઈણામાં—ઈ રતનાગરમાં જ રિયું છે, ઈણી ટેમ ઈ કેદીય ચૂકતો નથી. દિયાળે કે રાતે, ઈણી વીજ્ય ને ઈણાં આર એકસરખાં ચાલે છે. ઈ અમારી વહાણવટીઓની સાચી ઘડિયાળ છે. આજ તો સત બીજા કિનામાં રિયું છે, ભાઈ ?"

એક-બે ભજનો

"સામતભાઈ, મોટા દરિયા ખેડ્યા છે?"

"હા ભાઈ, સાત-આઠ વરસનો હતો તે દા'ડેથી મારા મામાના વા'ણે રોટલા ઘડવા ચડ્યો, ને તે પછી આજ દી લગી ટંડેલાઈ જ કરી છે: આંહીંનાં વાણુંમાં ને કચ્છનાં વાણુંમાં. મામો મૂવો તયેં એના છોકરા નાના: ઇનું વા'ણ ઘણાં વરસ ખેડ્યું. છોકરા જવાન થિયા એટલે મેં કહ્યું કે 'બાપા, તમારો ઘોડો હવે તમે હાંકી ખાવ.' પણ બાપડા જુવાન ખરા ને! એક વારની ખેપમાં મલબારથી આવતા 'તા, તી રાતને ટાણે સંધાઈ સૂઈ ગિયા. સોખવાણે (સુકાને) બેઠેલ ભાણેજ પણ ઝોલે ગયો. મનમાં એમ કે વા'ણ સમે મારગે હાલ્યું જાય છે. જાગીને નજર કરે ત્યાં વા'ણ તો કાદામાં પછડાટા ખાય છે! છોકરા બાપડા કૂદી કૂદીને નીસરી ગ્યા, ને વા'ણના ભુક્કા થઈ ગ્યા ઈ કાદાને માથે. એવું વા'ણ આખા બેટમાં કોઈને નો'તું."

"સામતભાઈ, દરિયામાં તોફાન નડ્યાં છે કદી?"

"અરે ભાઈ! તોફાનની શી વાત કરવી? રતનાગર દયાળુ છે તે બચાવે છે. બાકી અમારે ને મોતને ક્યાં છેટું છે?"

"તોફાન વખતે શું કરો?"

"જઈ તોફાન આવવાનું હોય તઈ અમારી કને 'માલમનો હોકો' (હોકાયંત્ર) હોય છે ના, ઇની વચેનો ગોળો નેનકલાક રેખો સફેદ બણી જાય. પછી અમે વા'ણ બચતાં

માલને વામી (નાખી) દર્યો, ને માણસ બચતાં વા'ણને જવા દર્યો. વા'ણનો કવો (કુવાથંભ નામનો મધ્યસ્થંભ) પણ કવાડીએ ત્રોડીને નાખી દેવો પડે. જેમ બને તેમ વા'ણને હળવું કરી નાખી મોજને માથે જવા દર્યો. એમ છતાં યે બચાવ ન જ થઇ શકે એવું હોય, તો પછી છુટવતા જણ બા'રા નીસરી જાર્યો. પછી અમને વળી જ્યાં માલક કાઢે ત્યાં ખરો."

સામતભાઈ આવી વાતો કરે છે; જમણા હાથને કિનારે કિનારે, ડાચાં ફાડીને બેઠેલ ભરખજોગણી જેવી ભેખડાથી છેટે છેટે મછવો ચાલ્યો જાય છે, ત્યાં કિનારે એક મંદિર દેખાયું.

"એ છે વરાહરૂપનું થાનક, ભાઈ, આપણા આખા દેશમાં વરાહ-અવતારની બીજી સ્થાપના ક્યાંય નથી. આપણી કેડય જેટલી ઊંચી મૂર્તિ છે: રંગે કાળી: મોઢું વરાહનું: મોંમાં દાતરડી છે: દાતરડી માથે પ્રથમીનો પીંડો છે: ચતુર્ભુજ સ્વરૂપ છે. મોઢા સિવાયની આખી કાયા માનવરૂપની છે. અતારે ત્યાંથી પાણી વળી ગયાં છે એટલે મછવો પોગી નહિ શકે, નીકર જઇ આવત આપણે."

પ્રભુના વરાહ-અવતારની, આખા ભારતવર્ષ ખાતે કેવળ ગુજરાતમાં જ પ્રતિષ્ઠા છે. સોરઠમાં ફક્ત આંહીં એક અપરિચિત કિનારે કયાંથી? ના, કિનારો તો અપરિચિત નથી. આખાય આર્યાવર્તમાંથી અસલના કાળમાં આંહીં ઊતરતાં યાત્રિકોનો છેક દ્વારિકા સુધીનો યાત્રાપથ આ કિનારે કિનારે જ ચાલતો હતો. તે મહામાર્ગની ઉપર જ આ વરાહરૂપનું ધામ પડ્યું છે. આ પ્રદેશને અપરિચિત બનાવી મૂકનાર તો પેલા પરભાર્યા દોડતા આગગાડીના ડબ્બા જ છે. આજે આર્યાવર્તનાં યાત્રિકો સૌરાષ્ટ્રનાં માત્ર બે-ત્રણ તીર્થો જ જોઈ ને ચાલ્યાં જાય છે. પોણોસો વર્ષ પૂર્વે, તો એને આખી જે સોરઠનું દર્શન થતું. કિનારા ઉપર

ટંકાયેલાં મોતી શાં બંદરો અને કિનારાથી પાંચ-પાંચ કોસની અંદર પડેલાં શૈવ, બૌદ્ધ તેમજ વૈષ્ણવી તીર્થસ્થાનો, પહાડો, ઝાડીઓ ને ઝરા, તમામને અવલોકવાની જુક્તિદાર એ કેડી હતી. સમગ્રતાની દૃષ્ટિ એમાં ખૂબ સચવાયેલી હતી.

પણ આ વરાહ-અવતારની એક સ્થાપના આંહીં કયાંથી? આખા ભારતવર્ષમાં એકનું એક વામન-અવતારનું મંદિર પણ સોરાષ્ટ્રના વણથળી (વામનસ્થલી) ગામે કેમ ? આ ' સુરાષ્ટ્ર'ને ઇતિહાસે કેમ આટલો બધો મહિમા ચડાવ્યો છે ? આ દેશની તવારીખ કેટલા યુગોની જૂની સમજવી ? ચાંચના પેલા રાવણ-ઝાડ રૂખડાને વૉટસન સાહેબે ત્રણ હજાર વર્ષોનો જૂનો કહ્યો છે! ઇતિહાસકાર ફ્રેમ્ટન બેલ સાચું જ લખે છે કે સંસ્કૃતિ-ઓની ચડતી-પડતીનાં જે જે મોજાં હિન્દને છંટાયાં, તે તે તમામ આ ' સુરાષ્ટ્ર'ને કિનારે પણ અફળાયાં હતાં.

" ઠીક, સામતભાઈ, આપણે તો આપણી વાતો ચલાવો. મોટી વાતો ભલે ઈતિહાસવેત્તાઓ ચર્ચતા. "

પણ સામતભાઈ કંઈ પાણીનો નળ થોડો હતો કે ચકલી ઉઘાડીએ એટલે અંદરથી ધાર થાય ? એ તો હતો માનવી. એ કહે કે " ભાઈ, તમે એકાદ ભજન લલકારો ત્યાં જાફ્રાબાદની ખાડીમાં પોગી જાયેં. પ્રભુનું એકાદ પદ થાવા દ્યો. "

સામતભાઈને ખબર નહોતી કે પ્રભુભક્તિને અને પંડિતાઈને ઘણું અંતર હોય છે. ભક્તિના ભાવ ઝીલે એવી પોલી એ છાતી નોય. પણ ભજનોની અંદરે ય એકલા વૈરાગ્યનાં જ કયાં રોદણાં છે ? માનવી-માનવી વચ્ચેના ઉચ્ચ અનુરાગની વાણી જેસલ--તોરલનાં પદોમાં છલોછલ પડી છે. એમાંથી મેં સામતભાઈને એક-બે સંભળાવી દીધાં.

" સામતભાઈ, કચ્છનો કાળઝાળ લૂંટારો જેસલ જાડેજો

જ્યારે સોરઠની કાઠિયાણી સતી તોળલને ઘેર ગળતી રાતે ખાતર પાડવા ગયો છે તે વેળાની આ વાણી છે."

"રંગ ભાઈ, થાવા દો." સામતને કોઠે દીવા થયા.

"એ જી જેસલ! ગળતી એ માઝમ રાત;
એ......જાડેજા હો....ગળતી એ માઝમ રાત :
લાલ રે લુંઘીની વાળેલ
કાળી રે કામળની બીડેલ ગાતરી હો જી!
એ જી જેસલ! ખડગ ખતરીસો લીધો હાથ,
એ...જાડેજા હો...ખડગ ખતરીસો લીધો હાથ.
ખાતર દીધાં રે હરિને ઓરડે હો જી!
એ જી જેસલ! તોળી રે ઘોડી ને તરવાર,
એ...જાડેજા હો!...તોળી રે ઘોડી ને તરવાર,
ત્રીજી રે તોળલદે સતીની લોબડી હો જી!

"આ રીતે જેસલ લૂંટારો ગળતી માઝમ રાતે જ્યારે કાળા રંગની લુંઘી પહેરીને, કેડયે તલવાર અને હાથમાં ગણેશિયો લઈ ને, પ્રભુભક્ત તોળલ સતીના પતિ સંસતિયાને ઘેર ત્રણ ચીજની ચોરી કરવા જાય છે.: શી ત્રણ ચીજ? સતી તોળલ, ઘોડી ને તલવાર : પણ ત્યાં પોતે છતો થઈ જાય છે : પછી એને તારવા માટે તોળલ સતી સંસતિયા સ્વામીની રજા લઈને જ્યારે જેસલની જોડે ચાલી નીકળે છે, સામતભાઈ, તે ટાણે બેઉ જણનાં હૃદા કેવા એકાકાર બની જાય છે.? શું કહે છે તોળલ સતી? કહે છે કે હે જેસલ પીર!

"એ જી જેસલ! તમે રે હીરો ને અમે લાલ,
જાડેજા હો!...તમે રે હીરો ને અમે લાલ,
એકી એ દોરામાં દોનું પ્રોવીયાં હો જી!

વળી,

તમે રે ચંપો ને અમે કેળ્ય,
જાડેજા હો!...તમે રે ચંપો ને અમે કેળ્ય,
એકી એ કયારામાં દોનું રોપીઆં હો જી!

અને,

તમે રે પાણી ને અમે પાળ્ય,
જાડેજા હો!...તમે રે પાણી ને અમે પાળ્ય,
એકી એ આરામાં દોનું ઝીલતાં હો જી!

એમ,

બોલ્યાં રે તોળાંદે સતી નાર,
જાડેજા હો!...બોલ્યાં રે તોળાંદે સતી નાર,
સતીએ ગાયો રે હરિનો ઝૂલણો હો જી!"

"વાહ વાહ!" સુકાને બેઠેલ સામત ખારવાએ અને ઘૂઘા પગીએ માથાં ડોલાવ્યાં: "પ્રભુના નામની ભજનવાણી ભારી મીઠી લાગે છે. બીજાં ગીત ગમતાં નથી."

ભજનિક પોતાના અંતરમાં સારી પેઠે સમજતો હતો કે એને ગમતી વાત આ પદની અંદર કોઈ પ્રભુ-નામની નહોતી પણ

અમે હીરા ને તમે લાલ: બેઉ એકી દોરે પરોવેલાં:
અમે ચંપો ને તમે કેળ: બેઉ એકી કયારે રોપેલાં:
અમે પાણી ને તમે પાળ: બેઉ એકી આરે ઝીલતાં:

એ પ્રેમી યુગલની ત્રણ ઉપમાઓ હતી, અને ઊંડામાં ઊંડી ઝંખના વ્યક્ત કરનારો ભજનનો ઢાળ હતો. જેસલ-તોળલનો દેશ કચ્છ ઘણા કાળથી બોલાવી રહેલ છે. એ બે પ્રેમ-ભક્તોની નિગૂઢ કથાએ કયારનું જાદુ પાથર્યું છે. સંસતિયા કાઠીએ સગી બીને રાજીખુશીથી લુંટારા જેસલની જોડે વળા-મણાં દીધાં, એ રૂઢિચુસ્ત પીંજર-નીતિના ઉપાસક સમાજને

ગભરાવી નાખનારો સમર્પણનો પ્રસંગ અનેક વાર અંતરમાં ઘોળાતો જ રહ્યો છે.

હું તો જેસલ-તોળલની વાર્તાને તેમ જ વાણીને પોતાના પ્રાણ સાથે ઘોળનાર સોરઠી લોકસમૂહની ભાવના વિચારી રહ્યો છું. એની આંખોમાં રૂઢિનું ઝેર-ઝુન્નસ આવવાને બદલે, આ કથા પ્રત્યે શાંતિનું, સમાધાનવૃત્તિનું અમૃતાંજન કેવું અંજાયું છે! અંજારમાં જેસલ-તોળલ રહેતાં, તેમાં એક દિવસ છેક મારવાડના રણુજા ગામેથી ભક્ત રામદેપીરના સમૈયામાં પધારવાનાં તેડાં આવે છે. પણ એ 'વાયક' એ નોતરાં આવ્યાં તે ફક્ત એકલાં તોળલદેને સારુ. વગર તેડે બીજાથી જવાય નહિ. જેસલ-તોળલને જુદા પડવાનું આવે છે: જેસલ, જંગલના મૃગલા-મોરલા હણનારો, કુંવારી જાનો લૂંટનારો, સાત વીસું (એટલે ૧૪૦) મોડબંધા વરરાજાની હત્યા કરનારો—અરે, જેટલા માથાના વાળ એટલા ગુના કરી ચૂકેલો જેસલ એ તોળલની થોડા મહિનાની જુદાઇને ટાણે શી આર્તવાણી ઉચ્ચારી રહ્યો હતો: "સાંભળો સામતભાઈ, ધુધા પગી, બીજું ભજન સંભળાવું જેસલ-તોળલનું: જેસલજી કહે છે:

> રોઈ રોઈ કેને સંભળાવું રે જાડેજો કહે છે,
> ઊંડાં દુ:ખ કેને સંભળાવું રે, જેસલજી કહે છે,
> રૂદિયો રૂવે રે મારો ભીતર જલે.
>
> અમે હતાં તોળલ રાણી, ઊંડે જળ બેડલાં રે;
> તમે રે તારીને લાવ્યાં તીરે રે, જાડેજો કહે છે,
> રૂદિયો રૂવે રે મારો ભીતર જલે!—રોઈ૦
>
> અમે હતાં તોળા રાણી, ખારી વેલ્યે તૂંબડાં;
> તમે આવ્યે મીઠડાં હોય રે, જાડેજો કહે છે—રોઈ૦

કાપડ લાવો તોળી રાણી, ધોઈ કરી લાવું;
ધોઇ લાવું જમનાને તીર રે, જાડેજો કહે છે—રોઈ૦

મેલાં કાપડ તોળી રાણી, સાબુએ સુધારું;
નિંદા થકી ઊજળાં હોય રે, જાડેજો કહે છે—રોઈ૦

તમે ચાલ્યાં તોળી રાણી, વડે સંઘે વાયકે;
તમ વિના દનડા ન જાય રે, જાડેજો કહે છે—રોઈ૦

દોયલી વેળાની તોળી રાણી, ગાયત્રી સંભળાવો:
સંભળાવ્યે સુગતિ હોય રે, જાડેજો કહે છે—રોઈ૦ "

એમ એ આખું-ભાંગ્યું બીજું પદ મેં ગાયું. દસ વર્ષ પૂર્વેની એક ભાંગતી રાતે સાંભળેલું તેની ખંડિત કડીઓ જ સાંભરી શકી.

" સામતભાઇ, " મેં કહ્યું. " તોળલ તો જેસલને દિલાસો દઇ ને જાય છે. પણ રામદેવ પીરને સમૈયે એને વધુ દિવસો ભાંગે છે. આંહીં અંજારમાં જેસલ જીવતી સમાધ લ્યે છે, દટાય છે. પછી તોળલ પાછાં આવીને, હાથમાં તંબૂરો ને કરતાલ ધરી, પગે ઘૂઘરા બાંધી જેસલને સમાધમાંથી જગાડવાનું કેવું ભેદક પદ એ સમાધની સન્મુખ નાચતાં નાચતાં ગાય છે ! "

જાડેજા હો વચન સંભારી વેલા જાગજો !
જાડેજા હો તાલ-તંબૂરો સતીના હાથમાં રે જી !

આમ વેણ યાદ કરું છું, આખો પ્રસંગ મારી કલ્પના-લોકમાં સર્જાઇ રહ્યો છે, ત્યાં તો જાફરાબાદની ખાડીને મુખદ્વારે, ખડકવાળી કિનારી ઉપરથી ઊતરતા જુવાળનાં જળ એક ઊંડા ભમ્મરમાં પછડાતાં હતાં, ઉપરવાડે બગલાની તપસ્વી જમાત એક પંક્તિએ ધ્યાન ધરીને બેઠી હતી, દરિયાનું ' પીળિયું ' પંખી એ ચડતી ને ઊતરતી વીજ્યની ઉપર ને ઉપર જ અદ્ધર

ઊડતું હતું, અને જેસલ-તોળલની ગ્રેવ સમાધ-ભોમની જાત્રાએ જવા સારુ સાગર જાણે કે એનો એકતારો ઝંકારીને બોલાવતો હતો કે—

> હેડા ! હાલો અંજાર, મુંજા બેલીડા !
> એ હેડા હા...લો અંજાર, મુંજા બેલીડા !
> જાત્રા કરીએં જેસલ પીરની હો જી !

—અને વિરાટના મૃદંગ ઉપર મોજાંની થાપી પડી રહી હતી.



વસ્લની રાત

રાતના આઠ વાગે જ્યારે હું ને ઘૂઘો પગી નાસ્તો લઈને ગામમાંથી કિનારે આવ્યા ત્યારે સુકાન પર બેઠેલો સામતભાઈ રોટલો ચાવતો હતો.

"અરે અરે, સામતભાઈ!" મેં કહ્યું: "હું નાસ્તો લાવું છું એમ કહીને ગયો 'તો ને?"

"તમ તમારે નાસ્તો જમો, ભાઈ; મારે રોટલો ઘણો છે."

"એમ હોય કાંઈ?" મેં ત્રણ જણ વચ્ચે નાસ્તો પાથરવા માંડ્યો.

"ના ભાઈ, તમે નોખા જમો—અમને એમાંથી થોડુંક આપી દ્યો. તમે ઊંચ વરણ કે'વાઓ."

મેં જીદ કરીને પણ ભેળા જ નાસ્તો જમી મારું સ્વભાવ-ગત શૂદ્રપણું સાબિત કર્યું. અથવા મારા મનને એમ મનાવી લીધું કે હું શૂદ્ર જ છું. જમાનો હવે શૂદ્રોના શાસનનો આવ્યો. ખરો ને, એટલે મારા જેવા અનેક સમયવર્તીઓ પોતાને 'શ્રમજીવી'માં, 'મજૂર'માં, ને શૂદ્રમાં ખપાવવાની કોશિશ કરશે. જમાનો જો નાગરોનો હોય તો જેમ પ્રશ્નોરાને 'કેવા છો' પૂછતાં 'પ્રશ્નોરા નાગર છીએ' એવો જવાબ મળે, ને વાણિયો પણ ધીરે ધીરે કોઈ રીતે 'ઊંચ વરણ'માં ઘૂસવા પ્રયત્ન કરે, લુહાણા બીજી રીતે ન ફાવવાથી જેમ છેવટ લવ-કુશની ઓલાદ બની જઈ ક્ષત્રિયોમાં ઘૂસે—એટલે ઊંચ જાતિઓના આધિપત્યના

યુગમાં તમામ લોકો 'ઊંચપણ'ની પૂછડી પકડવા યત્ન કરે, તેમ અત્યારે હવે ઊલટા વા વાય છે! એનો પુરાવો હું પોતે.

"ભાઈ!" સામત બોલ્યો, "આજ પીરે જાનારા ઘણા જણા આવવાના છે, માટે તમે આંઈ સૌખવાણુ (સુકાન) પાસે મારી ભેળા આવી જાવ. આપણને બેયને ઠીક પડશે."

મેં સામતભાઈની ગોદમાં બિછાનું પાથર્યું. પૂછ્યું: "આપણે પાછા ક્યારે ઊપડશું?"

"ચંદરમા આથમ્યે આર ઊતરીને વીજ્યનાં પાણી ચડશે ને ભાઈ, તયેં મછવો હંકારશું. વીજ્ય ને વાવડો બેયનો લાગ જડશે."

એમ કહી સામતે ભંડકિયામાંથી એક પુરાતન હાફ-કોટ કાઢીને ઠંડીમાં કંપતે કંપતે ધારણ કર્યો.

"સામતભાઈ, મોટી મુસાફરીઓમાં માર્ગ ને દિશા કેમ સૂઝે?"

"દરિયામાં કેડા તો થોડા છે, ભાઈ? પણ દિયાળે કરતાં ય રાતે અમારી આંખું વધુ ભાળે: કયાં કાદો છે, કયાં ડાંડો છે, એ સંધું અમે અમારી આંખ્યુંને મહાવરેથી પાણીની હેઠયે માપી શકીએ. ને મોટા દરિયામાં દશ્ય સૂઝે અમને આભનાં 'લાખતર' ઉપરથી." લાખતર એટલે નક્ષત્ર.

"ક્યાં ક્યાં નખતર તમારાં? બતાવો જોઉં?"

ડોલતા નાવડામાંથી નોખનોખી દિશામાં આંગળી ચીંધતો ખલાસી એનાં રોજ રાત્રીનાં આકાશી સાથીઓની ઓળખાણ આપવા લાગ્યો:

"જુવો ભાઈ, ધરૂ (ધ્રુવ): એની સામે આ ચોકી: આ ઊગમણય ને આ આથમણય: આ ધરૂ અને ઊગમણયની વચ્ચે કળાય એ સુરતી લાલ: ધરૂ ને આથમણયની વચ્ચે

ચળકે એ મકરાણી લાલ : આ મકરાણી લાલની સામો રિયો એ ખખાઇ લાલ : આ ડુંગરને પડખે ટમકે હિંદવાણી લાલ. હવે આમાં ખખાઈ લાલની દશ્યે આવ્યો અપાર મોટો દરિયો. એ દશ્યે ન હંકારીએ."

મને લાગ્યું કે ખખાઈલાલ એટલે આફ્રિકા અને હિંદ બન્ને વચ્ચેની સીધી દક્ષિણ દિશા હશે. નર્યું નકશાનું જ્ઞાન!

"હવે ભાઇ," સામતે સમજાવ્યું : "ગમે તેવી મેઘલી રાત હોય, મે હોય, પણ આ ચાર દશ્યમાંથી એક જ દશ્ય ઉઘાડી હોય ને એક જ લાખતર દેખાતું હોય, તો અમે તમામ કેડા નક્કી કરી શકીએ."

"દિશા બિલકુલ ન કળાય તો?"

"તો વાણ હોદારીને બેઠા રહીએ જયાં હોઈએ ત્યાં. સવાઈ પીર! સવાઈ પીર! પીર કનારે પોગાડે તયેં ખરું. નીકર અમારાં મોત તો રતનાગરને ખોળે જ લખ્યાં છે ને?"

આ 'લાલ' પ્રત્યયવાળાં નામોથી શોભતાં નક્ષત્રોની પિછાન તો મને નહોતી, પણ ખલાસીઓએ પોતાના તારલ દોસ્તોને 'લાલ' જેવું લાડલડાવણુ વિશેષણ આપવામાં તો પોતાની રસિકતા જ બતાવી છે. અથવા પછી સન્મુખલાલ, મોહનલાલ વગેરેની માફક વહાણવટીઓએ તારાઓને પણ વાણિયા-બ્રાહ્મણ જેવા ઊંચ વર્ણમાં મૂકયા હશે! ખેર.

"હેં સામતભાઇ," 'હડકી વારી આઇ'ની વાત મારા મનમાં તાજી હોવાથી મારો પ્રશ્ન ઊઠયો : "દરિયા ખેડો છો તો કદી ચળીતર–બળીતર દીઠામાં આવ્યું છે ખરું?"

"તયેં નહિ, ભાઇ?" સામત શૂન્યમાં કશુંક ભાળતો હોય તેમ શરીર સંકોડી ગયો. એની પીળી આંખો પાધરા દરિયામાં તાકી રહી; એનો અવાજ ઊંડો ઊતર્યો. કોઈનો

ઓછાયો પડી રહ્યો હોય તેવે ધાસ્તીને સ્વરે એણે સુકાન સાથે લપાતે લપાતે વાત કહી :

"તે દી હું મારા મામાના વા'ણુમાં ચડતો. મારી જુવાની હતી. એક વાર કાલકોટની ખેપેથી અમે ચાલ્યા આવીએ. જાફરાબાદની ઓલીકોરનો દરિયો હતો. અધરાત પછીની વેળા હશે, અંધારું હતું. મામો કહે કે, 'છોકરાઓ, તમારા ચારમાંથી *બે જાગો ને બે થોડાંક ઝોલાં લઈ લિયો. વારાફરતી જાગો.'* એ રીતે હું પેલા વારામાં ઊંઘી ગયો. ઘસઘસાટ ઊંઘું છું ત્યાં સોખવાણે બેઠલ મારા મામાએ બૂમ પાડી : 'એલા છોકરાવ, જાગો, ઝટ જાગો, ને કાકડી કરો : વાંસે આગબુટ વઈ આવે છે. હમણાં આપણી ઉપર આવી પડશે; ઝટ કાકડી કરો!'

"સાંભળીને હું તો આંખો ચોળતો દોડયો. અંધારે અંધારે લૂગડાની કાકડી પડેલી તે ઘાસલેટના ડબામાં બોળીને મેં તો દીવાસળી કરીને કાકડી ચેતાવી. હજી ચેતાવું ન ચેતાવું ત્યાં તો બા....પા! એક જબરી આગબુટ અમારા વાણુને પડખે થઈને નીકળી. માલીપા ઝડ ઝડ દીવા બળે છે, અને માણસ, માણસ, ઓહો કાંઈ માણસ હુકળે! માણસોની વાતુંચીતું સંભળાય. ધમધમાટ કરતી આગબુટ વાણુની પડખે થઈને ચાલી ગઈ: અમે જોઈ રિયા. પણ ત્યાં તો કેવી આગબુટ ને શી વાત! કશું ય મળે નહિ. કાંઈ દીઠામાં ન આવ્યું. એવી મોટી આગબુટ એક ઘડીમાં ક્યાંઈક ગેબ થઈ ગઈ.

"અમે પાંચે જણ તો વા'ણુમાં સૂનમૂન થઈ રિયા. હેબતાઈ ગયા. કોઈ બોલે કે ચાલે! પાંચેનાં કલેજાં ઉપર કાંઈક ઘરબાઈ ગયું જાણે.

"પછી મારા હૈયામાં શ્વાસ આવ્યો. મેં ઊઠીને સહુને કહ્યું કે ભાઈ, આ બીજું કશું નો'તું; કોઈ આગબુટ નો'તી.

નક્કી આ ' વીજળી'નું ચળીતર હતું. આંઈ જ ' વીજળી ' બૂડી'તી. હમણાં આપણને ભરખી જાત. પણ સવાઈ પીરે આપણને ઉગાર્યા ! આવું ચળીતર અમે તે દી રાતે દેખેલું, ભાઇ ! ' વીજળી'નું 'જ ઇ ચળીતર. પછી અમે વા'ણની મોરીને માથે તે વેળાએ લોબાનનો ધૂપ કર્યો, ને રતનાગર સાગર પાસે પાઘડી ઉતારીને સલામું કરી. "

ખાડીમાં કેંક વહાણો લોથારી (લંગર) નાખી પડ્યાં હતાં. ચંદ્રમાનાં અંઘોળ ઝીલતું આકાશ શાંતિમય હતું. ઓટનાં પાણીને લઈ ને પાછો ચાલ્યો જતો દરિયો, અનેક ધોળાં ગાડરનું ટોળું હાંકીને વગડે જતા ગોવાળ જેવો, પોતાની નિગૂઢ સરજૂ લલકારતો હતો. તે વખતે એક વહાણ ઉપર કશીક તકરારના બોલ સાંભળીને સામતના કાન ચમકયા. એણે લોથારી ઉપાડી લઇને પોતાના દસેક માણસે ભર્યો મછવો એ વહાણની નજીક લીધો. વહાણમાંથી અવાજ આવ્યો : " કાં સામત ? "

" કોણ ? રૂખડ મામો કે ? "

" હા ભાઈ ! હાલ્ય રોટલો ખાવા. "

" મીંએ ખાધું. તમે ખાવ. પણ રીડયું શીની પડતી'તી, મામા ? "

" સાચું કે'જે, સામત ! " રૂખડ મામાએ ભોળી વાણી કાઢી : " મારી વઉ બેટમાંથી આંહીં કામકાજે આવી હોય, ને પાછી જાવા સારુ તારે મછવે ચડે, ને તું ઇની પાસે ગેરવાજબી માગણી કર, તો ઠીમ ? "

" અરે રામ રામ ! મારો પીરનો મછવો : ઈમાં એવી નાલાયકી હોય ? કુણ ઇમ બોલનારો હતો ? "

" આપણો બેટવાળો કરણો. મારી બાયડીને કહે આવું

વેણ કહ્યું. ઈ બાપડી આંઈ આવેલી તયેં પૈસા આપીને ઈ ને મછવે ચડવા ગઈ'તી."

"હશે ભાઈ, નાલાયકને શું કે'વું! વાત પડી મેલ્ય; ને હાલ્ય મામા, આવવું છે બેટ?"

"હા, માલ હજી ભરાણો નથી એટલે આજની રાત છોકરાંને મળી જાવા આવવું છે."

મછવો રૂખડ મામાને લઈને ઊપડ્યો. "હાલ્યો આવજે ઘેર!" રૂખડમામાએ ખાડીમાં ચીસ નાખી: "કરણા, હાલજે ઘેરે; જો બીજે કીંયે જાતો નહિ. હું ઘેરે જ જાઉં છું. ત્યાં મળશું આપણે."

મેં કહ્યું: "રૂખડભાઈ, એ ખારવાએ તમારી વહુને આમ કહ્યું એ તો બહુ ગેરવાજબી! તમે હવે એને શું કરશો?"

"શું કરીએં ભાઈ?" રૂખડે ખામોશભર્યો સ્વભાવ પ્રગટ કર્યો: "અમારે રોજ દરિયા ખેડવા: બાયડીયું ઘેરે એકલી: એને પાથેર મરચું જોતું હોય તોય આંઈ લેવા આવે: એમાં કોઇક નાલાયક આવું બોલે તો એને ઠપકો દઇએ; બીજું શું કરીએ, ભાઈ? કજિયા માંડવા ક્યાં બેસીએ?"

કેડો ટાઢા કરીને રૂખડ ઘસઘસાટ સૂઈ ગયો. બીજાં દસ જણાંએ પણ નીંદર ખેંચી. હું અર્ધનિદ્રિત હતો. એકલો સામત સુકાન સાચવતો, શઢને વાવડાની દિશા પ્રમાણે વારે વારે ફેરવી ફેરવી બાંધતો, સીધી તીર સરીખી નજરે સન્મુખ કેડો માપતો જાગે છે. એણે ગાંજાની સટ બે–ત્રણ વાર ચડાવી છે. ત્રણ વાર તો સહુ મુસાફરોને ચા કરીને પાઇ છે, સહુને ઉઘાડીને પોતે એકલો જાગે છે:...*તસ્યાં જાગર્તિ સંયમી।* પેટના રોટલા સારુ એણે ત્રણ રાતથી ઝોલું નથી ખાધું. "ભાઈ, આજ ત્રીજો ઉજાગરો છે મારે."

"અહીંથી સીધા આપણે પીરે મછવો હંકારશું; ત્યાં આ સહુને ઉતારીને પછે 'પોટા' માથે હાંકી મેલશું, હો ભાઈ! વીજ્ય છે તાં જ પોટે પોગાડી દેશ તમને."

"ફિકર નહિ, સામતભાઈ!"

ચાંચ અને શિયાળબેટ વચ્ચે, જળની હેઠે છુપાઈ રહેલી દાંતી છે. વચ્ચે એક જ ઠેકાણે થઈને 'સવાઈ પીર'ની અણી ઉપર જવાય છે. જરાક ચૂક પડે તો મછવો કે વહાણ એ દાંતીનો ભક્ષ બને.

મારી કાંડાઘડિયાળના સળગતા આંકાએ અંધારામાં જ્યારે બે બજ્યાનો અમલ બતાવ્યો, ત્યારે સામત સહુને 'પીર'ને કિનારે ઉતારી નાખી, મને અને ઘૂઘાને લઈ પાછો વિકટરની ખાડી તરફ મછવો વાળી રહ્યો હતો. હવે તો વિકટર જઈને જાગવું છે, એ વિચારે હું ભરનીંદરમાં પડ્યો.



હે....અલ્લા !

સ્વપ્નું ચાલે છે : બખાઈલાલ અને અરબાણીલાલ વચ્ચે હીંચકો બાંધીને જાણે કોઇક મને ફંગોળી રહેલ છે.

જાગ્યો. મછવો ડોલે છે. પાણીના હડુહાટ થાય છે. હમણાં જાણે દરિયો ડાબી બાજુથી મછવા પર ચડી બેસશે. હમણાં જાણે જમણી બાજુથી જળ ભરાઇ જશે. કૂવામાં કોષ જેવી દશા એ નાનકડા મછવાની બની રહી હતી.

ધડ : ધડ : ધડ : મછવાને તળિયે જાણે કોઇક હથોડા પછાડી રહ્યું છે.

ઘડિયાળના સ્વયંપ્રકાશિત લીલા કાંટા સાડા ત્રણના આંકડા પર હતા. વિધાતાના જ લખ્યા એ જાણે આંકડા હતા.

અંધારું ઘોર : તારાઓ સૂનમૂન : તરંગોના પછાડ : તળિયેથી કોઈ કુહાડાના પછડાટો : દૂર દૂર પોતાની કેફ્ચકચૂર આંખને મીંચતો ને ધીરે ધીરે ખોલતો, ચાંચના ખડક પરનો નવો કંદીલિયો.

મારી આંખો સામતને શોધતી હતી. સામતભાઈ, એકલો મૂંગો મૂંગો વાંસડો લઈને તળિયાના પથ્થરો સાથે જોર કરે છે, ઘડીક શઢનાં દોરડાં ફેરવી ફેરવી મછવાને ઉગારવા મથે છે.

"સામતભાઇ, સામતભાઇ !" મેં પોકાર્યું : "આ શું થાય છે ? આપણે કયાં છીએ ?"

સામતભાઈને ખુલાસો કરવાની વેળા નથી. દરિયો હડૂડે છે. વરૂ જેવાં વિકરાળ મોજાં એક તરફથી મછવાને થપાટો દઇ, બીજી બાજુએથી અંદર ચડવા આવે છે.

ઘૂઘો પગી ઊઠયો : "એલા સામત, કયાં લેખડાવ્યું ?"

ઉગાર સારુ મથી રહેલ સામતે દીન શબ્દે ઉત્તર વાળ્યો : "દાંતીમાં ભરાણો છે મછવો."

બીજો વાંસડો લઈ ઘૂઘો કૂદ્યો. મથતાં મથતાં પૂછે છે : "કેમ કરતાં ? ઝોલે ગ્યો'તો તું ?"

"અરે, ઝોલે શું જાઉં ? ધીરેથી મછવો પાછો વળ્યો, પણ સામી વીજ્ય દાંતીની ગાળીમાંથી નીકળવા જ દેતી નથી. બે વાર તો ઠેઠ લેંસલે જાતો મછવાને નાખી દીધો. હેરિયાં કરી કરીને (શઢ ફેરવી ફેરવીને) આંઈ પાછો લાવું છું, પણ મારીને પાછો કાઢે છે. આ વેળ કાદાને માથે ચડી ગયા છીએ."

"હવે શું થાય, હેં ઘૂઘાભાઈ ?" વિદ્વાને પૂછ્યું.

"કાંઈ નહિ, ભાઈ !" ઘૂઘો કહે છે : "તમે તમારે સૂઈ જાવ. અમે હમણે મછવાને આ'રો કાઢશું."

સૂઈ જાવ ! વિદ્વાનને આ મોતના મુખમાં સૂઈ જવાનું કહેનાર ખલાસી એ કાળી રાતનો કોઈ મૃત્યુંજય દેખાયો.

"ના ના, ઘૂઘાભાઈ !" વિદ્વાને વ્યાકુળતા છુપાવવા માંડી : "હું તમને કશી મદદ કરી શકું તેમ છું ?"

"ના રે ના, સા'બ ! તમે શી મદદ કરો !"

એમ કહેતાં એ બે ખલાસીઓ પ્રકૃતિના આ કાવત્રાની સામે ઊતરી પડયા. નીચે પગ ચીરી નાખે તેવા ધારદાર પથ્થરોની દાંતી હતી. મછવાને પછાડીને મોજાં હમણાં જ ચડી બેસશે એવો આખરી મામલો હતો. મછવાની અંદર એક જીવતા

જીવનું, અમલદારોના ઓળખીતાનું, ઘડીકમાં ગભરાઈ જાય અને ફડકે ફાટી પડે તેવી વાણિયા જ્ઞાતિના રતનનું જોખમ હતું.

" હે......અલ્લા ! હે......અલ્લા ! હે.......અલ્લા ! "

શ્વાસે શ્વાસે એ કરુણ રાગના અવાજ દેતા, બેઉ નાવિકો જહેમત કરતા હતા. સામે મોજાં ઘૂરકતાં હતાં. નીચે દાંતી દાંત ભરાવતી હતી. આઘે આઘે શિયાળ અને ચાંચની ધરતી કોઈ વિરાટ શબો જેવી સૂતી હતી. ભૂતના ભડકા કાઢતો કંદેલિયો ચાંચને પાછલે છેડે હાંકતો હતો. કાળી રાત હતી, કાળાં નીર હતાં. ભેંસલો ખડક જાણે વાટ જોતો હતો કે ક્યારે મછવાના કટકા થાય !

એ અધી કાળાશ વચ્ચે, એ સુનકાર રાત્રીના ખા...ઉં ! ખા...ઉં ! બોલતા લોઢરૂપી ચૂડેલો વચ્ચે, જીવનમરણનો જંગ ખેડતા બે ધીર મર્દોની એ વાણી કેવી સંભળાઈ હશે—

" હે......અલ્લા ! હે......અલ્લા ! હે......અલ્લા ! "

એમાં તીણી ચીસો નહોતી. બુલંદ પોકાર નહોતો. જેને સંભળાવવું છે તે જાણે કે પોતાની નજીક, પોતાની બાજુએ જ આવી ઊભો હોય એવો હળવો, મીઠો ને આખરી વેળાનો છતાં કાકલૂદી વગરનો, સાચા પુરુષાર્થનો એ અવાજ હતો. એ લાગણી મૃત્યુ સુધી સાંભરે તેવી હતી, એ પ્રાર્થના પવિત્ર હતી, કેમકે પુરુષાર્થના કંઠની એ પ્રાર્થના હતી.

કાદા ઉપરથી મછવો બરદરિયે કાઢીને પાછો સામતભાઈ બહાર નીકળવા ચાહ્યો ત્યાં ને ત્યાં : મોતના મોંમાં.

"હું ભાઈ !" મેં અંદરની આકુલતાને ડહાપણની વાણીમાં વિંટાળીને કહ્યું : "વીજ્ય ઊતરી જાય ત્યાં લગી લોથારી નાખીને મછવો હોદારી આંહીં જ પડ્યા રહીએ તો શી હરકત

છે ? મારે કાંઈ ચોટે પોગવાની ઉતાવળ નથી." (ભાષા મેં પકડી લીધી હતી !)

"અરે ના રે, ભાઈ !" સામતે નોક બતાવ્યો : "એમ કાંઈ બીને આંઈ પડયા રે'વાશે ?"

એ ચોથી વાર સામતે દાંતીમાંથી મછવાને પાર કરી દીધો.

*

"કાં સામતભાઇ !" ફરીવાર ઊંઘમાંથી બકીને મેં પડકાર્યો એને : "વળી કેમ મછવાનું તળિયું ભટકાય છે ?"

"ના ભાઈ, હવે તો પાધરો હાલ્યો જાય છે." સુકાન પર ગૂંચળું વળીને બેઠેલ ખલાસીએ ઝોલાંમાંથી જવાબ વાળ્યો.

મછવો આ વેળા 'કાદા' ઉપર નહિ, એટલે કે ખડક ઉપર નહિ પણ 'ડાંડા' ઉપર (રેતાળ જમીન ઉપર) ભટકાતો હતો.

"સામત, તું થાકો છો, મુંણે સોખવાણુ દે. તું સૂઇ જા." ઘૂઘા પગીએ સુકાન લીધું.

ખાડીનાં પાછાં વળતાં પાણી પ્રભાતે ખડખડિયાં બોલાવીને મને પૂછતાં હતાં : 'કાં મિસ્તર ! બાપડા આવા ભૂણદ્યા કંઠાળ દરિયામાં ય એક રાતનો અનુભવ મહાન કોઈ પરાક્રમનો પ્રસંગ લાગી ગયો ? આવી કંગાલ વાત કરી કરીને ધરતીનાં લોકોની વચ્ચે વીરમાં ખપશો કે ?'

માથું નમાવીને મેં ઉત્તર દીધો : "હે સાગર ! અભિમાનનો વિષય નહિં બનાવું; પણ આ એક રાત્રિના એક પ્રહર પરથી ત્રિરાશી બાંધીને નાવિકોના ધીર જીવનસંગ્રામની વેદના સમજાવીશ."

બાદી એ લેખકનો એક મહાન ગુણ છે. અપ્ટન સિંકલેર

પોતાની આત્મકથામાં લખે છે કે જ્યારે અમુક સ્ત્રીઓએ મને "ઓહો! એ તો લેખક છે!" એ શબ્દોમાં કોઈ ભવ્ય પ્રાણી તરીકે પ્રશંસ્યો, ત્યારે તે બિચારીઓને ખબર નહોતી કે 'લેખક એટલે તો સદાની કબજિયાતથી પિડાતું પ્રાણી! સિંકલેર જો અત્યારે આ મછવામાં હોત તો પોતાના એ દુર્ભાગ્યને કેવું સૌભાગ્ય સમજત! એ ગુણની સાચી મહત્તા તે પ્રભાતે મપાઈ ગઈ. દસ વર્ષની લેખનસાધના પછી પણ એ પરમ-સિધ્ધિથી વંચિત રહી ગયેલા આ અધૂરા ગ્રંથકારે મછવાની અંદર સર્વત્ર નિરીક્ષણ કરી-કારવીને લાચાર મોંએ પૂછ્યું: "ઘૂઘાભાઈ, ઝાડે ફરવાનું શું સાધન છે આંહીં?"

ઘૂઘો પગી મૂંઝાયો; ઊભો થયો; "જુવો સા'બ!" એમ કહેતો મછવાની પછવાડે ઊતર્યો. સુકાનનો ડાંડો બે હાથે ઝાલ્યો. સુકાનનો પાણીમાં રહેતો જે પંખાનો ભાગ,- તેની ઉપર વાંદરાની પેઠે પગનાં આંગળાં ભરાવીને 'દસ્ત-આસન' વાળ્યું: પછી બોલ્યો: "અમે તો, ભાઈ, આ રીતે કળશીએ બેસીએ. બીજો ઉપાય ન મળે."

ઠીક છે. વાંદરા પણ આપણા વડવા જ હતા ને! જળ-સમાધિ ન લેવાઈ જાય તો તો અડચણ નથી. એમ વિચારીને હું પણ મછવાની પાછળ ઊતરવા લાગ્યો.

"ભાઈ, બેસી શકશો?"

"કંઇ નહિ, તરતાં આવડે છે." કહેતે બે પગે ને બે હાથે સુકાનના ડાંડાને મર્કટ-શૈલીએ ચોંટી પડી, ચાલતે મછવે, હાજત પતાવી.

પોર્ટ વિકટરના વિશાળ ખાળામાંથી ખળખળીને દરિયા-જળ પાછાં વળતાં હતાં. કુંજડાં પંખીની પંક્તિઓ ને પંક્તિઓ,

નીલ આકાશમાંથી વિખરાયલ કોઈ કાબરચીતરાં મોતીની મોતવાળ જેવી, મેરામણ ઉપર ઊડી આવતી હતી. કાઠિયાણીના કંઠ શા એના લંબાયમાન આનંદ-સૂરો મને એક કાઠી લગ્ન-ગીતની, છ વર્ષો પર સાંભળેલી પંક્તિઓ સંભારી દેતા હતા :

લાંબી ડોકે કુંજડ રાણી !
અને તારાં મધદરિયે મનડાં મોહ્યાં રે
કુંજડ રાણી !

કાળી પાંખે કોયલ રાણી !
અને તારાં આંબલિયે મનડાં મોહ્યાં રે !
કોયલ રાણી !

રાતે ચૂડે સોમબાઈ રાણી !
અને તારાં જેતપર ગામે મનડાં મોહ્યાં રે !
હો વહુરાણી !

'પીપા સીતા રેન અપારા !'

મોટે દરિયેથી ખાડીમાંથી ચાલ્યાં આવતાં થોડાંએક વહાણ આમ તમ્મરિયાંના ઝુંડની અંદર કયાં વળી ગયાં ?

"ભાઈ, ખાડીનો એ નાનકડો ફાંટો ઠેઠ ભેરાઈ બંદરે, જૂના રાજુલા બંદરે અને પીપાવાવ બંદરે આ વહાણોને લઈ જાય છે. જુઓ, નજર કરો, એ કળાય ભેરાઈના મીઠાના અગર ! જૂનાગઢ તાબાનું જૂનવાણી મીઠાનું મથક છે ભેરાઈ. ત્યાંથી વાણ મીઠું ઉપાડશે."

ભેરાઈ: કાનને અને કંઠને જૂની પિછાનવાળો શબ્દ ભેરાઈ:

ડગલાં દી ને રાત, (મારે) ભરવાં પડે ભેરાઈનાં !

એ દુહાનાં પાછલાં બે ચરણ જીભ પર રમવા લાગ્યાં. આગલાં બેની યાદ સરી ગઈ હતી તે પણ ધીરે ધીરે પાછી આવી :

મેલ્યું વાંગર, મેલ્યું માઢિયું, મેલી મં'વાની બજાર;
(હવે) ડગલાં દી'ને રાત, (મારે) ભરવાં પડે ભેરાઈનાં!

એ તો રાણા–કુંવરની ગીતકથા માયલો દુહો : રબારી જુવાન રાણાનો જ એ ઉદ્‌ગાર. ભગ્ન હૃદયનો એ પ્રેમી વાંગર અને માઢિયા ગામની પોતાની જન્મભોમને, તજી ગીરમાં ધુંવાસના ધાર નામે ડુંગરા ઉપર રહેતો, ને છેક ત્યાંથી હટાણું કરવા એને ભેરાઈના આંટા થતા—પરને પરણી ગયેલ કુંવરને કદાચ ભેરાઈની બજારે છેટે રહીને પણ નજરે જોઈ

શકાય એ આશાએ ! એ કથાનાં સ્થાનો વારંવાર મારા માર્ગમાં ભટકયા કરે છે. જાણે કોઈ પૂર્વજન્મની કંદરાઓમાં પડી રહેલા સાદ એ દુહામાંથી ભણકાર ગુંજાવે છે : 'ડગલાં દી ને રાત, (મારે) ભરવાં પડે ભેરાઈનાં !' હતાશા, થાક અને ચિર-વિરહની શાંતિ બોલે છે એ એક પંક્તિમાં.

અને 'પીપાવાવ' શબ્દનો અવાજ પણ કયાં ઓછો પરિચિત છે ? પ્રેમીજનોની દુનિયામાં ભટક્તા પ્રેત સામે ભક્તની સૃષ્ટિનું કમાડ ખુલ્લું થાય છે. કબીરજીના એ સમકાલીન સંત પીપાજીએ આજથી ચાર સૈકા પૂર્વેની એક સંધ્યાએ દ્વારિકા તરફથી આવીને આ કિનારાની બાવળ-ઝાડીમાં પોતાનું વહાણ નાંગર્યું હશે, અને એની ક્ષુધા ઓલવવા સારુ એક કાનકુંવારી ગાવડીએ આંચળમાંથી દૂધના મેહ વરસાવ્યા હશે. આખો સોરઠ-તીર દીઠા પછી એ દુ:ખિત રાજનનું અંતર આંહીં જ ઠર્યું હશે.

મેં એને રાજા કહ્યા. હા, પીપાજી હતા ઉત્તર હિંદ તરફના કોઇ ગઢગાગરોન નામે રજવાડાના દેશપતિ. 'પીપા પૂજે કોટકેશળી' એ ગીતપંક્તિ હજુ ય બોલાય છે. કચ્છના કેરાકોટવાળી કોઈ દેવીના એ ચુસ્ત ઉપાસક હતા. પણ એક દિવસ—

> સવા કળશીનો ખીચડો,
> ને સવા માણાની શેવ;
> પીપે મારી પાટુએ,
> તને દ:ખ લાગ્યું કાંઈ દેવ !

એ પ્રચલિત લોકવાણી મુજબ દેવીને ઓટું નૈવેદ્ય જુવારવાના અવસર ઉપર પીપાજીને ભાન થયું કે આ દેવીથી યે ચડિયાતો દેવાધિદેવ ઈશ્વર જગત પર બેઠો છે ! થાનકમાં માંડયાં હતાં તે તમામ દેવી-ફળાં (પૂતળાં) ઉપાડીને પીપાએ ભારી બાંધી.

આઠે રાણીઓને લઈને દ્વારિકા આવ્યા. ત્યાંથી કહે કે, મારે તો જંગલનો જોગ ધરવો છે. બાઈઓ કહે કે, સાથે આવીએ. પ્રત્યેકની પાસે પીપાએ અક્કેક ધોળું વસ્ત્ર, તુલસીની માલા અને ગોપીચંદનનો કટકો ધરી દીધાં: ભેગાં આવવું હોય તો રાજશણગાર ઉતારીને આ ભેખનાં પરિધાન પહેરી લ્યો: નહિ તો સુખેથી પાછાં જઈ રાજસાયબી માણો: કોઈને માથે મારું ધણી તરીકેનું બળજોર નથી. સાંભળીને સાત તો પાછી ફરી ગઈ. ફક્ત આઠમાં અણુમાનેતાં સીતાદેવી પીપાની સંગે ચાલી નીસર્યાં.

પીપા સીતા રૈન અપારા,
ખરી ભક્તિ ખાંડાકી ધારા!

એમ સંસારની અઘોર કાળ-રાત્રીને ખરે પહોરે, પીપા-સીતાની બેલડી ખડગ-ધાર જેવા ભક્તિપંથ પર પગલાં માંડતી ચાલી નીકળી.

સોરઠી રત્નાકરને તીરે, તીરે, તીરે; અનંતની ઝાલરી સાંભળતાં, સાંભળતાં, સાંભળતાં: મસ્તક ઉપર પેલાં દેવલાંની ગાંસડી ઉપાડી હશે. કોડીનાર પંથકના કોઈ ઉમેજ નામે ગામમાં એક સંધ્યાએ પોરો ખાવા થોભ્યાં. કોઈ સેન ભગત નામના ભાવિકને ઘેર પરોણલાં બન્યાં. રાત્રીએ અતિથિઓ રોટલા ખાવા બેઠાં તે વેળા ઘરમાં યજમાનની ઘરવાળી દીઠામાં ન આવી. મહેમાનોએ હઠ લીધી કે જમીએ તો ચારે જણાં ભેળાં બેસીને. ઘરનો ધણી ઝંખવાણો પડી ગયો. "ક્યાં છે ઘરનાં મૈયા! સાંજરે તો દીઠાં હતાં ને, અત્યારે ક્યાં ગયાં?" ઘરધણી એ પ્રશ્નનો ઉત્તર ન દઈ શક્યો. હૈયું ભરાઈ આવ્યું. કંઇક ભેદ છે સમજીને સીતા મૈયાએ ઘરમાં આંટો મારી શોધ કરી. ઘરધણિયાણીને દાણા ભરવાની ખાલી કોઠીમાં બેસી

ગયેલી ભાળી : અંગે એક પણ લૂગડા વિના, નખશિખ નગ્ન! બેઠી બેઠી થરથરી રહી છે.

"ભાઇ ! આનું શું કારણુ ?"

"અતિથિદેવ !" ઘરધણી આંસુની ધારાઓ લૂછતો લૂછતો બોલ્યો : "આજ ઘરમાં કશું ય અનાજ નહોતું. એક પણ ઘરવકરી બાકી નહોતી રહી. મારા ઉંબરની આબરૂની રખેવાળ આ બાયડીએ પોતાના અંગ ઉપરનો સાડલો ઉતારી આપ્યો તે વેપારીને હાટડે મૂકીને હું લોટદાળ લાવ્યો, બાઈએ ન–વસ્ત્રી દશામાં ઓરડો ઓઢીને રાંધણું કર્યું. તમને ખાવા બોલાવ્યાં એટલે એ પોતાની એબ સાચવવા કોઠીમાં ઊતરી. આ અમારી કથની છે."

પોતાની પછેડી વડે બાઈનું અંગ ઢંકાવીને પછી પીપા–સીતાએ ગુપ્ત મસલત કરી. "શું કરશું, દેવી ?"

"મહારાજ, કાલે રાત્રીએ આંહીં નાચનો જલસો કરીએ. લોકો જોઈ જોઇને દ્રવ્ય દેશે."

"શી રીતનો જલસો ?"

"હું રાજની દીકરી છું. પિયરમાં નૃત્ય-ગીત શીખી છું. આપ ઢોલક બજાવજો, હું નાચીશ. ભજન કરવા બેસશું તો ભજનિકને ભિક્ષા આપે એવું આ ગામ નથી લાગતું. પણ નાયકાને માથે લોક ન્યોછાવર થયા વિના નહિ રહે."

સીતાના રૂપલાવણ્યની સામે પીપાજી તાકી રહ્યાઃ 'અહહ ! આને મેં દુહાગણ કરીને ત્યજી હતી ! આના દેહમાંથી આટલી બધી માધુરી નીતરી રહી છે, એ મને ખબર જ ન રહી ! આ રૂપ ને આ કંઠ શું ભોગને સારુ નહોતાં સર્જાયાં ? મારી

'સીતા શું આજ રાતે આ ગરીબ યજમાન-પત્નીનો દેહ ઢાંકવા માટે નર્તકી બનશે !'

"હિંદુસ્થાની નાચનારી આવી છે ! રૂપરૂપનો ભંડાર કોઈ રાજરમણી આવી છે, ભાઈ !" સાંજ સુધીમાં તો આ સમાચારે ગામને થનગનાવી મૂક્યું. ને રાતે એ લોકમેદનીને પોતાના પગના ઠમકા, હાથના લહેકા તેમજ હીલોળા લઈ રહેલ રૂપ અને સંગીતનું વશીકરણ છાંટીને સીતામાઈએ યજમાન-પત્નીને છોળેછોળે કમાણી રળી દીધી.

એ પીપા અને એ સીતા આ ચાંચની ખાડીના ખમકાર ઝીલતાં એક સંધ્યાએ આ કંઠાળી આહિરોના મુલક પર ઊતર્યાં અને દેવીનાં કૃણાંને ખારાં ખાડી-નીરમાં પધરાવી દઈ એક જગત્પતિની ભક્તિ લઈ બેસી ગયાં. એની ગાળેલ વાવ તે પીપાવાવ. આજ ત્યાં ગામડું વસેલું છે; ધર્મનું થાનક રોપાયું છે. અને મહંતાઈ એટલે રજવાડી ઠાઠમાઠ, ભોગ-વિલાસના ભ્રષ્ટાચાર કે સ્વપૂજનનાં પાખંડ નહિ, પણ મહંતાઈ એટલે તો પૂર્ણ ત્યાગમાં રંગાયેલ જીવનની સાથોસાથ અહોરાત ધૂળછાણમાં આળોટતી કાયાનું ધેનુઓની રક્ષા કાજે શુદ્ધ આત્મસમર્પણ, પરસેવે નવરાવતી ખેતરાઉ મજૂરી, ગરીબો--શરણાગતોની ટહેલ—એ સુંદર (બેશક રૂઢિગત) પરંપરાનો કંઈક અવશેષ જો સોરઠમાં ક્યાંયે હજુ ટક્યો હોય તો તે પીપાવાવની જગ્યામાં દેખાય છે. ત્યાંના વાતાવરણમાં હજુ પીપા-વાણીના પડછંદા ઊઠે છે કે-

પીપા ! પાપ ન કીજીએં,
(તો) પુન્ય કિયા સો વાર !

× × ×

" ભાઈ, " નવસારીવાળા વહાણમાં અમે ઊભા હતા ત્યારે એક સાથીએ સાદ કર્યો : " આવો તો, કંઈક બતાવું. " એમ કહીને એણે એક ખારવાનું બદન ઊંચું કરી એના પેટનો ભાગ ખુલ્લો મૂક્યોઃ " આ જોયા ડાઘ ? "

ખલાસીના પેટ ઉપર પચીસેક ડામનાં ચિહ્નો હતાં.

" આ લોકોને પેટમાં દુઃખાવો ઊપડે, " સાથીએ સમજ પાડી. " ત્યારે એનું ઓસડ આ રીતે કરે. તુરત લોઢું ધગાવીને ડામ ચાંપી દે.. દરેકને માટે એ એક જ ઓસડ. "

ત્યાં તો વહાણના પાંચ–છ નાવિકો પોતાની મેળે જ પેટ ખુલ્લાં કરીને ઊભા રહ્યા. દરેકને દસ–પંદર ચગદાં ડામનાં હતાં.

" હવે તમે જુઓ, " સાથીએ દેખાડ્યું. " આ લોકો આ કિનારેથી આપણા રાજુલાના પથ્થરો ઉઠાવી ઉઠાવીને વહાણમાં ભરશે. અક્કેક શિલા દસ–દસ મણની હશે તોપણ ખંભે ઉપાડીને આ સાંકડા પાટિયા ઉપર થઈને દોડાદોડ વહેશે. સામે બંદરે જઈને પાછા એ જ પ્રમાણે એ માલ કિનારે ઉતારી દેશે. ત્યારે એને આ વહાણનો માલિક જે આપશે તે પેટપૂરતું પણ નહિ હોય. વહાણવાળો વેપારી પોતાની પેઢીની ગાદી ઉપર પડ્યો પડ્યો શાંતિથી. આ લોકોનું રળેલું પચાવી જશે. "



નાવિકોનાં લોકગીતો

આ થમતા કાળની ભૂખરી પ્રભામાં અમે એમને દીઠી: જેમના ચારિત્ર્યની ગિલા-નિંદા ડગલેપગલે સાંભળી હતી તેમને: કતપર ગામની એ ખારવણ બાઈઓને.

ઊંચાં અને ઊજળાં મનાતાં વર્ણોને મુખે સાંભળ્યું હતું: બગડેલ ગામ! ભ્રષ્ટ શિયળ! વેશ્યાવાડો! એ લોકોને બ્રહ્મચર્ય ન મળે!

ધારણા રાખી હતી કે હશે: ફુલફગરના ઘેરદાર ઘાઘરા, આછકલી ઓઢણીઓ, પાતર શી ઓળેલી લલાટ-પાટીઓ, વશીકરણનાં નખરાં, છાકટાઈ, મોજીલાં જીવન, મદોન્માદી મુખબોલ—એવું એવું બધું હશે. તેલ-અરીસા હશે, ભોગની સાહેબી બધી યે હશે, નવરાશ હશે: છકેલીઓ નિર્દોષ શહેરને વણસાડી રહી હશે.

પણ અમે સાચેસાચ શું દીઠું? ગામ ખાલી દીઠું. છૂટાછવાયા હતા તેઓને પૂછ્યું: "ક્યાં ગયાં લોકો?"

"મરદો દરિયાની ખેપે, ને બાઈઓ મ'વે મજૂરી કરવા." (મહુવા કતપરથી બે ગાઉ થાય.)

"ક્યારે પાછી આવે છે બાઈઓ?"

"દી આથમ્યે."

"રોજ સવારે ચાર મૈલ જાય, ને રોજ રાતે ચાર મૈલ ચાલતાં આવે?"

"હાસ્તો. નીકર ખાય શું ? પથરા !"

સંધ્યાની ભૂખરી પ્રભામાં અમે એ હીણાયેલીઓનાં ટોળેટોળાં વળી આવતાં દીઠાં : ખેડૂતોની વહુદીકરીઓ પહેરે છે તેવાં ધીંગાં, ગૂઢા રંગનાં થેપાડાં ને ઓઢણાં. કયાંય રંગોની ભભક નહોતી.

નમણી, નિસ્તેજ, થાકેલી, રજે ભરેલી, વાજો...વાજ વહી આવે છે. એને નખરાં, હાવભાવ અને કામબાણ છોડવાની વેળા કયાં છે ! શક્તિ કયાં છે ! વેપારીઓનાં કારખાનાંઓમાં પોતાનાં બળજોર નિચોવીને તો એ બાપડી ચાલી આવે છે. ભૂખી હશે. ઘેરે જઈ રાંધશે ત્યારે ખાવા પામશે. પરોડના ચાર બજતાં તો પાછી ફફડીને જાગશે.

હાથમાં, અંસે, કાખમાં કે ખોળામાં નાનું અક્કેક બાળ લીધું છે : કોઈ બે જ મહિનાનું, કોઈ બારનું. છાતીએ ધવરાવતી આવે છે; રમાડતી, હિલોળતી, ચૂમતી આવે છે.

ગોરજ વેળાએ હીંહોરા દેતું, ઘેર ખીલે બાંધ્યાં વાછરુંને માથે જાણે ધેનુઓનું ધણ ધસ્યું આવે છે.

એના ચહેરા ઉપર શું શું લખાયેલું હતું ? વિલાસની રેખાઓ હતી ? ના, ના, એ તો હતી વેદનાની, જીવનના કરડા સંગ્રામની, દિશાશૂન્ય દશાની, ગમ્ય આપદાઓની, રોટલાના ઉચાટની, ધણીઓના ચિરવિજોગની કપાળ-કથાઓ.

આખે માર્ગે એ ધણેધણ માનવ-ગાવડીઓ ધૂળનાં ડમ્મર ચડાવતી ચાલી આવતી હતી.

વેપારીઓની ઊન ફોલતાં વૃંદે વૃંદ દીઠાં એનાં. આઠ વરસની કુમારિકાઓથી લઇ સાઠ વરસની ડોસીઓ : માથાનાં પિંખાયેલાં જીંથરકાંમાં ઊનની કીટી અટવાયેલી : કામ કરતાં

કરતાં ભૂખ્યું પિંજર લૂખા રોટલાનાં બટકાં ચાવે : ઝોળીમાં સુવાડેલ છોકરાં ઉપર ઓઢાડ્યા હોય છે ઊનના લચકા!

આ બગડેલીઓ—ને આપણે ઘેર સતીત્વના ઇજારા!

અમે દીઠા એના વેશ ને વેશ, બંદર પર કામ કરતા: વહાણોમાંથી માંગલોરી નળિયાં, મલબારી લાકડાં ને ગૂણીઓના કોથળા વહે છે. ગાણાં ગાય ને થાક વીસરે છે. ગાળો ખાય ને હસી નાખે છે. ગૂઢાં વસ્ત્રો, ગંભીર ચહેરા, પગની પીંડીઓ ઉપર વહાણ–આકારનાં છૂંદણાં. એકાએક સાંભળે કે વહાણે ચડેલ ધણી, દીકરો અથવા ભાઈ અમુક દરિયે ડૂબી મૂઆ. "પછી ભાઈ, તમને વહાણના માલેકો કંઈ જિવાઈ-બિવાઈ આપે ખરા ?" "અરેરે ભાઈ, છોકરાના હાથમાં એક પાયલી યે નહિ. ને પછી અમે એને આંગણે જઈ ને અમારું કાળું મોઢું શું બતાવીએ ?"

આ ભ્રષ્ટાઓ—ને આપણે ગાદીખુરશીના બેસતલ ચારમણિયા ચરબીવંતો પવિત્ર!

હવસની પૂતળીઓ નહોય આવી. વિલાસનાં મંદિરો ત્યાં ઊભાં હશે—ધનવંતોએ બંધાવેલાં. એ દ્રવ્યમંદિરોની દેવદાસીઓ કોણે બનાવી આ ખારવણોને ? કોણે એનાં કલેવરો વેચાતાં લીધાં ? કોણ ફસાવનાર ? ને કોણ ફસાયેલ ? જવાબ પૂછવાથી જડશે નહિ. પોતાની કાળપ ઢાંકવા પરાયાને કાળું કહેનાર આપણે ઉજળિયાતો!

પેટના ખાડા પૂરવા સારુ પોતાનાં ખોળિયાં વેચનારાંને આપણાં નીતિ–અનીતિનાં ત્રાજવાં નહિ તોળી શકે.

એનાં જીવતરમાં તો ચીરા પડ્યા છે. જીવનની શૂન્યતાને પૂરવા કદાચ એ પરાયાં કલેવરો સેવતી હશે. પણ એ એનું સાચું

જીવન નથી. એના જીવન-પડછાયા તો સાચા ને સુરેખ અંકાયા છે એનાં લોકગીતોમાં. જેવું છે તેવું, વણછુપાવ્યું જિગર એણે ગીતોમાં વહાવ્યું છે—

જોબનિયાં મારાં મલબારી પંથમાં હાલ્યાં,
જોબનિયાં કાલ્ય આવતાં રે'શે !
જોબનિયાં તમે દારૂ પીને ગાંડાં થિયાં,
જોબનિયાં કાલ્ય આવતાં રે'શે !

ઊનને કારખાને ઊન ફોલતી બાઈઓને વીનવી કે, તમારાં નાવિક-જીવનનો પડઘો ઝીલતાં કોઈ લાક્ષણિક ગીતો ગાશો ?

"અરે ગાશે, જરૂર ગાશે, ભાઈ!" ગામલોકોએ કહ્યું. "એલી એય બાયું, આંહીં ભેળાં થઈને ભાઈને ગીત સંભળાવો. ચાલો, ઝટ કરો."

મેં કહ્યું : "ના, દબાણ કરીને નથી ગવરાવવું. એને કશો સંકોચ ન હોય ને જો લહેરથી ગાય તો જ સાંભળીએ."

"એને સંકોચ હોય જ નહિ. એને તો ઊલટી મોજ આવે. હાં, ચાલો બાઈઓ, ગાવા માંડો !"

—ને પછી નાની મોટી પંદર-વીસે ઉપાડયું એ વહાણવટીને વિદાય દેતી વેળાનું ગીત.

જોબનિયાં મારાં મલબારી પંથમાં હાલ્યાં,
જોબનિયાં કાલ્ય આવતાં રે'શે !
જોબનિયાં તમે દારૂ પીને ગાંડાં થેયાં—જોબનિયાં.
જોબનિયાં તમે લીલે ગલાસે લાણું કરીયું—જોબનિયાં.
જોબનિયાં તમે ગુલાબી દારૂ લાવો—જોબનિયાં.

"બાઈઓ, તમારાં ગીતમાં દારૂ કેમ આટલો ઉગ્ર પદે દેખાય છે?"

"જુઓ ભાઈ, અમારા જણ જ્યારે વા'ણે ચડવાના હોય ત્યારે ઘરના વિજોગની પીડા વિસરાવવા સારુ અમે એને ખૂબ દારૂ પાયીં. પછી એને અમે બધાં બંદરે મૂકવા જાયીં, તયેં પણ રસ્તામાં ગાતાં ગાતાં એને સીસામાંથી પાતાં પાતાં એના દિલને હુલ્લાસમાં રાખીઈ, પછી કેફમાં ને કેફમાં ઇ ઝટ ઝટ વા'ણને હંકારી મેલે, લેરમાં ને લેરમાં ખાડી વટાવી જાય, અને મોટે દરિયે પોગે એટલે પછી ઘર એને બહુ ન સાંભરે. આ સાટુ અમે એને દારૂડે ગાંડા કરીએં, ભાઈ! શું કરીએ? તમારી કને દારૂનાં ગાણાં ગાતાં લાજીએ છીએ અમે."

"લાજવાની જરૂર નથી. મારે તો એ જ સાંભળવું છે, માટે ગાઓ છૂટથી." (મનમાં થયું કે સાચા જીવન પર ફૂલ-ચાદર ઓઢાડનારાં ગીતો તો અમે ઘણાં ય રચીએ છીએ!)

જોબનિયાં મારાં નાકુંની નથડી મેલી,
જોબનિયાં કાલ્ય આવતાં રે'શે.

જોબનિયું મારું વેકરિયાની ખાડીમાં હાલ્યું—જોબનિયાં.
જોબનિયાં મારાં, પીછલી સટા છોડયા—જોબનિયાં.

(એટલે કે શઢના દોર પાછળથી છોડયા ને શઢ ખુલ્લા મૂકયા.)

જોબનિયાંને મુંબીના પંથ લાગ્યા દોયલા—જોબનિયાં.
જોબનિયાં મારાં મુંબીની ગોદીયુંમાં મા'લે—જોબનિયાં.
જોબનિયું મારું જશ્થેલું પીડે હાલ્યું—જોબનિયાં.
જોબનિયું મારું નાનેથી ગાંડું થેયું—જોબનિયાં.
જોબનિયાં મારાં, જેવો તેવો દેશી દારૂ સારો—જોબનિયાં.
જોબનિયાં મારાં, ધાસલેટનો દારૂ નથી સારો—જોબનિયાં.
જોબનિયાં મારાં ધાસલેટે ખોટાં પડી જાયેં—જોબનિયાં.

જોબનિયાંને પેટુંમાં અગની ઊઠે—જોબનિયાં.
જોબનિયાં મારાં વાસેલાં ગોરસ પીશે,
જોબનિયાં કાલ્ય આવતાં રે'શે.

"આ તમે ઘાસલેટના દારૂનું શું કહ્યું ? કંઈ સમજ ન પડી."

"આપણા રાજે દારૂની તો બંધી કરી છે ને એટલે હવે અમારા જણ ભડકિયું કરીને પીવે છે." 'ભડકિયું' એટલે શું ? કે અસ્પિરિટ (સ્પિરિટ) આવે છે ને, એને પાણીના ઠામમાં રેડીને પછે માથે એક દીવાસળી સળગાવે એટલે આકરો નશો બળી જાય; પછી સહુ કંઈ પાણી પીવે. ઉપર ગોરસ પીને પેટની આગ ઓલવે. પણ ઇ પીવાથી પુરુષાતણ વયું જાય.

'ગુલાબી દારૂડાના લીલા ગલાસો ભરી ભરી લાણીઓ' કરનાર નાવિકોની જીવન–સમસ્યા તો આમ છે ત્યારે ! વેદના ભૂલવાનું પીણું ! પેટમાં સ્પિરિટના ભડકા ઠલવવાનું રહસ્ય તો આવું નીકળી પડ્યું. જીવતરમાં કોઈ બીજો સંસ્કાર નથી, રસ નથી, ભણતર નથી; ને સામે ઊભેલ છે સદા મોત—ભૂંડા હાલનું મોત. એનો સામનો કરવા સારુ આ દયામણી શરાબી ! એને સારુ બાયડીએ બાપડીએ—

જોબનિયાં મારાં ! નાકુંની નથડી મેલી,
જોબનિયાં કાલ્ય આવતાં રેશે.

પોતાના ધણીને સુરા પાવા માટે અંગ પરનાં આછાં આભરણ વટાવ્યાં. ગાઈ ગાઈને મનડું મનાવે કે 'જોબનિયાં મારાં કાલ્ય આવતાં રેશે !'

સુધારકો ! તમારી સામે આ સમસ્યા ઉકેલ માગે છે.

× × ×

મકાન બંધાતું હતું. એક જુવાનડી, બે આધેડ ને પાંચ બુઢ્ઢીઓ ચૂનો ખાંડતી ખાંડતી ગાવા લાગી. પૂછે છે કે હરિનાં કીર્તનો ગાઈએ? કહ્યું કે ના, એ તો ઘણાં ગવાય છે અમારાં મંદિરોમાં; એની તો હવે હદ થઈ છે. ત્યારે પછી આવાં ગીતો ઉપાડયાં :

અગિથી કેરીયું મગાવિયું,
 રે કાદ્યો રંગાડામાં રસ રે

*

ભત્રીજે જાણ્યું કે કાકો તેડશે!
 રે રોટી મરડી નાખી ઊક રે!

*

લખી કાગળ વજેસંગ મોકલે,
 રે દાદુભા દરિયો પૂજવા હાલ્ય રે!

"એ બધાં રજવાડી હત્યાઓનાં, ઝેર-પ્રયોગોનાં, ગરાસને સ્વાર્થે સગા ભાઈભત્રીજાઓને છેક પારણામાં હણ્યાનાં ગીતો પણ, બાઈઓ, મેં ઘણાં સંઘર્યાં છે. મારે તો સાંભળવાં છે તમારાં વહાણવટી-જીવનનાં વેદના—ગીતો."

"ઓહોહો ભાઈ!" ડોશીમાએ કહ્યું : "એવાં તો મારા કોઠામાં છલોછલ ભર્યાં છે. હાલો, અમે ભીંતે ટીપણી ટીપતાં ટીપતાં બેસીને ગાશું. એ ગીતો આમ ચૂનો ખાંડવામાં ને ફાવે."

મારા તરફ પીઠ વાળી, ટક, ટક, ટક, દીવાલની સિમેન્ટ ટીપતી ટીપતી, રુદનને સૂરે, કશા તાલ વગર, એ આઠ જણીઓ ગાવા લાગી : પોતાના વા'લાનું વહાણ ડૂબતું હોય તે સમયનું ગીત :

લે'ર તો લાગી ને બેડી બૂડવાને લાગી,
 ઘેલા સમદરિયામાં,
  આખરની રે મુને લેર લાગી.

મધ રે દરિયામાં વાલા, વાણલાં [1]હોદાર્યાં,
[2]મડદ નાખીને પાણી લ્યોને માપી !
ઘેલા સમદરિયામાં — આખરની રે૦

મધ રે દરિયામાં વાલા, મામલા મચાયા,
ઘાયલ ટંડેલિયાની માથા લાગી !
ઘેલા સમદરિયામાં — આખરની રે૦

વાલા !

તજને કારણિયે મેં તો વાવડી ગળાવી;
પાણીડાંની મસે એક વાર આવી જાનો !
ઘેલા સમદરિયામાં — આખરની રે૦

વાલા !

ઘરની અસતરી સાથે નેહ રે થોડેરો;
ત્રણ રે રૂપિયા સાટુ જીવડો ખોવો !
ઘેલા સમદરિયામાં — આખરની રે૦

વાલા !

તજને કારણિયે મેં તો માંડવા રચાવ્યા,
ચોરી બાંધી ને ફેરા ફરતો જાની !
ઘેલા સમદરિયામાં—આખરની રે૦

વાલા !

હથેળીમાં જીવડો લઈને જા મા !
ઘેલા સમદરિયામાં — આખરની રે૦

"બસ ડોસીમા, આ જ જાતનાં ગીત હું માગું છું."

---

૧. હોદાર્યાં : થંભાવ્યાં (હંકારવું ને હોદારવું) ૨. મદદ : સીસાનું શંકુ આકારનું વજન રસીને છેડે બાંધેલું, જે દરિયામાં ફેંકતા ફેંકતા ખારવા માપતા જાય છે કે પાણીની ઊંડાઈ કેટલા વાંસ છે

"તયેં ઠીક, ભાઈ, ગાસું."

કશી બનાવટી વીરતા વગરની. સાચી ઊર્મિઓ ઊઠી છે આ ગીતમાં : હથેળીમાં જીવ લઈને જા મા : ત્રણ રૂપિયાની કમાણી સારુ જીવડો ખોઈ નાખવા તું જા મા ! ને જો જવું જ હોય તો મારી જોડે પરણીને પછી જા. અરેરે, તારો ઘરની સ્ત્રી સાથેનો સ્નેહ ઓછો થઈ ગયો છે. મને એ વહાણના પ્રીત-ઘાયલ ટંડેલની માયા લાગી ત્યાં તો એ વહાણ હંકારી ગયો, ને ઘેલા સમદરની આખરી લહેરોએ મામલા મચાવીને એની એડલી (નૌકા) ડુબાવી નાખી.

ડોસીઓએ બીજું ગીત ઉપાડ્યું :

પાંચ વાણુંનો કાફલો, એલા ! પાંચ વાણુંનો કાફલો;
તેમાંલો એકલો હકરાણો, જવાનડા !
એકલો હકરાઈશ મા, એલા, એકલો હકરાઈશ મા;
કાચા હૈયાના ધણી ! એકલો હકરાઈશ મા !
વાવડાનું જોર છે, એલા ! વાવડાનું જોર છે;
હેમત રાખીને સટા છોડજે, જવાનડા !
સટે વાવડ મેલજે, એલા, સટે વાવડ મેલજે;
બારે આવીને નગારું કરજે, જવાનડા !
ધામસનું જોર છે, એલા, ધામસનું જોર છે;
હેમત રાખીને ધામસ કાઢજે, જવાનડા !
નથી તારે માવડી, એલા, નથી તારે બેનડી;
પડીશ તો ચાકરી કોણ કરશે, જવાનડા !
મંબી તું જાજે, એલા, મંબી તું જાજે;
એલા આઘે બંદર તું જાશ મા, જવાનડા !

મલબારે જાશ મા, એલા, મલબારે જાશ મા !
મલબારી પંથ તો લાગે દોયલા, જવાનડા !

લીલૂડી પીઠનાં, એલા, લીલૂડી પીઠનાં
લીલાં લવિંગડાં તું લાવજે, જવાનડા !

રૂપાળી ગોત્ય મા, એલા, રૂપાળી ગોત્ય મા;
રૂપાળી બાવડાં બંધાવશે, જવાનડા !

છેટાંની ગોત્ય મા, એલા, છેટાંની ગોત્ય મા;
છેટાંની છેતરી જાશે, જવાનડા !

પડખાની ગોત્ય મા, એલા, પડખાની ગોત્ય મા;
પડખાની પતળી જાશે, જવાનડા !

કુંવારી ગોત્ય મા, એલા, કુંવારી ગોત્ય મા;
કુંવારી છે નાર્યુંની લાચચુડી, જવાનડા !

ફળિયામાં ફર્ય મા, એલા, ફળિયામાં ફર્ય મા;
હાલતો ચાલતો નજરે ચડય મા, જવાનડા !

વાડયે તું હાલ્ય મા, એલા, વાડયે તું હાલ્ય મા,
વાડયે હાલીને વાંકાં બોલ્ય મા, જવાનડા !

પાંચ વહાણોનો કાફલો છે તેમાંથી હે, મારા પ્રીતમ, તું તારું વહાણ એકલું તારવીને હંકારજે.

હે કાચી છાતીવાળા જુવાન ! તું એકલો કાં પડી જા ?

પવન જોરથી ફૂંકે છે. માટે તું હિંમત રાખીને સરખા પ્રમાણમાં શઢ છોડજે, હે જુવાન !

તું શઢમાં પવન ભરાવા દેજે ને પછી બંદરમાં પહોંચ ત્યારે નગારું વગાડજે, એટલે અમને તારા આવ્યાની જાણ થાય.

તારા વહાણમાં પાણી (ધામસ) જોરથી ભરાવા લાગ્યું

છે. એને તું હિંમત રાખીને ઉલેચવા માંડજે.

હે જુવાન, તારે મા કે બહેન નથી; તું માંદો પડીશ તો તારી ચાકરી કોણ કરશે?

હે જુવાન, તું મુંબઇથી વધુ દૂર જઈશ મા; મલબારના પંથ ઘણા દોહ્યલા છે.

તું લીલાં-પીળાં લવિંગડાં મોતી લેતો આવજે.

તું લગ્ન કર તો બહુ રૂપાળી કન્યા ન ગોતજે, કેમકે એ તને કોઇક દિવસ કેદમાં નખાવશે.

દૂરની કન્યા ન ગોતજે; એ તને છેતરીને ચાલી જશે.

બહુ નજીકની પણ ન ગોતજે; એ વીફરી જશે.

કુંવારી ગોતીશ મા; એ નાણાંની લાલચુ હોય છે.

× × ×

કોઇ દૂરના પંથથી વહાણ હંકારીને ઘર તરફ ચાલ્યા આવતા જુવાનને સંબોધેલું આ ગીત દરિયાનાં વાવાઝોડાં, વહાણમાં ભરાઈ રહેલ પાણી ઇત્યાદિ સંકટોની કલ્પનાઓ આલેખે છે. એ કલ્પના કરનાર કોઇ નાવિકની માશુક છે.

ગાતાં ગાતાં ડોશીઓ સંકોચ પામતાં હતાં. કહે કે, ભાઈ, અમે બુઢ્ઢી ઉમ્મરે આવાં શોખનાં ગીતો ગાતાં લાજીએ છીએ. મેં ખાતરી આપી કે, હું શોખનાં ગીતો તરીકે એમાંથી મજા લેવા નથી માગતો, મારે તો તમારા જીવન-સંસારની સાચી વેદનાઓ ને આકાંક્ષાઓ પકડવી છે.

ચોથું ગીત પણ એવું જ સાચું ચિત્ર આપે છે:

• વા'ણે ચડયે રે, એલા, વા'ણે ચડયે.
મારા મામાના માલીયા, વા'ણે ચડયે!

મંબી જાજે રે, એલા, મંબી જાજે;
માર મામાના માલીયા, મંબી જાજે!
મોતી લાવજે રે, એલા, મોતી લાવજે;
મારા મામાના માલીયા, મોતી લાવજે!
કેવાં લાવું રે, એલી, કેવાં લાવું;
મારી પીઆની દીકરી, કેવાં લાવું?
લીલાં લાવજે રે, એલા, પીળાં લાવજે;
મારા મામાના માલીયા, રાતાં લાવજે!
ખાતર પાડ્યું રે, ઇણે ખાતર પાડ્યું;
મારા મામાને માલીયે ખાતર પાડ્યું
શું શું ચોર્યું રે, ઇણે શું શું ચોર્યું;
મારા મામાને માલીયે શું શું ચોર્યું?
હાર ચોર્યો રે, ઈણે ઝુમણાં ચોર્યાં;
મારા મામાને માલીયે હાર ચોર્યો.
બાંધી વારો રે, ઇને બાંધી વારો;
મારા મામાના માલીયાને બાંધી વારો.
હેડ્યમાં પુરો રે, ઈને હેડ્યમાં પૂરો;
મારા મામાના માલીયાને હેડ્યમાં પૂરો.
છોડી મેલો રે, ઇને છોડી મેલો,
મારા બાળુડા જીવડાને છોડી મેલો.
માથા રાખો રે, થોડી દીયા રાખો;
મારા નાનુડા જીવડાની માયા રાખો.
રમવા દેજો રે, ઈને રમવા દેજો;
મારા બાળુડા જીવડાને રમવા દેજો.

આ લોકો તો મામા–ફુઈનાં વરે-પરણે ખરાં ને, એટલે પરણેલી પોતાના પરણ્યા નાવિકને (અથવા કોઈ અપરિણીતા પોતાના વિવાહિત વરને) 'મારા મામાના માલીયા !' એવું ટીખળી સંબોધન કરતી કહે છે કે, વહાણે ચડીને તું મુંબઈ જા, ત્યાંથી મારે સારુ મોતી લાવજે, મારે ભરતકામ કરવું છે.

નાવિક જુવાનડો સામું ટીખળ કરે છે : હે મારી ફુઈબાની છોકરી, તારા સારુ કેવાં કેવાં મોતી લાવું ?

લીલાં, પીળાં ને રાતાં લાવજે.

કંગાલ ખારવો પોતાની પરણેતરને સારુ મોતી મેળવવા માટે ચોરી કરે છે. કોઈ ધનવાનનો હાર ચોરે છે : પકડાય છે.

પરણેલીને પ્રથમ તો મોજ આવે છે ! એ ચોરને કેદમાં પૂરો !

પણ પોતાના પિયુને ખરેખર કેદ બનેલો દીઠા પછી સાચી ઊર્મિ આવે છે : એને છોડી મેલો : એ હજુ બાળુડી ઉમ્મરનો છે : એના ઉપર દયામાયા રાખો, સા'બ ! એને છૂટો રમવા–ભમવા દ્યો !

આ પછીનું ગીત ભેદક છે, તે ઉપરાંત સોરઠના ઉગમણા કિનારાનું એક ઐતિહાસિક તત્ત્વ પણ રજૂ કરે છે. ઈસ્ટ ઈન્ડીઆ કંપનીના વહીવટ દરમ્યાન ગોરાઓની સાથે ફસાવાના કેટલાક પ્રસંગો બંગાળાનાં ગામડાંની સુંદર સ્ત્રીઓને પડયા હશે, તેનું ચિત્ર બંકિમચંદ્રે પોતાની વાર્તાઓમાં દોર્યું છે. સોરઠને કિનારે ફિરંગી કંપનીઓનાં થાણાંઓ પડયાં હતાં, તેના અવશેષો પૂર્વકાંઠાને અમુક ગામડે હજુ મોજૂદ છે. કળસાર ગામમાં ફિરંગીઓનું ધર્મદેવાલય ઊભું છે. સંત નિકોલાસ પરથી જેનું નામ પડયું હોવું જોઈએ તે 'નિકલ' નામનું

બંદર પણ હજુ છે. આમ સાગરતીરની એ પટ્ટી પર ફિરંગી ગોરાઓના અમુક અપહરણ–પ્રસંગો બન્યા હશે તેનું વાતાવરણ આ ગીતમાં છવાયું છેઃ

ગરીબ ખારવો ખેપે જાય છે. નિરાધાર ખારવણ પિતરાઈઓનું ને મોસાળિયાનું શરણ લે છે, પણ તેઓ એને દુઃખ આપે છે. પછી એક દિવસ એ બાઈ, બંદર પર તંબુ તાણીને પડેલ 'જાંગલા' અથવા 'ટોપીવાળા'ના પ્યારમાં ફસાઇ ગઈ.

તું તો મંબી હાલ્યો, તું તો મલબાર હાલ્યો;
નાણાંની રે ખોટયે, ખરચીની રે ખોટયે.

અધવચમાં મેલ્યાં, અધવચમાં મેલ્યાં,
કોઇ તડનાં નથી, ઘરબારનાં નથી !

છેટાનાં રે છૈયેં, આઘાનાં રે છૈયેં;
રાખો તો રે રૈયેં, રાખો તો રે રૈયેં.

કાકાના રે કારૂ, મામાના રે મૂરૂ;
દુઃખડલાં રે દેવે, દુઃખડલાં રે દેવે.

જાંગલો રે આવ્યો, ટોપીવારો આવ્યો;
પીથલપરને પાધર, કેરાળાને પાધર.

તંબુડા રે તાણ્યા, તંબુડા રે તાણ્યા;
પીથલપરને પાધર, કેરાળાને પાધર.

રખમાઇ પાણી હાલી, રખમાઈ પાણી હાલી;
ઝીલણીયે રે તળાવ, ઝીલણીયે રે તળાવ.

વાંસે જાંગલો હાલ્યો, વાંસે જાંગલો હાલ્યો;
રખમાઈને લેવા, રખમાઇને લેવા.

ફેરા ફરવા દે ને ! જવતલ હોમવા દે ને !
પછે તમારાં છૈયેં, પછે તમારાં છૈયેં.

વંટોળો રે આવ્યો, વંટોળો રે આવ્યો;
ચૂંદલડી રે ઊડી, પાંભડલી રે ઊડી.
ચૂંદલડી રે ઊડી, પાંભલડી રે ઊડી.
ટોપીઆને ઘેરે પોઢી, જંગલાને ઘેરે પોઢી.

હે પિયુ, તું તો ઘરખર્ચને અભાવે મુંબઈ અને મલબારની સફરે ચાલ્યો ગયો.

મને તેં પરણ્યા વિનાની, રઝળતી સ્થિતિમાં મૂકી. મારે ન મળે કોઈ કિનારો, ન મળે ઘરબાર.

હે કાકાના અને મામાના પુત્રો! હું બહુ દૂરની રહેનારી છું. તમે આશરો આપો તો હું પડી રહું.

પણ કાકા–મામાના દીકરા તો રૂખમાઈને દુ:ખ દેવા લાગ્યા.

એક દિવસ એ પીથલપર અને કેરાળા ગામને પાદર 'ટોપીવાળા જંગલા' ફિરંગીઓએ પડાવ નાખ્યા.

રૂખમાઈ તળાવ પર પાણી ભરવા જતી હતી.

એની પછવાડે પછવાડે ફિરંગી સાહેબ પણ ચાલ્યો. રખમાઈને એ ઉઠાવી જવા માગતો હતો.

જ્યારે એને ફિરંગીએ પકડી ત્યારે એ કાલાવાલા કરવા લાગી કે, હું હજી અવિવાહિત છું, મને કલંક લાગશે; માટે હું એક વાર મારા ધણી જોડે લગ્નના ફેરા ફરી લઉં ને લગ્નવેદીમાં જવ-તલ હોમી લઉં એટલી અવધ તું મને આપ; પછી હું તારી જ બનીશ.

. · પરંતુ પછી તો વંટોળો વાયો, રૂખમાઈની ચૂંદડી ઊડી પડી.

એની ચૂંદડી ઊડી, ને એ તો ટોપીવાળાના ઘરમાં પોઢી ગઈ.

❀

આ રીતે અનેક નાવિક–પુત્રીઓ આ પરદેશીઓની હવસ––જાળમાં ફસાઇ પડયાના કરુણ કિસ્સાઓ બન્યા હશે, ને તેમાંથી આવાં ગીતો દ્રવ્યાં હશે. તમે આ ગીત સાંભળો તો તો તમને ખાતરી થશે કે આ મલીન ગમ્મતનું કે સામાજિક કટાક્ષનું નહિ પણ અસહાયતાની આહ દર્શાવતું રુદન–ગીત છે. બંકિમ બાબુની 'ચંદ્રશેખર' નામની કથામાં એ જ રુદન ઠલવાયું છે.

બેવફાઈ ઉપર અફસોસ દર્શાવતું આ તે પછીનું ગીત :

રે ખાડીમાં મછવો, એલા !
રે ખાડીમાં મછવો;
એકને મેલી બીજાને નીસર્યો, જવાનડા !

રે દરિયામાં લીલ છે, એલા !
રે દરિયામાં લીલ છે;
સાચી નજરું ને ખોટાં દિલ છે, જવાનડા !

રે કાપડામાં હીર છે, એલા !
રે કાપડામાં હીર છે;
ગાંગલો મેઘુરિયો મારો વીર છે, જવાનડા !

રે દરિયામાં ઝીલું, એલા !
રે દરિયામાં ઝીલું;
કાપડું લીધું રે મારું લીધું, જવાનડા !

રે નેરાં ને ખાતરાં, એલા !
રે નેરાં ને ખાતરાં;
જાડા દિવસનાં પડ્યાં વાંતરાં, જવાનડા !

રે ઓઢેલી ઘાટડી, એલા !
રે ઓઢેલી ઘાટડી;
આઠયે દા'ડે જોઉં તારી વાટડી રે, જવાનડા !

રે ખેતરમાં ઓઘો, એલા !
રે ખેતરમાં ઓઘો;
વાણ આવે ને કરું મેઘો રે, જવાનડા !

રે હાથુમાં સૂપડું, એલા !
રે હાથુમાં સૂપડું;
સ્યારે આવે ને વા'ણ ઊપડયું રે, જવાનડા !

રે ઢીંસામાં બટિયાં, એલા !
રે ઢીંસામાં બટિયાં;
હવે વિંખાણાં મારાં ઝંટિયાં રે, જવાનડા !

રે હાથુમાં સોટી, એલા !
રે હાથુમાં સોટી;
હવે કરીશ મા મને ખોટી રે, જવાનડા !

રે ખોળામાં ખારકું, એલા !
રે ખોળામાં ખારકું;
ખારને દરવાજે તારું પારખું રે, જવાનડા !

રે ખેતરમાં બોરડી, એલા !
રે ખેતરમાં બોરડી;
મ'વે આવીને લેશું ઓરડી રે, જવાનડા !

જુવાન ખલાસી ! હજુ તો તારો મછવો ખાડી પાર કરીને નીકળ્યો નહોતો ત્યાં તો તારી આશુકે તને મૂકીને બીજા સું પ્રેમ બાંધ્યો.

હે જુવાન! દરિયા માયલી લીલ જેમ દેખાવમાં રૂપાળી પણ અનુભવમાં લપસણી છે, તેમજ પ્રેમીઓની નજરમાં પ્રેમ દેખાય છે પણ અંદરનાં દિલ ખોટાં હોય છે.

હે જુવાન, હું સાચું જ કહું છું કે ગાંગલો મેઘૂરિયો નામનો નાવિક મારો ભાઈ જ છે; એની સાથે મારે સ્નેહ નથી.

દરિયામાં જેમ ઊંડી ગાળીઓ હોય છે તેમ મારી–તારી વચ્ચે પણ ઘણા દિવસનું અંતર પડી ગયું છે.

ઘાંટડી (ચૂંદડી) ઓઢીને હું આજ આઠમે દિવસે તારી વાટ જોઉં છું.

આપણા ખેતરમાં અનાજનો ઓઘો (ઢગલો) ખડકાઈ ગયો છે. હવે તો તારું વહાણ ઘેરે આવે એટલે હું તને અત્યંત મોંઘો (મહિમાવંતો) કરું; ખૂબ પ્રેમ કરું.

મારા હાથમાં સૂપડું હતું. શિયાળો, કે જે સહજીવનની ઋતુ છે, તે આવતાં જ તારું વહાણ તો ઊપડી ગયું.

રેતીના ઢગલામાં એટલાં બધાં ડાભોળિયાં (કાંટા જેવું ઘાસ) છે કે ખેતરમાં કામ કરતાં કરતાં એ કાંટા ભરાઈ ભરાઈને મારાં ઝંટિયાં (વાળ) વિંખાઈ ગયાં છે.

હવે તું મને વાટ ન જોવરાવ.

શહેરને બંદર–દરવાજે તારી પ્રીતિની પરીક્ષા થઈ જવાની.

તું આવીશ એટલે આપણે મહુવા શહેરમાં એક ઓરડી ભાડે રાખશું ને ત્યાં સ્વતંત્ર રહેશું.



ભ્રષ્ટ ગીતો ?

કોઈ ભાગેડુ ખારવણનું ઝંખના–ગીત ગવાયું. આવાં ગીતોને આપણે 'અનીતિમય' કહીએ છીએ: 'અનીતિમય' ભ્રષ્ટ: કારણ ? કારણ કે આ ગીતો પોતાનાં ગાનારાંનું જીવન જેવું છે તેવું ગાઈ બતાવે છે. બીજું કારણ એ કે આપણાં નીતિનાં, પવિત્રતાનાં તેમજ સભ્યતાનાં ધોરણો જુદાં છે. આપણી કવિતા જીવનની સામે આરસી ધરતી નથી. એટલે આપણને એક જ ખ્યાલ રહી ગયો છે કે સાચી વા ખોટી, સ્વાભાવિક કે બનાવટી, ભાવનાના ઝાકમઝોળ હિંડોળા ચડાવે તે કવિતા.

હું તો આદર્શોની કવિતા શોધવા નહોતો આવ્યો. ગ્રામ્ય ગીતોમાં કાવ્યનું તત્ત્વ ઘણું ગરીબ હોય છે. એ કાવ્યો નથી, જીવનની આરસીઓ છે. મારે તો એમાં અંકિત બનેલી ખલાસી-જીવનની રેખાઓ પકડવી હતી. કોઈ ફસાયેલી, દગાનો ભોગ થઈ પડેલી ખલાસી કન્યાની મેં આ કાવ્ય-છબી સંઘરી લીધી:

પીયલપરનો પાવો રે, માલિયા ! પીયલપરનો પાવો;
તારા પાવાને રાગે હાલી આવું રે, મારી હેડી !

પછવાડે પાવા વાગે રે, માલિયા !
પછવાડે પાવા વાગે,
તારા પાવાને લીલાં પીળાં મોતી રે, મારી હેડી !

હાલ્યને ભાગી જાયેં રે, માલિયા !
હાલ્યને ભાગી જાયેં !
આપણે ભાગીને ભાલ ભેળાં થાયેં રે, મારી હેડી !

મંબી શે'ર છે મોટું રે, માલિયા !
મંબી શે'ર છે મોટું;
તુંને ફી ફી ગલીયુંમાં ગોતું રે, મારી હેડી !

તારા પગની બેડી રે, માલિયા !
તારા પગની બેડી;
તેનાં મુંને કડલાં ઘડાવો રે, મારી હેડી !

તારા અંગનો રે રૂમાલ, માલિયા !
તારા અંગનો રે રૂમાલ,
તારા રૂમાલિયા દેખી રૂંગાં આવે રે, મારી હેડી !

હાથુમાં છે સોટી રે, માલિયા !
હાથુમાં છે સોટી;
હવે તારી દાનત થઈ છે ખોટી રે, મારી હેડી !

હે મારા જોડીદાર પિયુ માલિયા ! પીથલપર ગામથી તારો પાવો (બંસી) અજી રહેલ છે. એ પાવાને લીલાં–પીળાં ફુમકડાં શોભે છે.

મારી પછવાડે પછવાડે એ પાવો તું બજાવે છે. એના સૂરોનું વશીકરણ થતાં હું આકર્ષાઈ ને ચાલી આવી છું, હે મારા જોડીદાર !

હે માલિયા ! ચાલો આપણે બેઉ નાસીને ભાલ પ્રદેશમાં ચાલ્યાં જઈએ.

તું તો મુંબઈ ચાલ્યો ગયો. એવડા મોટા શહેરની કઈ કઈ ગલીમાં હું તને શોધું ?

હે માલિયા ! તારા પગના ઘરેણામાંથી મને કડલાં ઘડાવી દે.

તારા અંગ ઉપર શોભતો રૂમાલ દેખીને મને પ્રેમનું રુદન આવે છે.

પણ તારી મારા પ્રત્યેની વૃત્તિ હવે બદલી ગઈ છે. તું મને રઝળાવે છે.

*

આવું જ કોઈ ભગ્નહૃદયી ગ્રામ્ય યૌવનાનું સાત વર્ષો પર સંઘરેલું ગીત યાદ આવે છે; ઘણો કરુણ એનો ઢાળ છે :

ઊંડી તળાવડીનો આરો !
માયાળુ રે, ઊંડી તળાવડીનો આરો;
તારે માથે બંધુકુંનો ભારો રે, માયાળુ !

નોધારી તેં મુંને રાખી,
માયાળુ રે, નોધારી તેં મુંને રાખી;
હું તો વાટલડી જોઈ જોઈ થાકી રે, માયાળુ !

તારા તે હાથમાં છતરી,
માયાળુ રે, તારા હાથમાં છતરી;
તારી છતરી દેખીને વાત પતળી રે, માયાળુ !

તારી તે ડોકમાં છે કંઠી,
માયાળુ રે, તારી તે ડોકમાં છે કંઠી;
તારી કંઠી દેખીને વાત વંઠી રે, માયાળુ !

મરજે ને માંદો તું પડજે,
માયાળુ રે, મરજે ને માંદો તું પડજે;
તારા જીવતમાં જીવડા પડશે રે, માયાળુ !

અને એવું જ એક બીજું ગીત :

હજી યે નાવ્યો રે હેડીનો, હજી યે નાવ્યો;
છેલ માયલો છેલ છોગાળો હજી યે નાવ્યો.

સીમાડાની વાટયું રે, હેડીના, સીમાડાની વાટયું;
સીમાડે જોઈ જોઈને રે મારી આંડયું દુઃખી.

માથડાં દુઃખે રે, હેડીનાનાં માથડાં દુઃખે;
આછે ને રૂમાલીએ રે વાલ્યમનાં માથડાં બાંધો.

એ ગીતમાં પણ ત્યજી જનાર પુરુષને માટે ઝંખના ગવાય છે. આ ગીતો મશ્કરીનાં નથી, 'ઇશક'નાં નથી. સ્ત્રી-હૃદયના ભુક્કા થતાં જે અવાજ ઊઠે છે, તે અવાજ આ ગીતોનો છે. પરંતુ આપણી સૌષ્ઠવ અને સભ્યતાની લાગણી કંઇક એવી તીક્ષ્ણ બની છે કે આવાં તો શું, નીચે લખું છું તેવું ગોવાળ—ગોવાળણનું સંવનન–ગીત પણ આપણને સૂગાવે છે :

બકરાં તરસ્યાં જાય છે રે, સોમલ !
બકરાં તરસ્યાં જાય છે;
જાય છે રે મારા ઘેલીડા રે, રબારી !

ખોબલે પાણી પાય છે રે, સોમલ !
ખોબલે પાણી પાય છે :
પાય છે રે મારા ઘેલીડા રે રબારી !

વેળુમાં વીરડા ગાળશું રે સોમલ!
વેળુમાં વીરડા ગાળશું;
ગાળશું રે મારી સોમલડી રે હજારણ!

પહલીએ પાણી પીશું રે સોમલ!
પહલીએ પાણી પીશું;
પીશું રે મારી સોમલડી રે હજારણ!

અરધાના લાડવા લેશું રે સોમલ!
અરધાના લાડવા લેશું;
આરે બેસીને આપણ જમશું રે મારી સોમલડી રે હજારણ!

સોમલ નામની ગોવાળ-કન્યા કહે છે કે, હે ઘેલુડા રબારી! આ તારાં બકરાં તરસ્યાં જાય છે.

હે ઘેલા રબારી! તું બકરાંને ખોબે ખોબે કેટલુંક પાણી પાઈશ?

ગોવાળ જવાબ આપે છે: હે મારી વહાલી સોમલ! આપણે બેઉ મળીને નદીની વેકુરીમાં વીરડા (પાણીના ખાડા) ગાળશું.

પછી એમાંથી આપણે બન્ને અંજલિઓ ભરી ભરીને પાણી પીશું.

અરધા રૂપિયાના લાડુ લઈને આપણે નદીના આરા પર બેસી જમશું.

*

'દક્ષિણ હિન્દનાં લોકગીતો' સંગ્રહનાર યુરોપી વિદ્વાન ચાર્લ્સ ગોવર એ સંબંધમાં લખે છે કે—

'મનોવિકારવાળા પ્રત્યેક જીવનની અંદર પ્રવેશતી જે

બાબતો છે, તેને વિષે જરીક ઇશારો પણ ન કરવાની આપણા નર્યા શિષ્ટાચારે જ મના કરી છે....બાકી તો આપણા બીબે ઢળાતા શિષ્ટ સાહિત્યની સપાટી ઉપર જે કદી જ ન તરવરી શકે, ને છતાં જે ઊર્મિઓ પ્રજાની માન્યતાઓના ખુદ તત્ત્વ સમાન છે, તે આંતર્ગત ભાવોના ઉચ્ચારણને સદા તાજું જ રાખનારાં આ લોકગીતો છે.'

ટેમ્સ નદીના ઉપરવાસના પ્રદેશમાંથી લોકગીતો વીણનારા અંગ્રેજ આલ્ફ્રેડ વિલિયમ્સને પણ એ 'અશિષ્ટ ને અસભ્ય' પ્રકારનાં ગીતો મહત્ત્વનાં લાગ્યાં. એણે લખ્યું છે :

'આ ગીતો સંઘરવા બદલ હું વાચકની માફી નથી માગતો. એ અસભ્ય હશે, પણ સદંતર દુષ્ટ નથી. એમાંનાં ઘણાંએક તો કટાક્ષગીતો છે. એ અનીતિને આલેખે છે તે કંઈ અનીતિને ઉત્તેજવા કે સૂચિત કરવા અર્થે નહિ, પણ મર્મપ્રહારો કરવા માટે. આજે આપણે એને અસભ્ય કહીએ, પણ સરલ અને અણવંઠેલા ગ્રામ્યજનોને એ અસ્થાને નહોતાં લાગતાં. તેઓને એથી કશી હાનિ નહોતી દેખાતી. શરમ અને લજ્જાની તેઓની સમજ આપણા જેવી નહોતી. આપણી સરખામણીએ એ લોકો નિર્દોષ હતાં. આપણને લજ્જા અને સભ્યતાનું ભાન થયું, પણ તે કેટલા મોટા ભોગે! સાચી વાત એ છે કે શરમ આપણા પક્ષે છે, ગામડિયાંને પક્ષે નહિ. ને વળી જ્યારે ગીતો દેખીતાં જ દુષ્ટ હતાં, ત્યારે પણ તેમને વિષે આટલું તો કહી શકાય કે એ પ્રામાણિકપણે દુષ્ટ હતાં. એટલે કે એ સીધાં સાદાં, નિખાલસ ને સ્વાભાવિક હતાં. બીજી રીતે કહું તો એ નીતિપૂર્વક અનીતિમાન હતાં. આપણા આજકાલના જલસાઓમાં ગવાતાં કેટલાંક ગીતોની પેઠે એ ગ્રામ્ય ગીતો શબ્દચાલાકીથી દુષ્ટ સૂચન કરનાર નફ્ફટ દંભી ગીતો તો નહોતાં જ.'

વિદાય

ટપ, ટપ, ટપ, ટપ: થાળીમાં દાણા ચણતાં પક્ષીઓની માફક ટીપણીઓ દીવાલને ટીપી રહી છે: શોકાકુલ વાતાવરણ છે: માર્ગે નીકળતાં મહુવાવાસીઓ પ્રથમ આ તમાશાથી વિસ્મય પામીને પછી નિઃસ્તબ્ધ પગે ચાલે છે: કતપરની ખારવણો માવા જેસા નામના બે જુવાન ખારવાઓની જલસમાધિ ગાય છે:

માવા, ગાયું ચરે ને વાછરું ટળવળે;
માવા, જાતાં ચરે લીલો ઝીંઝવો;
માવા, વળતાં ચરે નાગરવેલ્ય રે;
માવો ને જેસો નહિ મળે.

માવા, ચોરે કસુંબા ઘોળાવીયા;
માવા, ભાયબંધને પ્યાલા પાતા જાવ રે;
માવો ને જેસો નહિ મળે.

માવા, સૂડી સોપારી બેવડ વાંકડી;
માવા, કચેરીમાં કટકા દેતા જાવ રે;
માવો ને જેસો નહિ મળે.

માવા, પોટલિયામાં પાણી લેજો પોંચતાં;
માવા, ભાતાં લેજો ભરપૂર રે;
માવો ને જેસો નહિ મળે.

માવા, લેજો ખેસણુ રૂકા ઘોડલા;
માવા, લેજો લોડણુ ઘેલી સાંઢય રે;
માવો ને જેસો નહિ મળે.

પછી માવો ને જેસો બન્ને નાવિકો કયાં ગયા? વહાણે ચડયા? ગાનારી બહેનો એ ભાગ નથી ગાતી, પણ મારી કને વહેલાંનું એક ગીત આવ્યું છે (તે પણ ખંડિત હતું) તે અને આ બન્નેની કડીઓ મેળવતાં આખી કથા સંકળાય છે:

માવા, હોડ કરીને બા'ર નીસર્યા;
માવા, ચાલ્યા છે નકળંક ગામ રે;
માવો ને જેસો નહિ મળે.

બન્ને ભાઈબંધો દરિયામાં નકળંક મહાદેવનું થાનક છે, તેને મેળે જવા નીકળ્યા. હોડ બાંધી બેઉએ, કે આ વેળા તો ભાઈ, નકળંક મહાદેવનું નાળિયેર ને સોપારી આપણે લઈ લેવાં છે:

માવા, નકળંક જઈ ને વિચાર કર્યો;
માવા, લેવું છે લીલું નાળિયેર રે;
માવો ને જેસો નહિ મળે.

નકળંક મહાદેવનો વાર્ષિક મેળો ભરાય છે. મહાદેવનું લીંગ સમુદ્રની અંદર છે. હોડ એવી રીતની રમાય છે કે ભરતીનાં પાણી જ્યારે મહાદેવના થાનક ઉપર ફરી વળ્યાં હોય છે તે વેળા ત્યાં જઈને મહાદેવની પાસે પડેલ શ્રીફળ-સોપારી જે હાથ કરી આવે તે સાચો મર્દ. આ મર્દાઈની સરતમાં માવો ને જેસો બેઉ ઊતર્યા:

માવા, વેળિયું કાઢીને બેનને આપીયું;
બેનને નયણે વછૂટયાં છે નીર રે;
માવો ને જેસો નહિ મળે.

માવા, વિચાર કરી બોકાનાં બીડીયાં;
પડીયા રતનાગર સાગર મોઝાર રે;
માવો ને જેસો નહિ મળે.

કદાચ ડૂબી યે જવાય એ ધારણાથી પોતાના કાનનું ઘરેણું વેળિયું કાઢીને માવાએ ત્યાં ઊભેલી બહેનને આપ્યું. બહેનની આંખમાં આંસુ આવ્યાં. માવો ને જેસો નકળંકને થાનકે જઈ પહોંચ્યા. સોપારી–શ્રીફળ હાથ કર્યાં. ત્યાં તો—

માવા, પાણી સમદરનું વળી ગિયું;
માવા, લેવાણા લોઢુની માંય રે;
માવો ને જેસો નહિ મળે.

ઓટ આવી જવાથી સમુદ્રનાં જળ પાછાં વળી ગયાં તેના જોશમાં સપડાઈને એ સાહસિકો ઘસડાઈ ગયા.

વીરની બેન્યું તે વાટું જોઈ રહી,
કયારે આવે માડીજાયો વીર રે:
માવો ને જેસો નહિ મળે.

માવા, દીવીયું કરીને દરિયા જોઈ વળ્યા;
માવા, જોયા રતનાગર લોઢ રે;
માવો ને જેસો નહિ મળે.

રાત પડી ગઈ. અંધકારમાં મશાલો પેટાવીને દરિયો તપાસ્યો પણ માવો ને જેસો હાથ ન આવ્યાં. પછી તો—

માવા, તારી માએ લીધાં જંતર તૂંબડાં;
માવા, તારી બેને લીધો ભગવો ભેખ રે;
. માવો ને જેસો નહિ મળે.

આમ વાતાવરણમાં કરુણતા વધુ ને વધુ ઘુંટાતી જ ગઈ પીઠ ફેરવીને બેઠેલી એ સ્ત્રીઓનાં મોં પરના ભાવ નહોતા કળાતા, પણ સૂનકાર પથરાયો હતો. ગીતના ઉદ્‌ગારો પણ સ્વયમેવ શોકાકુલ નીકળતા હતા (ભલે એમાં વૈવિધ્ય નહોતું) અને શિષ્ટ કે દુષ્ટ એવા કોઈ પણ બનાવટી ભેદની રેખા વિનાનો શુદ્ધ સંસ્કાર આ બહેનોના કંઠમાંથી ટપકતો હતો :

સાયબા, દેશ આવોની ! ઘણાં યૈ ગિયાં રે !

તારા ચોકમાં ઢળાવું બાજોઠિયાં રે,
તારાં ચોળીને નવરાવું શરીર;
કાગળ લખો પ્યારીના રે !

મારે નૈ રે પાંખું ઊડી કેમ આવું રે,
તારાં ભૂલાં રે પડી ગ્યાં ભવન;
કાગળ લખો પ્યારીના રે !

કોઈ તુટેલ નાવનાં વેરણછેરણ પાટિયાં જેવાં ખંડિત આવાં ગીતો ખંડિત છતાં પણ ગાનારીઓની અંતરતમ ઊર્મિઓની ઊંચી કક્ષા સૂચવતાં હતાં. અને પછી તો—

તારી સીસીમાં ભરિયલ તેલ,
તેલ રીયા કામનાં રે !
તેલનો નાખનારો પરદેશ,
તેલ રીયા કામનાં રે.

તારી સીસીમાં ભરિયલ . અંતર,
અંતર નથી કામનાં રે;
અંતરનો છાંટનારો પરદેશ,
અંતર નથી કામનાં રે !

તારી છાબમાં ભરિયલ ફૂલ રે,
સેજડિયે સુકાઈ ગિયાં રે;
સેજનો પોઢનારો પરદેશ,
સેજલડી સૂની પડી રે.

મારી લાલ રે પાડોશણ બાઈ;
તમને કાંઈ કી ગિયાં રે !
મારે કાગળ નાવેલા હોય,
હરિવરના હાથના [રે.

સખી, નાખી રે દીધાં રે નિરાધાર રે,
પિયુડે અમને પરહર્યાં રે;
આવ્યાં પીપેર નવેલાં પાંદ,
નગણુગારો નાવિયો રે.

મારી સગી રે નણંદડીના વીર રે,
ઓરડીએ છઉં એકલાં રે;
એવી જમરા અંધારી રાત,
નીંદર નાવે એકલાં રે.

મારા હાથનો કરી લઉં કાગળિયો,
આંગળની લેખણ કરું રે;
મારાં આંસુડાંની કરી લીધું શાઈ,
લખીને કાગળ મોકલું રે.

સખી, નાયાં રે ધોયા વન્યા નારી રે,
અંબોડો નવ વાળીએં રે;
એવીયું લાંઘણ્યું પડે નવ લાખ,
માણસ કીંમ મેલીએં રે.

સખી, પાકી રે આંબા કેરી સાખ રે,
ઉપર સૂડા આટકે રે;
એવી સવ રે ધોળે આંબા સાખ,
અમે તો ધોળીએં વખડાં રે.

જીના પિયુડા વસે પરદેશ રે,
નવીન ચીજ નવ ચાખીએં રે;
ઈનાં નેણલાંમાં વરસે નીર,
કાજળ નવ સારીએં રે.

સખી, સરવે માણસ સાથે પ્રીત્યું રે,
પાળે તો લઇ પાળીએં રે;
એવાં નુગરાં માણસ સાથે નેહ,
ટાળે તો લઈ ટાળી દઇએં રે.

એ લાંબું ગીત પૂરૂં કરીને જ્યારે બાઇઓ સન્મુખ થઇ, ત્યારે તેઓની આંખો ભીની હતી. તેઓનાં મોં ઉપર દરિયાનાં મોજાં ફરી વળ્યાં હોય એવી ઝાંખપ હતી. ગીતો શોધવાની ઉલટમાં બીજું બધું ભાન ગુમાવીને મેં તો નવી ઉઘરાણી કરવા માંડી. મને એ બહેનોએ જવાબ દીધો : "ભાઇ, અમે આ ગીતો મહા મુશ્કેલીથી ગાઇએ છીએ."

"કેમ!"

"અમું'થી ગાઈ શકાતાં નથી. આ અમે સાત જણીયું

બેઠી છઈ તેમાંથી કોઈ નો બાપ, કોઈનો બેટો, કોઈનો ધણી અને કોઈના ઘરમાંથી એકસામટા છ–સાત જણ દરિયે ડૂબીને મૂઆ છે; એ બધાની વેદના અમને આ ગીતો ગાતાં ગાતાં તાજી થાય છે. અમારાં ગળાં રુંધાઇ રહેલ છે, ભાઈ! આ તો તમે ગીતો માંડી લેવા આવેલ છો એટલે અમારે હેડાં કઠણ કરી કરીને ગાવાં પડે છે, પણ અમે અંદરથી વલોવાઇ રહ્યાં છીએ."

આ શબ્દોએ મને શરમિંદો કરી મૂક્યો. શ્રી. રામનારાયણ વિ. પાઠકનું એક વાક્ય મને સાંભરી આવ્યું. અમદાવાદમાં એક વાર મારા લોકગીતોના સંગ્રહકાર્ય સારુ એમણે પોતાના ચોગાનમાં ઠાકરડા કોમની બહેનોને નોતરી હતી. એ બહેનો પોતાના કોઇ ઉત્સવ કે તહેવારની સ્વયંસ્ફુરણાથી નહિ પણ એક–બે સાહિત્યકોને સંભળાવવાની સભાન મહેનતથી ગીતો સંભારીને ગાતી હતી.

"કોઈ સ્ત્રીની કનેથી આમ ગીતો કઢાવવાં!" પાઠકભાઇએ કહ્યું: "ઇઝ ઇટ નોટ સમથિંગ લાઇક ડ્રોઇંગ હર નેકેડ?"

એ વાક્ય મારી છાતીએ ચોંટી ગયું છે: કલાકાર કુદરતી માનવ–સૌંદર્યને ચીતરવા માટે પોતાની સામે કોઇ જીવતી સ્ત્રીને નગ્નાવસ્થામાં ઊભી રાખે, એના જેવું જ શું હું નહોતો કરી રહ્યો? મારે જોઈતાં હતા ગીતો: મારે આલેખવી હતી શબ્દ–છબી: તે સારુ, મારી કલાસિદ્ધિને સારુ, આ નાવિક–પત્નીઓનાં હૈયાંઓને હું ખુલ્લાં કરી રહ્યો હતો!

તેઓનાં એ આંસુમાં મારાં પણ બે આંસુ મિલાવીને મેં નવાં બે–ત્રણ ગીતો કઢાવવાનો હક્ક રજૂ કર્યો: વિરહની વેદનાનું, પણ હળવું હળવું નૃત્યગીત ચાલ્યું:

કે દારૂડો ને પીધા હોય તો માનો માણારાજ !

કાલ્ય અતારે ઉતારા ને કરતાં માણારાજ !
આજ અતારે ઓટા ઓસરી સૂતી મારી રાધાનાર !
ઓહો ગોરી ! મરઘાનેણી !
દારૂડો ને પીધા હોય તો માનો માણારાજ !

કાલ્ય અતારે દાતણિયાં ને કરતાં માણારાજ !
આજ અતારે કણેરી કાંબ સૂતી મોરી રાધાનાર !
ઓહો ગોરી ! મરઘાનેણી !—દારૂડો૦

કાલ્ય અતારે અંઘોળ્યું ને કરતાં માણારાજ !
આજ અતારે ત્રાંબાકૂંડીયું સૂની મોરી રાધાનાર !
ઓહો ગોરી ! મરઘાનેણી !—દારૂડો૦

એ રીતે ભોજનિયાં, મુખવાસિયાં ને પોઢણિયાં ગવાયાં. ગઈ કાલ્યનું મિલનસુખ અને આજની શૂન્યતા, બન્ને લાગણીઓ ઘુંટાતી હતી. દારૂએ વાળેલ નખોદના સૂર પણ નીકળતા હતા :

અરધાનો સીસો આણ્યો છે,
ને મધરો દારૂ મારો છે.

ઈને લાણે લાણે પાયો છે
ને મધરો દારૂ મારો છે.

મારા પગ કેરી કાંબીયું છે—ને મધરો૦
ઈ દારૂડામાં ડુલિયું છે—ને મધરો૦

મારી કેડય કેરો ઘાઘરો છે—ને મધરો૦
ઈ દારૂડામાં ડુલ્યો છે—ને મધરો૦

એમ દારૂ પાછળ આખા અંગ ઉપરનાં ઘરાણાંલૂગડાં ફના થયાનું ગાયું. અને થોડાં વર્ષો પર એક રાત્રીએ માલણ નદીના જલપ્રલયમાં મહુવાની હોનારત થઈ હતી તેની પણ નવી રચના સંભળાવી :

એવી વે'તી ગોઝારણ આવી રે,
નીંદરા શીની આવે !

આવી ભાદ્રોડને ઝાંપે ભરાણી રે,
નીંદરા શીની આવે !

ઓલ્યા ભાટિયાનાં બકાલાં તણાણાં રે—નીંદરા૦
ઓલ્યા ધોતા ધોબીડા તણાણા રે—નીંદરા૦
ઇનાં છોકરાં ચીસું નાખે રે—નીંદરા૦
આવી ખારને દરવાજે ભરાણી રે—નીંદરા૦
ઓલ્યા [1]ભુલાભાઇનો ધાણો તણાણો રે—નીંદરા૦
ઈના ડબા તળાવમાં બૂડયા રે—નીંદરા૦
ઓલ્યા [2]ખરકનાં ખોરડાં તણાણાં રે—નીંદરા૦
એનાં છોકરાં હાયું નાખે રે—નીંદરા૦
આવી કતપરને ખાજે ભરાણી રે—નીંદરા૦
ઓલ્યા [1]ગુલાભાઇનાં વાણો તણાણાં રે—નીંદરા૦
ઇનો માલ તે [3]વામી નાખ્યો રે—નીંદરા૦
ઇનો માલ તે [4]સોંથે લાગ્યો રે—નીંદરા૦

૧: વેપારીઓનાં નામ. ૨: ખરક જાતના ખેડૂતો.
૩: વહાણમાંથી કાઢી નાખ્યો. ૪: વણાઈને કિનારે નીકળી ગયો.

મકાન ચણાવનાર ઘરધણીએ ભલાઈ કરીને આ બહેનોને મારા ગીત-સંઘરા સારુ રાતપાળી રોકી લીધી હતી. પણ એનો અર્થ એ થયો કે તેઓ રાતભર પેટ્રોમેકસને અજવાળે ગળાં ખેંચીને પછી વળતો આખો દહાડો ત્યાં ને ત્યાં મજૂરી કરે, ને સાંજરે કુલ ૩૬ કલાકે પાછી ઘર ભેળી થાય. 'ઇઝ ઇટ નોટ લાઈક સ્ટ્રીપીંગ હર નેકેડ ?' એ શ્રી. પાઠકનો ઉદ્‌ગાર મારા મનને આઘાત કરતો હતો. "ના, ના, ના." મારાથી ન રહેવાયું : "તમારાં બાળકોથી મારે તમને વિછોડી નથી રાખવાં."

"પણ ભાઈ," એ બહેનો બોલી ઊઠી : "અમમાંથી કોઈને નાનું ધાવણું છોકરું છે જ નહિ, ને અમે તો આમ ઘણી વાર રાત-પાળી કામે રોકાઈએ છીએ.:તમે ફકર કરો મા."

એક જણી દોડીને બીજા કારખાનાની બાઈઓ સાથે સાતેને ઘેર સંદેશો મોકલી આવી. પોતાની ઝંખનાઓનો ઝીલનાર એક માનવી સામે બેઠો છે, અને આજ પહેલી જ વાર પોતાનાં અસ્પૃશ્ય ગીતો એક ભણેલા મુસાફરની ધોળી ધોળી નોટ-બુકમાં આસન પામી રહેલ છે, એ કૌતુક, એ માન, એ મહત્તા આ સાત બાઈઓના પ્રાણમાં કોઈ અપૂર્વતાની લાગણી રોપી રહી હતી—ને તેઓએ છેલ્લું ગાયું આખા દિવસની આહ ઉપર શાંતિના શીતળ લેપ કરતું એક ધીરગંભીર માતૃબોલ સરખું ભજન :

દોરંગાં સાથે નવ બેસનાં એ જી !
એ જી ! પત્ય પોતાની જાય રે મન...લો !
—દોરંગાં૦

કૂડાં રે કપટી ને લોભી લાલચુ રે જી !
એ જી ! પારકે દુઃખે ન દુભાય રે મન....લો !
—દોરંગાં૦

ઘડીક રંગ ચડે ઘડીક ઊતરે એ જી!
એ જી! ઘડીક વેરાગી બની જાય રે મન...સો!
—દોરંગાં૰

ઘડીક ગરુ ને ઘડીક ચેલકા રે જી!
એ જી! ઘડીક પીર થૈ પુંજાય રે મન...સો!
—દોરંગાં૰

મીણાંબાઇ બજે રે ગિરધરલાલને જી!
એ જી! દેજો સાધુ ચરણે વાસ રે મન...સો!
—દોરંગાં સાથે નવ બેસનાં રે જી!

કતપરની ખાડીના કાદવમાંથી આવાં સુવાસિત પુષ્પો જડવાની આશા રાખી નહોતી. 'મન સો...! દોરંગાં સાથે નવ બેસનાં રે જી!' એ શબ્દો દોરંગાઇના તાજેતરના અનુભવી હૈયાફૂટાને કાને માતાના મુખ-બોલ જેવા મીઠપભર્યા છંટાતા હતા.

પરંતુ રાત્રીના દસ બજ્યાની એ વિદાય-ઘડીમાં એક વેદનાનું ટીપું પડી ગયું. ગાનારી બાઈઓ પરસ્પર ઝીણી પૂછપરછ કરવા લાગી. એ વાતો પોતાનાં ઘેર રહેલાં બાળકો વિષેની હતી: "તેં બરાબર કહેવરાવ્યું છે ને મારી માને, કે છોકરાંને રાતમાં સરખું ઓઢાડે?"

મેં પૂછ્યું: "તમે તો કહેતી હતી ને, બાઈઓ, કે તમારે છોકરાં નથી!"

"પણ ભાઈ, આ તો મોટાં છોકરાં છે, ને એને સાચવનાર અમારી મા, સાસુ, સધાંય છે ઘેરે."

આ ખુલાસો મન પર પડેલા ઓછાયાને દૂર ન કરી શક્યો. વાળુ કરવા ગયા પછી મારાથી પાછા ન વળાયું. થાકેલું

મન ધર્મશાળાની પથારી પર અંધારે પડ્યું પડ્યું ડાહ્યા મિત્રનો એ જ મુખોચ્ચાર સંભારતું હતું : 'ઇઝ ઈટ નૉટ લાઇક ડ્રૉઇંગ ધેમ નેકેડ ?' એ ગાનારીઓનાં હૃદય ત્યાં દોડી રહ્યાં છે—કતપર ગામના કૂબામાં, ઉઘાડાં ને અધભૂખ્યાં સૂતેલ બાળકોની પાસે; ને હું એનાં જીવનની રેખાઓ દોરવા માટે એનાં કલેજા પરનાં વિસ્મૃતિ–ઢાંકણો ખેંચી ખેંચી નગ્ન વેદના–દેહ નિહાળતો હતો !

રાતના સાડા ત્રણ વાગે જ્યારે સ્ટેશન પર જતો હતો ત્યારે નવી ચણાયેલ એ દુકાનોમાં પેટ્રોમૅક્સ બળતી હતી : સાથીએ કહ્યું : "ભાઇ, ગાનારીઓ આંહીં સૂતી હશે—ફાટલ-તૂટલ ગૂણપાટમાં ટૂંટિયાં વાળીને."

અંતર્યામીએ ઉમેર્યું : '—ને એ સાતે કલેવરોનાં અંત:કરણો દોડી રહ્યાં હશે અત્યારે કતપરના કૂબાઓની અંદર : ઉઘાડાં છૈયાંને ઢાંકવા સારુ."



મા !

સાગરના ભવ્ય સૌંદર્ય ભાખતી કવિતાઓ થોડીઘણી વાંચી છે : થોડીએક લખી પણ છે. પરંતુ જેના નોધાર દીકરા અને ધણીઓ પેટને ખાતર એ કાળને ખોળે પોતાનાં પીંજર સોંપીને એક દિન અચાનક તળિયે જઈ બેઠા છે, તેવી આ માતાઓ અને પત્નીઓનાં અસહાય, રૂંધાયેલાં આંસુને દીઠા પછી એ કાવ્ય-લહરીઓ સરી પડે છે; ઓસરી જાય છે. એ—

જલધિ-જલ દલ ઉપર દામિની દમકતી
યામિની વ્યોમસર માંહીં સરતી

જેવી કાન્તના 'સાગર-શશી'ની ઠેઠ્ઠચકચૂર કલ્પનાઓ : દિલમાંથી ઊતરી જાય છે. એ—

સાગર, સખે, મુજ કાનમાં એવું કંઈ તો ગા !
જીવવું મીઠું લાગે મને, એવું કંઈ તો ગા !

એવાં ન્હાનાલાલ કવિનાં ગરવાં સાગર-સંબોધનોનો નશો, ઝલકતી ઉપમાઓથી ભરપૂર એ દેશાણંધુતું 'સાગર-સંગીત' અને

માલા ગૂથી ગૂંથી લાવે સાગર રાણો,
ફૂલડાં ગૂંથી ગૂંથી લાવે:
ધરણીને હૈયે પે'રાવે સાગર રાણો
ફૂલડાં ગૂંથી ગૂંથી લાવે.

એવાં મારાંય થોડાંક નખરાળ રૂપકો અત્યારે કેવળ કલ્પના-ખેલ શાં ભાસે છે. ધરતી પર સલામત પગ ઠેરવીને ઊભેલા સુખી સાહિત્યકારોએ જ સાગરના સુનીલ રંગોને, ગગન-ગેલતા જલ-તરંગોને, લાખ લાખ શાર્દૂલો શાં ઘૂઘવતાં ભરતી-ઓટોને કે ચંદ્ર આલીંગવા ઊછળતી મસ્ત લહરીઓને કૈં કૈં લાડીલી ગાથાઓમાં ઉતારી રમાડેલ છે. પણ સાચું જીવન-કાવ્ય એમાં નથી સંભળાતું. સાચા સ્વરો તો ઝીલે છે એ શાયર, કે જેણે જગતનાં કરોડો ખલાસી-બાલકોની ફફડતી જનેતાને હૈયે કાન માંડ્યા હશે.

'ધી મધર હુ હેથ એ ચાઇલ્ડ એટ સી': એ નામનાં અંગ્રેજ કવયિત્રી એલિઝા કુકના કાવ્યનો ભાવાર્થ આવો છે:

જેનું બાળ દરિયા ખેડી રહ્યું છે એવી કોઈ મા: એની આંખો જ્યારે એકાએક કોઈ અજવાળી રાત્રીએ ઘેરાતી વાદળીઓના વૃંદમાં ગૌર ગૌર ચંદ્રને ગ્રહાતો જોતી હશે, ત્યારે પ્રિયતમાઓની અલક-લટો સાથે ગેલતો કોઈ આશક નહિ, પણ કાળના કફનમાં જીવતો લપેટાઈ રહેલ કોઈ રાંડીરાંડ માતાનો ખોટયનો બેટો દેખાતો હશે એને ગગનનો ચાંદલો. ઇશ્વરની કરોડો આંખોની ઉપમા પામેલા તારાઓને એ નાવિક-જનેતાની નયન-કીકીઓ એક પછી એક કોઈ કાળગર્તમાં દફનાતા પુત્રો સમા પેખતી હશે. પૃથ્વીના આરામ-લેટતા શાયરને કાને પ્રભુ-મહિમાનું મહાગાન સંભળાવતો આ વિરાટ ભજનિક વારિધિ કેવો લાગતો હશે એ મધરાતનાં જાગરણ ખેંચનાર વૃદ્ધ આરવણને ? વિષ-ફુંફાડતા કાળા ઝેબાણુ ફણીધર જેવો. સિંધુ-સંગીતની એ તાલબદ્ધ ખંજરીમાંથી કયા બે કાનને છાતીફાટ અરેરિયાના ધ્રુસકા સંભળાતા હશે! કોની હશે એ ફાટી રૂહેલી આંખ!

એ આંખ : એ કાન : ઓહ, અન્ય કોનાં હોય એ! સાગર-ખેપે ગયેલા બેટાની માતાનાં.

[૨]

ગળતી જતી મેઝમ રાતને પહોરે એક પછી એક ચરતાં તોફાન-ચિહ્નો કો' કરચલિયાળા બે ગાલોને રૂની પૂણીઓ શા ફિક્કા, રક્તશૂન્ય બનાવી રહેલ હશે. રત્નાકરને માથે કાળ-તાંડવની જમાવટ કરતા ઘન અંધારને એકી ટશે પેખી રહેલ એ જર્જરિત કલેવર પોતાના ઝૂપડાની બારીએ ઊભું ઊભું થીજી ગયું હશે. છલાંગી છલાંગીને, ત્રાડ પર ત્રાડ દઈ દઈ કિનારાની ભેખડો માથે થપાટો મારતા ગડહડ જળ-લોઢને ગણતી એ નયન-મીટ સમુદ્ર પર મંડાઈ રહી હશે. કોના હશે એ ગાલ! કોનું એ કલેવર! કોની એ મીટ! હા! હા! બીજા કોની હોય એ?—જેનો જાયો દરિયે ગયેલ હશે તેવી કો' જનેતાની જ તો!

[૩]

ઘેલાંતૂર સાગર-નીરને ફટકાવવા ધસનાર ઓતરાદા વાવડાની સૂસવાટીઓ એ વૃદ્ધાના લોહીને થિજાવી દેતી હશે. વીજળીની પહેલવહેલી લોહીવરણી રેખાઓને ભાળતાં જ એના કલેજામાં ઠંડા હિમ થરથરાટ મચતો હશે. ખદખદ ઊકળતા સમદર-ચરૂની સામે મોં ફાડતી અને જોરથી આંગળાં ભીડતી એ નિઃસ્તબ્ધ ઊભી રહે છે. ઓહ, ભાઈ! એના આ ગભરાટથી તમે ચકિત થતા ના. કારણ કે—દરિયે સફર ખેડતા દૂધમલ પુત્રની એ માવડી છે.

[૪]

એની કલ્પનામાં ખડું થાય છે એ ભીષણ દશ્ય : ડાચાં ફાડતાં મોજાં વચ્ચે ઓરાયેલું એકાકી વહાણ : ખંડ ખંડ થઈ ભાંગેલો એનો કુવાથંભ, અને ખડકો પર પછડાટા ખાતું એનું તળિયું ; ઉચકાઈ ઉચકાઈ ને વહાણ પછડાય છે : જાણે પાતાલગર્તે ઊતરતું જાય છે : એવા કો' વહાણને માથે ઊભો હશે મારો એકનો એક છૈયો—માથાબોળ મોજાંના માર ઝીલતો, ધામસ ઉલેચતો, અને આખર ' હે અલ્લા ! હે અલ્લા ! ' એવી હતાશાની ચીસ નાખીને ડૂબતા વહાણને ચોંટી પડતો !— ઓહ, પાગલ કરી મૂકનાર એ કલ્પના છે. નથી, બીજી એવી એકેય હાય નથી જગતમાં—દરિયો ખેડતા છૈયાની માતૃ-છાતીમાંથી ઊઠે છે તેવી.

[૫]

એ માવડીનું માથું ચક્કર ફરે છે. લમણાં દબાવીને એ પગ ઠેરવવા મથે છે, નમે છે, ને જ્યારે વાવડો હૂ હૂ હૂ બોલે છે, ગગન કડકડે છે, ત્યારે એ એકાકી મા હૈયે હાથ જોડીને ઘૂંટણીએ પડે છે, ' અલ્લા ! અલ્લા ! અલ્લા ! ' એ બંદગીના સૂર એના હૈયામાં જ ગુંજે છે, હોઠે નથી આવતા. એના હોઠ ન ઝીલી શકે તેવી ઊંડી ને આહલરી એ પ્રાર્થના છે. એ પ્રાર્થના તો ઠલવાય છે માતાના હરએક દિલવલોવણ નિઃશ્વાસમાં, અને એની ગગને મંડાયેલી આંખોના ઝૂરતા દષ્ટિપાતમાં. નથી, જગતમાં નથી કો એવી પુનિત આહુતિ—કે જે દરિયે પળેલા દીકરાની માતૃ-પ્રાર્થનાની તોલે આવે.

[૬]

અહા ! દિગ્પાલોની લગામો તોડાવીને વછૂટતા ઝંઝાવાતો મારા બંધનવિરોધી પ્રાણને બહુ બહુ ભાવે છે. ગરૂડની સૂસવતી

જલદ પાંખો જેવા એના વેગ-ઝંકાર પર હું ફિદા છું. પરંતુ હવે પછી તો એ પવન-હુંકાટાનો વિચાર કરતાં જ મારા અંતરમાં એક વેદના જાગશે. મારા નિર્બંધ પ્રાણુની મસ્તી પોચી પડશે, મારો હર્ષોન્માદ ઊંડાણે ઊતરશે—કારણ કે મને સાંભરી આવશે એ વટોળ-ધ્વનિ થકી ભરનીંદરે ફફડી ઊઠતી એક માતા—જેનો બેટડો દરિયાની એપે પડ્યો હશે.